અર્હમ્

# માંડવગઢનો મંત્રી

# "પેથડકુમાર."

---

શ્રીમદ્ રત્નમંડનગણિકૃત સુકૃતસાગર કાવ્ય
ઉપરથી ભાષાંતરરૂપ

**જૈન ઐતિહાસીક નવલ કથા.**

---


લેખક—મણીલાલ ન્યાલચંદ શાહ.
દહેગામ નિવાસી.


---


છપાવી પ્રસિદ્ધ કરનાર,

ઝવેરી મોહનલાલ મગનભાઇ.

અમદાવાદ—પાનકોરને નાકે ધાંચીની વાડીના મેડા
ઉપર એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. ડાહ્યાભાઇ ભીખાભાઇએ છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

---

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

કિંમત ૮ આના.

# વિનંતિ.

જને આપ સાહેબ ઉપર આ પુસ્તક ભેટ તરીકે મોકલવામાં આવ્યું છે તે આપ તથા આપના કુટુંબી જનો વાંચી તેનો લાભ લેશો એવી આશા નીચે સહી કરનારની છે.

આ પુસ્તક સાધુ માહારાજાઓ, સાધ્વીજીઓ, જૈન પાઠશાળાઓ, અને જૈન લાયબ્રેરીઓને ભેટ આપવા નીચે સહી કરનારની ઇચ્છા છે. માટે તેઓએ પત્ર મારફતે જણાવવાથી તે મોકલવામાં આવશે. દેશાવરના પાઠશાળા તથા લાયબ્રેરીઓના કાર્યવાહકોએ ટપાલ ખર્ચના બે આના મોકલી આપવાથી મોકલવામાં આવશે.

ઝવેરી મોહનલાલ મગનભાઇ

ઠે. ડોશીવાડાની પોળ—અમદાવાદ.

આ માંડવગઢમાં હાલમાં શા. રૂપચંદ મોહનચંદ આમલનેરવાળાની માતુશ્રી ચુનીબાઇએ હાલમાં એક ધર્મશાળા બંધાવી છે અને તેનો જીર્ણોધ્ધાર કરાવવાની ટીપ તેમના ગુમાસ્તા દોશી કરમચંદ વીરચંદે મુંબાઇમાં કરવા માંડી છે. માટે જે ભાઇઓને જીર્ણોધ્ધાર તથા ધર્મશાળા વિગેરેમાં જે મદદ આપવી હોય તે આપવા કૃપા કરવી.

---

આ પુસ્તકનો સર્વ અધિકાર પ્રસિદ્ધ કર્ત્તાએ પોતાના સ્વાધિન રાખ્યા છે.

---

# પ્રસ્તાવના.

આ ગ્રંથનું નામ "માંડવગઢનો મંત્રી પેથડકુમાર" છે તે તથા તેનો છોકરો ઝાંઝણકુમાર જેનું ચરિત્ર શ્રીમદ્ રત્નમંડન ગણિકૃત સુકૃત સાગર કાવ્યમાં છે અને જેના ઉપર ટબા રૂપે ભરેલું એક ઘણીજ જુની અવસ્થામાં મળી આવેલું પુસ્તક મને મળ્યું હતું તે મુળ તથા બાકીનો ટબાનો ભાગ વાંચવાથી મારી એમ ખાત્રી થઇ આવી કે આ બને જણાઓ વસ્તુપાળ અને તેજપાળ કે જેમણે આબુ ઉપર નેમનાથ સ્વામીનું દેહેરાસર બંધાવી લાખો રૂપિયા ખરચ્યા છે. અને તેમનાં ચરિત્રો તથા રાસો વિગેરે એટલા બધા પ્રસિદ્ધ થયા છે કે જેથી તમામ જૈન કોમ તેમનાં કરેલાં શુભ કૃત્યને સારી રીતે જાણી શકે છે. તેવાજ આ બંને પણ થયેલાં છે તેઓએ ચોરાશી દેરાસર કરાવ્યાં છે તથા જૈન કોમમાં કરોડો રૂપિયા ગુરૂ ભક્તિમાં, જ્ઞાન ભક્તિમાં, સ્વામીભાઇની ભક્તિ તથા સાલ કરવામાં વાપરયા છે. તથા ગીરનાર તિરથ ઉપર ઇંદ્રધ્વજ ચઢાવી દીગંબરીઓનો પરાજય કરી તીરથની રક્ષા કરી છે. તે સમ્પૂર્ણ રીતે માહિતી મળે તે હેતુથી આ ગ્રંથનું સમય અનુસાર લોકોને વાંચવામાં આવવાથી ધર્મ ઉપર વધારે પ્રીતિ મેળવી પોતે પણ તેમના દાખલા લઇ ઉદારતાથી પોતાનું ધન આવા માર્ગે વાપરી શાસનની ઉન્નતિ કરે તે હેતુથી આ ગ્રંથ બહાર પાડવાનો ઇરાદો થવાથી શા. મણીલાલ [illegible]ચંદ. દેહેગામ નિવાશીને સોંપી તેમની પાસે ભાષાંતર કરાવી પુસ્તક તૈયાર કરાવ્યું છે. અને તે ગૃહસ્થ બનારસ પાઠશાળામાં સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન મેળવી આવેલા છે. અને તેઓએ પોતાની તરફથી કેટલાંક પુસ્તકોનું ભાષાંતર વિગેરે બહાર પાડેલું છે. અને તેઓએ આ ગ્રંથ પણ તૈયાર કરવામાં તેમના વખતનો સારો ભોગ આપેલો છે. જેથી તેમનો આ સ્થળે આભાર માનીએ છીએ.

આ પુસ્તક રચવામાં શ્રીમાન્ મુની શ્રી મુક્તિવિમળજી કે જેઓને હાલ પન્યાસ પદી તેમના ગુરૂ પન્યાસ સૌભાગ્યવિમળજીએ આપેલી છે અને જેઓ ભવિષ્યમાં સારો અભ્યાસ મેળવી જૈન

શાસનની શોભાની વૃદ્ધિ કરશે જેથી જૈન ભાઇઓને લાભનું કારણ થશે. એવા મુનીશ્રીએ આ પુસ્તક તૈયાર કરવામાં શા. મણીલાલ ન્યાલચંદને તેમના વખતનો પૂર્ણ ભોગ આપી તથા તેમાં જોઇતી વિદ્વતાની મદત આપી આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. જેથી આ સ્થળે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

આ પુસ્તકનું ભાષાન્તર કરવામાં શા. મણીલાલ ન્યાલચંદને તેઓના મિત્ર શા. મોહનલાલ મંડાસુખરામ. ઠે. ઘાંચીની પોળ સામે ડાઇની ખડકીના રહેનારે પણ સારી વિદ્વતાની મદત આપી છે તેથી આ સ્થળે તેમનો પણ ઉપકાર માનીએ છીએ.

લી૦ મોહનલાલ મગનભાઇ ઝવેરી.

# મુની મહારાજાઓને વીનંતી.

મુનિ માહારાજ શ્રી ૧૦૦૮ આચાર્ય માહારાજાઓ તથા સાધુ માહારાજાઓ તથા સાધવીજીઓને ૧૦૦૮વાર વંદનાપૂર્વક વિનંતિ કે હાલના સમયમાં કેટલાંક સાધુ તથા સાધ્વીઓએ પાલીતાણાને પીએર અને પાટણ અને રાધનપુરને સાસરૂ તેમજ અમદાવાદને મોશાળ અને સુરત અને ખંભાત માનું મોસાળ એ રીતે જેમ સ્ત્રીઓને ચાર સગાઇ હોય અને તેજ જગ્યાએ રહે તેમ તે ચાર અને થોડા બીજા ગામોમાં ચોમાસાં ઉપર ચોમાસાં કરવા માંડયા છે અથવા ઘણો વખત રહેવા માંડી ગુજરાતવાળા સાધુઓને શીથીલ કરે છે, અને પરિણામે ગુજરાત તેમજ કાઠીયાવાડને દોષ અપાવે છે. તે કલંક ન લાગે તે માટે તેઓએ મારવાડ, મેવાડ, માળવા, કચ્છ, દક્ષિણ અને પૂર્વમાં વિહાર કરી તથા બીજા સાધુઓને વિહાર કરાવી જૈન શાસનની શોભા વધારવા વિનંતિ છે અને જેમ મુનિ માહારાજ શ્રી શ્રી ૧૦૦૮ આત્મારામજીના સંઘાડાના સાધુઓએ દેશોદેશ વિચરી પંજાબ વિગેરેમાં જેમ જયપતાકા વર્તાવી તેમ વર્તાવશે એવી આશા છે.

વળી જે દેશમાં વિહાર કઠિન હોય ત્યાં સાધુઓ આવે ત્યારે શ્રાવકોએ કેમ વર્તવું તે વિષે નાની નાની ચોપડીઓ છપાવી તથા કષ્ટ પડે તે વખતે સહન કરી શ્રાવકોને મુનિ માહારાજાઓના વિહાર તથા સાધુઓની ભક્તિ કેમ કરવી, દશ પ્રકારનાં દાન મુનિને કેમ દેવાં તે માટે ઉપદેશદ્વારા બોધ આપી તે દેશોમાં વિહાર કરી જૈન દેરાસરોની થતી આશાતનાઓ દુર કરાવવા તેઓએ મહેનત લેવી જોઇએ તથા ત્યાંના શ્રાવકોને પોતાના પૈસાનો સદુપયોગ કેમ કરવો, તેનો ઉપદેશ કરી બોર્ડીંગો, અનાથાશ્રમો, શ્રાવીકાશાળાઓ, વિગેરે કહાડી તથા શ્રાવક ભાઇઓને ભણાવી ગણાવી આશ્રય અપાવવો કે જેથી તેમના આત્માનું કલ્યાણ થાય અને ગુજરાતમાં ભાત, દાળ, શાક વિગેરે સુલભ ગોચરીની જીજ્ઞાસાએ તે ક્ષેત્રોમાં વિહાર કરે છે અને બીજા કરતા નથી એવું કલંક દુર થાય.

અફસોસની વાત છે કે મોટા શેહેરો શિવાય સાધુઓ બીજા ગામોમાં ચોમાસુ કરતા નથી. કેટલાક સાધુઓએ તો ગુજરાત તથા કાઠિયાવાડ શિવાય બીજા દેશોના જૈન દેરાસરોની ભાગ્યેજ જાત્રા પણ કરી હશે તો તેવા સાધુઓને. ઉત્તમ શક્તિવાન શ્રાવકોએ વિહાર કરી તે દેશના શ્રાવકોને લાભ આપવા વિનંતિ કરવી જોઈએ. હાલ પંજાબમાં એવો રીવાજ ચાલે છે કે સાધુ કોઇ ગામમાં માસકલ્પ કરે કે પંદર દીવસ થાય તો તે ગામનો અથવા ઉપાશ્રયનો મુખ્ય શ્રાવક કહે કે માહારાજને પંદર દિવસ થઇ ગયા પછી માહારાજ વિહાર કરી જશે તો પછી તમે પસ્તાશો માટે ધર્મ સાધન કરી લેવું. કે જેથી શ્રાવકો ધર્મ સાધનનો ઉદ્યમ વિશો કરે અને માહારાજને પણ ચેતવણી થાય કે વિહાર કરવાથીજ લાભ છે જેથી શ્રાવકો દ્રષ્ટિ રાગી થાય છે ને ગામમાં ઉપાશ્રયે ઉપાશ્રયે એક બીજામાં અનુરાગ થઇ અનેક પ્રકારના અનર્થ થાય છે, તેવી રીતે થવા પામે નહીં. માટે યોગ્ય રીતે દોરવી શાસનની શોભા વધારશો, અને દેશો દેશમાં જીવદયાનો ઝુંડો ફરકાવવો કે જેથી માંસાહાર ઓછો થાય અને લોકો દારૂ પીતાં અટકશે તોજ ખરી જીવદયા દેશમાં ફેલાશે. અને હાલ જેમ લાખો રૂપિઆનાં ખરચો કરી કસાઇઓ પાસેથી જીવ છોડાવવા પડે છે, અને પાંજરાપોળોમાં સારા તથા નરતા માંદા, ઘરડા. રોગી વિગેરે ભેગા રાખવાથી સારા પણ નબળા થાય છે. તેમ થશે નહિ માટે ઉપદેશક વર્ગ મારફત માંસ ખાવાથી જે જે રોગો થાય છે તે સંબંધમાં સાયન્સની તથા વૈદકની રીતે જ્ઞાન ફેલાવવાથીજ તે કામ સિદ્ધ થશે. તે ધ્યાનમાં લેઇ તેનો ઉપદેશ દેશો.

જૈનોની વસ્તિ સને ૧૮૮૦ માં ૧૬ લાખ ( કુલ શ્વેતાંબર, દિગંબર, તથા સ્થાનકવાસી સહિત ) હતી તે ૧૯૧૧ ની ગણત્રીમાં ૧૩ લાખની થઇ તે હિસાબે ઘટતી આવે છે માટે તે વાત પણ ધ્યાનમાં લેઇ દેશાવરોમાં અન્ય દર્શનીઓ જૈન ધર્મની શ્રધ્ધા કરે, જૈનનાં તત્વ સમજી જૈન શાસ્ત્રોમાં શ્રેષ્ટતા સમજતા થાય ને શાસનમાં ધર્મની શ્રધ્ધાવાળાઓની વૃદ્ધિ થાય તેવા અનેક ઉપાયો સમજાવી તે રીતે વર્તવા શ્રાવકોને ઉપદેશ દેશો. એવી વિનંતી છે.

જૈન કોમ દાનેશ્વરીછે અને ધર્મના કામોમાં, દેરાસરોમાં, પાંજરાપોળોમાં, સ્વામીવત્સલમાં, શાસનના વરઘોડાઓમાં, ઉજમણાઓમાં તથા પ્રભાવનાઓમાં લાખો રૂપિયાનો ખરચ કરે છે. એ સારૂં છે પણ તેમાં દેશકાળ અનુસાર સાત ક્ષેત્રમાંથી જે ક્ષેત્રમાં પૈસા ખરચવાની જરૂર છે તેમાં વધારે ખરચાય તોજ વધુ લાભ થાય તેવો ઉપદેશ દેઇ શાસનની ઉન્નતી કરવા અરજ છે.

આપ મહાત્માઓ આ સર્વે સારી રીતે જાણો છો છતાં ફકત ઉપયોગ આપવા રૂપ આ વિનંતિ કરી કૃતજ્ઞ થાઉં છું.

લી૦ ઝવેરી મોહનલાલ મગનભાઇની
વંદના અવધારશોજી.

# વિજ્ઞપ્તિ.

જૈન કોમની અંદર જોકે વર્ત્તમાન પરિસ્થિતિમાં આપણે અનેક વિદ્વાનોનું અવલોકન કરીશું, તથાપિ આપણને એટલું તો કબુલ કરવું પડશે કે હજુ જૈન કોમમાં લેખકોની ઘણીજ ખામી છે. ખરે ખર જૈન કોમે જો પોતાની ઉન્નતિ કરવી હોય તો તેને ઘણા વિદ્વાન લેખકોની જરૂર છે. તોપણ આપણને તેના સમાધાન માટે એટલું તો અવશ્ય કહેવું પડશે કે હવે ધીરે ધીરે શરૂઆત મંડાણી છે, એટલે આજે સૂર્ય ઉદય થયો છે તો ખરા બપોર એટલે મધ્યાન્હ સમય પણ એક વખત આવશે, ધીરે ધીરે સંસ્કૃત અને ગુજરાતી પુસ્તકો પણ જૈનોમાં છપાવા લાગ્યાં છે. તે કારણે કરીને પ્રાચીન સ્થીતિની ઝાંખ પણ જૈન પ્રજા ઉપર પડી ગઇ છે, તેથી કંઇક કંઇક જાગૃતિ થઇ હોય તો તેવી પણ સંભાવના આપણે કદાચ રાખી શકીયે !

જૈન કોમમાં જ્યારે વિદ્વાનો અને ધનવાનો અરસપરસ એક બીજાને સહાય કરી જ્યારે ધર્મની ઉન્નતિનાં કાર્ય કરશે, ત્યારે ખરેખર જૈન પ્રજા. ઉપર કાંઈ નવોજ પડઘો પડશે. લેખક ધારે છે કે વિદ્વાનોને લક્ષ્મી વાનોની જોઇએ તેમ સહાય મળતી નથી, અને તેવે કારણે એક હાથે જેમ તાળી પડતી નથી, તેમજ એકલો વિદ્વાન કે ધનવાન કાંઇ પણ કરી શકે તેમ બનવું અસંભવીત ગણી શકાય.

પ્રસ્તુત ઇતિહાસ લગભગ ઇ વિ. ૧૨૦૦ ની સાલમાં અને સંવત ૧૩૦૦ ના સૈકામાં બનેલો છે, તે સાથે તે ઇતિહાસ આપણી જૈન પ્રજાને અતિ ઉપયોગી હોય તેમ પણ જણાય છે, તે વખતે દીલ્લીના તખ્ત ઉપર ખીલજીવંશનો અલ્લાઉદ્દીન ખુની બાદશાહ રાજ્ય કરતો હતો. જેણે ઇ સ. ૧૨૯૭ ની સાલમાં કરણઘેલા પાસેથી ગુજરાત સર કર્યું. તેજ અલ્લાઉદ્દીન બાદશાહ આપણી વાર્ત્તાના અરસામાં હશે એમ આજુબાજુના સંયોગો જોતાં અને ઇતિહાસનું અવલોકન કરતાં માલુમ પડે છે. વળી આપણા ઇતિહાસ માં પણ એક ઠેકાણે એવો પુરાવો આવે છે કે અલ્લાઉદ્દીન ખીલજીનો માનીતો પૂર્ણ નામનો શ્રાવક જુનાગઢ આવેલો છે, અને આપણી નવલકથાનો નાયક પેથડકુમાર પણ ત્યાં આવેલો છે. ત્યાં તેમનો સમા-

ગમ અને વાદવિવાદ થયેલો છે. તે ઉપરથી પણ અનુમાન કરાય છે કે તેજ અલ્લાઉદીન બાદશાહ હોવો જોઇએ. તેમજ ગુજરાતની ગાદી ઉપર પણ ભીમ બાણાવળીના વંશ પરંપરાએ અનુક્રમે કર્ણ સિદ્ધરાજ, કુમારપાળ, ભોળો ભીમ વગેરે થયા. જે ભોળા ભીમની વખતમાં દીલ્લીની ગાદીએ પૃથુરાજ ચોહાણ હતો, તેની પાસેથી શાહબુદીન ઘોરીએ રાજ્ય લઇ લીધું. એટલે દીલ્લીની ગાદી શાહબુદીનના હાથમાં ગઇ. તેની પાસેથી તઘલખ વંશમાં ગઇ, અને ત્યાંથી ખીલજી વંશમાં ઉતરી. આપણી વાર્તાના સમયમાં ખીલજીવંશનો અલ્લાઉદીન બાદશાહ હતો, અને ભોળા ભીમથી અનુક્રમે કાળાંતરે કરીને ગુજરાતની ગાદીએ કરણ વાઘેલો થયો. જેની પાસેથી અલ્લાઉદ્દીન બાદશાહે ગુજરાત સર કર્યું અને એક વખતનો ગુજરાતનો રાણો જંગલમાં ભટકી ભટકીને મુવો. જે અરસામાં દીલ્લીની અને ગુજરાતની ઉપર ચડતા પડતીના ચમત્કારો જગતને આશ્ચર્ય પમાડતા હતા, તે વખતે માળવામાં આવેલું માંડવગઢ નગર જાહોજલાલી ભોગવતું હતું અને તે વખતે ત્યાં પરમાર કુળમાં ઉત્પન્ન થએલો માળવાનો પ્રખ્યાત રાણો જયસિંહદેવ રાજ્ય કરતો હતો.

તે વખતે માંડવગઢની જાહોજલાલી મધ્યાન્હ સમય જેવી જણાતી હતી. માંડવગઢના તે વખતે ખરા બપોર હતા, પરંતુ દૈવની ગતિ વિચિત્ર છે! કાળની ગતિ ન્યારી છે? તેથી તે પણ કાળના ઝપાટામાં સપડાઇ જતાં હાલમાં તેની ઘણી ખરી નિશાનીઓ નાશ પામી ગઇ છે. અત્યારે માત્ર ત્યાં નાનકડું ગામ છે, તે વખતનો મનોહર કીલ્લો અત્યારે ભૂમિ માતાએ છુપાવી દીધો છે હાલમાં ગામમાં પ્રવેશ કરવાને ઠેકાણે એક પત્થરનું તોરણ છે, તે સાથે પ્રાચીન ખંડીઅરો કયાંક કયાંક જોવામાં આવે તેવાં ચિન્હો જણાય છે. હાલમાં ત્યાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે. જેની પ્રતિમા મહા સતી સીતાએ છાણમાંથી બનાવેલી છતાં પોતાના શિયળના પ્રભાવથી વજ્રભૂત થઇ ગઇ છે. તે હાલમાં હયાતી ભોગવે છે. જનોના ઘણાખરા લોકો ત્યાં જાત્રાએ જાય છે, ત્યારે ખરેખર પ્રાચીન જાહોજલાલીનું ભાન તેમને પ્રત્યક્ષ થતું હોય તેવો ભાસ થાય છે. ત્યાં પ્રાચીન જાહોજલાલીના સાક્ષીભૂત એવાં ખંડીયરોનાં દર્શન તેમને થાય છે. જે બંધુઓ કુતુહલી હોય તેમને ત્યાં જઇ વીશેષ

માહીતી મેળવવા લેખક ભલામણ કરે છે. કાળની વિષમ ગતિનો ભોગ દરેક જણ થઇ પડે છે, એ નિયમને અનુસરી પૂર્વની માંડવગઢની કીર્તીનો નાશ કરીને અત્યારે તેનું સ્મરણ થવાને કાજે ફક્ત તેનું નિશાનજ રહેવા દીધું છે.

ઇ. સ. ૧૨૦૦ ના સૈકામાં પેથડકુમારનું જીવન જગતને ઉપયોગી થયું છે, તેના ગુરૂ તે વખતે પ્રખ્યાત શ્રીમદ્ ધર્મઘોષસૂરિ હતા, તેમની પછી લગભગ બસો વરસે તેમનું ચરિત્ર લખાયું હોય એમ જણાય છે, કેમકે તેમની પાટે પરંપરાએ શ્રી સોમસુંદર આચાર્ય થયા. જે લગભગ શ્રીમદ્ દેવસુંદરસૂરિ અને શ્રી જ્ઞાનસાગરસૂરિના વખતમાં થયા હોય તેમ જણાય છે, તે પછી તેમની પાટે શ્રી મુનિસુંદરસૂરિ થયા,તેમની પાટે શ્રી રત્નસાગરસુરિ થયા તેમના શિષ્ય શ્રી નંદીરત્નગણિ થયા ને તેમના શિષ્ય શ્રીરત્નમંડનગણિ થયા,જેમણે આ સુકૃતસાગર કાવ્ય ભવ્ય જનોના ઉપકારને માટે બનાવેલું છે. તે પ્રાયઃ રત્નશેખરસુરિના વખતમાં હોય એમ જણાય છે, તે રત્નશેખરસુરિનો જન્મ સંવત ૧૪૫૨ માં થયો, ને ૧૪૬૩ માં દીક્ષા લીધી, ત્યારબાદ ૧૪૮૩ માં પંડીત થયા. તે પછી ૧૪૯૩ માં ઉપાધ્યાય થયા, ને ૧૫૦૨ માં આચાર્યપદી પામ્યા, અને ૧૫૧૭ માં કાળધર્મ પામ્યા, તેવા સમયમાં એટલે લગભગ બસો વરસે આ ઇતિહાસ લખાયો હોય એમ અનુમાન થાય છે.

વળી સોમસુંદર આચાર્ય, શ્રીમદ્ દેવસુંદરસુરિ અને શ્રી જ્ઞાનસાગરસુરિ એ લગભગ સાથે થયા, તેમ કહેવાનું કારણ એટલુંજ કે મુનિસુંદરસુરિ એ ત્રણને ગુરૂ માનતા હતા. જ્યાં ત્યાં તેઓ ત્રણેને નમસ્કાર કરતા હતા, તેનું કારણ કે દેવસુંદરસુરિ તેમના દીક્ષા ગુરૂ હતા, અને જ્ઞાનસાગરસુરિની પાસે તેઓ ભણ્યા હતા,તેમજ સોમસુંદરસુરિ પાસેથી તેઓ આચાર્ય પદવી પામ્યા હતા, માટે એ ત્રણ ત્રણેને ગુરૂ તરીકે માનતા હતા. આવા સંયોગો જોતાં સંવત ૧૩૦૦ના સૈકાના બનેલા ઇતિહાસના સંવત ૧૫૦૦ ના સૈકામાં રત્નમંડનગણિએ લગભગ બસો વરસે કાવ્યમાં રચના કરી હોય એમ સંભવ રહે છે.

પેથડકુમારનું ચરિત્ર ચાલુ જમાનાને અને વિશેષતઃ શ્રીમાન અને વિદ્વાન એમ ઉભય વર્ગને ઉપયોગી છે. પેથડકુમારનાં વર્ણન આપણને કાંઇ જુદીજ અસર કરશે. એ અતિ ઉપયોગી પુસ્તક હજુ સુધી જોઇએ તેટલા પ્રમાણમાં જાહેરાત પામ્યું નથી. પરંતુ તેના જીવન

ઉપરથી માણુસને ચડતી પડતીનો પુરતો ખ્યાલ આવી જાય છે, એને સમજુ માણુસો સહેલાઈથી પોતાના જીવન તત્વને સમજી શકે છે.

લેખક પોતે પોતાને લેખક તરીકેનું માન મેળવવાને ઇચ્છતો નથી. તેમ પોતે ખરેખરો લેખક પણ કહેવડાવાને માગતો નથી. તો પણ તેણે પોતાની બુધ્ધિ અનુસાર આ જીવનચરિત્ર ચાલુ જમાનામાં ઉપયોગી થાય એવી સંકલનામાં આલેખ્યું છે. તેમ છતાં છદ્મસ્થપણાએ કરીને કોઇ સ્થાને વાક્ય સ્ખલના કે અલંકાર ઉક્તિનો અગર કોઇ નજરના દ્રષ્ટિ દોષથી યા છાપનારના ચુકથી કાંઈ પણ ભૂલ રહી ગઇ હોય તો તે સુધારી વાંચવા વાંચક કૃપાવંત થશે. અને જીજ્ઞાસા વિરૂધ્ધ કંઇપણ લખાયું હોય તેને માટે પણ હું ક્ષમા માગું છું.

પુસ્તક ગમે તેવું દોષ રહિત હોય તોપણ જે દુર્જન હોયછે તે તો જ્યાં ત્યાંથી ભુલોજ કાઢતા ફરે છે. કારણ કે તે એમનો રોજગાર છે, તેથી તેવા દુર્જન તરફ તો અમો દુર્લક્ષજ આપીશું! પણ આશા છે કે સજ્જનો સુધારીને વાંચશે, અગર લેખકને લખી જણાવશે તો બીજી આવૃત્તિમાં તેની ભુલો માટે વિચાર કરવામાં આવશે.

**गच्छतिस्खलना किंचित् भवत्येव प्रमादतः**
**हसन्ति दुर्जनास्तत्र समादधाति सज्जनाः**

**ભાવાર્થ**—એજ પ્રમાદના કારણે કરીને કોઇ ઠેકાણે પુસ્તકમાં સ્ખલના થઇ હોય તો ત્યાં સજ્જનો સુધારીને વાંચે છે અને દુર્જનો હાંસી કરી પોતાની દુર્જનતાનો ભાવ ભજવે છે. ઇત્યલમ્.

મુ. અમદાવાદ.
ઠે. હાજાપટેલની પોળમાં
પીંપરડીની પોળ.

લેખક,
**મણીલાલ ન્યાલચંદ શાહ.**
દહેગામ નિવાસી.

# સુચના.

જ્ઞાન અમુલ્ય ધન છે માટે અમારી નમ્ર વિનંતી એ છે કે આ અગર બીજી કોઇ પણ ચોપડી વાંચવા યા ભણવા માટે ઘણીજ સંભાળ રાખવી ઠવણી અથવા બાજોઠ યા સાંપડા ઉપર રાખીને વાંચવું, વાંચી રહ્યા પછી ઊંચ સ્થાને રાખવી, થુંકનો છાંટો ઉડે નહી તેમ કરવું તેમજ કોઇ પણ જાતની આશાતના થાય તેમ કરવું નહી.

( किं बहुना. )

અર્હમ્

# માંડવગઢનો મંત્રી પેથડકુમાર.

## પ્રકરણ ૧ લું.

### "જંગલમાં"

પુષ્પના જેવા અરિહંત, પલ્લવના સરખા સિદ્ધ, કેશરના સરીખા આચાર્ય, પત્રના સદૃશ ઉપાધ્યાય અને ભ્રમર સમાન સાધુ એવા પંચવર્ણયુક્ત જે પંચ પરમેષ્ઠી તે કલ્પદ્રુમની માફક તમારૂં અને મારૂં ઇચ્છિત પરિપુર્ણ કરો !

અક્ષમાલાના બ્હાનાએ કરીને, નમન કરનારા મનુષ્યોને વિદ્યાબીજને આપનારી, અને હાથને વિશે જપમાલા ધારણ કરનારી એવી સિદ્ધાંતની અધિષ્ઠાયિકા દેવી શ્રી સરસ્વતી તે લેખકને સહાય કરી તમારૂં અને તેનું એમ ઉભયવર્ગનું રક્ષણ કરો ?

વીર વિક્રમ સંવત્ લગભગ ૧૧૦૦ ના સૈકામાં હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ નૃપતિએ જૈન ધર્મને જગતમાં સારી રીતે વિખ્યાત પમાડી દયાધર્મનું પાલન કરી વસુંધરાને જીન પ્રાસાદથી વિભૂષિત કરી હતી, તે પછી લગભગ એકસો વરસ પશ્ચાત્ એટલે લગભગ સંવત્ ૧૩૦૦ ના સૈકામાં ને ઇ. વી. ૧૨૦૦ ની સાલના અરસામાં બનેલો આ ઇતિહાસ કે જે જૈનોને માટે ઘણોજ ઉપયોગી છે, પોતાના પૂર્વજોએ કેવી રીતે ધર્મની મહત્વતા વધારી છે, તેનું સ્મરણ કરી આપવાને ઘણોજ ઉપયોગી નિવડી વિસ્મરણ થએલી શક્તિને ઉત્તેજત કરવાની તક આપી પોતાનો અમુલ્ય માનવ જન્મ સફળ કરવાનું ભાન કરાવી પ્રાચિન સ્થીતિનું દિગ્દર્શન કરાવી આપે છે.

આજકાલ પ્રાચિન ઐતિહાસિક વિષય ઉપર જગત વધારેને વધારે રૂચિવંત થતું જાય છે. કોઇ ઠેકાણે પ્રકરણ વીર રસથી ભરપુર હોય તો કોઇ ઠેકાણે શ્રૃંગાર રસથી લેખની ઉલ્લેખિત થયેલી હોય, ત્યારે કયાંક કરૂણારસ નેત્રમાં ઝળકી નીકળે. આવી રીતે ભિન્ન ભિન્ન રસોથી ભરપુર લેખકની લેખની 'જગતની પ્રિય પાત્રત મેળવી શકે તો તેમાં નવાઇ જેવું ગણી શકાય નહિ. જો કે આજકાલ પ્રાચીન દેશની લાભહાનીના અને પરદેશી રાજાઓના હુમલા વગેરેના ઇતિહાસોથી જગતમાં તેના કેટલાક પડધા પડયા છે, પરંતુ આપણને દિલગીરી થાય છે કે આપણા પ્રાચિન જૈન ઇતિહાસો જોઇએ તેવા પ્રમાણમાં જગ જાહેર થઇ શકયા નથી, જ્યાંસુધી આપણા જૈન ઇતિહાસો જગ જાહેર થાય નહિ, ત્યાંસુધી આપણી ખરી સ્થીતિને આપણે ઓળખી શકીયે નહિ, અને આપણી સ્થીતિનું આપણને વાસ્તવિક રીતે ભાન પણ ન થાય; તેથી આપણે અજ્ઞાન અવસ્થામાં કોઇ પણ કાર્ય કરવામાં સાહસિક થતા નથી. કેમકે આપણો પુર્વનો ઇતિહાસ જાણવાથી આપણા પૂર્વજોના કર્ત્તવ્યોનાં તે ભાન કરાવે છે, આપણી વૃત્તિઓને ન્યાયમાર્ગે ઘસડી જઇ મહાન્ કાર્ય કરવામાં હિમત આપે છે, ઐતિહાસિક વિષય આપણા મનને કાંઇક જાદુઇ અસર કરી શકે છે, મનને અમોઘ કર્ત્તવ્યો કરવાને મહાન્ પ્રેરણા કરી નવી નવી આશાઓ ઉત્પન્ન કરાવે છે, એટલુંજ નહિ પણ બુદ્ધિવંતને પ્રાચિન સ્થીતિ અને વર્ત્તમાન વસ્તુ સંકલનામાં કાળને પરિણામે કરીને કેટલું પરાવર્ત્તન થયેલું છે. તેનું દિગ્દર્શન કરાવી આપી કોઇ અપુર્વ રસમાં ગરકાવ કરી દે છે.

કેટલાંક લખાણ જ્યારે વીર રસથી ભરપુર હોય છે, ત્યારે કેટલાંકમાં કરૂણારસનાં લખાણ વિશેષતઃ દ્રષ્ટીગોચર થાય છે. તો વળી કેટલાંકમાં શ્રૃંગાર રસનીજ પુષ્ટિ કરવામાં આવેલી હોય છે, ત્યારે કેટલાક ધર્મ વૃત્તિઓને લગતા ઇતિહાસ એવા હોય છે કે તે કોઇપણ વિષયમાં નહિ લપટાતાં માત્ર ધર્મને અનુકુળ વિષયોમાંજ પૂર્ણાહુતિને પામે છે. જોકે વર્ત્તમાન પરિસ્થીતિનું વલણ એવા પ્રકારનું છે કે શ્રૃંગારરસ કે વીરરસ અથવા તો શાંતરસથી ભરપુર લખાંણ હોય તો તે વિશેષતઃ પ્રીતિપાત્ર નિવડે છે અન્યથા તો વાંચકને વાંચવાનું પણ મન થતું નથી. આ વસ્તુ સંકલના જોકે વ્યાજબી છે, પરંતુ નવ પ્રકારના રસમાં આપણે ધર્મ રસને પણ એક જુદોજ ગણીશું, કે

જે દરેક જગતને ઉપયોગી છે. બીજા રસો તો અનુક્રમે અલ્પ લાભ અને વિશેષ હાનીવાળા જગતમાં બહુધા માલુમ પડે છે, પરંતુ આ ધર્મ રસ તો દરેક રીતે લાભનેજ કરનારો છે, કોઇપણ પ્રકારે લેશ માત્ર પણ જેમાં હાની રહેલી નથી એવા ધર્મરસના લોભી અને તેમાં પ્રીતિવાળા જીવો અલ્પ કાળમાં પોતાનું જીવન કૃતાર્થ કરી જગતની અમોઘ સુખ સંપદાને મેળવી શકે છે.

જગતની અંદર ભિન્ન ભિન્ન કોટીનાં જીવનો સંસારના તરેહ તરેહ પ્રકારના વિચિત્ર સંયોગોમાં પસાર થાય છે, માણસ જાતિની ગમે તે પ્રકારની આશાની ઉર્મિયો હૃદય ભુવનમાં ઉભરાતી હોય તથાપિ તે પરિપૂર્ણ થવી, અથવા તો હૃદયની આશા હૃદયમાંજ સમાવી આશાના અંકુરનું છેદન કરવું એ અધિકાર દૈવની પ્રબળ સત્તા ઉપરજ રહેલો હોય છે. જગતમાં કેટલાક પ્રાણીયોના જીવનની શરૂઆત દુઃખમાંથી શરૂ થઇ તેમની સુખમાં પૂર્ણાહુતિ થાય છે. તેમજ સુખમાં ઉછરેલી જીંદગીનો દુઃખમાં અંત થતો આપણે ઘણી વખત જોઇ શકીયે છીયે. જેમ દેવ લોકમાં સર્વદા એકજ સ્થીતિ રહે છે, ત્યારે માનવ જન્મમાં જીંદગીના અવાર નવાર સંયોગોમાં તેના કૃત્યોની યોગ્યતા પ્રમાણે દૈવ તેને વિલક્ષણ સ્થીતિ તરફ ઘસડી જાય છે. આપણને જે મહાન્ પુરૂષનું કથન કરવાનું છે, તેનું જીવન આપણને દુઃખમાંજ શરૂ કરવાનું છે. ભવિષ્યમાં તેનો આત્મા કેવી સ્થીતિએ મુકાશે, તેનો આધાર આપણે તેના કૃત્યો ઉપર અને તેના દૈવ ઉપર રાખી તેનું અત્યારે વર્ણન નહિ કરતાં ચાલુ પરિસ્થીતિનું વર્ણન કરવું, તેજ આપણને આવશ્યક છે. આ મહાન્ પુરૂષ કેવી અવસ્થામાં ઘેરાયેલો છે. તે જોવાને હવે આપણે એક જંગલ તરફ નજર કરીએ, જગતમાં સુપ્રસિદ્ધ અને અવંતીના ખંડ સમાન, દેવ લોકના આડંબરને જીતનારો એવો નમ્યાડ નામનો દેશ તેના એક જંગલને વિશે કોઇ મહાન્ પુરૂષ દરિદ્રપણાથી પોતાના ભાગ્યની નિંદા કરતો, અને નિરાશથી ઉદાસિનતાવાળુ જેનું મુખ થયું છે એવો શોક પરીપૂર્ણ આકૃતિવાળો આકુળ વ્યાકુળ થએલો તે રખડતો હોય તેમ દેખાય છે. અનેક પ્રકારનાં નાનાં મોટાં વૃક્ષોથી પરીપૂર્ણ એવા જંગલમાં કવચિત ભયંકર વનચર જીવોની ગર્જના પણ થયા કરતી હતી. કુદરતથી બનેલી એવી જંગલની સ્વાભાવિક રચનાઓ જોનારને મનોહર લાગતી હતી, તેથી પ્રેક્ષકના ચિત્તને કાંઇક શાંતિ મળતાં એ

ઘડી તે પોતાનું દુઃખ પણ વિસરી જતે હતો. જેમાં અનેક પ્રકારના રસ્તાઓ આવેલા છે, એવા જંગલમાં જ્યાં ત્યાં ભટકતો એવો આ મુસાફર હવે કયે રસ્તે જવું તેને માટે વિચારતો અને મુંઝાતો ગાંડાની માફક આમતેમ ફરતો મનમાં ને મનમાં દૈવને ધિક્કારતો તે બડબડવા લાગ્યો. અરેરે ! ધન વગર માનવનું જીવન મૃત સદૃશ જાણવું ! નિર્ધન અને મરણ પામેલા એ બન્નેમાં ફેર એટલોજ માત્ર છે કે એક મુવેલો ત્યારે બીજો જીવતા છતાં મરેલા જેવો છે. હા ! મારે માથે આટલું બધુ દેવું છતાં તેમને ( લેણદારોને ) આપવાને મારી પાસે પાઇ સરખી પણ નથી. મારા બાપદાદાઓ કેવા મોટા ધનાઢ્ય હતા. તેઓ શ્રીમંતાઇમાંજ ઉજવળ કીર્તિ મેળવીને ચાલ્યા ગયા. તેમના કુળમાં હું કેવો પુત્ર ઉત્પન્ન થયો કે અરે ! ખાઇપીને નશીબ મારી પાછળજ પડેલું છે. અરેરે ! કહ્યું છે કે—

બક્કી રફતાર હય, તગદીર કી રફતારમેં;
રેલમેં જાતાહું મય, વહ પહોંચતા હય તારમેં.

નશીબ ! નશીબ ! ભલી ભાગ્યદેવી ! હવેતો અનુકુળ થા ! તું કયાં સુધી કનડગત કર્યા કરીશ ? હું દરેક રીતે અકળાઇ ગયેલો છું. અરેરે ! મારા ઉત્તમ એવા શ્રીશ્રીમાળ કુળ ઉપર પણ તને રહેમ નજર નથી આવતી, પદ્મ જેવા મહાન્ વ્યવહારીયાના કુળમાં ઉત્પન્ન થએલા મારા જેવા ઉપર હે દૈવ ! તું ક્રૂર ન થા ! હવે તારા આશ્રિત ઉપર લગાર તો રહેમ નજર કર ! જગતમાં સંસારીને ધનની પ્રથમ જરૂર છે. ધન વગરની જીંદગી અકારી છે. ધનવડેજ માણુસ ધર્મ નિયમ વગેરે સાચવી શકે છે. હા ! પણ હું શું કરૂં !

કોડી હય જીસ્કી પાસ ઉનકા નકશા આબાદ હય
કોડી નહિ જીસ્કી પાસ વહ કોડીકા તીન તીન હય

અરેરે ! દૈવે મને દગો દીધો છે. મારા પૂર્વજોની સંપદા કોણ જાણે કેમ ચાલી ગઇ ? હવે મારે જીવીને પણ શું કરવું ? ધનવગર સંબંધી વર્ગમાં રહેવું તે પણ લજ્જાસ્પદ જેવું ગણાય; જો કોઇ પણ ઉપાયે દૈવ અનુકુળ ન થાય તો જંગલમાં ને જગલમાં રખડી મરવું તે વધારે સારૂં છે. પણ ઘેર તો નહિજ જવું. સ્ત્રીનું નસીબ સ્ત્રીની પાસે છે, ગમે તેમ કરી તે તો પોતાની આજીવિકા કરી પેટ ભરશે. પણ મારે તો જંગલ તેજ શરણ છે. હું ગમે તે પ્રકાર કરૂં

પણ જ્યાં સુધી દૈવ વિપરીત્ત હોય છે, ત્યાં સુધી તેનું પરિણામ ઉલટુજ આવે છે. અરેરે? દૈવે મોટા મોટાને પણ દગો દીધો છે; દૈવ ભલ ભલાને પણ ભૂલ ખવડાવે છે, દૈવની પ્રબળ સત્તાથી મોટાઓમાં પણ દોષો રહેલ છે, એમ સાંભળીએ છીએ, વળી કહ્યું છે કે

> चंद्रे लांच्छनिता धने चपलता, क्षारं जलं सागरे
> सर्पाश्चंदन पादपेषु विरहः प्रेमास्पदे मानुषे ॥
> पुंरत्नेषु जरा सुरेषु पतनं, विद्वत्सु दारिद्रता ।
> चैवं सर्व मकारि दुषणपदं, सद्वस्तु दुर्वेधसा ॥ १ ॥

**રહસ્યાર્થ**—ચંદ્રના મનોહર પ્રતિબિંબમાં લાંચ્છન રહેલુ છે. ધન સુખકારી છે ત્યારે તે ચંચળ સ્વભાવવાળુ છે. સમુદ્રનું પાણી નિર્મળ છતાં ખારૂ છે, ચંદનવૃક્ષ સુગંધીવાળુ છે ત્યારે તે સર્પથી વીંટાએલું છે. પ્રેમી મનુષ્યો એક બીજાના સમાગમે સુખ મેળવી શકે છે ત્યારે વિરહરૂપી ભયંકર દાવાનળ તેમની પાછળ લાગેલો છે. પુરૂષ રત્ન કેવું સુકોમલ અને મનોહર લાવણ્ય યુક્ત હોય છે ત્યારે ઘડપણ તેનો નાંશ કરી નાંખે છે, દેવતાઓમાં સર્વદા સુખ હોય છે પરંતુ ત્યાંથી મરવું પડે છે. પંડિતો ગુણસંપન્ન હોય છે? ત્યારે તેમનામાં દરિદ્રતાએ વાસ કરેલો છે હા! અતિ ખેદની વાત છે કે દુષ્ટ વિધાતાએ સર્વ વસ્તુમાં દોષનુંજ ઠેકાણું કર્યુ છે.

હે વિધાતા! તું જેની પાછળ પડે છે, તેની પાછળ ખાઇ પીને ભમ્યાજ કરે છે. ક્ષણભર પણ તેને વિશ્રાંતિ લેવા દેતી નથી. અરેરે! જો મારે માથે દેવું ન હોત તો સુખે સમાધે પેટનું તો પુરૂ કરતે, પણ લેણદારો ક્ષણભર બી જંપવા દેતા નથી. હા! જગતમાં ઋણ એટલું બધું ખરાબ છે કે તે ઋણ શત્રુને પણ ન હોજો. દેવાદાર મનુષ્યને ક્ષણવાર પણ સુખની ઘડી હોતી નથી. તે બિચારો દેવામાં ને દેવામાં ડુબી જાય છે, એટલુંજ નહિ પરંતુ જીંદગી પણ તેને ખુવાર કરવી પડે છે. અરેરે! માણસની વખત કેવી આવે છે. હું પણ દેવાથીજ હતાશ થઇ ગયેલો છુ, દુઃખનું કારણ દેવું કેવું છે કે તે જયાં ત્યાં સુવડાવે છે. કવખતે ભોજન કરાવે છે, જુઠુ બોલતાં શીખવાડે છે. જ્યાં ત્યાં લેણદારોથી પોતાની જાત છુપાવરાવે છે, રાત્રીએ પણ ચાલવું પડે છે, રાજાના માણસોથી તાડના તર્જના સહન કરવી પડે છે, લોકનું મન મનાવવા મીઠાં વચન બો-

લવા પડે છે, પોતાના મહિમાને વેગળો કરવો પડે છે, એવા દુઃખનું કારણ જે દેવું તે દુસ્મનને પણ ન હોજો. અરેરે ! તે દેવાથીજ કંટાળીને મને મારૂં રઢીયાળું ગામ છોડવાની જરૂર પડી છે, અરે મારા રઢીયાળા શહેરનાં હું કયારે દર્શન કરીશ? ખેર ! હવે મારે અહીંથી કયા રસ્તે જવું ! હું આ રસ્તાનો માહીતગાર પણ નથી, દૈવની ઇચ્છા હશે તેમ બનશે. એક મગતરા સરખા પામર એવા માનવ પ્રાણીનું ધાર્યું કાંઇ બનતું નથી. હા ! હું નહોતો ધારતો કે મારે માથે ભવિષ્યકાળમાં જંગલ નિર્માણ થયું છે, તથાપિ મારી આશારૂપ નવ પલ્લવીત લત્તાને છેદન કરનારૂં દુષ્ટ દૈવ મને આજે વનમાં પણ ધસડી લાવ્યું, ને હજુ પણ કયાં કયાં રખડાવશે, એ જ્ઞાન આજની માનવ શક્તિની બહાર છે. તો મારા સરખાને તેની શું ખબર પડે, હા ! જંગલના ભીષણ દેખાવથી મારા હૃદયમાં કંપારી છુટે છે. અરેરે ! ગીચ ઝાડીવાળા પ્રદેશમાંથી કોઇ જંગલી જાનવર આવીને કદાચ મારા શરીર ઉપર હુમલો કરે. તો અમે વાણીયાભાઇ શું કરીયે. અરે ! આ ઘોર ગર્જના કયાંથી આવી, ખરેખર અહીયાં જંગલી જાનવરો રહેતાં હોય એવો સંભવ જણાય છે. હું તો આખો દિવસ રખડી રખડીને અધમુવો થઇ ગયો. ને જંગલ તો વધારેને વધારે બિહામણું આવતું જાય છે. ખેર ! કોઇ વૃક્ષતળે આજની રાત્રી પસાર કરી પ્રાતઃકાળમાં સૂર્યના લાલિત્ય કિરણોની સાથેજ અન્યત્ર રવાને થઇશું. દિવસની મુસાફરી કરીને શ્રમિત થએલો સૂર્ય પણ ધીરે ધીરે રક્તતાની છાયાને વિસ્તારતો અસ્તાચળ તરફ ગમન કરવા લાગ્યો છે, અને એ મારા મુસાફરીના ભાઇબંધ સાથે હું પણ પરિશ્રમિત થએલો હોઉં એમ જણાય છે. માટે મારે પણ જંગલી જાનવરોનો ભય ન થાય એવું નિર્ભય સ્થાનક જલદી શોધી કાઢવું જોઇએ, અરે ! પણ હાં હાં આ સામી બાજુએ નજર કરતાં પેલું શું દેખાય છે, અરે ! આતે મોટી જટાવાળો કોઇ સીંહ બેઠેલો છો કે કોણ હશે ? હા ! મારૂ તો હૃદય કંપે છે. અરેરે ! મન હવે જંગલમાં આવીને તું શામાટે નાહીમત થાય છે ? દૈવની ઇચ્છા હશે તેમ બનશે, પણ નિર્ભય થઇને ચાલ આપણે જોઇએ તે શું છે ?

# પ્રકરણ. ૨ જું

## "જોગીનું દર્શન
## અને
## સુવર્ણ સિદ્ધિ"

---

સૂર્યનાં રક્તવર્ણીય કિરણો ધીરે ધીરે અસ્તાચલમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હતાં. જંગલની ભયંકરતા એવી તો વિકાળ દેખાતી કે ખરેખર જોનારને ત્રાસ ઉત્પન્ન થયા વગર રહે નહિ. સૂર્યની સાથેજ શ્રમિત થએલો આપણો મુસાફર જેમ તેમ લગાર આગળ ચાલ્યો કે પેલો દેખાવ નજીક આવવા લાગ્યો, અનુક્રમે પોતાનું મન દૃઢ કરી સાહસીક વૃત્તિ ધારણ કરી મરણનો પણ ડર નહિ કરનારો આપણો ચતુર નાયક તેની લગોલગ પહોંચી ગયો, કે તુરતજ પોતાની શંકાનું સમાધાન થયું, ઓહો ! આતો કોઇ મહાન્ યોગીરાજ જેવો જણાય છે. ખરેખર તે કેવો અદ્‌ભૂત દેખાય છે આ જોગી તેની આકૃતિ ઉપરથી કોઇ અદ્‌ભૂત પરાક્રમી હોય તેમ જણાય છે. પોતાની અદ્‌ભૂત કાંતિએ કરીને તે સુવર્ણની કાંતિને પણ તિરસ્કાર કરવાને સમર્થ છે. વળી આકર્ષણ વિદ્યા, વશીકરણ વિદ્યા કામણટુમણની કળાને જાણનારો, અને પદ્માસને બિરાજેલો સોનાના દંડને ધારણ કરનારો, સ્ફટિક કુંડલને પહેરનારો, આખા શરીરે જેણે રાખ ચોળી છે એવો ચર્મના આસન ઉપર બીરાજમાન થએલો આ યોગી પોતાની ચમત્કારિક શક્તિઓવડે મારૂં દુઃખ દૂર કરશે, મેં પ્રથમ વાત પણ સાંભળી હતી કે આપણા નગરથી કેટલેક દૂર જંગલમાં નાગાર્જુન નામનો એક મહા ચમત્કારીક યોગી રહે છે, જો આ જોગી તેજ હોય તો મારૂં તો દુઃખ હવે ગયુંજ સમજવું, હું ગમે તેમ કરી ભક્તિવડે તેને પ્રસન્ન કરીશ. વિદ્યાવડે કરીને સિદ્ધ એવા આ યોગીને દેખીને ખરેખર હવે પોતાનું દારિદ્ર અલ્પ સમયમાં નાશ પામશે, એમ વિચારી મેઘને દેખીને જેમ મયૂરને આનંદ પ્રાપ્ત થાય, તેમ તેને આનંદ થતો હતો, કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે, દેવતાનો વર, સિદ્ધ પુરૂષનું દર્શન, ગુરૂ તથા રાજાનું સન્માન અને ગયેલા ધનની પ્રાપ્તિ આટલાં વાનાં પુન્ય વગર પમાતાં નથી.

મારે ત્રણ દિવસથી શાહુકારોના દેવા આપવાના ભયથી નગરીનો ત્યાગ કરી જંગલનો આશ્રય ગ્રહણ કરવો પડયો છે. વળી પોતાને આહાર પણ મળ્યો નથી. પરન્તુ આ યોગીરાજનાં દર્શન થતાં પહેલાનું સમગ્ર દુઃખ તે ઘડી તે વિસરી ગયો. ને ખરી ભક્તિ-વડે યોગીરાજની સેવા કરવા લાગ્યો. ખરા અંતઃકરણ પૂર્વક એક નિષ્ઠાથી સેવા કરનારા આ દરિદ્ર ભક્ત ઉપર તેના કોઇ પૂર્વ સંચિત પ્રારબ્ધના યોગે થોડા સમયમાં દયાવડે કરીને આર્દ્ર છે હૃદય જેનું એવા યોગીરાજ પ્રસન્ન થતા હવા. કેમકે કર્યા ગુણના જાણ પુરૂષો શીતલ સુગંધી સરખા હોય છે. અને કૃતઘ્ન જનો પર્વતની ભૂમિ સરખા અને કૃષ્ણ સર્પ સરખા જાણવા, કારણ કે તે પુન્યના ઘાતક હોય છે.

પથિકની અલ્પ સેવાથી તુષ્ટમાન થએલો જોગી તેની પ્રત્યે બોલતો હવો કે, બચ્ચા તું કૌન હય? કૌન દેશસે આયા હય, તેરા કયા નામ હય! બચ્ચા? સચ્ચ બાત કરના? તેરી થોરીસી ભક્તિસેં મેં તેરા પર પ્રસન્ન હુવા હું.

યોગીરાજ? હું બહુજ દુઃખીયારો સંસારમાંથી બહિષ્કૃત થએલો એવો એક મુસાફર છું હું અહીંથી નજીકના નાંદુરી નામના નગરમાં રહું છું. મારા અભાગીયાના નામનું આપને શું કામ છે? કોણ જાણે કેવા સંયોગોમાં મારૂં નામ પાડયુ હશે કે જેથી મારે સર્વદા નિર્ધન અવસ્થામાંજ મારા દિવસો પસાર કરવા પડે છે. અરેરે! મારા જેવો આ જગતમાં દુઃખીયો ભાગ્યેજ હશે, સર્વ કોઇને પોતપોતાના ચાન્સ પ્રમાણે દૈવ આપે છે, પરન્તુ દૈવ ખાઇપીને એવું તો મારી પાછળ પડયુ છે કે હું તો આ સસારમાં કાયર કાયર થઇ મરવાની આશાએ આ જંગલમાં ચાલ્યો આવ્યો છું, પરંતુ હવે કોઇ પુર્વનાં સુકૃતના સંયોગે આપ સરખા મહાન્ યોગીરાજનો સમાગમ થયો છે કે જેથી મારી નવી બંધાયેલી આશા પરિપુર્ણ થશે. અન્યથા આ જંગલમાં રખડી રખડીને આ મારી હીણભાગી કાયાનો અંત લાવવો એજ મારો નિશ્ચય હતો. નિરાશ વદને સરર સરર ટપકતાં અશ્રુબિંદુઓ વાળાં નયનોથી આર્દ્ર એવા ભક્તિ કરનારા સેવકે જોગી આગળ અન્તરના ઉદ્‌ગારો બહાર કાઢયા.

બચ્ચા? ચિંતા મત કર? તુ દયા કરનેકે યોગ્ય હય! તેરા અચ્છા હોગા? કયુ દિલગીર હોતા હય! તું ભોજન બી નહિ

કરતા ? ભુખા રહનેસે તું બહુત કલેસ પાવેંગા યોગીએ દિલાસો આપવાના મીશે કહ્યું.

આપ પૂજ્યની કૃપા દૃષ્ટિ હશે તો ખાવા સ્ત્રીની કાંઇ નવાઇ નથી. મારી આવી દશામાં મને કોઇ પણ કાર્ય કરવાને મન થતું નથી. અગર તો ખાવા પીવા ઉપર લેશ પણ રૂચી થતી નથી. અરેરે ! હું એટલો તો કંટાળી ગયેલો છું કે ધન વગર જીવવું જગતમાં કલેશકારી છે, તેણે પોતાની સત્ય હકીકત યોગીરાજ સમીપે જાહેર કરી.

**કેમકે-सत्यं मित्रैः प्रियं स्त्रीभि रसत्यं द्विषतासह ।**
**सत्यं प्रियं च पथ्यं च वक्तव्यं स्वामिना समं ॥**

**ભાવાર્થ**—મિત્રની આગળ સત્ય વાત કહેવી, સ્ત્રી પાસે ખરૂં બોલવું અને શત્રુની આગળ જુઠું બોલવું, સ્વામીની સાથે સાચુ અને મીઠુ એવું હીતકારી વચન કહેવું.

મુસાફરની ભક્તિથી પ્રસન્ન થએલા યોગીરાજે પોતાની દિવ્ય શક્તિથી ખાંડ, ઘીથી પૂર્ણ એવો ક્ષીરનો એક થાળ આકાશ માર્ગેથી મંગાવી પેલા પથિકને આરોગવાને કહ્યું કે બચ્ચા તેરે લીયે યહ ખાણા આયા હય સો ખા જાઓ ?

અણુજાણ્યા ઘરનો આવેલો આહાર હું જમતો નથી, કેમકે સજ્જનો પોતાના ઉપર વિકટ સંકટો પડતાં છતાં પણ સન્માર્ગને લેશ માત્ર પણ તજતા નથી. વિશેષ શું પણ છેદવાથી, ઘસારાવડે કરીને કષ્ટ પામતાં થકાં પણ ચંદન વૃક્ષ પોતાનો મોટાઇનો ગુણ જે સુગંધી તેને નહિ તજતાં ઉલટું તેમાં વૃદ્ધિગત થાય છે એવી રીતે ભક્તિ કરનાર સેવકે પોતાની સજ્જનતાનું જોગીને ભાન કરાવ્યું.

બચ્ચા ! તેરી નાંદુરી નગરીમે જો નાગ નામકા બડા વ્યવહારીયા વસતા હય, ઉન્કી ગોત્રદેવીકી સામને ધરાયા હુવા યહ ક્ષીર કા થાળ મેંને મંગવાયા હય. ઇસીસે તુંજ કો કોઇ બાતે હરજ નહિ હય. બચ્ચા ? ભોજન કરકે સ્વસ્થ હો જાઓ. યોગીએ થાળનું સ્વરૂપ જણાવ્યું.

પોતાને યોગ્ય એવો આ ભોજનનો થાળ શ્રાવકના ઘરનો છે, એમ જાણીને પોતાની શ્રાવકની રીત પ્રમાણે ભોજન કરી સ્વસ્થ થયો. જોગી પણ તેને આચાર અને વિવેકમાં કુશળ તથા બુદ્ધિવંત જાણીને

તેની યોગ્યતાથી પ્રેરાયો છતો સોનું કરવાની આમ્નાય બતાવવાને તૈયાર થયો, કેમકે કાચા ઘડામાં નાંખેલું પાણી ઘટનો વિનાશ કરે છે. નીચ હૃદયના પાત્રમાં નાંખેલું સિદ્ધાંતનું રહસ્ય તેને ઉલટી અસર કરનારૂ થાય છે. વળી મોટા પુરૂષોને ઉપકાર કરવાની ઇચ્છા હોય છે. પરંતુ તે ઇચ્છાપાત્ર મળે છે ત્યારેજ પૂર્ણ થાય છે, કેમકે મેઘ સમસ્ત ઠેકાણે વરસે પણ મારવાડની ઉખર ભૂમિમાં વરસે તો તે નિષ્ફળ જાય છે, માટે અપાત્રમાં વિદ્યા પડવાથી તરતજ તેને અજીર્ણ થાય છે.

હે ભાગ્યવંત! મારી કહેલી બાબતો જો તું લક્ષ્યમાં રાખે તો તારી ઉપર ઉપકાર કરૂં, દયાના સાગર એવા નાગાર્જુન યોગીએ તેને કહ્યું.

યોગીવર્ય? આપ આ શું બોલો છો? આપનું વચન ઇંદ્ર સરખા પણ ઓળંઘવાને શક્તિવાન્ નથી, તો પછી હું કોણુ માત્ર છું. વળી હે મહારાજ? પુન્યવડે કરીને પામવા યોગ્ય એવું તમારૂં વચન તેને મારા મન મંદિરમાં રાખીને ઇષ્ટ વસ્તુને આપનાર ચિંતામણિની માફક હું નિરંતર તેની સેવા કરીશ. યોગીરાજના વચનથી જેનું હૃદય ભક્તિથી ઉભરાઇ ગયું છે, એવા મુસાફરે નમસ્કાર કરતાં થકાં ઉપર પ્રમાણે કહ્યું.

બચ્ચા? તું એક લાયક કું જગતમેં બહુત જનોકો ઉપકાર કરતે કે લીયે, દૈવને તુંજકો ઇધર ભેજ્યા હય. મેં તુજકો સુવર્ણ સિદ્ધિ કા ઉપાય બતલાતા હું. ઇસલીયે બચ્ચા? યાદ રખના કી કીસી માગન તેરી પાસ યાચના કરતાં આ જાય તબ કીસીકુ નકાર મત કરના, સુવર્ણ સિદ્ધિસેં સોના બનવાકર સબ માગનકુ દેના, કયું કી લોભી બનીયા કીસીકુ કોડીભી નહિ દેતા હય, એૈસા કંજુસકુ સુવર્ણ સિદ્ધિ દેનેકા કયા પ્રયોજન હય, શાસ્ત્રમાં પણ લખ્યું છે કે

देशाधीशो ग्राममेकं ददाति, ग्रामाधीशः क्षेत्रमेकं ददाति ।
क्षेत्राधीशः प्रस्थमेकं ददाति, नंदस्तुष्टो हस्ततालीं ददाति ॥१॥

**ભાવાર્થ**—દેશનો સ્વામી પ્રસન્ન થાય તો એક ગામ આપી દે છે. ગામનો ધણી કદાચ પ્રસન્ન થાય તો એકાદુ ક્ષેત્ર આપી દે છે, ને ક્ષેત્રનો માલીક તુષ્ટમાન થાય તો પાંચ શેર અન્ન આપે છે, અને જો કદાપિ વાણીયો પ્રસન્ન થાય તો માત્ર એક તાળીજ આપે છે.

યોગીરાજનું વચન અંગીકાર કરે છતે પછી તે મુસાફરનું દારિદ્ર રૂપી વૃક્ષ તેનો નાશ કરવાને ઐરાવત હસ્તી સમાન એવી રૂંદતી પ્રમુખ ઔષધીઓને જંગલમાં લઇને તે યોગી તેને ઓળખાવતો હવો. તે ઔષધીઓનો રસ બનાવીને તેમાં અડધો પારો મેળવીને તે મિશ્રણ કરેલી વસ્તુ પાત્રમાં નાંખીને તે યોગી અગ્નિમાં મુકતો હવો. તે વારે સાડાસોળ વાંનકીનું સુવર્ણ થયું, વળી તેને પ્રતીતિ કરાવવાની ખાતર તે શ્રાવકની પાસે ફરીને પણ તે યોગી તે પ્રમાણે કરાવતો હવો. અહો કેવું આશ્ચર્ય ! એક વિલક્ષણ બનાવતો સાંભળો ! તે સુવર્ણને તાપમાં રાખ્યું હોય તો રક્તતા યુકત દેખાય છે, અને છેદન કરવા વડે કરીને શ્વેત વર્ણ યુક્ત જણાય છે, ત્યારે કસોટીએ કસવા થકી ચંપાના ફુલ સરખુ પીત વર્ણ વાળુ માલૂમ પડે છે, સુંવાળું, ભારે અને સ્નીગ્ધ એવા શુભ વર્ણયુક્ત સુવર્ણની સિદ્ધિ પોતાના પૂર્વના પુણ્યબળના પ્રતાપે આ શ્રાવક ભાઇને અધિક અધિક પ્રગટ થતી હવી.

યોગીરાજે પણ તેને સુવર્ણસિદ્ધિ ફલીભૂત થયેલી જાણી યાચકનાં દારિદ્ર છેદન કરવાનું યાદ દેખાડાવી ઘેર જવાને માટે તેને રજા આપતો હવો, આપણો વાર્ત્તાનો નાયક પણ હર્ષવાન્ થયો છતો પોતાનુ ઇચ્છિત ફલીભૂત થયું જાણી વિચાર કરતો પોતાના નગરના માર્ગ તરફ આવતો હવો, આહ! દેદાશાહ તુતો સર્વથી ભાગ્યવાન્ નીકળ્યો ! અરે ! સ્વલ્પ સમયમાંજ તારી ભાગ્યદશાનાં ભયંકર ચક્ર કોણ જાણે કયા વાતાવરણમાં ઝંપલાઇ ગયાં ! ઓહો ! દૈવને અનુકુળ થતાં આતો વાર પણ લાગી નહિ ! જો કદાચ દૈવ અનુકુળ હોય તો માણસોને શું શું નથી મળતું ! અહા ! જે વખતે ઘરનાં બારણાંનો તેં ત્યાગ કર્યો, નગરીને આખર વખતના અંતિમ જુહાર કર્યા, તે વખતે શું અસાડ ને શ્રાવણ તારી આંખોમાંજ નહોતા જણાતા ! હે દેદાશાહ ! શું તને પુનઃ આશા હતી કે આ નગર તું ફરીને જોઇ શકીશ ! પણ નિશ્ચય જે દઇવે મારો પીછો પકડયો હતો, અને જે દૈવ મને દુઃખરૂપી દરિયામાં ડુબકીયો લેવડાવતું હતું, તેજ દૈવે અત્યારે મને દુઃખમાંથી બચાવ્યો છે, તેણેજ મને સહાય કરી કીમતી મદદ આપી આ જગતમાં દરિદ્રતારૂપી તોફાને ચડેલા ભયંકર સમુદ્ર થકી મારો ઉદ્ધાર કર્યો છે. ખરેખર આતો કુદરતનોજ કાનુન છે, માણસને દુઃખ પણ દૈવ આપે છે ને સુખ પણ આપ-

નાર દૈવજ છે. પરન્તુ માણસને ધૈર્યતા નથી, અરે માણસને સમજવું જોઇએ કે તેને પોતાની જેટલી ચિંતા છે તેના કરતાં તેના દૈવને તેની વધારે ચિંતા રહેલી હોય છે, જ્યાં ઉદય થવાનો હોય ત્યાંજ દૈવ તેને ધસડીને ખેંચી જાય છે, પરન્તુ ખરેખર માણસને તેટલી સમતા કયાંથી હોય ! પરંતુ કુદરતનો એવો કાયદો છે કે દુઃખી અવસ્થામાં દીલગીર થવું અને સંપત્તિમાં પ્રસન્ન ચિત્તવાળા થવું એ સૃષ્ટિનો માનવ જીવનને માટે સાધારણ નિયમ છે, ગમે તેવો માણસ હોય તોપણ હર્ષ કે શોકની તેને અસર થયા વગર રહે નહિ, ને અસર ન થાય તો તે ઉંચ કોટીનોજ આત્મા ગણાય. કેમકે તે ધીરવીર પુરૂષનું મન પણ એક વખત પીગળાવી નાખે છે. આહા ! કાલે જે દેદાશાહ હતો તેજ અત્યારે છે, પણ હૃદયની અંદર રહેલા પુદ્‌ગલોનોજ માત્ર તફાવત છે, કાલે જે વદન શોકની છાયાથી કરમાઇ ગયું હતું, તેજ વદન અત્યારે આનંદની લહેરીથી ખીલખીલ કરી રહ્યું છે, દૈવને જેમ દુઃખ આપતાં વાર લાગતી નથી, તેમ માણસના જીવનને એકદમ સુખી બનાવવાને પણ તેને વાર લાગતી નથી. શાસ્ત્રમાં પણ કથન કર્યું છે કે—

**अचिन्तितानि दुःखानि यथैवायांति देहिनाम्**
**सुखान्यपि तथा मन्ये दैवमत्रातिरिच्यते ॥ १ ॥**

**ભાવાર્થ**—પ્રાણીયોને જેવી રીતે અણધારેલાં દુઃખો આવે છે તેવીજ રીતે સુખો પણ ઓચિંતાં આવી મળે છે, આ બંને બાબતમાં ભાગ્ય તેજ વિશેષ કારણ છે.

અહા ! મારા દૈવના પ્રબળે કરીનેજ જાણે આ ચમત્કારી યોગી અહીં આવેલો હોય ને શું ? ખરેખર જગતમાં આવા મહાન્ યોગીયો પણ હયાત દેખાય છે. અરેરે ! જગતમાં પારકાનો ઉપકાર કરનારા આવા જોગીયો કદાચ ન હોત તો મારી શું દશા થાત. આવી રીતના પ્રત્યક્ષ ઉપકાર કરનાર તરફ પ્રાણીઓની વૃત્તિ સહજ રીતે આકર્ષાઇ તેની પ્રત્યે તેની પુજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય તો નવાઇ ગણાય નહિ. પૃથ્વીને ' **बहु रत्ना वसुंधरा** " કહેલી છે તે મહાત્માઓનું અક્ષરે અક્ષર વચન સત્યજ છે. અહો ! એક તૃણ સરખુ પણ સારા ગુણવાળું હોય છે તો મનુષ્ય સરખુ પ્રાણી આવી રીતના ઉપકારને કરનારૂ થાય તેમાં શું નવાઇ ગણાય? તૃણ દંતપંક્તિને સુધારે છે.

ગાયના પેટમાં રહ્યું થકું દુગ્ધ રૂપે પરિણમીને જગતનું પોષણ કરે છે. તેમજ દૂધથી બનાવેલી જે ક્ષીર તે ક્ષુધાનો તત્કાળ આળોગવા-વડે કરીનેજ નાશ કરે છે. શિતાદિકને પણ દુર કરી શકે છે, શત્રુ સમુદાયનું રક્ષણ કરે છે. પારકા પ્રાણોનું પોષણ કરે છે. એવી રીતે તૃણ સરખુ પણ જગતને અનેક રીતે કારણ પડે ઉપયોગી નીવડે છે. તોપછી દયા, ઉપકાર, શિયલ આદિ ગુણરૂપ પલ્લવો જે ઠેકાણે રહેલા છે, એવો મિથ્યાત્વી પણ ભદ્રક ભાવની વેલડી છે, કેમકે આ ભરતક્ષેત્રમાં ભદ્રક ભાની એવા મિથ્યાદ્રષ્ટિ જીવો પણ મરીને નવમે વર્ષે કૈવલ્ય (મોક્ષ) પદવી પામે છે, માટે ખરેખર પુરૂષો પોતાનું સર્વ કાર્ય સિદ્ધ કરી શકે છે, જોકે આ યોગી છે તોપણ તેનામાં કેટલાક સારા ગુણો છે. વળી જંગલની ઔષધી પ્રમુખને ઓળખવા વડે કરીને તે મહા ચમત્કારનો ભરેલો છે, જગતમાં માણસનું કોમળ હૃદય તેની નિઃસ્વાર્થ બુદ્ધિથી ઉપકાર કરનાર તરફ જેટલું આકર્ષાતું હશે, તેટલું અન્ય તરફ ભાગ્યેજ આકર્ષાય એવો સૃષ્ટિનો સર્વ માન્ય સાધારણ નિયમ છે, આવી રીતનો ઉપકાર કરનાર તરફ માનવનું મન વધા-રેને વધારે આકર્ષાતું રહે તોતે બનવા જોગ છે. જગતમાં નિઃસ્વાર્થ બુદ્ધિથી પરોપકાર દ્રષ્ટિ રાખીને આવા પ્રકારનો ઉપકાર કરનાર મહાત્માઓ વિરલાજ નજરો આગળ તરે છે. જગતને પોતાનો ઉ-દ્ધાર કરવાને આવા પરોપકારી મહાત્માઓની ઘણીજ જરૂર છે. સારી આલમ ભટકતાં પણ ખરી વસ્તુ જાણનારા મહાન્ મહાત્માઓનો સંયોગ જીવોને ભાગ્યેજ થાય છે. અન્યથા "લોભીયા વસે ત્યાં આ-ગળ ધુતારા ભુખે ન મરે" એવા બનાવો તો સહજ માત્રમાં બની જાય છે, એથી ઉલટું માણસને લાભ કરતાં હાની વધારે સહન ક-રવી પડે છે, જ્યારે એકજ અર્થાત્ ઐહિક વર્ગનું હિત કરનાર ત-રફ મણુસનું મન આટલું બધુ પ્રેરાય છે. તોપછી ઉભય વર્ગનુ હિત કરનાર એવા સાધુ તરફ માણસને કેટલો બધો પૂજ્ય ભાવ ઉત્પન્ન થાય! તેનો વાંચકે કૃપા કરીને સ્વતઃવિચાર કરી લેવો, ઇત્યાદિક અનેક પ્રકા-રના વિચાર કરતો, અને આનંદથી પોષાતો દેદાશાહ શ્રાવક પોતાના ઘર તરફ ગયો.

# પ્રકરણ. ૩ જું

## "દશાચક્રનું પરાવર્ત્તન"

---

### સોરઠો.

"શાણા શીદ કરમાય, દુરિજન ભુંડા કયા કરે;
ચંદન સર્પ વીંટાય, શ્યામવર્ણ શું થાય ખરે !"

યાચક લોકોની અભિલાષાઓને પૂર્ણ કરી તેમનાં મનોવાંચ્છિત આપવામાં જેણે લેશ માત્ર પણ પાછી પાની કરી નથી. ગરીબ જનોની દાદ સાંભળી તેમનું દુઃખ કાપવાને કલ્પવૃક્ષ સરખો, પોતાના વચનને પાલન કરનારો એવો દેદશાહ પોતાને ઘેર સુખે સમાધે પોતાની સ્ત્રી સાથે આનંદમાં વખત પસાર કરે છે. પોતાને જરૂર પડે તેમ જોઇએ તે પ્રમાણમાં સોનું કરી જગતનાં દુઃખછેદન કરવાને તતપર થતો હવો. તેનાથી ઘણાઓની આશાઓ સફળ થવા પામી. હવેથી ઘણા દુઃખી જનોના દુઃખોનો નાશ થવા લાગ્યો. ઘણા માણસો તેને ત્યાં આવી અનેક પ્રકારે તેને આશિષયુક્ત વચનો કહી ઇચ્છિત વસ્તુને મેળવવા લાગ્યા. જ્યાં ત્યાં તેની ઉદારતાનાં ને તેની ચતુરાઇનાં વખાણ થવા લાગ્યાં. અહો ! આ દેદાશાહ તો ગરીબોનો બેલી છે, અનાથનો સનાથ છે, જગતમાં જીવતું જાગતું કલ્પવૃક્ષ યાતો ચિંતામણી રત્નતો તેજ છે, હમણાંથી તે ધનવાન્ થયેલો છે, એટલે કોઇ માગણ તેને ઘેરથી નિરાશ થઇ પાછો ફરતો નથી. આ ફાની જગતમાં તેનુંજ જીવન સાર્થક થએલું છે. તેનાજ ધનનો સદુપયોગ થાય છે, તેનુંજ ધન સારા ક્ષેત્રમાં વવાય છે, અરેરે ! દુઃખીયા લોકો તમે પૈસા વગર શા માટે રૂદન કરો છો ! જુઓ ! દેદાશાહ રૂપી ચિંતામણી રત્ન હયાતી છતે તેની પ્રાર્થના કરતાં તે તત્કાળ ફળદાયક નીવડે છે, ચિંતામણી રત્નની તો ઉપાસના પણ કરવી પડે છે, પરન્તુ આ દેદાશાહ રૂપી ચિંતામણી રત્ન તો અલ્પ સમયમાંજ માણસની ઇચ્છાને પૂર્ણ કરનારૂં થાય છે. ખરેખર જ્યાં દેદાશાહ રૂપી સૂર્ય છતે ગરીબાઇ રૂપી અંધકાર પોતાનો ગર્વ કેમ રાખી શકે ? દેદાશાહ રૂપી દીપકની જ્યોત જાજ્વલ્યમાન ઝગઝગે છતે ઘર ઘરમાં ભરાઇ રહેલાં

એવાં ગરીબાઇ રૂપી અંધકારનાં કાળાં વાદળાં દૂર થવા લાગ્યાં. જ્યાં ત્યાં દેદાશાહ શેઠને લોકો દુવાઇ દેવા લાગ્યા. એમ સુખમાં દિવસો પસાર થતાં આપત્તિ વળી ડોકીયાં કરવા લાગી. સજ્જન માણસો પોતાની સજ્જનતા વડે શોભે છે, અમુલ્ય હીરો પોતાનીજ કાંતિએ કરીને પ્રકાશે છે, પરન્તુ દુર્જન લોકો તેને હરેક રીતે હરકત કરેછે, અરેરે ! દુર્જનોનો સ્વભાવજ એવો હોય છે, કે તેઓ પારકાની ઉન્નતિ સહન કરી શકતા નથી, સજ્જનનું સુખ જોઇને તેઓનાં હૃદય સળગ્યા કરે છે, વિના કારણે તે પામર દુર્જન બીજાનું સુખ દેખીને બળ્યો ઝળ્યો પોતાનું જીવતર પુરૂં કરે છે. આ પ્રકારનું તેનું દુઃખી જીવન દેખીને કોને તેની પ્રત્યે દયા નહિ આવે ! મુષકના જેવા સ્વભાવવાળા અને બીજાનું ખરાબ કરવામાં ઉદ્યમવાળા એવા દુર્જન લોકો મનમાં વિચારવા લાગ્યા, કે આહા ! આ શેઠને જંગલમાંથી નિધાન મળ્યું છે ! માટે ચાલો, રાજા પાસે જઇને તેના નિધાનની વાત સંભળાવીયે, જેથી તેનું નિધાન રાજા લઇ લેશે. એટલે વળી ગરીબ થશે, એમ વિચારી તેઓએ રાજાને તેની વાત કહી દીધી.

હવે રાજા પણ તેનું ધન લેવા માટે પોતાના સેવકોને મોકલતો હવો. અને જ્યાં હોય ત્યાંથી તેને પકડીને મારી પાસે હાજર કરો ! એ પ્રમાણે હુકમ જણાવતાં રાજાના સુભટો દેદાશાહને ઘેર જવાને રવાને થઇ ગયા. દેદાશાહ પોતે જમવા બેસવાની તૈયારીમાં હતા, એટલામાં રાજાના સુભટોએ આવીને તેને પકડી લઇ ભોજન કરાવ્યા વગર રાજા પાસે રજુ કરી દીધો. તે પોતાના મનમાં ઘણો વિચાર કરવા લાગ્યો, કે આ શું ? મેં રાજાનો કાંઇપણ અપરાધ કર્યો નથી, છતાં એકદમ રાજાએ ગુન્હા વગર મને પકડાવ્યો, તે રાજાએ ઠીક કર્યું નહિ; પણ શું કરૂ, સત્તા આગળ શાણપણું નકામું છે. ખેર ! તે શું કરે છે ! તે જોયા પછી વિચાર કરીશું.

દેદાશાહ ! તમને ગમે ત્યંથી પણ નિધાન મલ્યુ છે, એમ લોકો કહે છે. માટે જે સાચી વાત હોય તે મને જણાવો. લગાર પણ ખોટુ બોલી તમારે હાથે તમે દુઃખી થશો નહિ. રાજાએ દમ ભરાવતાં જણાવ્યું.

હે દેવ ! તમે જે સાંભળ્યું છે, તે તદ્દન અસત્ય છે, તમો સમજુ થઇને વિચાર તો કરો ! કે મારા જેવા પુરૂષોનું એવું ભાગ્ય કાંથી હોય કે જેથી મને નિધાન પ્રાપ્ત થાય ! કેમકે સાંભલીને વસ્તુને

પકડી નહી લેતાં તેનો બરાબર વિચાર કરવો! વળી પ્રત્યક્ષ નજરે જોએલો બનાવ પણ પ્રસંગે કરીને ખોટો પડે છે. તે માટે હે રાજન્? દુર્જન લોકોની શીખામણથી એકદમ તમો અમારી ઉપર જુલમ ગુજારો તે તમારા જેવા માનવંત પુરૂષોને લાયક ગણાય નહિ; શાહે પોઇન્ટ સર જુવાબ આપતાં જણાવ્યું.

હે દેદાશાહ? જો તું તારૂ ભલુ ચાહતો હોય તો સત્ય વાત જણાવ? તું કપટ રહીત છું, નહિતર વાણીયાનાં ચરિત્ર હું બરાબર રીતે જાણુંછું. તે વાત સાંભળીને ખરાબ બોલે છે અથવા હસે છે. મૌનપણાએ કરીને સર્વ લોકોને લુટે છે, કરીયાણું વગેરે ઘણુ છે એમ બોલતાં થકાં તોલમાં ઓછું આપે છે, પોતે અન્યાય કર્યા છતાં રાજ દરબારમાં પહેલો જાય છે. જુઠા લેખ લખવાને તે સાહસીક હોય છે. હૃદયમાં સીંહ સરખો પણ બહાર મૃગલા સરખા દેખાવવાળો હોય છે. જુઠામાં અગ્રેસર વાણીયાઓ હોયછે, પ્રત્યક્ષ કોઇએ વસ્તુ આપી હોય તો પણ કોણ જાણે આપીછે કે નથી આપી એમ સંશયવાળો થાય છે. ને જો ગુપ્ત રીતે મુકવા આપી હોય તો તે ભૂલી જાય છે, પોતાને ઘેરલાભ થતો હોય તો બીજાનુ કહેવું સાંભળે નહિ. લોભી પણા થકી બીજાને ઠગવાને તત્પર હોય છે. થોડું ખરચ છતાં જેને તેને કહેતો ફરે કે મારે ઘેર ખરચ વધારે છે. તેમજ બીકણમાં અગ્રેસર વાણીયો હોય છે. ઇત્યાદિક વાણીયાનાં લક્ષણ હોય છે. એ પ્રમાણે વાણીયાભાઇનું ખરૂં સ્વરૂપ રાજાએ શાહને પરખાવી દીધુ.

હે દેવ? બ્રહસ્પતિના તમે મિત્ર છો, તે માટે તમારે વિશે શું શું જ્ઞાન ન હોય! પણ હે ભૂપતે? હું સાચું કહી તમારા ચરણે હસ્ત મુકુછું. કે મને નિધાન મલ્યુ નથી. તમારે ધનની જરૂર હોય તો વ્યાપાર પ્રમુખ કાર્ય વડે કરીને સંપદાઓ મેળવનારા આપણી નાંદુરી નગરીમાં ઘણાક ધનાઢ્યો વસે છે. પણ ખરેખર મને ધન મલ્યુ નથી. ઇત્યાદિક ઘણી દલીલો પુર્વક તેણે કહ્યું.

હવે રાજાને દેદાશાહના કહેવા ઉપર લગારપણ વિશ્વાસ આવ્યો નહિ, તેથી તેને શીક્ષા કરવાની ઇચ્છા કરવા લાગ્યો. અરે! સારી રીતે સમજતો નથી માટે ખરેખર આ દેદાશાહ દંડને લાયક છે, એમ મનમાં વિચારવા લાગ્યો.

અરે! તમારી ન્યાયી વૃત્તિઓ આજે ચળીત થયેલી હોય એમ મને ભાસ થાય છે, મને નિધાન જડેલું છે અને તેથી તમો લઇ લેવાનો બુરો વિચાર કરોછો, પરંતુ હે રાજન્! યાદ રાખો, કે મારીપાસેથી એક કોડી માત્ર પણ લેવાને તમો સમર્થ નથી, તમારી અન્યાયી વૃત્તિને તાબે થઇ મારૂં મન એક પાઇ પણ તમને આપી શકશે નહિ, તમો જબરસ્તપણા-થી સત્તાનો ઉપયોગ કરીને અને સામા માણસની આંખોમાં અંગુળી ઘોચીને લેવા ધારોછો, પણ મારામાં જીવ છે ત્યાં સુધી એક કોડી પણ આપીશ નહિ, ઈંગિતાકારથી રાજાની ચેષ્ટાને જાણનારા ચતુર દેદાશાહે ક્રોધથી સ્પષ્ટ રીતે રોકડે રોકડું ખડખડીયુ બતાવી દીધું.

ચતુર શેઠનાં વચન સાંભળીને રાજાનાં નેત્ર ક્રોધથી રકતવર્ણ વાળાં થયાં. નસોનસે જેને રૂધિર વહેવા માંડયું, જે રાજાનો તાપ દેખીને અન્ય સભાવર્ગ પણ થરથરવા લાગ્યો, અરે! રાજા હમણાં શું કરી નાંખશે? નિશ્ચય દેદાશાહ હમણાં રાજાના કોપનો ભો-ગ થઇ પડશે. લોકો માંહોમાંહે જેમ ફાવે તેમ બોલવા લાગ્યા.

એવા અવસરમાં દેદાશાહની સ્ત્રીએ ભોજન કરવાને બોલાવવા સારૂ રાજદરબારમાં એક માણસ મોકલ્યું હતું, તે આવીને સાહસ કરવામાં શૂરવીર એવા દેદાશાહને ઘરના સમાચાર જણાવતો હતો.

અરે! તું ઘેર જઇને એટલું કહેજે, કે આજે મારે માથે આ-કરી વેદના થએલી છે, માટે હવે ભોજન કરવામાં સંદેહ રહે છે. તો જે કામ કરવાનું છે, તે ઉતાવળથી તું તારે કરજે. આ પ્રમાણે પ્રાકૃત ભાષાવડે ચતુર દેદાશાહે પોતાની સ્ત્રીને ખાનગી સમાચાર પાઠવી દીધા.

દેદાશાહે પોતાની સ્ત્રીને સમાચાર જણાવ્યા. તે મુદ્દાની વાતના જ હતા, પરન્તુ ભોજનને લગતો તેનો સંબંધ હોવાથી રાજાદિક કોઇને તેની ખરી હકીકતની ખબર પડી નહિ. જગતમાં ધનવાન્ તો મુર્ખ માણસ પણ થઇ શકે છે, પરન્તુ જ્ઞાની થવું તે મહા દુર્લભ છે, કેમકે એક વખતે આમરાજાથી રીસાઇ ગયેલા બપ્પભટ્ટી નામા આચાર્ય ત્યાંથી વિહાર કરી તેના શત્રુ ધર્મરાજાના રાજ્યમાં ગયા, તે આમની રાજ્યધાનીની માફક ત્યાં પણ માન સન્માન પામવા લાગ્યા, કેમકે વિદ્વાન સર્વત્ર પૂજાય છે, તેથી તેમનું માન સન્માન ત્યાં પણ અધિકતર થવા લાગ્યું. રાજા પણ વારંવાર તેમની સેવા

નિમિત્તે તેમની પાસે આવવા લાગ્યો, જેવી રીતે આમરાજાની સભામાં માનપાન હતું, તેના કરતાં પણ અધિકતમ અત્ર મળવા લાગ્યું, આમરાજાને ખબર પડતાં તેણે તેમને બોલાવવાને વારંવાર વિનંતીપત્રો મોકલવા માંડયાં, તેમાં પોતાની કસુર માટે વારંવાર તેમની માફી માગવા લાગ્યો, એટલુંજ નહિ પણ તેમને તેડવાને મોટા મોટા અધિકારીઓને પણ મોકલતો હવો, પણ કોઇ વાતે આચાર્ય માનતા નથી. છેવટે આચાર્યના પ્રેમના વશ થકી પોતે સામાન્ય વેશનું પરાવર્ત્તન કરી પોતાના શત્રુ રાજાની નગરીમાં ગયો. ને આચાર્ય માહારાજ જ્યાં બિરાજમાન થએલા હતા. ત્યાં તેમની પાસે આવ્યો, નજીકમાં ધર્મરાજા વગેરે ઘણા માણસો તેમની પાસે બેઠેલા હતા. આચાર્યની ચતુર આંખે આમરાજાને તરતજ ઓળખી લીધો કે "આમ આવો" એવું દ્વીઅર્થી વાક્ય કહી તેનું સન્માન કર્યું, અલ્પ સમય બેસી તે ત્યાંથી સૂરી માહારાજની રજા લઇ ચાલી નીકળ્યો. પરન્તુ આમરાજાના આગમનની તે બન્ને જણા વગર અન્ય કોઇને ખબર પડી નહી. કેમકે આમ આવો એટલે નજીક આવો એમ સર્વ કોઇ સમજ્યા, પરન્તુ આચાર્યે તો આમરાજાનું નામ દઇને "આમ આવો" એટલે હે આમરાજા! તમે આવો! એમ જણાવ્યું, પણ કોઇ બુદ્ધિ વગર કળી શકયું નહિ, તે પછી આચાર્ય પણ રાજાની અજ્ઞા લઇ વિહાર કરી પાછા મુળ ઠેકાણે આવ્યા.

હવે પેલા માણસે દેદાશાહના સમાચાર તેમની સ્ત્રીને સંભળાવ્યા, તે સ્ત્રી મહાચતુર હોવાથી દેદાશાહના બંધનના સમાચાર તથા તેમનો ગુપ્ત સંદેશો જાણી ગઇ, તેથી મહા મૂલ્યવાળાં વસ્ત્રની ગાંઠડી બાંધી ઔષધીનો શીશો લઇને વીજળીની માફક ત્યાંથી છ પાંચ ગણી નાશી ગઇ, ક્રોધાતુર થયેલા રાજાએ દેદાશાહને લોહની બેડી પહેરાવીને કારાગ્રહમાં નાખી, તેનું ઘર લુંટવાને સુભટોને એકદમ હુકમ આપતો હવો. સુભટો પણ દેદાશાહના ઘરમાં આવીને નીતે ઘરની ચારે તરફ શોધી વળ્યા, દારિદ્રનું ઘર એવા દેદાશાહના ઘરમાંથી સુભટોને એક કોડી સરખી પણ મળી નહિ, અરેરે! આતો આપણી મહેનત વ્યર્થ ગઇ, કાંઇ થોડું પણ ધન મળ્યું હોત, તો તુષ્ટમાન્ થએલો રાજા આપણને પણ કંઇક આપને, દેદાશાહતો ભિખારી જણાય છે, તેનું ઘર પણ કેવી એક દરિદ્રની મોટી નિશાળ છે, રાજાએ શું જાણીને તેને પકડયો હશે. તેના કરતાં કોઇ માલેક તુજારને પ-

કડયો હોત તો આપણે કેટલીક લુંટ મેળવી શકતે, આપણે કેવી ઉ-લટભેર આવ્યા હતા. અને એટલીવારમાં આપણે હતાશ થઇ ગયા. આપણી આશાઓ ખરેખર હણાઇ ગઇ. અરે ! પણ હરામનું ખાવાવાળા આપણા જેવા સેવકોના ઉપર કુદરત શામાટે કફા નહિ થાય ! પણ અમારા સરખા અભાગીયાઓને આવા વિચારો કયાંથી આવે ! જેની તેની પાસેથી ગ્રહણ કરવાનેજ અમો જન્મેલા છીયે, કોણ જાણે દિવસમાં કેટલાએ અન્યાયો અમારા હાથે બનતા હશે. ખેર ! જે બને તે ખરૂં ! ચાલો રાજાને જઇને નિવેદન કરીયે, દેદાશાહને ઘેર રાજાના નામનું સીલ કરીને નિરાશથી શોકાતુર યુક્ત વદનવાળા સુભટો રાજા પાસે જઇને તેના ઘરનો સવિસ્તર ઇતિહાસ જણાવતા હવા, રાજા પણ આશ્ચર્ય પામતો થકો વિચાર રૂપી ઘટમાળમાં વીંટાવા લાગ્યો, ને આવેલા સુભટોને રજા આપી પોતાના અન્તઃપુરમાં વિચાર કરતો તે ચાલ્યો ગયો.

# પ્રકરણ ૪ થું

## “ કારાગ્રહથી મુક્તિ ”

**कृतकर्म क्षयो नास्ति, कल्प कोटि शतैरपि ।**
**अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥ १ ॥**

**ભાવાર્થ**—ક્રોડો ગમે ઉપાય કર્યા છતાં પણ કરેલાં કર્મોનો નાશ થતો નથી, પ્રાણીયોને શુભ અથવા અશુભ કર્મ અવશ્યે કરીને ભોગવવું પડે છે.

સુખની શિતલ અને શાંતિદાયક લહેરીમાં વળી આ દુઃખનું વાદળ કયાંથી તુટી પડયુ! માણસને માથે દુઃખતો લાગેલું છે. દુઃખ એક માણસના જીવનની કસોટી છે. માનવનું જીવન તે દુઃખને ક્રીડા કરવાની એક શાલા છે. હા ! રાજાએ મને અન્યાયે કરીને શીક્ષા કરેલી છે. નરકના દ્વાર સરખા આ કારાગ્રહથી હવે કયારે મુક્તિ થશે ! રોષાયમાન થએલો રાજા શું હવે મને મુક્ત કરવાનો હતો !

બીજીવાર પણ દુઃખરૂપી દાવાનળમાં હું ફસાઇ પડયો, અરેરે! અહીં કરતાં તો જંગલમાં સારૂ હતું, જે સ્વતંત્રતાથી ગમે તેમ કરી શકતા'તા, પરન્તુ આતો નરકના સરખુ દુઃખ જણાય છે. અરેરે! જગતમાં પ્રાણીઓને પરાધિનતા સમાન અવર દુઃખજ નથી. પરાધિનતાની બેડીમાં બંધાયેલા પ્રાણીયો બિચારા અંતરમાં ને અંતરમાં બળ્યાજ કરે છે. તેમાં વળી કારાગારની પરાધિનતા તો દુસ્મનને પણ મળશો નહિ, અહાહા! શું દુઃખ આવે છે તે કાંઇ માણસને કહીને આવેછે!

## સોરઠો.

"દુઃખના ડુંગર શીર, અણધાર્યાં આવી ચડયા
ધીરજ રાખે વીર, ભણેલ નર ભૂલ્યા પડયા."

હવે જ્યારે આપણે માથે આવી અણધારી આફત આવી પડી. તો તેને માટે કાંઇ પણ ઉપાય આપણે કરવો જોઇએ. ગમે તે પ્રયત્ન વડે કરીને દુઃખરૂપી દાવાનળનો મૂળથી નાશ કરવો જોઇએ. ખરેખર! દુઃખ વખતે માણસને ધર્મ એજ શરણ છે. ધર્મનું શરણ કરવાથી ઘણાંકનાં દુઃખ ક્ષય થઇ ગયાં છે, ઘણાકની ઇચ્છાઓ પાર પડી છે. માટે મારે પણ ધર્મનું શરણ લેવું તેજ ઉચિત છે, તે આ લોકમાં સુખકારી ને પરલોકે મોક્ષનું કારણ અને સર્વ પુરૂષોને સેવા કરવારૂપ એવા શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુનું ધ્યાન ધરીને વિચારવા લાગ્યો. કે હે પાર્શ્વરાજ! આ જગતમાં તમારા સરખો મહિમા બીજો કોણ હયાતી ધરાવે છે. તુમ ચિંતામણી મળે છતે કાચના કકડા સરખા બીજાની સમીપે કોણ જાય? હે પ્રભુ! તમારૂં નામ તથા પ્રતિમા અને તેની પૂજા, સ્નાત્ર, ફુલાદિક પામીને ઇચ્છિતને આપનારા બીજા પુરૂષોનું અને દેવોનું મારે શું કામ છે? હે સ્વામિન્! તમારો મહિમા જે છે તે અમોઘ ફળને આપનારો હોય છે, હે પાર્શ્વનાથ! તમારા પ્રાક્રમનાં કેટલાં વખાણ કરૂં! શ્રી કૃષ્ણ મહારાજના સૈન્ય ઉપર જરાસંધ રાજાએ જરા મુકી સર્વ સૈન્ય મુર્છિત કર્યું, તે વખતે શ્રીકૃષ્ણ માહારજે અઠ્ઠમનું તપ કરી ધરણેંદ્ર પાસેથી તારી પ્રતિમા પ્રાપ્ત કરી તેના સ્નાત્ર જળના છાંટવા માત્રથી તેના સૈન્યની જરા તરતજ નાશ પામી ગઇ'તી. વળી કમઠયોગીના અકાર્યને ભોગ થઇ પડેલા નાગનો ઉદ્ધાર કરી ઇંદ્રની પદવી અપાવવા તમારેજ દોડીને આવવું પડયું'તું. તે સિવાય અનેક ભકતોનો તમારાથી ઉદ્ધાર થએલો છે. ત-

મારી ભકિત કરનારા જીવો સંસારમાં ઘણા સુખથી રહી શકે છે. હે સ્થંભનપુરના અધિપતિ! મારે પણ તમારોજ આશરો છે. મેં તમારા આશ્રયથીજ આ હઠ પકડી છે. કેમકે જગતમાં જેને તારા સરખો ધુરંધર ધણીધોરી વિદ્યમાન્ છતે તે પ્રાણીને બીજાની શું દરકાર હોય? તારા સરખો માલીક હાજરાહજુર ગર્જારવ કરતે છતે મને બીજાની શું પરવા છે? હે ચિંતામણી! તારા ભક્તના દુઃખનો નાશ કરી તારૂં ચિંતામણીનું બિરૂદ તું સાર્થક કર! તું ભક્તને ઇચ્છિત આપવા માટે કલ્પવૃક્ષ જેવો દાતાર છતાં મારી ઉપેક્ષા કરીશ નહિ. માટે હે દેવેશ! તારા આશ્રિતનું દુઃખ દુર કરવાને તું સાવધાન થા? જો કદાચ આ મહાન્ કષ્ટમાંથી રાજાને એક કોડી પણ આપ્યા વગર હું છુટીશ, તો સર્વ અંગે સોનાનાં આભૂષણ ચડાવી તારી પૂજા કરીશ. એ પ્રમાણે સ્થંભન પાર્શ્વનાથનો અભિગ્રહ કરતાં થકાં ઉવસગ્ગહરં સ્તોત્રનો પાઠ કરતાં થકાં દેદાશાહ સુઇ રહ્યા. ને મન, વચન અને કાયાના યોગોને વશ કરીને એવા તો ધ્યાનમાં લયલીન થયા, કે જો આલોકની વાંચ્છા રહિત તેમણે ધ્યાન ધર્યું હોત તો તે નિશ્ચય મોક્ષ મેલવી શકતે. આહા! લોકો આવી ખરી વસ્તુને મુકીને જ્યાં ત્યાં જગતમાં ભૂલ્યા ભમે છે. કેમકે બિચારા પામર અને દુઃખીયા જનોને આ ચિંતામણીનો સમાગમ થાય તો તે લોકોને તત્કાળ ફળદાયક નીવડે છે. જગત તુજ ચિંતામણી સરખા અમુલ્ય રત્નને મુકીને કાચનો ટુકડો ગ્રહણ કરવાને જ્યાં ત્યાં ભુલુ ભમે છે તે બિચારાઓને કયાંથી ખબર પડે કે ખરી વસ્તુ કઇ છે, પણ ખરેખર! હું ભુલું છું, કેમકે તારો સમાગમ તો કોઇ પુણ્યવંત પ્રાણીઓનેજ થાય છે, જે થોડે ભવે મુક્તિ મેળવવાને અધિકારી હોય, અગર તો જેના સુખના દિવસો અને પુન્યના દિવસો ઉગી નિકળવના હોય તેજ તને મેળવી શકે છે, સમસ્ત જગતમાં એવાં ભાગ્યવંત રત્નો અલ્પજ હોય છે. તેને માટેજ તને મેળવવાને ખરેખર જગત નિર્ભાગી નિવડયું છે. માણસને મહદ્ પુન્યની નિશાની ચળકતી હોય ત્યારેજ તારો સમાગમ તેને થાય છે. કેમકે તારા સમાગમી પુરૂષો નિર્માલ્ય અને હીણકર્મી હોય તે તો બનેજ નહિ. તારી ભક્તિ કરનારો પ્રાણી નિરાશ થયો હોય તેમજ પોતાનું ઇચ્છિત મેળવવામાં નિષ્ફળ નિવડયો હોય, એવો એકપણ બનાવ હજુસુધી મેં સાંભળ્યો નથી. અન્યથા બિચારા ઘણા પ્રાણીયો જ્યાં ત્યાં રખડી ભટકી પોતાની ધારણામાં

નિરાશ થયેલા જોવામાં આવે છે. પછી કાકતાલીય ન્યાયે કરીને કંઇ પણ ફળદાયક થાય. પરંતુ દેવ ! તારા મહીમાનું વર્ણન હું કરૂં તેના કરતાં તો તારો ચમત્કારજ જગતને સાક્ષી આપી વિશ્વાસ આપે, તોતે વધારે દલીલવાળુ ગણાય. ત્રિકરણ જોગથી યોગોને સ્થીર કરી ધ્યાન અવસ્થામાં રાત્રી નિર્ગમન કરતાં થકાં તરતજ રાત્રીના છેલ્લા પ્રહરે મહા અંધકારમાં ઉજવળ અશ્વ ઉપર આરોહણ થયેલી એક વ્યક્તિ દિવ્ય આકૃતિના રૂપમાં જોવામાં આવી.

આસ્તે આસ્તે મંદમંદ ગતિએ અશ્વને ગમન કરાવતી તે આકૃતિ કારાગ્રહમાં તેની નજીક આવી ને પોતાની સન્મુખ ઉભી રહી, તેના મુખમાંથી જાણે કંઇપણ શબ્દ નિકળતા હોય એમ દેદાશાહને ભાસ થવા લાગ્યો.

પુત્ર ! ઉઠ ! કેમ શોક કરે છે ! તારા જેવાથી તો દુઃખ દશ ગાઉના નમસ્કાર કરી નાશતું ફરે છે, તારા સરખો ભાગ્યવાન્ જગતમાં કોઇ વિરલોજ હશે. ચાલ ! મારી પાછળ અશ્વ ઉપર બેસીજા હું તને ઇચ્છિત સ્થાનકે મુકીશ, નજીક આવેલી વ્યક્તિના મુખમાંથી આનંદને આપનારી અક્ષરની મધુરી મોતીની સેરો વેરાણી.

હે દેવ ! તમારૂં કહેવું યથાર્થ છે. પરન્તુ મારા પગમાં રાજાએ લોહની વજ્ર સરખી બેડી નાંખી છે. તેથી હુ હાલવાને તો પુરતો સમર્થ નથી તો અશ્વ ઉપરતે કેવી રીતે બેસી શકીશ? દેદાશાહે ખિન્ન વદન યુક્ત પ્રત્યુત્તર આપ્યો.

અરે ! બચ્ચા ? તું કેમ ડરે છે ! હિમતને ધારણ કરી એકદમ ઉભો થઇ જા. તે બિચારી બેડીરૂપી નિર્માલ્ય કંકણુ તુજને કાંઇપણ કરી શકશે નહિ. તારી બેડીતો ક્યારની બિચારી હતાશ થઇ ગયેલી છે, ફક્ત તું ઉઠે તેટલીજ વાર છે, આવેલી આકૃતિએ પ્રસન્ન વદને તેની નિરાશાને દૂર કરનારાં વચન કહ્યાં

આવેલા દિવ્ય સુભટનાં એ પ્રમાણેનાં આશ્વાસ દાયક વચન સાંભલતાં તે તત્કાળ ઉભો થયો, એટલામાં તો તેની વજ્ર સરખી બેડીઓ ભાંગીને નીચે પડી. પછી તે તેની પાછળ ઘોડા ઉપર બેઠો. પેલો સુભટ ત્યાંથી નિમેષ માત્રમાં રવાને થઇ ગયો ? તે સુભટ જ્યાં દેદાશાહની સ્ત્રી હતી. ત્યાં મુકીને તરતજ અદ્રશ થઇ ગયો.

પ્રાતઃકાળમાં પોતાના સ્વામીને પોતાની જોડે નિહાળીને સ્ત્રી બોલવા લાગી, કે હે પ્રાણનાથ ! તમે કેવી રીતે અહીં આવ્યા. રાજાએ તમને તો બંધીખાનામાં નાંખ્યા હતા, ને તમે માણસ સાથે સમાચાર કહાવતાં હું તરતજ તમારો સંદેશો જાણી આ તરફ આવી નિકળી.

હે સ્ત્રી ! હું શ્રી સ્થંભન પાર્શ્વનાથની કૃપાથી આવેલો છું. એમ કહી તેનો ઇતિહાસ દેદાશાહે તેણીને કહી સંભળાવ્યો.

જે ઠેકાણે આપણે છીયે તે દેશ પણ નમ્યાડ સંબંધીછે એમ જાણીને દેદાશાહ તત્કાળ તે ભૂમિનો ત્યાગ કરી વિદ્યાપુર તરફ ગયા. ત્યાં નિવાસ કરી સુવર્ણનાં આભરણ કરાવી ત્યાંથી સ્થંભનપુરમાં જઇને પાર્શ્વનાથ ભગવાનનું તે અત્યંત ભક્તિથી પૂજન કરતો હવો. તેની ભક્તિથી પ્રસન્ન થએલો તેનો અધિષ્ટાયક દેવતા પાપીઓનાં ઘરમાંથી ધન કાઢી નાખીને વિદ્યાપુર દેદાશાહના ઘરમાં નાંખતો હવો. ધનધાન્ય વડે કરીને દેદાશાહનું ઘર વૃદ્ધિ પામવા લાગ્યું. પોતાના ઘરમાં અચાનક ધનની વૃદ્ધિ થતી દેખીને અને નાગાર્જુન જોગીનું વચન યાદ કરીને દેદાશાહ વિચાર કરવા લાગ્યો.

### સોરઠો.

લક્ષ્મી ચંચળ નાર, એક દીન તે ચાલી જશે;<br>
શાણા સમજે સાર, મનની મનમાં રહી જશે.

પૂર્વના પુણ્યનું ચક્ર વળી ઉદય આવેલું હોવાથી અત્યારે મારી પાસે ઘણી ઋદ્ધિસિદ્ધિ એકઠી થઇ છે. પરન્તુ તેનો મારે કાંઇપણ ઉપયોગ કરવો જોઇએ. કેમકે લક્ષ્મી એ પાપનું ઠેકાણું છે. અનર્થનું મૂળ છે, લક્ષ્મીના મદે કરીને માણસ ઉન્મત્ત થઇ અકાર્ય કરવામાં તત્પર થઇ જાય છે. લક્ષ્મીનું ઘેન માણસને એવીતો અસર કરે છે, કે તે માણસ કાંઇ વિચિત્રજ સ્વભાવવાળો જણાય છે. લક્ષ્મીનો મદ માણસને પોતાની પૂર્વ સ્થીતિનું ભાન ભૂલાવી દેવરાવે છે. હા ! લક્ષ્મી કોના ક્લેશને કરનારી થતી નથી. તેની વૃત્તિમાં કોઇ પ્રકારની એવીતો ચંચળતા રહેલી હોય છે. કે એક નાજુક વેશ્યાની વૃત્તિ સ્થીર હોયનહિ, તેમ લક્ષ્મી પણ ઠરીને એક ઠેકાણે રહે નહિ. જેમ સ્ત્રીઓ નવનવા પુરૂષોને ભોગવવાની અભિલાષાઓ કર્યા કરે છે, તેમ લક્ષ્મી પણ ઘરેઘર ભટક્યા કરે, એ જગતનો સાધારણ કાયદો છે. જગતમાં

એક ઠેકાણે સ્થીરવાસ કરી તે લક્ષ્મી રહી હોય એમ ક્યારે પણ બન્યું નથી. તો આવા પ્રકારની લક્ષ્મીનો સદુપયોગ કોણ મુર્ખ નહિ કરે! ખરે ડાહ્યા પુરૂષો મળેલો અવસર ગુમાવતા નથી. મળેલો વખત ગુમાવવો અને લક્ષ્મી ઉપર રાચી માચીને આસક્ત રહી એક કોડીપણ વાપરવી નહિ, એ મૂઢ પુરૂષોનો પ્રિન્સિપલ હોય છે. અરેરે! કદાચ વાપરવાથી ખુટી જશે, ને પછી શું કરીશું, આવા નીચ વિચારથી ભરેલા હલકા હૃદયવાળા પુરૂષો લક્ષ્મી મળ્યા છતાંપણ તેનો સારો ઉપયોગ કરતા નથી. પણ તે બિચારા ક્યાં સમજે છે કે બચ્ચા! તારી રાખી તે રહેવાની નથી, તું ગમે તેવી રીતે રક્ષણ કરીશ, પણ જ્યાં ભાગ્ય ફર્યું કે જમીનમાં દાટેલા ધનની પણ માટી થવાની, કે ચોરો ચોરી જવાના, અથવાતો હરેક રીતે તેનો નાશ થવાનો, તેમાં લેશ માત્ર પણ ફરક નથી. જગતમાં માણસનું રાખ્યુ કાંઇ પણ રહી શકતું નથી. છતાં પણ આ મે કર્યું, ને અમુક મારાથીજ થશે, એ પ્રમાણેની લોકોની વાણી તે કેવળ મુર્ખાઇ ભરેલી છે. તેમ છતાં મુર્ખ માણસો બિચારા લક્ષ્મીમાં આસક્ત થઇને કોડી પણ વાપરવાને તેઓના કોમલ હાથ નીચા પડયા છે, તે માટે તે બિચારા કેવળ દયા કરવાને યોગ્ય છે. તે બિચારા અજ્ઞાની જનો તેની ખરી સ્થીતિથી કેવળ અજાણ્યાજ રહેલા છે એટલુંજ નહિ પણ દૈવથી ઠગાયા છતાં બિચારા લાખેણો માનવભવ હારી જાય છે. જ્યારે સમજુ જનો તેનો ખરો સ્વભાવ જાણી તેનો સદુપયોગ કરવાને ચુકતા નથી. આહા જગતની કેવી વિચિત્રતા! ખેર! આપણને તેની શું જરૂર છે. સૌ સૌને રૂચે તે ખરૂ! સર્વ કોઇ પોતપોતાને બુદ્ધિવંત સમજે છે. જે જેને સારૂ લાગે તે કરે. દરેક માણસ પોતપોતાનું મનસ્વી કાર્ય કરવાને પોતે સ્વતંત્ર છે. જગતમાંથી સમજુ માણસોને જ્યારે જુદો અનુભવ મળે છે, ત્યારે અજ્ઞાની જનો બિચારા રાચી માચીને જીવતર એળે ગુમાવે છે, ખરે! આપણે આપણુ સંભાળવુ તે સારૂં છે. આ પણને લક્ષ્મી મળી, તો હવે ગમે તે માગણુ આવે, તેને નકારો બિલકુલ કરવોજ નહિ, જેમ ફાવે તેમ લોકોને દાન આપવું, કેમકે નકાર કહેનાર કોઇ મુખથી ના કહી શકતો નથી, પણ તેનાં લક્ષણ બતાવી આપેછે.

ભ્રગુટી ચડાવવી, વારંવાર ઉંચુ જોયા કરવું, નીચે જોઇ રહેવું, મુખ ફેરવીને બેસવું, સાંભળ્યા છતાં પણ અણ સાંભળ્યા સરખો દેખાવ કરવો, બોલવું નહિ, ઘણી વાર લગાડવી, આડધુ જોવું, એ બધાં નકા-

રનાં લક્ષણ જાણવાં, આવી રીતનાં લક્ષણનો ત્યાગ કરી ઇચ્છાપૂર્વક પોતે દાન દેવું શરૂ કર્યું. નિરંતર યાચક લોકો દાનને ગ્રહણ કરતા છતા દેદાશાહની બિરૂદાવલી બોલવા લાગ્યા, જ્યાં ત્યાં તેઓ તેમનાં વખાણ કરવા લાગ્યા, લોકો તેને કનગગિરિ એવા નામથી બોલાવવા લાગ્યા. જ્યાં ત્યાં તે કનકગિરિના નામથી ઓળખાવા લાગ્યા, પૂર્વની મરણ પ્રાયઃ દશામાં સપડાએલી કીર્તિસુંદરી ભરયુવાન્ અવસ્થામાં જેને તેને મોહ પમાડતી સર્વ જગતમાં ફરી વળી. અહો ! કલ્પવૃક્ષ સરખો આ દેદાશાહ જગતમાં અપૂર્વ માહાત્મવાળો છે. માગણ લોકો નિરંતર આશિષો આપી ચિરંજીવો એવી રીતે વારંવાર માંગલિક વચન બોલવા લાગ્યા. અરે! તુંજ સરખો કલ્પવૃક્ષ વિદ્યમાન્ છતે અમે કંથેરનાં ઝાંખરામાં કેમ જઇશું! તારા સરખાતો દુનિયામાં સર્વ કાલ જીવતાજ રહેલા છે, તારા સરખાએતો પોતાનાં જીવતર અમર કરેલાં છે. એવા પ્રકારનાં આશિષ યુક્ત વચનથી પોષાતો તે પોતાના દિવસો વિદ્યાપુરમાં ગુમાવવા લાગ્યો.

# પ્રકરણ ૫ મું

## "દેદાશાહની ઉદારતા"

### "વહતા પાણી નિર્મળા, ખડા સોગંદા હોય"

પોતાની લક્ષ્મીના દાને કરીને કીર્તિરૂપી પ્રાણપ્રિયાને જેણે દેશ પરદેશ પર્યટન કરવાને મોકલી છે. લક્ષ્મી ઉપરથી મમત્વપણું જેનું તત્કાળ નાશ પામ્યું છે. ચડતી પડતીના ચમત્કારોથી સંસારનું ખરૂ સ્વરૂપ જાણી આ જગતમાં શુભ કરણી સમાન સારભૂત કંઇપણ નથી એમ જાણતો છતો દેદાશાહ એક વખતે પોતાના કાર્યને માટે દેવગિરિ નગરી તરફ જવાને નીકળ્યો. ત્યાં શુભ ભાવે કરીને કર્મની નિર્જરાને માટે ઉપાશ્રયમાં જઇને સર્વ સાધુઓને વંદના કરતો હવો. આહા ! "ધન્ય છે આ મુનિવરોને કે જેઓ સંસારનું સ્વરૂપ જાણી ક્ષણ માત્રમાં તેનો ત્યાગ કરી ફક્ત મોક્ષ સાધ-

નને માટેજ તનમનથી પ્રયત્નવંત થએલા છે. દેવતાઓને પણ પૂજનીય એવા આ મુનિરાજોએ તરૂણ અવસ્થામાં વિષય વિકારોને વશ કરેલા છે માટે તેમને ધન્ય છે. "ઇત્યાદિક માનસિક ભાવના ભાવતો દેદાશાહ જ્યાં શ્રાવકો બેઠાબેઠા પૌષધશાળા બનાવવાનો વિચાર કરે છે ત્યાં આવી તેમને વંદના કરીને બેઠો, અને તેમના પૌષધશાળા બનાવવાના વિચારોને જાણીને પોતે પણ વિચાર કરવા લાગ્યો. કે અહો? "પૌષધશાળા બનાવવા થકી પ્રાણીયોને ઘણું પુન્ય ઉપાર્જન થાય છે, કેમકે તે સાધુઓની મહાન્ દુકાન ગણાય છે, તેમાંથી કેટલાક ભવ્ય જીવો વ્રતાદિક કરીયાણું ગ્રહણ કરે છે, અને તે કરીયાણું તેમને અનંત લાભને આપે છે. વળી જે સ્થાનકે ધર્મ સાંભળવો, પડિક્રમણ કરવું વગેરે થાય છે, તેમ તે અનેક પ્રકારની ધાર્મિક ક્રીયાઓ કરવાને માટે સાધુ સાધ્વી તેમજ શ્રાવક શ્રાવિકાને પણ ઘણીજ ઉપયોગી નીવડે છે. માટે આ ઠેકાણે હું ચતુર્વિધ સંઘની રજા માગીને એક મોટી પૌષધશાળા કરાવું. અને દુઃખે તરી શકાય એવા સંસાર રૂપી સમુદ્રથી મારા આત્માને તારૂં. કેમકે આ જીવન ક્ષણિક છે. તેમાં પણ વારંવાર મનુષ્યાવતાર પામી આવા પ્રકારની અમૂલ્ય તક મેળવવી તેતો ઘણીજ દુર્લભ છે તો મળેલી તક મારે ગુમાવવી જોઇએ નહિ કે જેથી પાછળથી પસ્તાવુ ન પડે. વળી આ કાયાને નાશવંત જાણીને અનેક પ્રકારના સત્કાર્ય વડે કરીને જીંદગીને સફળ કરવી એ માણસની ફરજ છે. જગતનું ખરૂ સ્વરૂપ જાણીને પોતાના આત્માને હિતકારી જે માર્ગ હોય તે માર્ગે દોરાવું. વળી દરેક માનવે આજુબાજુની પાપમય ખટપટમાં ગુંથાવા જતા પોતાના આત્માને અટકાવવો એવો આ દુનિયાનો સાર્વજનિક માટે સાધારણ નિયમ હોય છે, પરન્તુ આજે વિદ્વાનો પણ તેના ભોગ થઇ પડે છે તે ખરેખર નવાઈ જેવું ગણાય છે." ઇત્યાદિક વિચારમાં ગુંથાયેલા દેદાશાહે સંઘને વિનંતિ કરવાનું ઉચિત ધાર્યું.

હે ધર્મબાંધવો ! "હું એક તમારો કિંકર છું, માટે તમે મારી ઉપર મહેરબાની કરીને પૌષધશાળા બનાવવાનો મને હુકમ આપો કે જેથી સંપૂર્ણ પૌષધશાળા હું બનાવું," દેદાશાહે અત્યંત ભક્તિપૂર્વક સંઘને વિનંતિ કરી.

હે દેદાશાહ ! 'તમે બોલોછો તે વ્યાજબી છે. પરન્તુ પૌષધશા-

જાતો સંઘ સમસ્તની હોય પણ એકલાની નજ હોય, કેમકે જો એક માણસની કરાવેલી પૌષધશાળા હોય તો તેનું ઘર સજ્જાતરી હોય છે, તેથી તેના ઘરનું આહારપાણી કોઇ સાધુ ગ્રહણ કરતા નથી, અને સંઘની કરાવેલી પૌષધશાળા હોય છે તો તેમાં રહેનારા સાધુઓ એકેકુ ઘર સજ્જાતર કરે છે, ઇત્યાદિક યુક્તિ વડે કરીને તે શ્રાવકોમાંનો એક વડો શ્રાવક દેદાશાહને સમજાવતો હવો.

"ગમે તેમ કરીને પણ મારે અહીં પૌષધશાળા કરવાનો વિચાર છે, માટે મને રજા આપો. એક તો હું તમારો મહેમાન્ છું. અને વળી તમારો સાધર્મિક છું, એટલે તમને વિશેષે માનવા લાયક છું, તેથી મારા વિચારને તોડી નાંખો નહિ;" દેદાશાહે પોતાની હઠ છોડી નહિ.

"આ પૌષધશાળા કરવા તમારા એકલાનો વિચાર છે, પણ બીજાનો નથી, માટે જો તમારે પોતાને કરાવવાની જીજ્ઞાસા હોય તો એકલી સોનાની કરી આપો. ઈંટની ધર્મશાળા કરાવનાર તો આ નગરમાં ઘણા જણ છે પણ સોનાની કરાવનાર કોઇ જણાતું નથી, માટે તમો કરાવી આપો," ક્રોધથી રક્ત નયનવાળા એક શ્રાવકે હાથીના દાંતના સરખુ તીખુ અને તમતમતુ એવુ રોકડીયું વચન પરખાવી દીધું.

"હું ધર્મશાળાને સોનાની બંધાવી આપીશ," એ પ્રમાણે તેનું વચન અંગીકાર કરતો હવો, કેમકે હાથીના દાંતના સરખી ઉત્તમ પુરૂષોની વાણી પાછી મુખમાં પ્રવેશ કરતી નથી, તેમજ કાચબાની ડોકની માફક અધમ માણસની વાણી પાછી પોતાનાજ મુખમાં પેસે છે. સુવર્ણમય પૌષધશાળા કરાવનાર દેદાશાહને ગુરૂ મહારાજે બોલાવી તેને સમજાવા પ્રયત્ન કર્યો.

હે ઉત્તમ પુરૂષ ! "આ પંચમ કાળમાં સુવર્ણની પૌષધશાળા કેમ રીતે થશે કેમકે તેમાં કેટલા બધા દ્રવ્યની જરૂર પડે છે, વળી રાજાઓ પણ આપણા આધિન હોય ત્યારેજ બની શકે છે. જોએ બધું બની શકે તોપણ સુવર્ણમય પૌષધશાળાનું ભવિષ્યમાં રક્ષણ પણ કેમ રીતે થઇ શકે !" વગેરે કેટલીક બાબતો ગુરૂ મહારાજ તેને સમજાવતા હતા.

હે ભગવન્ ! 'તમે કહો છો તે સત્ય છે, પણ હું ઈંટમય

પૌષધશાળા કરાવીને ચો તરફ સુવર્ણનાં પતરાં જડાવીશ." દેદાશાહ ટુંકામાં પતાવતા હવા.

હે ગુણવાન્ ! "તું આ પ્રકારનો આગ્રહ મુકી દે, કેમકે ઘણા કાષ્ટમય એવી ધર્મશાળા આ કાલમાં થઇ શક્તી નથી તો સુવર્ણની તે કેવી રીતે બની શકશે !" એવી રીતે ગુરૂમહારાજે તેને નિવારવા માટે પ્રયત્ન કર્યો.

ગુરૂમાહારાજે ઘણુ સમજાવ્યું. તથાપિ પોતાના વિચારમાં મક્કમપણે રહેલા દેદાશાહે શ્રી સંઘની આજ્ઞાવડે પોતાના ભત્રીજાને ધર્મશાળા કરાવવાને હુકમ આપી તેનો પ્રારંભ કર્યો.

એવા અવસરને વિશે તે નગરમાં દશહજાર પોઠીયાવડે ત્રણસેને સાઠ કરીયાણાં ભરીને કોઇ સાર્થવાહ ફરતો ફરતો ત્યાં આવી ચડયો. આ દક્ષીણદેશ પૂર્ણ રસાળ છે, ફળદ્રુપ છે, ભોગી છે, તેમજ વૈભવવડે કરીને પૂર્ણ આબાદીવાળો છે એવું જાણીને સાર્થવાહ સાડી પચ્ચાસ પોઠીયા ઉત્તમ કેશરના પણ સાથે લેતો આવ્યો છે. ત્યાં આવતાં અલ્પસમયમાં તેનાં સર્વ કરીયાણું તો વેચાઇ ગયાં, પરન્તુ કેશરના સાડીપચ્ચાસ પોઠીયામાંથી એક પણ વેચાયો નહિ; કેમકે તેની કિંમત ઘણી છે, તેથી લોકો તેને કેવી રીતે ખરીદ કરી શકે ? ને થોડું થોડું તો વેચવાની તેને જરૂર નથી, તેથી તેના કેશરનું અહીં કોઇ ઘરાક થયું નહિ ત્યારે તે સાર્થવાહ વગેરે લોકો તે નગરની નિંદા કરવા લાગ્યા. અને વારંવાર નગરીને ઓળંભા દેવા લાગ્યા. અરે ! આ નગરીના લોકો તો બહારથી આડંબરના ભરેલા છે. ખોટાં સોનાનાં આભરણ પહેરનારા છે, ને વળી બહારથી તો આડંબર ઘણોજ બતાવે છે કે કોઇ પણ માણસ આ નગરમાં કરીયાણાં ભરીને આવે છે તો તેનાં કરીયાણાં સમુદ્રમાં સાથવાની માફક તણાઇ જાય છે, અર્થાત્ સર્વ કરીયાણાં ખપી જાય છે, કેમકે આ નગરી એવી રીતે ખોટી પ્રસિદ્ધીને પામેલી છે, એવું બોલનારા લોકોનાં મુખ કોણ બાંધી રાખે! અરેરે! લગાર ધ્યાનતો આપો કે વાયુને ભક્ષણ કરનાર સર્પને કાન હોતા નથી છતાં પણ કવિ લોકો તેને કુંડલી કહીને બોલાવે છે, તેવી રીતે લોકો કહે છે કે સર્વ કરીયાણું અહીં વેચાઇ જાય છે, પરન્તુ અમારૂં કેશર તો ખપતું નથી. લોકોની આ તે કેવી વાત કહેવાય કે આવી રીતે છતાં વ્યર્થ ખોટી પ્રશંસાજ કર્યા કરે છે, ઇત્યાદિક નગરની નિંદાને સાર્થવાહના મુખથી નગરમાં પ્રવેશ કરતો

દેદાશાહ સાંભળતો થકો ઘણો ખેદ કરવા લાગ્યો, તેણે તત્કાળ વેપારીઓને પોતાની પાસે બોલાવ્યા.

હે પુરૂષો ? લક્ષ્મીથી પૂર્ણ ભરેલી નગરીમાં તમો આવ્યા છતાં તમારી એવી કઇ વસ્તુ છે કે જે ખપતી નથી, જેથી તમો આ અભ્યુદયને ભોગવતી ચળકાટ મારતી નગરીની નિંદા કર્યા કરોછો, કેમકે સમુદ્રમાં ગયેલી વસ્તુ અને નદીમાં ગયેલી ચીજ તેમજ સિદ્ધમાં ગયેલો જીવ જેમ ફરીને સંસારમાં પાછો આવતો નથી, તેમ આ નગરીમાં આવેલુ કરીયાણું કોઇ વખત પૂર્વે પાછુ ગયું નથી, દેદાશાહે ખિન્નવદન યુક્ત નગરીનું માહાત્મ્ય જણાવ્યું.

શેઠજી ! "તમો બોલ્યા છો તે સત્યજ છે, પરન્તુ આ કેશર અમો વેચવાને અહીં લાવ્યા છીએ, તોપણ તેનું કોઇ ઘરાક થતું નથી, જેથી અમારે તેને પાછુ લઇ જવું પડે છે, તમારે જોઇએ તો લ્યો, નહિતર અમો તેને પાછુ લઇ જઇશું, સાર્થવાહ નિરાશ વદને બોલતો હવો. એવી રીતે તેનાં એ પ્રમાણેનાં વચન સાંભળીને ઓગણપચ્ચાસ ગુણો પૌષધશાળામાં નાંખવા માટે ખરીદ કરી ચુના સાથે મિશ્રણ કરાવી દીધી. તથા બાકીનું રૂડુ અને પવિત્ર કેશર સિદ્ધાચળ આદિ તીર્થોમાં અરિહંતોની પૂજાને માટે તે મોકલતો હવો, દેદાશાહનું આ પ્રમાણેનું ઉદાર પણું દેખીને ઉત્તમપુરૂષો પણ નવાઇ પામવા લાગ્યા. રાજાને પણ ખરી વાતની જાણ થતાં પોતાની નગરીનું માહાત્મ્ય રાખનાર દેદાશાહ ઉપર ઘણોજ પ્રસન્ન થયો, જેથી તેનો સત્કાર કરી ઘણાં મુલ્યવાળાં વસ્ત્ર તેમજ ઘણુ દ્રવ્ય તેને આપતો હવો. કેમકે પુત્ર, સેવક, શિષ્ય વગેરે અપકીર્તિ કરનારા હોતા નથી, તેમાં પણ પિતાની અને સ્વામીની કીર્તિને માટે જે થાય છે તેતો દુઃખે કરીને પામવા લાયક છે, ઇંટથી ચણેલી અને કાષ્ટની સુંદર કોરણીથી ઘણી સુંદર અને સોનાના વસ્ત્ર સરખી કેશરથી મેળવેલી એવી જેની બહારની અને અંદરની દેવાલો છે એવી એકસોને એક પગથીયાં નાંખીને છ માસની અંદર તે પૌષધશાળા તે દેદાશાહ તૈયાર કરાવતો હવો. કે જેનો મહિમા જોવાને દેશપરદેશના લોકો આવતા હતા. નગરની રમણીયો તો દેખીને ગાંડી થઇ ગઇ હતી, અને દેદાશાહની ઋદ્ધિ સિદ્ધિથી આકર્ષણ પામતી છતી તેને અંતઃકરણથી ધન્યવાદ આપવા લાગી. પૌષધશાળા બનાવવાને જેટલું દ્રવ્ય લાગ્યું તેટલું અને સોનાનાં પતરાં વગેરેનું ખર્ચ

થયું તેના કરનાર દેદાશાહ શેઠની ઉદારતા જગતમાં કોને આશ્ચર્યકારક નહિ જાય. ખરેખર જગતમાં લક્ષ્મીબાઇના લોભી જીવોને આ ચિતાર હૃદયભેદક લાગી તેમનાં હૃદય પોતાની નીચ વૃત્તિ માટે એવડી તેમને શોક કરાવી નયનમાંથી અશ્રુનાં બિંદુઓ વહેવરાવશે. તેમજ પોતાનું બોલેલું વચન પોતે પ્રમાણ કર્યું છે એમ સજ્જન પુરૂષોને દાખલા રૂપ તે થઇ પડશે, સજ્જન માણસો પોતાનું વચન કદિપણ ભંગ કરતા નથી. ગમે તેવા સંયોગો હોય અગર તો કોઇપણ પ્રકારે તેઓ આપત્તિના વાદળામાં ઝંપલાઇ ગયા હોય તોપણ ધૈર્યતાને અવલંબીને તેઓ પોતાની ટેક છોડતા નથી.

---

## પ્રકરણ ૬ ઠું

### "પુત્ર દર્શન"

---

ફીસ્મતકે આગે, કીસીકી કુચ્છ નહી ચલતી;
સબ હી તેરા હોતે, કી જબ તકદીર ફીરતી.

પુત્ર વગરની સ્ત્રીનું જીવતર ખરેખર આ જગતમાં પ્રશંસવાને લાયક ગણાતું નથી. હું ગમે તેવી સમજુ અને શાણી ગણાતી હોઉં, પણ જ્યાં સુધી મને પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ નથી, ત્યાં સુધી ખરી રીતે તો હું હીણભાગીજ છું. ગુણે કરીને રહિત એવી રમણીયો પણ પોતાના ખોળામાં પુત્રને રમાડતી છતી અને વારંવાર તેને આલિંગન કરતી છતી તેનું આનંદદાયક મુખડું જોતી છતી ખરેખર તેણી ધન્યવાદને પાત્ર ગણાય છે, પોતાના વ્હાલા બાળકના રળીયામણા વદન કમળ ઉપર ચુંબનનો વરસાદ વરસાવનારી ભાગ્યવાળી યુવતીયો પોતાના પુત્રના આનંદદાયક મુખને નિરખતી છતી તેમણે પુત્ર જન્મનો લ્હાવો પુર્ણ કર્યો છે. પુત્ર વગરની વંધ્યા સ્ત્રી જગતમાં હલકટપણાને પામે છે- ઇંદ્રિના સરખી સાહ્યબી ભોગવનારી અને પુત્રના સુખથી ત્યજાએલી એવી પુત્ર વિયોગીની વનિતા ઓ ખરેખર અભાગીણી સરખીજ જાણવી. કારણકે સંપદાનો ભવિષ્ય-

નો વારસ જો ન હોયતો તે બધુ છાણ ઉપર લીંપણા સરીખુજ જાણવું. મારે ઘણીજ સંપદા છે. પરન્તુ પુત્રના સુખથી હું વંચાયેલીછું કેમકે કહ્યું છે કે—

## સોરઠો.

"બારે રવી ઉગંત, ચોસઠ દીવા જો બળે;
જસ ઘર પુત્ર ન હુંત, મનની મનમાં રહી ખરે!"

આજકાલ કરતાં આશામાં ને આશામાં મારાં કેટલાંક વરસ પસાર થયાં, અને હવે તરૂણ અવસ્થામાંથી ફીટી પ્રૌઢ અવસ્થામ પણ હું આવી લાગી. તોપણ કમભાગિની હું પુત્ર પ્રસૂતિનું ફળ મેળવી શકી નહિ. અરેરે! મેં પુર્વે ભવે શું પાપ કર્યા હશે! કયા ભવનાં પાપ પ્રગટી નીકળ્યાં. અરેરે! જો મનની આશા મનમાં રહી જશે તો હા! મારૂ શું થશે. હે દૈવ! સહાય કર! આટલું બધુ નિર્દય નહિ થા! હું નહોતી ધારતી કે તુ આવું કઠોર હોશે? આશામાં ને આશામાં ઘણો વખત વહી ગયો, હવે ધિરજ કેમ રહે! તું આવી રીતે આશામાં આ પવિત્ર જીંદગીનો અંત લાવીશ નહિ. જેમ બને તેમ અનુકુળ થઇ મારા મનની મુરાદ પુરણ કર," ઇત્યાદિક વિચારમાં મશગુલ થએલી એક પ્રૌઢવયી પ્રમદા અતુલનીય સંપદા છતાં પુત્ર રત્નની ચિંતામાં શોકાતુર વદનવાળી થઇ છતી વિદ્યાપુરના ભવ્ય અને વિશાળ રંગમહેલમાં રમણીય વૈભવો છતાં પણ દુઃખમાં દિવસો પસાર કરતી હતી. એકેકો દિવસ વરસ સરખો જણાય છે એવી તે સુંદરી પ્રતિદિન અધિક અધિક ચિંતામાં મગ્ન થતી ગઇ. પતિએ પત્નીની ઉદાસીનતાને દેખી એક દિવસ અવસર આવે થકે જાણવાની કોશિષ કરી.

હે સુભગે! "તમારૂં કોમળ વદન કમળ પ્રતિદિન શા માટે કરમાય છે? તેની કાંઇપણ ખબર મને પડતી નથી. તારૂં દુઃખ તું મને કેમ જણાવતી નથી! મનમાં ને મનમાં ક્યાં સુધી રાખીશ." પતિએ પત્નીના દુઃખનું કારણ જાણવાને આતુરતા દર્શાવી.

હે દેવ! "આપણને સર્વ વાતે સુખ છે, કોઇપણ બાબતની આપણે મંદિરે કમીના નથી. વળી આપ સરખા પતિને પામી મારૂં જીવન પણ સાર્થક થયું છે. પરન્તુ દેવ! આપણને એકપણ પુત્ર નથી તેથી મારૂં મન વધુ ને વધુ નિરાશાને ધારણ કરે છે," ટપક

ટપક ટપકતા અશ્રુ યુક્ત નયનવાળી વિમલશ્રી નામા સ્ત્રીએ સ્વામીની ચિંતાનું નિવારણ કર્યું.

દેવી ! "તમારા સરખી સમજુ સ્ત્રીઓ નાહિમત થાય તે સારૂં કહેવાય કે ? જગતમાં આપણે ગમે તેમ કરવા ધારીયે પણ આપણુ ધાર્યું કાંઇપણ થતુ નથી. તે તમોએ અનુભવ્યુ છે, માટે જેમ દૈવ ની ઇચ્છા હશે તેમ બનશે. તમે હિમત રાખો, તમારી આશા જરૂર સફળ થશે, દૈવ સર્વદા એક સરખું રહેતું નથી, કુદરત કોઇને નિ-રાશ નહિ કરતાં સમય આવે તેને અનુકુળ ફળ આપેજ છે. આપણા કરતાં તેને પોતાના કાર્યની વધારે ચિંતા રહે છે, જોકે દરેક મનુષ્યો પોતાના આશા ફળીભૂત કરવાને અનેક પ્રકારનાં વલખાં માર્યા કરે છે, તથાપિ સમજુ પુરૂષો ધૈર્યતાથી પોતાનો વખત પસાર કરે છે, તેઓ સમજે છે કે દૈવ આગળ માણુસની અગાધ શક્તિ પણ કંઇ કરવાને સમર્થ નથી." ઇત્યાદિક અનેક પ્રકારનાં દેદાશાહનાં યુક્તિ પુર્વક વચનોથી વિમલશ્રીનું હૃદય શાંતિ પામતું થકુ દિવસ વ્યતિત કરવા લાગ્યું.

એકદા સમયે રાત્રીને વિશે તેના છેલ્લા પ્રહરે વિમલશ્રીને એક સ્વપ્નુ આવ્યું, જાણે પોતે એક દીવો સળગાવ્યો, તે દીપક પ્રથમ અલ્પ તેજવાળો થઇને અન્યના મંદિરે ચાલી ગયો, ત્યાં અનુક્રમે સમુદ્ર પર્યંત મહા તેજસ્વી થયો. તરતજ નિંદ્રામાંથી જાગૃત થઇ એક ચિત્તથી પંચ પરમેષ્ટી મંત્રનું સ્મરણુ કરવા લાગી. શેષ રહેલી રાત્રી પણુ જાગૃત અવસ્થામાં નિર્ગમન કરી, કેમકે જો રૂડું સ્વપ્ન દેખીને જાગ્યા પછી ફરીને કદાચ નિંદ્રા આવે તો સ્વપ્ન ફળ નિ-ષ્ફળ થાય માટે તરતજ નિંદ્રા રહીત થઇ ગઇ. પ્રાતઃકાળે પોતાના સ્વામી આગળ જઇને રાત્રીનું સ્વપ્ન નિવેદન કર્યું.

સુવદને ! "આ સ્વપ્નના પ્રભાવ થકી તને ઉત્તમ પ્રાક્રમવંત એવા પુત્ર રત્નની પ્રાપ્તિ થશે, જો હવે તારા મનની આશા થોડાજ વખતમાં સફળ થશે." સ્વામીએ પ્રસન્ન વદન યુક્ત સ્ત્રીને જણાવ્યું.

સ્વામી ? "આપનું વચન પ્રમાણુ થાઓ !" વિમળશ્રીએ આ પ્ર-માણે કહી શકુનની ગાંઠ વાળી.

લલને ? "આપણુને આવા પુત્રની પ્રાપ્તી કયાંથી હોય ! કેમકે જે ગૃહસ્થ રૂપી વૃક્ષ સંપદા વડે કરીને ફળ્યું થકું પુત્રવડે પણુ ફળે,

એવું આપણું ભાગ્ય ખરેખર ધન્યવાદને પાત્ર ગણાય, સંધ્યા સમયે તેં ઘરમાં દીપક સ્થાપન કર્યો તે પણ સંપદાનું સ્થાનક છે, વળી શાસ્ત્ર માં પણ કહેલું છે, કે અનુભવ્યાથી, દેખવાથી, ચિંતવવાથી, સાંભળ-વા થકી, સ્વભાવથી, રોગાદિકથી અને દેવતાદિકના ઉપદેશથીસ્વપ્ન સારા અને માઠા ફળને આપનારાં નિવડે છે, પરંતુ જો દૈવે તારી દાદ સાંભળી તને સારૂં સ્વપ્ન બતાવી ભવિષ્યની તારી જીવનદોરી ને દઢ બનાવી છે, તે પ્રમાણે દેદાશાહ પોતાની ધર્મપત્નીને કહેતો છતો આનંદ પમાડતો હવો.

હવે દેદાશાહ અને વિમલશ્રીએ સ્વપ્નના જોનાર સ્વપ્ન પાઠક ને બોલાવી શ્રીફળ વગેરે મુકીને પોતાનું સ્વપ્ન કહી સંભળાવી તેનુ ફળ તેઓ પુછવા લાગ્યાં.

હે માતા ? તમારા સ્વપ્નનું ફળ સારૂં છે, તમે નિશ્ચય એક પુત્રનો જન્મ આપશો. પરંતુ તે પુત્ર, દીપક ઝાંખો હતો તેથી પ્રથમ ધનવડે રહીત થશે, પછી દેશાંતરે ગમન કરીને ઘણી સંપદાનો મા-લીક થશે, તે અનેક પ્રકારે પુન્યનો કરવાવાળો થશે, અને પોતાની કીર્તિ વડે કરીને સમસ્ત સૃષ્ટિ મંડળને શોભાયમાન કરશે. એ પ્રમાણે સં-પૂર્ણ વિચાર કરીને સ્વપ્ન પાઠકે સ્વપ્નનું સ્વરૂપ કહી સંભળાવ્યું.

સ્વપ્ન પાઠકના વચનથી સંતોષવાળી થયેલી વિમળશ્રીએ તેને ઘણું ધન આપી વિસર્જન કર્યો. અને બન્ને જણ તીર્થંકરની ભક્તિ પૂજા વગેરે ધર્મકાર્યમાં અત્યંતપણે સાવધાન રહેવા લાગ્યાં. જમીન જેમ દ્રવ્યને વિભૂષિત કરે, સમુદ્ર લક્ષ્મીને અલંકૃત કરે, શમીનું વૃક્ષ અ-ગ્નિને ધારણ કરે તેમ વિમલશ્રી હવે ગર્ભને ધારણ કરતી હવી, તે ગર્ભના પ્રતાપથી તેણી પીત વદનવાળી થઇ ગઇ. તેણીને ગર્ભના પ્રભાવવડે દેવનીપૂજા, ગુરૂની ભક્તિ, સંઘની ભક્તિ અને દાનાદિક વગેરે કરવાની પણ ઇચ્છા થવા લાગી તે દોહદ અનેક રીતે તેના પૂર્ણ થતા હવા, કેમકે સારા ગર્ભના પ્રભાવવડે સ્ત્રીઓને ઉત્તમદોહલા ઉત્પન્ન થાય છે, અને કુપુત્રના યોગથી સ્ત્રીઓને માટી ખાવાની ઠી-કરૂં ખાવાની અને રાખ ખાવાની તથા માંસ ખાવાની ઇચ્છાઓ થાય એવો જગતમાં સાધારણ નિયમ છે, હવે સારો દિવસ આ-વતે થકે પૂર્ણ માસે વિમલશ્રી પુત્રને પ્રસવાવતી હવી. દેદાશાહે પણ પ્રજાને આશ્ચર્ય ઉત્પન્ન થાય એવો જન્મ મહોત્સવ કર્યો, અને જ-

ન્મથી બારમે દિવસે સારા લોકોના સન્માનથી દાનાદિક કરવા વડે પેથડ એવું સુંદર ત્રિઅક્ષર યુક્ત મધુરૂ નામ પાડયું, તે ત્રણ અક્ષર અનુક્રમે ધર્મ, અર્થ, અને કામ એ ત્રણ વર્ગને સાધન કરનારા છે, તેને સૂચના કરવા માટેજ હોયને શું? કેમકે પેથડશાહમાં ધર્મ ઘણોજ વધશે એવી ભવિષ્ય વાણીને જણાવવાને પકાર માત્રાએ કરીને અધિક છે, અને બાકીના બન્ને અક્ષરો બન્ને વર્ગને સાધવાવાળા છે. એમ અત્યારથીજ આપણને સૂચના આપતા હોય એમ જણાવા લાગ્યા, માતા પિતાના મહોત્સવવડે તે શુકલપક્ષમાં ચંદ્રમાની જેમ દિન પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. માતાની પણ ઘણે વખતે આશા ફળી જાણી તેણી પુત્ર જન્મનો અતિશયપણે લ્હાવો લેવા લાગી. પુત્રને હુલ્લરાવવાવડે કરીને રમાડવાવડે કરીને તેનું નિર્દોષ વદન વારંવાર નિરખવાવડે કરીને હૃદયને તેણી આનંદ આપવા લાગી. આહ! "એક વખત આ પુત્રને માટે હું શોકાતુર થએલી નિશાશા નાંખતી હતી, અંખમાંથી અશ્રુ બિંદુઓ સરરર સરરર સરકાવતી હતી, જે વ્હાલા પુત્રને માટે પ્રતિદિન હું શોકમાં મારો વખત પસાર કરતી હતી, તે પુત્ર આજે ખોળામાં આમતેમ રમ્યા કરે છે. પુત્રના વિરહને અનુભવતી એવી મારા સરખી રમણીની આશા આજે ફત્તેહમંદ નીવડી છે. આ બધો ધર્મનોજ મહિમા છે. ધર્મથી માણસો અપૂર્વ સંપદા મેળવી શકે છે, પૂર્વનાં ચીકણાં પાપનાં દલીયાંનો નાશ થતાં અને પુન્યનો સંચય થતાં પ્રાણીઓની ધારેલી ધારણાઓ સહેલાઇથી વિજયવંતી નિવડે છે. આહ! જુઓતો ખરા? ધર્મનું પ્રત્યક્ષ આ લોકમાં પણ ફળ મળે છે. ત્યારે પરલોકમાં તો શું ફળ મલશે! ખરેખર પ્રાણીઓ ફોગટ ફાંફાં મારી નાહક જ્યાં ત્યાં ભટકયા કરે છે, ખરૂ તત્વ જ્યાં સુધી સમજવામાં ન આવે, અને પોતાની અલ્પ બુદ્ધિમાં આવે તે સારૂ માનવું તે આજે જગતનું સાધારણ સૂત્ર થઇ પડયું છે. વાસ્તવિક રીતે ધર્મનું સ્વરૂપ પીછાણ્યા વગર જ્યાં ત્યાં રખડવું તે ધુમાડામાં બાચકા ભરવા જેવું છે, જગતમાં કેટલાક એવા પણ મનુષ્યો હશે કે જેઓ સંસારની માયા જાળમાં લપટાયા છતાં લેશ પણ ધર્મની દરકાર નહિ કરતા હોય, ધર્મ રૂપી ધનથી નિર્ભાગી નિવડેલા પ્રાણી પ્રત્યે ખરેખર અશ્રુનું એક બિંદુ ટપકાવવા જેવું છે. અર્થ અને કામની સિદ્ધિને કરનાર એવું ધર્મ રૂપી નિધાન તો એકઠું કર્યું નહિ ને બુમો મારતા ફરે છે કે અમે દુઃખી છીએ, અમને ધન મ-

લતુ નથી, અમે રોગોનો જય કરી શકતા નથી, એવી અનેક પ્રકારની વિટંબનાથી અમો ઘેરાયલા છીએ, અમે શું કરીયે. દૈવ અમારી ઉપર કોપ કરે છે, અમારૂ ધાર્યું થતુ નથી- એવી રીતે અનેક પ્રકારે બીજાના દોષો કાઢે છે, પણ અફસોસ કે પોતાનાં કર્ત્તવ્યો કેવાં છે તેનું તેને ભાન હોતું નથી. કેમકે કહ્યું છે કે—

**विषमां हि दशां प्राप्य, दैवं गर्हयते नरः**
**आत्मनः कर्म दोषांश्च, नैव जानात्य पंडितः**

**રહસ્યાર્થ**—દુર્દશામાં ફસાયલો માણસ પોતાના દૈવની નિંદા કરે છે, પણ તે મંદ મતિવાળો પોતાનાથી કરાયેલાં દુષ્કાર્યોને સંભાળતો નથી.

ટુંકમાં મારે તો એટલુંજ કહેવાનું કે ભલે જગત વિષમ માર્ગે પ્રવર્ત્તે, તે માટે તે મુખ્યતાર છે, કેમકે "ઠોકર વાગે ત્યારે સમજણ આવે" એવો સૈદ્ધાન્તિક સામાન્ય નિયમ છે, તેઓ હિતકારી વચન નહિ માનતાં મનસ્વી પ્રમાણે વર્ત્તશે તો તેમના કર્મનું ફળ તે ભોગવશે, કારણ કે દુષ્કાર્ય કરવાથી તેનું સારૂ ફળ કદિ મળેજ નહિ, કથેર વાવીને આમ્રવૃક્ષની આશા રાખવી તે આકાશમાંથી પુષ્પ લેવાના સરખુ છે, સૌ સૌનું કર્યું ભોગવશે. શાણા અને સમજુ જનો પોતાનુ હિત સમજી શકે છે, કેમકે તેઓ જાણે છે કે પુન્ય કરવાથી અને ધર્મ ક્રીયામાં લીન રહેવાથી પ્રાણીઓ આ લોકમાં સુખી થઇ પરલોકમાં અમોઘ સુખ સંપદાને મેળવે છે, અને અધમ કાર્યોનું સેવન કરવાથી જીવોને દુઃખી થવું પડે, એવો જગતના સર્વ જીવો ઉપર સાધારણ નિયમ છે. હવે આ પ્રમાણે જાણ્યા છતાં પણ જે જીવને જ્યાં રૂચિ પડે તે રસ્તે તે જાય તો તેને માટે તે સ્વતંત્ર ગણાય છે, પણ મને તો તાદૃશ અનુભવ થયો કે શ્રી ચિંતામણી તુલ્ય પાર્શ્વનાથનું સેવન કરવાથી મારા સ્વામી કારાગ્રહથી મુક્ત થયા એટલુંજ નહિ પણ તે ઇશની ભાવપૂર્વક ભક્તિ કરવાથી બીજુ પણ જે ફળ થયું તે જગજાહેર છે વળી તેવીજ રીતે ધર્મનું આરાધન કરતાં અને તિર્થંકરની ભક્તિ કરતાં મારી પણ પુત્ર રૂપ ફળ મેળવવાની આશા ફળી. આવી રીતે અમને તો સાક્ષાત્કાર અનુભવ થયો છે, હું ચાહું છું કે હે દેવ! ભવોભવ મને તારી ભક્તિ મળજો! તારા પવિત્ર ધર્મનું અને તારૂં ભવોભવ મને દર્શન હોજો!

હે ચિંતામણી ! તારા સરખો સમર્થ નાયક છતે હવે શા માટે હમા-રે ચિંતા કરવી જોઇએ ! તારા પ્રભાવેજ અમો એક દિવસ સંસાર રૂપ મહાન્ સમુદ્રના પારને પામીશું. ઇત્યાદિક વિચારોમાં પ્રીતિ ધ-રાતી માતા પુત્રના લાલન પાલનમાં દિવસો વ્યતીત કરવા લાગી. પુત્ર પણ અનુક્રમે વધવા લાગ્યો. દિવસો પાણીની પ્રવાહની માફક પસાર થવા લાગ્યાં.

# પ્રકરણ ૭ મું

## "જગતની લીલાનું પરિવર્ત્તન"

જયસા બીજ કોઇ બોયેગા, વયસાહી ફલ પાયેગા;
ફલ પાવેંગા કભી નવ્હે, દુઃખીયારો ફલ પાયેગા.

સૂર્યના પ્રકાશે કરીને કમળ જેમ વિકસ્વર થાય, શુક્લપક્ષમાં દિનપ્રતિદિન જેમ ચંદ્ર વૃદ્ધિગંત થાય છે, તેમ માતા પિ-તાના સ્નેહરૂપી અમૃતવડે સિંચન કરાતો, અને લાલન પા-લન કરાતો પેથડ કુમાર આઠ વરસનો થયો. એટલે પિતાએ મહોત્સવ પૂર્વક ભણવાને માટે નિશાળમાં મુકયો. થોડાક વરસમાં વ્યાકરણ આદિ સકલ શાસ્ત્રનો તે પારંગત થતો હવો. અનેક પ્રકા-રના સંસાર સુખનો અનુભવ કરતો અને અનેક પ્રકારના વિનોદથી જગતનું આકર્ષણ કરતો પેથડકુમાર સર્વજનને વલ્લભ થતો હવો, સુખના દિવસો સ્વપ્નાની માફક પસાર થાય છે ત્યારે દુઃખમાં એક દિવસ પણ વરસ સરખો ભાસે છે, પોતે અનેક પ્રકારની લક્ષ્મીના ઉપ-ભોગવડે કરીને અને વિનયાદિક ગુણે કરીને અલંકૃત એવો તે સુંદર મુર્ત્તિ પેથડકુમાર અનુક્રમે બુદ્ધિવંતોમાં અગ્રેસર ગણાતો હવો.

એકદા સમયને વિશે તેના પિતાએ પરણવાને યોગ્ય જાણી તેને કોઇ વ્યવહારીયાની પ્રથમિણી (પદ્મની) નામની સુંદર અને વિનયશીલા કુંવરી સાથે પાણીગ્રહણ કરાવ્યું, પોતાને યોગ્ય એવી ધર્મશીલ એવી પદ્મનીરૂપ પત્નીથી પોતાનો સંસાર ઘણોજ સુખમાં જતો હવો. કલ્પવૃક્ષથી ઇચ્છિ-તને મેળવનાર એવા યુગલીયા કરતાં પણ પેથડકુમાર આ મનુષ્ય

લોકમાં દેવતાઇ સુખો ભોગવવા લાગ્યા. એવી રીતે ભોગ વિલાસમાં આસક્ત થતાં કેટલોક કાલ વહી ગયે છતે પેથડકુમારને ઝાંઝણ-કુમાર નામનો પુત્ર થયો, એક વખતે પોતાને જ્યાં પુત્રની ખોટ હતી અને હવે પુત્રને પણ પુત્ર દેખીને માતા પિતાને ઘણો સંતોષ થતો હતો. કામકુંવર સરખો ઝાંઝણ કુમાર કાલુ કાલુ બોલતો કમળપ્રત્યે જેમ હંસ આનંદ પામે છે તેમ ધનવંતોને અને પોતાના માતા પિતાને તે ઘણોજ પ્રિય થયો હતો લઘુવયમાં પણ તેની અપાર બુદ્ધિ દેખીને તેને સમગ્ર શાસ્ત્રમાં પારંગત થવાને માટે તેના પિતામહે તેને ભણવાને માટે મુકયો, કેમકે વિદ્યા વગર માણસનું જીવતર નકામુ છે વળી કહ્યું પણ છે કે

**अजात मृत मूर्खाणां, वरमाद्यौ न चान्तिमः**
**सकृ दुःख करावाद्या, वान्तिमस्तु पदे पदे.**

**ભાવાર્થ**—પુત્ર ઉત્પન્ન ન થયો હોય તો સારૂ, અથવા તો મરણ પામેલો હોય તે સારૂ પણ મુર્ખ પુત્ર સારો નહિ; કેમકે તે પગલે પગલે દુઃખને કરનારો થાય છે.

માટે પુત્રને ભણાવવો તે મારા સરખા પિતાનો ધર્મ છે, જો પુત્રને ભણાવવાને માટે ઉપેક્ષા કરીશ તો ભવિષ્યમાં તે સમજણો થતાં મને ફિટકાર આપશે, પોતાના બાપને તે ધિક્કારશે ? એટલુંજ નહિ પણ વિદ્યા વગર તેની જીંદગી તેને ઘણીજ અકારી લાગશે, માણસની કિંમત વિદ્યા વગર થઇ શકતી નથી. માટે માતા પિતાની પ્રથમ ફરજ છે કે પુત્રને ભણાવવો, અરેરે ! બિચારાં કેટલાંક અજ્ઞાની માબાપો એવાં તે હોય છે કે પોતાનાં છોકરાંને ભણાવવાને તેઓ તદ્દન બિન કાળજીવાળાં હોય છે. પરંન્તુ ખરેખર માતા પિતાએ પોતાના તન, મન અને ધનથી નિજ બાળકને વિદ્યા સંપાદન કરાવી તેને હરેક પ્રકારની કળાની માહિતી આપવી, તે દરેક મનુષ્યની સામાન્ય રીતે પ્રથમ ફરજ છે પરન્તુ બિચારા મૂઢ જીવોને વિદ્યાની કિંમત હોતી નથી, ભવિષ્યમાં વિદ્યા વગર પોતાના પુત્રને કેટલી બધી હાડમારી સહન કરવી પડે છે, તે વખતે હજારો તિરસ્કાર વડે તે મરણ ને શરણ થએલાં માતા પિતાને તેને ફિટકાર આપવો પડે છે. જેમ નિર્દય હૃદયનાં માતા પિતા પોતાની છોકરીના હજારો રૂપીયા લઇને વૃદ્ધ નરને પરણાવી તેની જીંદગીનું બળીદાન

આપી પાછળથી તેણીના હજારો શ્રાપો વડે કરીને તે પોષાય છે, તેમ બાળકને પણ નહિ ભણાવનારાં માતા પિતા તેના હજારો તિરસ્કારથી જગતમાં હલકાં થાય છે. કેમકે વિદ્યા તે માણસનું ભૂષણ છે. કહયું છે કે

## સોરઠો.

વિદ્યા દેવી સાર, જીવતર જગ શોભાવશે;
પામે જો કોઇ પાર, આલમ સવી ઝળકાવશે.

ગમે તેવા રૂપગુણે કરીને યુક્ત હોય, યૌવનપણાની સુંદરતાએ કરીને મદનમુર્તિ સરખો હોય, વળી વિશાળકુળમાં ઉત્પન્ન થએલો હોય, પરન્તુ વિદ્યાવડે રહીત હોય તો તે, સુગંધ વગરના કેશુડાનાં પુષ્પની જેમ શોભાને પામતો નથી, માટેજ પુત્રને ભણાવવો જોઇએ. ઇત્યાદિક દીર્ઘદ્રષ્ટિપૂર્વક વિચાર કરીને ભણવાને માટે મુકેલો ઝાંઝણકુમાર અનુક્રમે સકળ શાસ્ત્રનો પારંગામી થયો. ત્યારપછી નાના પ્રકારનાં સુખોને ભોગવતો અને વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરતો વિવિધ પ્રકારની વિનોદ પૂર્વક ક્રીડા કરતો ઝાંઝણકુમાર પોતાના દિવસો પાણીના પ્રવાહની માફક પસાર કરવા લાગ્યો.

પ્રભાતની રમણીય દશ્ય લીલાયે જગતને અનેક પ્રકારના આનંદમાં ગરક કરી શાંતમય બનાવી દીધું છે. સૂર્યનાં કિરણોએ ધીમે ધીમે જગત ઉપર પોતાનો પ્રભાવ પાડી જગતને અંધકારના પડદામાંથી મુક્ત કર્યું છે. મનુષ્ય ધારે છે કંઇ ત્યારે દૈવ તેનો કેવો એ ઘાટ ઘડવા માંડે છે. દૈવની સત્તા આગળ ઇંદ્ર ચંદ્ર અને ચક્રી સરખાનું પણ ચાલતું નથી. તો પામર એવા માણસની શી ગુંજાસ રાખી શકાય! આજે છઠનો દિવસ ઘણો કઠોર નિવડયો છે, પાંચમનો ઉપવાસ કરી અત્યારે વિમલશ્રી પારણુ કરવાને અમૃત સરખી મધુર ક્ષીરનું ભોજન કરતી બેઠી છે. અત્યારે તેણી અનેક પ્રકારે મનમાં ભાવના ભાવે છે કે અરે! તપ પણ કોઇ પ્રકારની ઇચ્છાથી રહીત કરવામાં આવે તો નિર્જરાને અર્થે થાય છે, કેમકે ઇંદ્રિય અને કષાયનો જય કરવો, ભગવાનની પૂજા કરવી, ઉપવાસ કરવો, શિયલ પાળવું, એ સર્વ ઇચ્છા વગર હોય તોજ કર્મ ક્ષયને અર્થે થાય છે, પરન્તુ કીર્તિને માટે તપ કરે. તેમજ ઇર્ષ્યાવડે કરીને તપ કરવામાં આવે, પૂજાવાને માટે તપ કરે. આદર સન્માનને માટે

તપ કરે, ચિત્તના ખેદથી તપ કરે, એવી રીતે અનેક પ્રકારે તપ કરે અને એવા કાર્ય પ્રસંગે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળે, તોપણ તે તપ અને ચારિત્ર દુર્ગતિમાં જવાના કારણરૂપ થાય છે, ઇત્યાદિક વિચાર વમળમાં ગુંથાએલી વિમલશ્રી ભોજન આરોગવા લાગી.

એવા અવસરને વિશે એક માલણ તેને ઘેર ફુલ મુકવાને માટે આવી. શેઠાણીને ક્ષીર ખાતાં દેખીને તેણે પોતાની દષ્ટિને ક્ષીરમાં નાંખી, તે આકરી દષ્ટિવાળું ભોજન કરનારી વિમળશ્રી તેને તરતજ માલણની કરડી નજર બેઠી તે માટે " ઉત્તમ પુરૂષોએ કહ્યું છે કે દુષ્ટ દષ્ટિ વગેરે દોષોને હરનારૂં એવુ પંચ પરમેષ્ઠી નવકારનું સ્મરણ હિતના ઇચ્છનાર એવા પુરૂષોએ ગણીને ભોજન કરવા બેસવું " વળી કહ્યું પણ છે કે ભોજન કરવાના સમયે, કષ્ટ આવે થકે, શયન વખતે, પ્રભાતે જાગૃત થતાં, પ્રયાણ કરવાને અવસરે, ભય આવી પડે ત્યારે, એવી વખતે પચ પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરવું.

હવે કરડી નજરવાળુ દોષીત અન્ન ખાતાં થકાં વિમળશ્રીને તરતજ વિસુચિકા ( મૂર્છા ) થઇ. અને અલ્પ સમયમાં મૃત્યુને શરણ થઇ ગઇ. કેમકે સંસારી જીવોને મરવું તે કંઇ મોટી વાત નથી કહ્યું છે કે—

**जल मग्नि विंषं शस्त्रं, क्षुद्वयाधिः पतनंगिरेः**
**निमित्तं किंचिदासाद्य, देही प्राणै र्विमुच्यते.**

**ભાવાર્થ**—જલ, અગ્નિ, ઝેર, શસ્ત્ર, ભૂખ, રોગાદિક, ગિરિ થકી પડવુ. સર્પ અને મૂર્છાવડે કરીને મુહુર્ત માત્રમાં જીવ શરીરને છોડી દે છે.

ઘણા શોકે કરીને તે સ્ત્રીની મરણ ક્રીયા વગેરે પૂર્ણ કરી કે તરતજ દેદાશાહ શેઠને પણ તાવનું વાદળ ચડી આવ્યું. સ્ત્રીના મરણથી જેને ઘણો શોક થયા કરે છે. વિમળશ્રી સરખી ધર્મપત્ની વારે ઘડીએ તેના પવિત્ર હૃદયમાં ખટકયા કરે છે. આહા ! શું તેની પતિભક્તિ ! જગતમાં એના સરખી ડાહી અને સમજુ તેમજ ચાતુર્યતાનો ભંડાર એવી સ્ત્રીઓ થોડીજ હશે. હા ! દૈવે મારૂં જે અમુલ્ય રત્ન હતું તે પડાવી લીધું છે. હવે તેના શોકથી હું પણ મરણ પથારીએ પડેલો છું. અરેરે ! સ્નેહના બંધનને ધિક્કાર હો !

કે જે મોટા મનના પુરૂષોને પણ તે ભુલા ભમાવી દે છે. હા ! સ્નેહ-ના બંધનથી કોણ દુઃખ નથી પામતા, લક્ષ્મણના વિયોગે શું રામચંદ્ર તેનું મૃત શબ લઇને છ માસ સુધી ભ્રાંતા ભ્રાતા કરતા નહેતા ભમ્યા ! કૃષ્ણવાસુદેવના મરણ પછી તેના શબને લઇને બળભદ્ર પણ કેટલાક વખત સુધી ભટકવા નહોતા લાગ્યા ! સ્નેહની ખાતર સતી સ્ત્રીઓ પોતાના પતિના પાછળ પોતાના જાનમાલની ખુવારી નથી કરી નાંખતી ! હા ! સ્નેહ તને ધિક્કાર છે ! તું પ્રબળ સત્તાવાળાને પણ પલક માત્રમાં રંક બનાવી દે છે. સ્નેહથી સિંહ સરખુ જબર-સ્ત પ્રાણી પણ ગરીબ ગાય સરખુ થઇ જાય છે. સ્નેહથી વ્યાઘ્ર જેવા ભયંકર પ્રાણીઓ પણ હતાશ થઇ જાય છે. સ્નેહથી ક્રુર હૃદય પણ પીંગળી જાય છે. જગતમાં સ્નેહનું બંધન પ્રાણીઓને મહા અનર્થને કરનારૂ છે. હા ! જેના સયોગે સુખની ઘડી હોય છે, ત્યારે તે વ્હાલા માણસના વિયોગે કેટલું દુઃખ થાય છે ! દુઃખથી જીવોને પાપ બંધન થાય છે, અને પાપના બંધનથી સંસારનો વધારો થાય છે. સંસાર એ દુર્ગતિમાં પડવાનું કારણ છે, માટે સ્નેહનું બંધન લોહના બંધન કરતાં અતિશય દુઃખકારી છે. કેમકે લોહનું બંધન માણસને એકજ ભવમાં દુઃખ આપે છે, પરન્તુ સ્નેહનું આકરૂ બંધન તો પ્રાણીને ભવોભવ દુઃખને કરનારૂ થાય છે. અરેરે ! મારા સરખાને પણ જ્યારે સ્નેહથી કેટલુ દુઃખ થાય છે તો પછી સંસારની ગાઢ માયામાં ફસાયેલા પામર પ્રાણીઓની શી વલેહ થશે! હા ! હવે હું આ રોગથી બચવાનો નથી, હુ તેનો ભોગ થઇ પડયો છું. મારૂ શરીર ખવાઇ ગયું છે. જીર્ણ તાવે મારાં સમસ્ત હાડ તોડી નાંખ્યા છે. શરીરની શક્તિ નાશ પામી ગઇ છે. હવે આ જગતમાં હું થોડા વખતનો પરોણો છું, અલ્પ સમયને આંતરે અમો બન્ને સ્ત્રી પુરૂષ ચાલ્યાં જઇશું, અરે ! આ નાશવંત જગતમાં સર્વ કોઇ એકલાજ જવાના છે. સ્ત્રી ક્યાં ગઇ, આપણ ક્યાં જઇશું, સૌ જેવાં કર્મ કરશે તેવી ગતિમાં તેને જવાનું છે. દેહ ! તારાં આ છેલ્લી વખતનાં દેદાર નિરખી લે ? હવે અલ્પ સમય પછી આજ તારૂં શરીર તેને લોકો સ્મશાનભૂમિ તરફ લઇ જશે દેહ ! તારે હાથે તારી આખી જીંદગી-માં કાંઈપણ અકાર્ય થયું નથી, તું કોઇના બુરામાં રાજી થયો નથી, જેમ બને તેમ તેં જગતની અને વિશેષતઃ તારા ધર્મની સેવા બ-જાવી તારી જીંદગી તેં સુધારી છે. અરે ! દેહ ? જો તેં સારી જીં-

દગીભરમાં કાંઇ પણ સુકૃત ન કર્યું હોત તો અત્યારે તારી શી વલેહ થતે? ખરેખર તું બીજા લોભી જનોની માફક મૂઢ બની લક્ષ્મીનો સંચય કરવામાં મશગુલ રહ્યો નથી, પરન્તુ હારે હાથે તેં યથાશક્તિ જૈનશાસનની સેવા બજાવી છે. દેહ! પૈસાનો લોભી બનીને એક કોડી પણ વાપરવાને જો તું સાવધ ન થયો હેત તો ખરેખર તું અત્યારે પશ્ચાત્તાપ રૂપી દાવાનલથી બળી જાતે! એટલુંજ નહિ પણ લક્ષ્મીમાંજ તારો અભાગી જીવ રહી જાતે! પણ કુદરત જે કરે છે તે સારૂ કરે છે. દૈવે તને પ્રથમથીજ સદ્બુદ્ધિ આપી છે, તેથી તેં સુકૃત કરી લીધેલું છે. માટે અત્યારે તને શોક કરવાનું કારણ નથી. કેમકે હે ચેતન? આ જગત નાશવંત છે, શરીર ક્ષણભંગુર છે. તો પણ ઘણાં પ્રાણીયો માનમાં ને માનમાં ઊંચા તાડની સરખાં જગતને વિશે જોવામાં આવે છે. અરે! આવું ક્ષણભંગુર નાશવંત શરીર છતાં માનવીના કઠોર હૃદયને લવલેશ પણ અસર થતી નથી. તે ખરેખર નવાઇ ભરેલીજ વાત ગણી શકાય. કહ્યું છે કે—

માનમાં મરડાઇને, તું મૂરખ શીદ મલકાય છે;
માયા કપટમાં રાચીને, પામર ખરે! હરખાય છે.
વિચારી જોરે માનવી, તુઝને જરૂર જવાનું છે;
પ્રબળ સત્તા દૈવની, ત્યાં ધાર્યું કોનું થવાનું છે.

હે ચેતન! જગતમાં કાળ મોટામાં મોટો રાક્ષસ છે. તે નિરંતર પ્રાણીયોનુંજ ભક્ષણ કર્યા કરે છે તે અનંતાકાળથી ભક્ષણ કરતો આવ્યો છે. મહાન્ પુરૂષોના કોળીયા પણ તે કરી ગયો છે. રામ અને રાવણ જેવા ભડવીર ભૂપતિઓ પણ તેમાં સપડાઇ ગયા, પાંડવો જેવા પણ તેમાં ઝંપલાઇ ગયા, અનેક ચક્રીઓ અને વાસુદેવો પણ તેના ઝપાટામાં આવી ગયા. છતાં પણ તેને તૃપ્તિ થતી નથી હા કાળ કોઇને છોડતો નથી કૃષ્ણ વાસુદેવ સરખા પણ તેના ભોગ થઇ પડયા. દેવતાઓને પણ વખત આવતાં કાળના ઝપાટામાં આવવું પડે છે, ઇંદ્રો સરખા પણ તેના ભોગ થઇ પડે છે તો આપણા સરખા માનવની શી ગુંજાસ કહેવાય! અનુક્રમે જગતના જીવોનું ભક્ષણ કરતાં હે દેહ! આજે તારો પણ વારો આવ્યો છે, તને પણ કાળે પોતાની દાઢમાં રાખેલો છે, ને અલ્પ સમયમાં તું પણ તેનો ભોગ થઇ પડીશ. અરે! તું તો શું પણ ક્રમે કરીને પ્રત્યેક મનુષ્યને ભક્ષણ કરવાને

માટે તે સદા તત્પરજ હોય છે. આજે તું તો કાલે બીજો ! એમ તે કોઇને છોડશે નહિ, ભલેને પ્રાણીયો પોતાને અમર જેવા માની અનેક પ્રકારનાં અકાર્ય કરવાને તત્પર થાય પરન્તુ તે બધુ ચાર દિવસનું ચાંદરણુજ ગણાય. કેમકે જીંદગી પાણીના પરપોટા સરખી છે, તે અમીરસના કુંપા સરખી છે. તેને ફુટતાં વાર લાગે તેટલીજ વાર તેનો ( કાયાનો ) નાશ થતાં પણ લાગવાની છે. જ્યાં કાળનું તેડુ આવ્યુ કે એક ક્ષણભર પણ રોકાવાની કોઇની શક્તિ નથી. માટે હે ચેતન ! તું ધર્મનું શરણુ કર ! સંસારને નાશવંત જાણી શ્રી પંચ પરમેષ્ઠી મંત્રનું સ્મરણુ કર ! તારૂં ચિત્ત તીર્થંકરની ભક્તિને વિશે લગાડ ! અન્ય કોઇ પણ સંસારીક રાગદ્વેષના બંધનમાં તારૂ ચિત્ત જતુ હોય તો તેનું તું નિવારણુ કર ! પ્રાણીયોને અલ્પ સમયમાં ઇચ્છિતને આપનાર એવા ચિંતામણિ સરખા પાર્શ્વનાથનું તું ધ્યાન ધરી લે, જગતના માયા પ્રપંચ અને છળ ભેદોથી તું વિરક્ત થા ! કેમકે તેતો નરકાદિક દુર્ગતિને આપનારા છે, એટલુંજ નહિ પણ સઘળુ જગત તેની અંદર અંધ સરખુ બની ફસાઇ ગયું છે, કોઇ વિરલોજ તે થકી ઉગરવા પામે છે. તું અત્યારે જે આટલી જાગૃતિ પામ્યો છે તે ફક્ત ચિંતામણી તુલ્ય એવા પાર્શ્વનાથના ધર્મનોજ ઉપકાર છે. તીર્થંકર અને પૂજ્ય ગુરૂચોની ઉપાસનાથીજ તું સચેતન થયો છે માટે ખરેખર હે ચેતન ! તારી મહા પુન્યનીજ નિશાની છે, કે તુ સંસારની ખરી સ્થીતિ થકી જાણીતો થયો છે. ઇત્યાદિક વિચારરૂપી ઘટમાળામાં ગોથાં ખાતો અને જગતની વિચિત્ર લીલાની મન સાથે ઘટના કરતો દેદાશાહ પોતાનો અંત સમય નજીક જાણી પોતાના પુત્ર પેથડકુમારને પોતાની નજીક બોલાવ્યો, અને તેને સમજણ આપવા લાગ્યો.

પેથડ ! આ જગતમાં હવે હું થોડા વખતનો પરોણો છું. ભાઇ! મારી પાછળ તું તારા બાપનું નામ ડુબાવીશ નહિ. આપણા ધર્મને માટે તું તારૂં તન, મન અને ધન અર્પણ કરજે. ટુંકમાં એટલુંજ કહું છું કે તારા પિતાની કીર્તિને ઝાંખ લાગે તેવું કામ તું કરતો નહિ, પિતાએ ધીમે ધીમે અને અચકાતાં અચકાતાં અંતિમના ઉદ્ગારો બહાર કાઢ્યા.

પિતાજી ! અરેરે ! તમે આ શું બોલો છો ! મારી વ્હાલી બહેનો વિયોગ તો હજુ હું ભુલ્યો નથી, અને એકદમ તમે આવું બોલો છો ! તમને સારૂ થઇ જશે, નાહિમત થશો નહિ, એવી રીતે અશ્રુ પૂર્ણ આંખે અને શોકાતુર વદને કરીને પેથડકુંવરે જવાબ આપ્યો.

પુત્ર ! તું નિરાશ થઇશ નહિ, તું કાંઇ બાળક નથી, હવે તું પણ અનુભવી અને ડાહાપણશીળ છે. માટે વિચાર કરીને ચાલજે, જગતમાં કોઇ અમરપટો લઇને આવતું નથી, સર્વ મનુષ્યો જન્મીને મરવાનાંજ છે. માટે મરવું એતો જગતમાં એક સામાન્ય બાબત છે, તો પછી તેનાથી આપણા જેવાને ડરવાની કાંઇ પણ જરૂર નથી. પણ તને ખાનગી વાત કહું તે ધ્યાનમાં રાખ. જો મારી પાસે સુવર્ણ કરવાની વિદ્યા છે. તેની આમ્નાય તું જાણી લે, તે થકી તને ઘણાજ સુવર્ણની પ્રાપ્તિ થશે, બેટા ! સમગ્ર સુવર્ણને સાત ક્ષેત્રમાં આરોપણ કરજે, જગત્ ઉપર ઉપકાર કરવા તું ભૂલીશ નહિ કોઇ પણ યાચકને નિરાશ કરી તું પાછો કઢીશ નહિ, તું ડાહ્યો છે ટુંકામાં સમજી જા, એમ કહી સર્વ આમ્નાય વગેરે તેને બતાવતો હવો. પીતાની આજ્ઞાથી હવે જલદી યાચકોને દાન આપવાનું તેણે શરૂ કર્યું, અને અવસાન સમયે સર્વ જીવો સાથે ખમત ખામણાં કરતો થકો, પોતાના દુષ્કૃતની નિંદા કરતો, અને સુકૃતને અનુમોદન કરતો, દેવ, ગુરૂનું હૃદયમાં ધ્યાન ધરતો છતો દેદાશાહ દેવલોકોનેશોભાવતો હવો. પેથડકુમારે પણ શોકાતુર યુક્ત પિતાની મરણ ક્રીયા વગેરે કરી. પિતાના ગુણોને સંભારતો અને જગતના અનિત્ય ભાવને જાણતો થકો દિવસ નિર્ગમન કરવા લાગ્યો. કાળાન્તરે જુનો શોક વિસારે પડવા લાગ્યો, અને તેની સાથે પિતાનો વૈભવ પણ ગમન કરવા લાગ્યો કેટલાક કાળે દેદાશાહની વખતની અખૂટ લક્ષ્મી કેવી રીતે ચાલી ગઇ, તેની ખબર પણ પડી નહિ; આહ ! લક્ષ્મી તારી ચંચળતા ! શું દેદાશાહ વિના તને ગમતું નહોતું ! કે જેથી તું દેદાશાહની પાછળ પેથડકુમારને તરછોડી અને તેને રડતો મુકી એકદમ ચાલીજ ગઇ.

# પ્રકરણ ૮ મું

## "વિચિત્ર ઘટના."

" જયસી કરની વયસી ભરની,
આજ કીયા કલ પાવેગા;
ધોકા દેગા ગયરોંકો,
તો આપહી ધોકા ખાવેગા "

માણસને જ્યારે દૈવ પ્રતિકુળ હોય છે ત્યારે તેની આજુબાજુના અનુકુળ સંયોગો પણ પલટાઈ જાય છે, ઘણું જ વિચાર પૂર્વક તે સંસારની બીજી ઉસ્તાદીથી ખેલવા જાય છે પરંતુ દૈવ તેને કોઇ પણ રીતે સફળ થવા દેતું નથી. દૈવના ભોગ હજારો પ્રાણીઓને થવું પડે છે. માણસ ગમે તેટલી હોંશથી ધારેલું કાર્ય કરવાને તૈયાર થાય છે તથાપિ દૈવ પ્રતાપે તે સર્વથા નિ'ફળજ નિવડે છે. જગતમાં પ્રાણીને પૈસા કમાવાની અને વૈભવ ભોગવવાની ઘણીજ હોંશ હોય છે. લક્ષ્મીને હરેક પ્રયત્ને મેળવવી એ તેનું મૂળ સૂત્ર હોય છે. પરન્તુ તે દુર્દૈવના ચકાવામાં એવો તો ઝકડાઇ જાય છે કે તેની ઉર્મિઓ હૃદયમાં ને હૃદયમાંજ અસ્ત પામી જાય છે. અરેરે ! એ દુર્દૈવથી કોણ બચવા પામે છે? આજે મારી પણ તે અવસ્થા થવા પામી છે. મારા પિતાની અથાગ સંપદા પાણીના પ્રવાહની માફક કયાં ચાલી ગઇ ! તેની કાંઇ ખબર પણ પડી નહિ. દરેક પ્રકારના વ્યાપાર કરીને પણ થાકયો. તથાપિ ભાગ્યના પાશા અવળાજ પડે છે, વળી સુવર્ણ સિદ્ધિ માટે ધાતુર્વાદનું કાર્ય પણ ઘણીવાર કર્યું, પણ ઉલટી તેમાં ઘણા ધનની હાની થઇ. અરેરે ! પિતાએ બતાવેલી આમ્નાય પ્રમાણે હું કરૂ છું તોપણ દુષ્ટ દૈવ મને દાદ આપતું નથી. હા ! પિતા ! તમો મને શા માટે તજી ગયા ! હવે અહીં મારૂં કોઇ નથી. તમારી વખતમાં જે લોકો મને માન આપતા'તા. તે અત્યારે મારી તરફ નજર પણ કરતા નથી. તમારી હયાતીમાં જે વ્યવહારીયાઓના ખોળામાં હું રમતો'તો, તે અત્યારે દુશ્મનથી પણ ભુંડા થઇ ગયા છે. તમારી છત્રછાયામાં જે શ્રીમન્તો ચાહી ચાહીને મને

પોતાને ઘેર તેડી જતા'તા, ત્યાં અત્યારે મને કોઇ ઉભું પણ રાખતું નથી. અરેરે! વ્હાલા પિતા! તમારૂં ખિલતું કમલ હવે થોડા વખતમાં અસ્ત પામી જશે. તમારા સિવાય અત્યારે તેને કોઇનો આધાર નથી. ને તમે તો આ ફાની જગતનો ત્યાગ કરી ચાલ્યા ગયા. હા! જે મહેલમાં મને પાણીને બદલે દુધ મળતું તે પ્રાસાદ પણ ક્યાં ગયો, અરેરે! અત્યારે પાણી પીવાને ઝુંપડીમાં પીતળનો લોટો પણ પ્રાયઃ જણાતો નથી. એક વખતે જે પુરૂષના હુકમો હજારો માણસો ઝીલવાને તૈયાર હતાં, ત્યારે અત્યારે તેને પારકા હુકમો સાંભળવા પડે છે. બીજાની મજુરી કરવી પડે છે. હા! વૈતરૂં કરીને મહા મહેનતે આ પાપી પેટનું મારે પુરૂં કરવું પડે છે. એક વખતે જે શરીર ઉપર લાખો રૂપીયાનાં આભૂષણ ધારણ કરતાં'તાં. અને અમુલ્ય વસ્ત્રો શરીરની કાંતિમાં વધારો કરતાં'તાં, ત્યારે અત્યારે ફાટેલાં તુટેલાં, મલીન, અને ગંદાં લુગડાંથી આ મારૂં શરીર વીંટાયેલું છે. પિતાની હયાતીમાં હજારો દાસ દાસી વગેરે સેવા કરવામાં સાવધ રહેતાં'તાં, ત્યારે અત્યારે મારે કર્મે બીજાની તાબેદારીજ લખાયેલી છે. અરેરે! આ શું કહેવાય. હાય! દૈવની બલિહારી છે. કેમકે—

> માળા દેખાતી રૂંઢની, શંકર દશા જગ ન્યારી છે;
> દેવ તણા અધિરાજની, હા! દૈવ દશા પરવારી છે.
> અણધારી જોરે જીવડા, તુજ આંખ બંધ થવાની છે;
> ઉર્મિ ઉચ્છળતી હૃદયની, વા'ને ઝપાટે જવાની છે.

દૈવની ગતિનો પાર માણસ સરખુ પામર પ્રાણી કેવી રીતે પામી શકે? સુખમાં મારાં આટલાં વરસ પાણીના પ્રવાહની માફક વહી ગયાં પણ તેની મુને લેશમાત્ર પણ ખબર પડી નહિ; હવે એકેક દિવસ એક વરસ બરોબર જાય છે. દુઃખ કેવું હશે? દરિદ્રપણામાં માણસને કેવા વિચારો આવતા હશે! તેનું સ્વપ્ને પણ મને ભાન નહોતું. તથાપિ તે હવે અનુભવમાં પણ આવ્યું. હા! મારી મરજી ઉપર હજારોનાં જીવનનો આધાર ટકી રહેલો હતો. તેને હવે જીવન ટકાવવાને માટે બીજાની મરજી સાચવવાની અને તેની ખુશામત કરવાની જરૂર પડી. હવે તો દરિદ્ર ઘર કરીને રહ્યું હોય એમ જણાય છે. સુખનું ઝાપટું નાશ પામી ગયું અને દુઃખરૂપી સમુદ્રમાં ડુબવાની તૈયારીઓ થવા લાગી. અરેરે! અત્યારે ધાન્યના પોટલા ઉપાડી મારે નિર્વાહ કરવો પડે છે. જે કુમાર પોતે હજારો દીન અને ગરીબ પુરૂષો

નો ઉદ્ધાર કરતો'તો તે અરે! દૈવયોગે અત્યારે દીન જેવો થઇ જેના તેના પોટલા ઉચકી પોતાની આજીવિકા કરી દુઃખમાં દિવસો ગુજારે છે. પિતાની વખતમાં જે સગાંવ્હાલાં તેમની ખુશામત કરવાને અને તેમનું ચિત પ્રસન્ન રાખવાને પ્રયાસ કરતાં'તાં. તે અત્યારે મને પાણીનો લોટો પણ આપતાં નથી. હા! દૈવ તારે આશ્રયે પડેલા નાજુક પુષ્પને તું કચડી છુંદી નાંખીશ નહિ. કેમકે તે આશા ભરેલું છે. ઇત્યાદિક વિચાર રૂપી ઘડમાળમાં નિરંતર ચિંતાતુર વદનને ધારણ કરતો કોઇની આગળ પણ દીનતા નહિ દાખવતો, અને મહેનતની કમાણીથી પોતાનો નિર્વાહ કરતાં થકાં તેણે કેટલોક કાળ નિર્ગમન કર્યો. પારકાને સંતાપ નહિ કરવો, નીચને નમ્રતા નહી કરવી, અને પોતાની સજ્જનતાનું ઉલ્લંઘન પણ નહિ કરવાવડે કરીને ધૈર્યતા રૂપી બખતર ધારણ કરીને જાણે દૈવ ઉપર જય કરવાનેજ હોયને શું! તેવી રીતે દૈવની ગર્હા કરતો અને ધર્મનું ઉલ્લંઘન નહિ કરતો તે પેથડકુમાર મજુરી કરી ભરણપોષણ કરવા લાગ્યો. એ પણ દૈવનીજ બલિહારી ગણાય.

એકદા તપાગચ્છીય રૂપી આકાશને વિશે સૂર્ય સરખા એવા શ્રી ધર્મઘોષસૂરિ નામા આચાર્ય વિદ્યાપુરમાં પધાર્યા, તેવા સમયમાં કોઇ કામણગારી સ્ત્રીએ સાધુઓને મારવાને માટે કામણ ટુમણવાળાં વડાં વહોરાવ્યાં, તે બીના આચાર્ય મહારાજના જાણવામાં આવતાંજ તે વડાં પરઠાવી દીધાં. હવે પ્રાતઃકાળે વ્યાખ્યાન સમયે એક પાટલો મંત્રીને તે કામણગારી સ્ત્રીને બેસવા આપ્યો, તે ઉપર તેણી બેસતાંની સાથેજ ચોંટી ગઇ. એટલે આચાર્ય મહારાજને વિનંતી કરતી પોતાનો અપરાધ ખમાવતી તેણી માફી માગવા લાગી. છેવટે આચાર્યમહારાજે પણ તેણીને ફરીને તેવુંકામ નહિ કરવાની સૂચના આપી મુક્તકરી,

નગરીના દરવાજે કોઇ શક્તિ રહેતી'તી. તેના ભયવડે કરીને સર્વ લોક થરથરતુ'તું. એક દિવસ આચાર્ય પોતે રાત્રીએ સંથરો કરતી વખતે પાટ મંત્રવી ભૂલી ગયા. તેથી ડાકણીએ રાત્રે તેમની પાટને ઉપાડી ચૌટામાં નાંખી. તેથી આચાર્ય મહારાજ પણ ચૌટામાં પડયા ડાકણીનું આવું કાર્ય જાણી આચાર્ય મહારાજે ડાકણને લોહની ખીલી વડે કરીને સ્થંભીત કરી દીધી. તેથી તે બુમે બુમ પાડતી આચાર્યની ક્ષમા માગતી તેમની પાસે આવી. બાપરે મરી જાઉંછું છુટી કરો, એમ ત્રાહે ત્રાહે પોકારતી તેમની પાસે તે માફી માગ-

વા લાગી. અને કોઇ વખત કોઇને પણ હરકત નહિ કરવાને કબુલાત આપતી હતી; એટલે આચાર્ય મહારાજે તત્કાળ તેને મુક્ત કરી દીધી.

પ્રસન્ન ચિત્ત વડે કરીને અરિહંત ભગવાનની આઠ યમકબંધ મહા સુંદર સ્તુતીયો કે જેનો અર્થ પંડિતોજ જાણી શકે એવી ગુઢ આશયવાળી સ્તુતિયો તેને તૈયાર કરીને તે ગુજરાતના રાજાના મંત્રીને પ્રતિબોધ કરતા હવા.

શિષ્યની પ્રાર્થના વડે કરીને અને મંત્ર સ્મરણની સ્તુતિ કરવા વડે કરીને તેમજ પોતના અંગ થકી રત્નનું ભેટણુ કરવા વડે તે રત્નાકર તુલ્ય કરતા હવા.

વળી આચાર્ય મહારાજે કોઇ વખતે દેવ પાટણને વિશે ધ્યાન કરીને યક્ષને પ્રસન્ન કર્યો તે પ્રત્યક્ષ થયા પછી તેને પ્રતિબોધ કરીને તે તેને અરિહંતના બિંબનો અધિષ્ઠાયક કરતા હવા.

કોઇ શ્રાવક મંત્ર સાધતાં થકાં તેને દુષ્ટ ભુતાદિકનો ઉપદ્રવ થયો તેના પ્રતાપે કરીને તે વિષ્ટા ખાવા લાગ્યો, ત્યારે તે દુષ્ટ ભુતાદિકને પ્રસન્ન કરવાને માટે સ્ત્રી આદિ પદાર્થને આકર્ષણ કરનાર મંત્ર આચાર્ય મહારાજ તે શ્રાવકને સંભારી આપતા હવા, તે મંત્રથી તે શ્રાવક દોષ રહિત થયો.

કોઇ વખતે તે આચાર્ય ગિરનાર પર્વત ઉપર ગયા'તા. ત્યાં વંશજાળને વિશે એક મોહનવેલી દેખીને તેની પરિક્ષા કરવાને એક ક્ષુલ્લક શિષ્યને મોકલ્યો, તે શિષ્ય પણ તેને દેખીને મોહિત થયો થકો તેની આસપાસ ચારે તરફ ભમવા લાગ્યો, પણ કોઇ સ્થાનકે ઉભો રહેતો નથી. આચાર્ય બોલાવે છતે તેમની પાસે પણ આવતો નથી, ત્યારે આચાર્ય પોતે શિષ્યને કોઇ પણ રીતે સમજાવી સ્થિર કરીને પોતાની પાસે લાવ્યા.

વળી કોઇ વખતે વિહાર કરતાં આચાર્ય શ્રી ઉજ્જયની નગરીમાં ગયા, ત્યાં મંત્ર તંત્ર વગેરે પ્રયોગો કરવામાં કુશળ એવો એક યોગી રહેતો'તો જે વ્યંતરોને પણ પોતાને આધિન રાખવાનું માન ધરાવતો હોવાથી જૈન સાધુઓને પ્રવેશ કરવાને તે અડચણ કરનારો થતો'તો. ત્યાં ધર્મઘોષ આચાર્ય જઇ ચડયા, તેમના શિષ્યને યોગી કહેવા લાગ્યો કે અહીં આવ્યા છો પણ સાચવીને રહેજો!

તેનાં વચનો સાંભળીને સાધુએ તેને રીસ ચડાવવાની ખાતર પોતા-ની કોણી બતાવી તેના માનનું અપમાન કર્યું. પછી તે સાધુએ ઉપાશ્રયે આવીને આચાર્યને તે વાત કહી બતાવી. હવે તે સાધુઓને ભય પમાડવાની ખાતર યોગી ઉપાશ્રયમાં પોતાની વિદ્યાના બળે કરીને ઘણા ઉંદરો વિકુર્વતો હવો. જેથી સાધુઓ ભય પામવા લાગ્યા, પોતાના સાધુઓને ભય પામતા દેખીને આચાર્યે પણ મંત્ર વડે ક-રીને યોગીને બાંધી મંગાવ્યો, તે પણ રાડ પાડતો છતો આચાર્ય પાસે આવ્યો, તેને કોઇ પણ વખત ફરીને અકાર્ય નહિ કરવાની પ્રતિજ્ઞા આપીને આચાર્યે તરતજ મુક્ત કર્યો.

એક સમયે આચાર્ય મહારાજને દુષ્ટ સર્પ કરડવાથી તેનું ઝેર ચડતાં તેમને મુર્છા આવી. તેથી તેમનું ઝેર ઉતારવાને શ્રી સંઘે ઘણા ઉપાયો કર્યા, પણ છેવટે ઉપાય રહીત સંઘને જાણીને આચાર્ય કહેવા લાગ્યા કે તમે ખેદાયમાન થશો નહિ. પ્રાતઃકાળે અહીં કોઇ પુરૂષ આવશે તેની પાઘડીના આઠમા આંટામાં વિદ્યાપહાર નામની વેલડી બાંધેલી હશે, તે વેલડીને પાણીમાં ઘસીને ડંખને વિશે લગાડજો એટલે સર્વ ઝેર ઉતરી જશે. એવું કહેતાંજ આચાર્ય બેભાન થતા હવા. હવે પ્રભાતે આવેલા પુરૂષ પાસેથી શ્રી સંઘે વેલડી લઇને પાણી સાથે ઘસી ડંખ ઉપર ચોપડી કે તરતજ ઝેર ઉતરી ગયું ને આચાર્ય સાજા થયા, સંસારનું અથીર સ્વરૂપ જાણીને અતિશય વૈરાગ્યમાં લીન થયા થકા તે જૈનશાસનની શોભા વધારતા હવા. અનુક્રમે તે આચાર્ય ફરતા ફરતા આજે વિદ્યાપુર નગરને વિશે આ-વે લા છે ત્યાં ચાતુર્માસ રહ્યા થકા લોકોને ધર્મોપદેશ આપવા લાગ્યા.

તે ચાતુર્માસને વિશે આચાર્યે સભામાં પરિગ્રહ પરિમાણ વ્રત ઉપર રત્નસાર વ્યવહારીયાની કથા કહી સંભળાવી. તે શ્રેષ્ટીનું પ્ર-મોદકારી અને નવાઇ ભરેલુ કથાનક સાંભળી ઘણા શ્રાવકો ધર્મધ્યા-નમાં ઉદ્યમવાળા થયા થકા વિરતિપણુ અંગીકાર કરતા હવા. કેમકે અલ્પ પણ વિરતિ જેને મોક્ષને માટે થાય છે, વળી કહ્યું છે કેઃ- શુદ્ધ ભાવ થકી પ્રાણી થોડી પણ વિરતિ કરે છે, તો તે પ્રાણીની દેવતાઓ પણ ઇચ્છા કરે છે, કેમકે દેવતા પણ વિરતિપણું ગ્રહણ કરવાને શક્તિવાન નથી. વળી એકેંદ્રિય વગેરે જીવો કવલાહાર નથી કરતા, તોપણ તેમને ઉપવાસનું ફળ થતું નથી, કારણ કે તેઓ અવિરતિ છે. મન, વચન અને કાયાએ કરીને એકેંદ્રિયાદિક સંસારી

પ્રાણી પાપ નથી કરતા, તોપણ અનંતકાળથી તેઓ અવિરતિ પણાએ કરીને એકેંદ્રિયપણેજ રહે છે. તિર્યંચો પણ પૂર્વ ભવને વિશે ઈંદ્રિયો અને મનને જો વશ કરે છે તો આ ભવમાં કોરડાનો, અંકુશનો તેમજ આર વગેરેના માર, તથા પડવું, બંધન થવું, આદિ દુઃખો તેને પણ હોતાં નથી, માટે સર્વત્ર વિરતિજ ફળદાયક છે. એવુ ચિંતવતાં થકાં સર્વ શ્રાવકો પરિગ્રહનું પ્રમાણ કરતા હવા. એવા અવસરમાં બાળક પણાથી દેવગુરૂમાં ભક્તિવાળા એવા પેથડકુમાર આચાર્યને વાંદવાને આવતા હવા, તેને મનમાં અનેક પ્રકારના તરંગો આવી રહ્યા છે. અરેરે ? મારાં લુગડાં સડી ગયાં છે, મારૂં શરીર મેલથી ગંદુ થઇ ગયેલું છે. માથે ફાટુ તુટુ કપડુ બાંધેલું જેની ગુગરીયો ચારે તરફ પવનથી ફરફર ફરકી રહી છે. વળી શરીર ઉપર રહેલાં ફાટાં તુટાં કપડાં ભિક્ષુકની જેમ આખા શરીરને શોભાવી રહ્યા છે. અને તે પરસેવાથી ભિનાશવાળાં પણ થએલાં છે. અરેરે ! મારો મલીન દેખાવ જોઇને સર્વે લોકો મારી હાંસી કરશે. મારો તિરસ્કાર કરશે, હા ! તે દુઃખ મારૂં કોમળ હૃદય કેમ સહન કરી શકશે ? અરેરે હવે કયાં સુધી આવા દિવસો મારે લલાટે લખેલા હશે ! ખેર ! જે થાય તે ખરૂ ? ઇત્યાદિક તરંગમાં તરલીન થએલા પેથડકુમારને વાંદતાં જોઇને ત્યાં બેઠેલા સર્વ શ્રાવકો તેનાં દેદાર જોઇને હસવા લાગ્યા, અને સર્વ વ્યવહારીયાઓ આચાર્યને વિનનાવવા લાગ્યા.

હે સ્વામી "લાખ વર્ષે લક્ષાધિપતિ અને ક્રોડ વર્ષે કોટીધ્વજ એવા આ કલ્યાણકારી પેથડકુમારને કેમવ્રત આપતા નથી" ?

હે ભાગ્યવંતો ? "લક્ષ્મીનો અહંકાર કોઇએ કરવો નહિ, કેમકે લક્ષ્મી પુરૂષને ઊંચે સ્થાનકે ચડાવીને તરતજ નીચે નાંખી દે છે, દરિદ્રીને પણ એક વખતે તે ઊંચે ચડાવે છે. લક્ષ્મી ચંચળ છે, કોઇને ત્યાં સ્થીર રહેતી નથી. વળી જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુત એ આઠે મદ પુરૂષને અનર્થ કરનારા છે. જે પુરૂષ જેનો મદ કરે છે તેને ભવાંતરને વિશે તે વસ્તુનું હીનપણું મળે છે." વ્યવહારીયાઓને બોલતાં અટકાવી આચાર્યે તેમને સમજાવતા થકા પેથડકુમાર પ્રત્યે બોલતા હવા.

હે પેથડકુમાર ? "તમે આલોક અને પરલોકને વિશે હિતકારી

એવું પાંચમું અણુવ્રત ગ્રહણ કરો ! કે જેથી તમને ભાવી કાલમાં તે ઉપયોગી થશે. ”

હે સ્વામી “જેઓ ઘણા પરિગ્રહવાળા છે તેમને લેવું તે યોગ્ય છે. પણ સમુદ્રને પાળ બાંધવા જેવું એ મોટું વ્રત મારે કેમ ઘટે” ! પેથડકુમાર પોતાના ભાગ્યની નિંદા કરતાં થકાં જવાબ આપતા હવા.

હે પેથડકુમાર ! “તમો કહો છો તે સત્ય છે, તોપણ તે વ્રત ઘણા સુખને આપનારૂ છે. તમારા હિતની ખાતર તમારે લેવું જોઇએ,” એ પ્રમાણે આચાર્ય કહેવા લાગ્યા.

સ્વામી ! “ આ સર્વે વ્યવહારીયાઓએ પરિગ્રહ પરિમાણવ્રત અંગીકાર કર્યું છે, તેમાં જો હું પહેલું વ્રત અંગીકાર કરૂં તો સુવર્ણની સાથે તોલાતી ચણોઠીની પેઠે હું હલકો થાઉં.”

“સર્વ વ્યવહારીયાઓ બોલી ઉઠયા કે સોનું અને ચણોઠી તે વળી શું ! આ કુંવર વળી તેનો અધિકાર કયાંથી લાવ્યો ! ગુરૂમહારાજ ! તેનો સંવાદ તેને કહેવા દો” પેથડકુમાર તેમને તેનો સંવાદ કહી સંભળાવે છે.

---

# પ્રકરણ ૮ મું

## “ ગુરૂ સમાગમનો લાભ ”

---

**वरं वनं व्याघ्र गजेन्द्र सेवितम्**
**द्रुमालयं पक्क फलांबु भोजनम्**
**तृणानि शय्या परिधान वल्कलं**
**न बंधु मध्ये धन हीन जीवनम्**

**ભાવાર્થ**—વાઘ અને મોટા હાથીઓથી પરિપૂર્ણ એવા વનમાં વસવું તે સારૂ છે. વૃક્ષનાં ફળનું ભોજન કરીને, અને વહન કરતાં ઝરણાંનું પાણી પીવા વડે કરીને, દિવસો ગુજારવા તે સારા છે.

તૃણની પથારી કરી જ્યાં ત્યાં (જંગલમાં) પડી રહેવું તે શ્રેષ્ટ છે. અને ઝાડની છાલનાં વસ્ત્ર કરીને પહેરવાં તે પણ સારૂ છે. પરન્તુ ધન વગર કુટુંબ વર્ગમાં રહેવું તે લગાર પણ સારૂ નથી.

હા! "ટાંકણે કરીને કાપે તોપણ મને દુઃખ નથી, વળી અગ્નિમાં તપાવે તોપણ તેટલું દુઃખ મને થતું નથી. તેમજ ઘસવા વડે કરીને પણ મને હરકત નથી, પરન્તુ તેજ મોટું દુઃખ મને લાગે છે કે મારે ચણોઠડીની સાથે તોલાવું પડે છે." સોનાએ ચણોઠી પ્રત્યે તિરસ્કાર પ્રગટ કર્યો.

હે સુવર્ણ ! "તું શું આટલું બધુ ટક ટક કર્યા કરેછે વિચાર કર ! હું સોની લોકોને કેટલી વ્હાલી છું. વળી રૂપવડે કરીને તારા કરતાં પણ રંગીલી અને શોભાયમાન છું. તેમજ ગોળાકૃતિવડે કરીને પણ કેવી રળીયામણી દેખાઉં છું. પણ મને કાટલાંની સાથે તોળે છે તેની મને બહુ શરમ આવે છે" ચણોઠીએ સુવર્ણ ભાઇને કહી સંભળાવ્યું.

અરે ચણોઠડી ! "તું ફોગટ અભિમાન શા માટે કરે છે ! કેમકે અગ્નિમાં સ્નાન કરીને બહાર નીકળ્યા પછી હું જ્યારે તારી સાથે તોળાઇશ, ત્યારે આપણુ પ્રમાણુ જણાશે." સોનાએ ચણોઠી સાથે પોતાની સરખામણી કરતાં જણાવ્યું.

"ચણોઠીએ અગ્નિમાં પ્રવેશ કર્યો, તેથી તેનું મુખ શ્યામ થયું. તે માટે હે ગુરૂરાજ ! હું માનું છું કે લોકોના ધિક્કારથી બિચારી તે ચણોઠી શ્યામ વદનવાળી થઇ ગઇ." એ પ્રમાણે પેથડકુમારે સભા સમક્ષ સુવર્ણ અને ચણોઠીનો સંવાદ ટુંકમાં કહી સંભળાવ્યો.

હે પેથડ ! "તું સત્ય કહે છે. પરન્તુ તે વ્રતનો મહિમા એ માણસને પ્રત્યક્ષ લાભ કરનારો છે માટે તું તે વ્રત ગ્રહણ કર! દરેક વ્યવહારીયાએ વિરતિપણું અંગીકાર કર્યું છે, અને તું પણ ફક્ત પરિગ્રહ પરિમાણનું વ્રત અંગીકાર કર," આચાર્યે ફરમાવ્યું.

આચાર્ય મહારાજનું કથન અંગીકાર કરીને પેથડકુમાર હાથ જોડતા હવા, એટલે ગુરૂ મહારાજ તેને પ્રથમ સમકિત ઉચ-

રાવતા હવા. કેમકે સમ્યક્ત્વ વગરની ક્રીયા છાણુ ઉપર લીંપણાના સરખી કહેવાય છે. જે માણસ પાસે સમકિત નથી તેનાં વ્રત પણ નિષ્ફળ થાય છે. ધ્યાન ધરે તે પણ સંસારનું નિદાન છે. સમ્યક્ત્વ વગરના પુરૂષનું તપ પણ કલેશકારી છે, અભિગ્રહ મોટા ગ્રહ જેવો છે. તપ, શીયલ પણ વખાણવા લાયક નથી, તીર્થાદિક યાત્રાઓ પણ ફલદાયક થતી નથી, તે પૂર્વોક્ત ક્રીયાઓ જો સમકિત સહિત હોય તોજ ફલદાયક થાય છે, માટે દરેક જીવે પ્રથમ સમકિત ઉચરવાની જરૂર છે. એવી વાણી સાંભળીને પેથડકુમાર સમકિત ઉચારતા હવા. તે પછી પરિગ્રહનું પરિમાણુ આચાર્ય મહારાજ ઉચરાવતા હવા, કેમકે પરિગ્રહ પરિમાણુ રૂપી અંકુશ વડે કરીને લોભ રૂપી મોટો હાથી પણ બંધાય છે. મર્યાદાનો ભંગ કરનાર, અને લોભ રૂપી સમુદ્રમાં ગરક થએલો એવો શ્રૃંગદત્ત શ્રેષ્ઠી જેમ દુઃખી થયો તેમ જાણી લેવું. અને ધનનું પરિમાણુ કરનાર અદત્તાદાન શ્રેષ્ઠિની માફક દરિદ્રી છતાં પણ પાછળથી તે ધનને પામે છે. કેમકે નિર્લોભીને પૃથ્વી નિધાન પ્રગટ કરી આપે છે, વળી સ્ત્રીઓ બાળકોનાં અંગોપાંગ પોતે ઢાંકતી નથી, તેવીજ રીતે ઇચ્છા રહીત માણસને સ્વાભાવિક રીતે ધન મળી જાય છે.

હવે પેથડકુમાર હાથ જોડે થકે તેના હાથની સાત આઠ સારી રેખાઓ જોઇને આચાર્ય વિચાર કરવા લાગ્યા. કે એધારૂ ખડગ, તોમર, દંડ, તરવાર, ધનુષ્ય, અને ચક્ર એ રેખાઓ જેના હાથમાં દેખાતી હોય તે રાજા થાય છે. જે પુરૂષના હાથ પગને વિશે ધજા, વજ, અંકુશ, છત્ર શંખ અને કમળ આદિ હોય છે તો તે પુરૂષ લક્ષ્મીનો સ્વામી થાય છે. સાથીયાનું ચિન્હ હોય તો લોકમાં સૌભાગ્યપણું પામે છે. મચ્છ હોય તો સર્વ જનમાં પૂજનીય થાય છે, શ્રી વત્સ હોય તો ઇચ્છિત વસ્તુને પામે છે, અને ગાય, ભેંસ પ્રમુખ તેને ઘેર ઘણો વૈભવ હોય છે. અંગુઠામાં જવ હોય તો ભાગ્યવંત હોય છે, અંગુઠાના મૂળમાં જવ હોય તો વિદ્યાવાળો થાય, હાથના તળીયાને વિશે ઉંચા આકારવાળી રેખા હોય તો મોટી લક્ષ્મીવાળો થાય. ઇત્યાદિક વિચાર કરીને આચાર્ય મહારાજ પેથડકુમારના હાથમાં, સંપદા, દાન, અને ભોગ તેને કર-

નારી રેખાઓ દેખીને અને ભાવી કાળમાં આ કુમાર ઘણા દ્રવ્યનો સ્વામી થશે, એમ જાણીને પૂછતા હવા.

ભાઈ! "કેટલું પરિમાણ કરવું છે, તમારી ઇચ્છા હોય તેટલું બોલી જાઓ!" હે સ્વામી! "વીશ હજાર ટાંકનું પરિમાણ કરાવો.", બીતાં બીતાં આચાર્ય મહારાજને પેથડકુમારે કહ્યું.

પેથડ! "મસ્તક ધુણવતા છતાં નહિ! નહિ! તે થકી ઘણુંજ વધારે કર?" તેમણે જણાવ્યું.

સ્વામી! "પાસે એક કોડી તો છે નહિ, અને વીશ હજારનું પરિમાણ છે તે કાંઇ કમી નથી. આખી જીંદગી સુધીમાં પણ એટલા તો ભેગા થવાના નથી, તો પછી વધારેને હું શું કરૂ. ઉંલટુ તેથી ઓછું લેવાનો મારો તો વિચાર છે," પેથડે જણાવ્યું.

અરે! "એમ બોલ નહિ! તું પાંચ લાખનું પરિમાણ કર, આચાર્ય કહેતા હવા. તેમનું વચન સાંભળીને સર્વ વ્યવહારીયાઓ હાસ્ય કરવા લાગ્યા, અરે! "આચાર્ય મહારાજ કાંઇ ઘેલા તો નથી થયા ને? અથવા તો આ ભીખારડાનું ભાગ્ય ફર્યું કે શું?" સર્વ લોકો બોલવા લાગ્યા. સ્વામી! "આ બિચારો પાંચ લાખ ક્યાંથી કમાવાનો છે. પાંચ રૂપીયા તો પાસે છે નહિ? આપ પણ ઠીક તેને બનાવો છો!"

અન્યના હાસ્યને નહિ સહન કરતો પેથડ હૃદયમાં ઘણો દુઃખી થયો, પણ લાચારી તે વિચારવા લાગ્યો "અત્યારે હું દૈવને આધિન છું માટે હું શું કરૂં! અરેરે! દૈવ કોઇને છોડતું નથી, હા! શું ભરતચક્રી બાહુબળથી પરાભવ નથી પામ્યા! પાંડવ સરખા શૂરવીરો કે જેમણે કૌરવની સેનાનો નાશ કર્યો તેમાંના અર્જુન શૂરવીર બાણાવળી શું એક ભીલથી પરાભવ નથી પામ્યા? સાતવાર હઠાવનાર એવા પૃથ્વીરાજ ચૌહાણનો શાહબુદીનઘોરીથી નાશ ન થયો? સોળવાર હાર ખાનાર એવા તૈલપ ભૂપતિને હાથે માળવાના પ્રખ્યાત મુંજનો હૃદયભેદક નાશ ન થયો? માટે દૈવ સર્વને દગો દેતું આવ્યું છે. તો પછી આપણે ધૈર્યતા ધારણ કરવી તેજ આપણી ફરજ છે." ઇત્યાદિક વિચારમાં ગુંથાતો અને ઘટડામાં ઘુંટાતો અશ્રુનાં બે બિંદુને ખેરવતો તે કહેવા લાગ્યો.

સ્વામી ! "પાંચ લાખ લખતાં પણ મુને આવડતું નથી, તો પછી પાંચ લાખ હું ઉપાર્જન કરવા હું કેમ સમર્થ થઇશ."

હે ભદ્ર ! "તું દુઃખી થઇશ નહિ, આ લોકો તો અજ્ઞાની છે, લક્ષ્મી કાંઇ કમાઇ થકી આવતી નથી. તેતો અણધારી આવે છે. લક્ષ્મી ક્ષણમાં પામરને રાજા કરે છે. અને રાજાને રંક બનાવી દે છે. માટે તેનો ગર્વ નીચ હૃદયના પુરૂષોજ કરે છે. સજ્જન માણસો તો તેની ચંચળતાને સારી રીતે સમજે છે, ભાઇ ! તારા હાથની રેખાઓ સારી છે, તું ભવિષ્યમાં ઘણા દ્રવ્યનો સ્વામી થઇશ. એટલુંજ નહિ પરન્તુ તારાં સુકૃતવડે તારી કીર્તિ જગતમાં ચારે સમુદ્ર પર્યંત અટન કરશે. માટે ધનનું પરિમાણ મોકળુ રાખવાથી ઘણુ દ્રવ્ય મળે તોપણ મનની વૃત્તિઓ ચલાયમાન થાય નહિ, વળી તું કોઇ રાજ્યનો મોટો માનવંતો અધિકારી થઇશ, તેથી તારે જોઇએ તે પ્રમાણે વૈભવ રાખવો જોઇએ અને તે માટે હું તને પાંચ લાખનો પરિગ્રહ કરાવું છું તે માટે હે ભદ્ર ! તું ચિંતા કરીશ નહિ, ને મારૂ વચન અંગિકાર કર !"

આચાર્ય માહારાજની વાણી સાંભળી ત્યાં આવેલા વ્યવહારીયાઓ આશ્ચર્ય પામતા થકા આપણે એક મહાન્ પુરૂષની આશાતના કરીયે છીએ એમ સમજી પશ્ચાત્તાપ કરતા થકા તેમને ખમાવવા લાગ્યા.

સાહેબ ! આપનું વચન પ્રમાણ છે, એમ કહી હાથ જોડી તેણે પાંચ લાખનું પરિમાણ અંગીકાર કર્યું તે પછી સમસ્ત સભા, વખત થઇ જવાથી વિસરજન થઇ; પેથડકુમાર પણ વિચાર તરંગમાં તલ્લીન થયા છતાં ઘેર જવા નિકળ્યા. અહા ! આવા ગુરૂ મહારાજને ધન્ય છે ! દરિદ્ર અવસ્થામાં પણ હિતકારી, ભવિષ્યત્ કાળના જાણકાર, અને સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ કરીને ગાંભિર્યયુક્ત એવા ત્રિગુણે કરીને પણ મહામોટા છે, અહો ! પોતાની પાસે દ્રવ્ય નથી છતાં પણ તે ભવ્ય જીવોનો ઉપકાર કરે છે. સંસારમાં ફસાયેલા પ્રાણીઓને આવા સદ્ગુરૂઓજ તારી શકે છે. જગતને આવા ઉત્તમ ગુરૂઓની ઘણીજ જરૂર છે. ઉત્તમ ગુરૂના ઉપદેશ થકી જગતનું બંધારણ સારી રીતે નભી શકે છે. માયાના પ્રપંચી જાળમાં ગુલતાન થએલા એવા મૂઢજીવોને ખરેખર આવા ગુરૂ શરણ કરવા લાયક છે. સંસારી જીવો ગમે તેવી રીતે બડાઇ મારનારા હોય,

પરન્તુ ગુરૂના શરણુ વગર ખરેખર તેમનો ઉદ્ધાર થવાનો નથી. કેટલાક માની પુરૂષો ગુરૂને માનનારા નથી હોતા. પરન્તુ ખરેખર તે પામર જીવો દયા ખાવાને યોગ્ય હોય છે. તે બિચારા મનમાં મલકાતા હશે કે હમે જે કરીયે છીએ તે સારૂં જ કરીયે છીએ, પરન્તુ પોતાના ખાંડખાતા વિચારો ફેરવવાની તેમને જરૂર છે. માણસને દુઃખ આવે ત્યારે તેને સર્વ નિમિત્તો સાંભળે છે, પરન્તુ સુખમાં સર્વ ભૂલી જાય એ સૃષ્ટિનો સાધારણ નિયમ છે, પરન્તુ ખેરા જગત પોતાના વિચાર માટે મુખ્યત્યાર છે. જેવું કૃત્ય કરશે તેવું તે ભરશે પણ ગુરૂ સમાગમથી મને તો લાભજ થયો છે. વળી એકને થયો એટલે બીજાને થાય એવો કાંઇ નિયમ નથી, એ કથનારો અસત્ય બોલે છે, કેમકે નિઃસ્વાર્થ ગુરૂ થકી સર્વેને લાભજ થવાનો સંભવ છે મહાત્માના સમાગથી દૈવ અનુકુળ છતે ગેરલાભ હોયજ નહિ. પણ એવા નિઃસ્વાર્થ સંતનો સમાગમ થવો તેજ આ ફાની જગતમાં મહાપુણ્યની નિશાની છે ઇત્યાદિક વિચારતો પેથડકુમાર પોતાને ઘેર ગયો અને નિર્જન અવસ્થામાં કેટલોક કાળ નિર્ગમન કર્યો.

## પ્રકરણ ૧૦ મું

### " પરદેશ ગમન "

**स्थान मुत्सृज्य गच्छन्ति सिंहाः सत्पुरुषाः गजाः**
**तत्रैव निधनं यान्ति काकाः कापुरुषा मृगाः**

**ભાવાર્થ**—સિંહો, સત્પુરૂષો અને ગજેંદ્રો એક સ્થાનકનો ત્યાગ કરીને અન્તાંતર સ્થાને તે ચાલ્યા જાય છે, પરન્તુ કાગડા, કુત્સિત પુરૂષો અને મૃગલાઓ તો ત્યાં રહ્યાં થકાંજ નાશને પામે છે.

આહ ! "મેઘની કાળી વાદળીઓ આકાશમાં ચારે તરફ જ્યાં ત્યાં કેવી દોડાદોડ કરી મુકે છે ? અસ્તાચળમાં પ્રવેશ કરતો સૂર્ય જાણે જગતથી લજ્જા પામેલો હોય તેમ વાદળમાં છુપાતો છુપાતો અસ્તાચળના ડુંગરામાં કેવો ભરાઇ બેઠો છે ! વરસાદનાં સખ્ત ઝાપટાંથી સકળ

લોક પાણી વડે કરીને લીલો કલાર જેવો થયો થકો કેવો રળીયામણો દેખાઇ રહ્યો છે! આજે વર્ષાઋતુના દિવસો હોવાથી સૂર્ય કવચિતજ નજરે પડે છે. એટલુંજ નહિ પણ જ્યારે ત્યારે ગાજવીજ વિજળીયોના ચમકારા અને મેઘરાજાના ધડાકાનીજ ગર્જનાઓ પ્રાણીઓનાં હૃદય ચમકાવી નાંખે છે. અત્યારે વરસાદ ટમ ટમ અને ધીમે ધીમે વરસ્યા કરે છે, શિતળ વાયુની લહરી મુસાફરોના પરિશ્રમને દૂર કરી ચિત્તને પ્રસન્ન કરે છે, આહ! શું રળીયામણો દેખાવ! જગત અત્યારે કેવું શાંત દેખાય છે. અત્યારના જળપ્રવાહ વડે કરીને આર્દ્ર થએલો સુંદર દેખાવ મારા દુઃખિત હૃદયને પણ શાંત બનાવી આનંદના હીંડોળામાં ઝુલરાવે છે. જગતના પ્રત્યાઘાતથી આળુ થએલ મારૂં જીગર ખરેખર અત્યારે એ ઘડી દુઃખને વિસરી ગયું છે, ટમ ટમ વરસાદના વરસવાથી મારાં ફાટાં તુટાં એવાં લુગડાં પણ પલળી ગયાં છે, વારંવાર પાણીના ડોળવા વડે કરીને પગ પણ શ્રમિત થઇ ગયા છે, જળ પ્રવાહના ઠંડકપણાથી સર્વ શરીર ઠંડુ થઇ ગયું છે, શિતળ વાયુની આનંદજનક લહેરીયો શ્રમથી ઉત્પન્ન થએલા શોકનું નિવારણ કરે છે, એવા વિચારનાં આંદોલનમાં અથડાતો એક મુસાફર પોતાના નગર પ્રત્યે ચાલ્યો જાય છે. નગર સમીપે આવતાં રસ્તામાં સંધ્યા સમયે કેટલાંક બાળકો ક્રીડા કરતાં તેણે દેખ્યાં. આહ! આવા સમયમાં પણ આ બાળકો કેવા આનંદથી ક્રીડા કરે છે," ઇત્યાદિક વિચારોને મુસાફર બાળકોને પૂછવા લાગ્યો.

અરે! બાળકો ? "તમે કોણ છો ? અત્યારે આવા વિષમ સમમ સમયમાં તમે શું કરો છો."

હે પથિક! "અમે ભાગ્ય વિનાના એક જાતના ગરીબ મનુષ્યો છીયે અને આ નગરીમાં રહેવાવાળા કામ નામના શ્રેષ્ઠીના અમે કાર્ય કરનારા છીએ. દુઃખને દુર કરવાને અત્યારે અમો ફરીયે છીયે." પેલા બાળકોએ જુવાબ આપ્યો.

અરે ભાઇઓ, "મારૂં કોઇ ગ્રાહક છે." મુસાફર બોલ્યો.

હા! જાઓ ? "હમણાં માળવામાં તમારા ગ્રાહક થશે," તેઓએ જણાવ્યું.

ઇત્યાદિક વચન સાંભળીને ઘેર આવી જેમ તેમ રાત્રી નિર્ગમન કરી પ્રભાતકાળે પોતાનું જે કંઇ હતું તે લઇને પોતાની સ્ત્રી અને પુત્ર સાથે તે માળવે જવાને રવાને થયો કેમકે સેંકડો નગર પ્રત્યે જવું, સેંકડોગમે વિજ્ઞાન કળાઓ શીખવી, અને સેંકડોગમે રાજાઓને સેવવા પણ પોતાનું ભાગ્ય બીજે ઠેકાણેજ રહેલું છે. કેટલેક દિવસે ચાલતા થકા તે ઘણી સંપદાવાળી એવી માંડવગઢ નામક નગરી તેને દરવાજે આવ્યો. માંડવગઢની વર્ત્તમાન જાહોજલાલી દેખીને પોતે વિચાર કરતો હવો. આહા શું આતે સ્વર્ગનું બચ્ચુ હશે કે સ્વર્ગની જમીનનો એક ટુકડો હશે, અથવા તો કુબેરની અલકાવતી તો ન હોય, અથવા રાવણરાયની લંકાતો અહી નથી આવી! આહ! નગરના દરવાજા અને કીલ્લાની કાંગરીઓ સૂર્યના ચળકાટથી કેવી ચળકે છે! ઇત્યાદિક વિચાર કરતો પેથડકુમાર નગરના દરવાજામાં પેસતો હવો, ત્યાં તેને વામ દિશાએ સર્પની ફણા ઉપર રહેલી અને મુખની લીલાએ કરીને સુંદર એવી વારંવાર સ્વર કરતી શ્યામ દેવચકલી દીઠી. વામ દિશાએ રહેલી એકલી કાળી દેવી બોલતી થકી પણ ઘણા કલ્યાણને માટે થાય છે તો પછી કાળા સર્પની ફણા ઉપર રહી થકી શબ્દ કરે તો ઘણા કલ્યાણને કરનારી થાય તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી. આવી રીતના શકુનને દેખતાં પેથડકુમાર મનમાં નવકારનું સ્મરણ કરતા થકા ઉભેલા છે, તેટલામાં એક પુરૂષને તેણે જોયો, તે પુરૂષે આવા ઉત્કૃષ્ઠ શકુન દેખીને અને પેથડને અંદર દાખલ થવાની આતુરતાવાળો પણ નજીક ઉભેલા દેખીને તે બોલતો હવો.

ભાઇ! 'તમે કોણ છો? અને કેમ ઉભા રહ્યા છો" ?

હે મહાપુરૂષ! "મારે આ નગરમાં પ્રવેશ કરવો છે. પણ શકુન અનુકુળ થતા નથી. તેથી હું વિલંબ કરૂંછું." પેથડકુમારે જણાવ્યું.

પેથડકુમારનું વચન સાંભળીને તે પુરૂષ નીતિનો શ્લોક વિચારવા લાગ્યો કે:—

**ननिमित्त द्विषां क्षेमो नचायु वैंद्य द्विषां;**
**न श्री नीतिद्विषां धर्मे द्विषामेत त्त्रयं तुन**

ભાવાર્થ—નિમિત્તીયાનો દ્વેષ કરનારને કલ્યાણ ન હોય. વૈદ્ય

સાથે દ્વેષ કરનારને આયુષ્ય ન હોય, નીતિનો દ્વેષ કરનારને લક્ષ્મી ન હોય અને ધર્મનો દ્વેષ કરનારને એ ત્રણે બાબતો હોતી નથી.

હે પુરૂષ ! "તારી ચતુરાઇને ધિક્કાર છે, કે હાથમાં ચિંતામણી આવેલું છે તેને તું પાષાણ સરખુ માને છે. આ શકુન અંગીકાર કરીને તું નગરમાં જલદી પ્રવેશ કર ? જેથી તું આ માળવદેશની પ્રજાનો સ્વામી અને છત્ર ધરાવનારો થઇશ. કેમકે આ દેવચકલી પોતાના પગ તળે કાળરૂપ સર્પને દબાવીને માઠી ચેષ્ટાવડે કરીને નાચે છે. તે રાજ્યલક્ષ્મીને આપનારી છે. જો કે સ્થાન વિશેષે કરીને તે ખરાબ છે તથાપિ તે ઘણાજ લાભને કરનારી છે, કેમકે કાળથી, દિશાથી, અને સ્થાન વિશેષ થકી તેમજ ચેષ્ટાના પ્રકારથી ભેદ પામીને પંખીઓના શબ્દો પણ શુભ અને અશુભ એમ બન્ને પ્રકારના હોય છે. આવી રીતના શકુનનું અપમાન કરીને થોડીવાર તું નવા શકુન માટે ઉભો રહ્યો, તેથી આ શકુનરાજ તને સંપૂર્ણ ફળદાયક નહિ થાય જેટલું ફળ થશે તે સાંભળી લે; સમગ્ર માળવદેશના સ્વામી સરખો અને ક્રોડો ગમે ધનનો માલેક એવો તું પ્રખ્યાત અને પૂજનીક થઇશ, તારી આગળ માળવનો રાજા પ્રતિબિંબ જેવો રહેશે." એ પ્રમાણે તે પંડિત મુસાફર હસતો થકો જણાવતો હવો.

પૂર્વોક્ત સ્વરૂપ સાંભળતો થકો પેથડકુમાર ખેદ કરવા લાગ્યો, આહા ! "મેં કેટલી ભૂલ કરી. અરેરે ! આવી અજ્ઞાન અવસ્થાને ધિક્કાર છે. દુઃખે કરીને પામવા લાયક એવી રાજ્યલક્ષ્મી તેને માટે આ દુષ્ટ અજ્ઞાનપણું શત્રુરૂપ થયું. હા ! આના કરતાં મરણ પામવું તે હજાર દરજ્જે સારૂં છે, પણ અજ્ઞાનપણું લેશ પણ પ્રશંસવા લાયક નથી. જીવનની કાર્કીદીમાં શાસ્ત્રનું જાણપણું ઘણુંજ ઉત્તમ છે. અરેરે ! મને જો તે દુર્લભ એવી રાજ્યલક્ષ્મી મલશેતો સમસ્ત પૃથ્વી મંડળને જીન પ્રાસાદથી વિભૂષિત કરીશ. વળી હજુ પણ કશું બગાડયું નથી, આ પુરૂષનું બોલેલું વચન કદાચ સફળ થશે, તો હું મારી ઇચ્છાને પૂર્ણ કરીશ. પણ તેનું વચન સત્યજ થવાનુ છે. કેમકે કાન વિંધાયો છતો કુંડળ પહેરે છે. ખરાબ લુગડાંને પહેરનારી કન્યા અલંકાર પામે છે, તાવ શ્વાસ પ્રમુખ પીડાથી દુઃખી થતો પ્રાણી પણ કોઇ વખત નિરોગી થાય છે. તેમ દુઃખીને

દુઃખ થકી ઉદ્ધાર કરવાને શકુન દીપક સમાન છે, હું પણ દુઃખી છું. ધન રહીત થયેલો છું. માટે મને ધન મળશે તો મારી સર્વ આશાઓ પરિપૂર્ણ થશે. એ પ્રમાણે વિચારતો થકો શકુન બતાવનાર ઉપર અત્યંત પ્રીતિ ધારણ કરતો થકો કપટ રહીતપણે પેથડ સોપારી પ્રમુખે કરી તેનો સત્કાર કરતો હવો. પછી તે પેથડ વિસ્તારવંત એવા નગરને વિશે પ્રવેશ કરતાં થકાં અનેક પ્રકારે વિચાર કરવા લાગ્યો. આહ ! "લક્ષ્મી વગર જગતમાં કાંઇ પણ કાર્ય બની શકતું નથી, માણસની કીમત લક્ષ્મીવડે કરીનેજ થાયછે. જગતમાં માણસને લક્ષ્મી ઉપર એટલી પ્રીતિ હોય છે કે તેને મેળવવાને તે અનેક પ્રકારના કાવા દાવા કરે છે. આહ ! જગતની કેવી વિચિત્ર સ્થીતિ છો

" એહદ ભરા કત્તલમેં દેરી મત કરના
દૌલત કે લીયે આદમી કયા કયા નહી કરતા "

સામાન્ય રીતે દરેક મનુષ્યને લક્ષ્મીદેવી ઉપર પ્યાર હોય એવો સાધારણ નિયમ છે, પરન્તુ લક્ષ્મીદેવી એવાં તો ચપળા છે, કે તેવો દરેકને ચપટીમાં રમાડે છે. એકને ઠગીને ધોળે દહાડે બીજાને ઘેર જતાં લગાર પણ શરમાતાં નથી. જો કદાચ નિમિત્તીએ કહ્યું તે પ્રમાણે થાય તો તેની લેશમાત્ર પણ પરવા નહિ કરતાં હું મારા વ્હાલા પિતાની કીર્તિને વધારે શોભિતી બનાવીશ. અને સમસ્ત દ્રવ્યવડે કરીને જગતનું પોષણ કરીશ. હવેતો આ ફાની દુનિયામાં જે મહામૂઢ હોય તેજ તમારી ઉપર રક્ત થઇ તમને સાચવી રાખશે. અને તે પોતાના વિચારમાં બિચારો ઠગાય છે એમ મનેતો સમજાશે. મારી પોતાની ઇચ્છા તમને ઘણી સાચવવાની હતી, પરન્તુ તમે મુને કેવી રીતે દગો દઇને ચાલ્યાં ગયાં કે મને તો તેની માલૂમ શુદ્ધાં પણ પડી નહિ, માટે મુર્ખ હોય તેજ હવે તમારી ઉપર મમત્વ ભાવ રાખે. સમજુ જનો તો તમારા સ્વભાવને સારી રીતે જાણે છે, અને હુંતો મારા અનુભવથીજ તમને ઓળખી ગયો છું. કે તમે ધુતારાંમાં અગ્રણીપદ ભોગવનારાં છો. તમે જે નરને હથેલીમા રમાડોછો. તેનેજ ઊંચો ચડાવીને પલકવારમાં નીચે નાંખી ધો છો, હું જાણું છું કે તમારી આકૃતિ જોઇને માણસ ગાંડુ ઘેલુ થઇ જાય છે. તમારો મોહ માણસને એટલો તો બ્હાવરો બનાવે

છે, કે તે તમારી પ્રાપ્તિથી પોતાનું સર્વસ્વ દુઃખ ભૂલી જાય છે, જગતના પામર મનુષ્ય સરખા પ્રાણી ઉપર તમારી એવી તો જાદુઇ અસર ચાલે છે કે તે બિચારો પોતાની પૂર્વ દશાનું ભાન પણ ભૂલી જાય છે. તમારા કર્મે કરીને રામ લક્ષ્મણ સરખાને પણ કૈકેયના પ્રતાપથી બાર બાર વરસ વનવાસ ભોગવવો પડયો'તો; નળ, દમયંતી સરખાં નૈષધદેશનાં રાજા રાણીને ફાટેલાં લુગડાં વડે જગલમાં ભમવું પડયુ'તું, તેમાં તમારાંજ મૂળ હતાં, પાંડવોની અને કૌરવોની લાખો સેના લડીને પાયમાલ થઇ ગઇ તે ફક્ત હે ચપળે ? તમારેજ માટે ! સુભૂમ નામનો ચક્રી પોતાની સેના સહીત સમુદ્રમાં ડુબી મુવો તે વસ્તુતઃ તો તમારૂજ કારણ હતું. અરેરે ? તમે અનર્થનેજ કરનારાં છો ? તથાપિ મોહી જીવો તમને જોઇને તે તમારામાંજ આસક્ત થઈ જાય છે. તે ફક્ત અનાદિ કાળથી તમારી સાથે પ્રીતિ છે તે માટેજ થતું હોય તેમ જણાય છે મારા સરખાને પણ તમારી ઉપર પ્રતિ તો થાય છે, પણ યાદ રાખો? હું બીજા મૂઢ પુરૂષોની માફક તમારામાં મૂઢ નહિ થાઊં. કેમકે મને સખ્ત ફટકો લાગેલો છે. જગતમાં સમજુ જનો પણ તમારી ચંચળ ગતિ માટે ઘડી દીલગીર થઇ તમારી પ્રાપ્તિનો સદ્ ઉપયોગ કરી તે લોકો પોતાનું જીવન સાર્થક કરશે" એ પ્રમાણે વિચાર કરતો અને આં દોલનો સાથે અથડાતો કંઇક હર્ષ અને કંઇક શોકવડે તે પેથડકુમાર માંડવગઢને વિશે પ્રવેશ કરતો હવો.

## પ્રકરણ ૧૧મું
### "ચિત્રાવેલીની પ્રાપ્તિ
### અને
### "આપત્તિનું વાદળ"

ઇંદ્રની ઇંદ્રપુરીથી અધિક મહિમાવંત અને અનેક પ્રકારની ઋદ્ધિ સિદ્ધિથી પરિપુર્ણ એવી આ માળવાના આભુષણ રૂપી માંડવગઢ નગરીનું અવલોકન કરતી એક ભરવાડણ પોતાને માથે ઘીનો ઘડો મુ-

કીને વિચાર તરંગમાં તણાતી બજારમાં ચાલી જાય છે. આજે હું મારૂં ઘી કોને ત્યાં આપીશ? અરે! આજ મારા સુગંધી યુક્ત ઘૃતનો ગ્રાહક કોણ થસે? કેમ કોઇને ત્યાં આપવાનું આજે મને મન થતું નથી. ત્યારે શું પરમાર કુળમાં ઉત્પન્ન થએલા એવા જયસિંહ રાજાને હું આટલું ઘી ભેટ કરૂં? ના! ના! મારી એટલી હિમત ચાલવાની નથી. ત્યારે હું આગળ ને આગળ ક્યાં ચાલી જાઉં છું? બજાર પણ પુરો થવા આવ્યો, હવે તો દુકાનો થોડીજ બાકી રહી છે. ત્યારે હું કોને ત્યાં આપીશ. પણ હા! હા! ઠીક યાદ આવ્યું, આજનું ઘી રાજાના મહેલની પાસે નવીન દુકાન માંડનાર પેલા લુંણીયા વાણીયાને આપવા દે. તે ઘણીજ પ્રમાણિકતાથી વેપાર કરે છે. ઇત્યાદિક વિચાર રૂપ મોજાં સાથે મનને અથડાવતી તે ભરવાડણ લુણીયા વાણીયાની દુકાને ચાલી આવી. તેની દુકાનમાં ઘીનો ઘડો મુકયો, અને લુણીયા વાણીયા સાથે તે વાતચિત કરવા લાગી.

શેઠ! ઘી રાખવું છે કે? તેણીએ પ્રશ્ન કર્યો.

હા! શેનું ઘી છે? વાણીયે સામો પ્રશ્ન કર્યો.

ઘી ગાયોનું છે. અમો ભરવાડ છીએ. અને જંગલમાં ગાયો રાખીએ છીએ તેનું જે ઘી થાય છે તે અમે શહેરમાં વેચીયે છીએ તે ઉપર અમારૂં ગુજરાન અમે ચલાવીએ છીએ, તેણીએ જુવાબ આપ્યો.

ત્યારે તમે તો કોઇ દિવસ અમારી દુકાને ઘી લાવતાંજ નથી, અહીંઆં હમારી દુકાન ઘણા વખતથી ચાલે છે. હમે થોડી થોડી દરેક વસ્તુ, પરચુરણ સામાન વગેરે દુકાનને વિશે રાખીએ છીએ. વાણીયે કહ્યું.

શેઠ! હવેથી હું ઘી દરરોજ તમારી દુકાને લાવીશ. આજનું ઘી તો તોળી લ્યો, તેણી પોતાના મૃદુ અધરોષ્ઠ ફરકાવતી બોલવા લાગી.

વાણીયાએ ઘીના ઘડાનો સંતોલો કરીને ઘીનો ઘડો ખાલી કરવા માંડયો. ઘડામાંથી કેટલીક વાર સુધી ઘી કાઢવા માંડયું તથાપિ લેશ માત્ર પણ ઓછું થતુ નથી. તેથી ડાહી માનો દિકરો વાણીયો વિચાર કરવા લાગ્યો કે આ ઘડાને મુકવાને તેની નીચે રહેલી ઉઢાણી તે ચિત્રાવેલીની હોવી જોઇએ. કેમકે ચિત્રાવેલીમાં એવો ગુણ

હોય છે કે તેની ઉપર રહેલા વાસણમાંથી ઘી રાત્રી દિવસ કાઢયાજ કરો, તોપણ તેમાંથી લેશ માત્ર પણ ઓછું થતું નથી. મહાન્ ભાગ્યવત પ્રાણીનેજ ચિત્રાવેલીની પ્રાપ્તિ થાય છે. અને આજે તે મારે ઘેર બેઠે આવી ચડી છે, માટે તેનો સત્કાર કરવો જોઇએ; કોઇ દિવસ નહિ આવનારી:આ ભરવાડણને દૈવેજ મારી દુકાને મોકલી છે. વળી એની ઉપર રહ્યું થકુ ઘી કોઇ પણ કાળે બગાડપણાને પણ પામતું નથી. તેમજ ઉલટુ સુગંધમય રહે છે. આહ ! જગતમાં ચિત્રાવેલીનો પ્રભાવ ચિંતામણી રત્ન અને કલ્પવૃક્ષના જેવોજ છે. વગેરે લક્ષણોથી ચિત્રાવેલીને ઓળખવાથી ભરવાડણને દ્રવ્ય આપીને ચિત્રા વેલીની ઉઢાણી સહીત ઘડો લેઇ લીધો. હવે તે ઘડામાં અક્ષય અને સુગંધમય ઘી થતું હવું. જ્યાં જ્યાં તે ઘી જવા લાગ્યુ, તે લોકોને તે ઘી વગર લેશ પણ ચાલતુ નહિ. ધીરે ધીરે તેના સુગંધીમય ઘીની પ્રખ્યાતિ વૃદ્ધિ પામવા લાગી. તેની સાથે તેમને ભાગ્યદેવી પણ પલટાવા લાગ્યાં, તેમના અવળા પાશા હવે ફરવા લાગ્યા, ચિરંકાળ પર્યન્ત રૂષ્ટ થએલાં મહાદેવી હવે આસ્તે આસ્તે મહેરબાનીની ઝાંખી ઝાંખ દેખાડવા લાગ્યાં.

માંડવગઢના નામદાર મહારાણા જયસિંહદેવ નિરંતર ભોજન કરવાને સમયે તે વાણીયાની દુકાનેથી ઘી લેવાને હમેશાં દાસીને મોકલે છે. કેમકે રાજા તે ઘી ઉપર અત્યંત રીઝ થઇ ગયો છે. તેથી તે ઘી વગર તેને ભોજન જરા પણ ભાવતું નથી જ્યારે તે લુણીયા વાણીયાનું ઘી આવે છે, ત્યારેજ તેને સંતોષ થાય છે, એમ કરતાં થકાં કેટલોક કાળ વહી ગયો.

એક વખત પોતાના પુત્રને દુકાને બેસાડીને લુણીયો વાણીયો ભોજન કરવાને ઘેર ગયો. તે કુમાર દુકાને બેઠેલો છે. તેવા સમયમાં રાજાની દાસી રાજાને માટે ઘી લેવાને આવી. તે દાસી કુમાર પાસે ઘી માગતી હવી. તેવારે ચતુર પુરૂષોમાં અગ્રણી એવો બુદ્ધિવંત કુમાર વિચાર કરવા લાગ્યો. કે અરે ? આ રાજા કેવો છે, કે દરરોજ વેચાતું ઘી લઇ જઇને તેનું ભોજન કરે છે, તે રીવાજ ખરેખર પસંદ કરવા લાયક નથી. માટે તે રીવાજનો મારે સત્વર નાશ કરવો જોઇએ, તેમ કરવાને માટે આ દાસીને આજે પાછી કાઢવા દો. તેને ઘી આપવું નથી, ભલે ! રાજા રોષાયમાન થાઓ કે તુષ્ટમાન થાઓ!

તો પણ મારે તો ગુણકારીજ છે એ પ્રમાણે વિચાર કરીને તે બોલવા લાગ્યો.

હે દાસી! જા? રાજા સાહેબને ફરમાવજે કે ઘી તો આજે તમારા લાયક નથી, માટે મને પાછી મોકલી છે.

અરે કુંવર! રાજા બહાદુર ભોજન કરવાને બેઠા છે, તે માટે થોડુ ઘણું તો ઘી આપ? દાસી પોતાના રક્ત ઓષ્ઠને ફરર ફરર ફરકાવતી બોલવા લાગી.

હે ભોળી ભાટકી? તને એક વખત કહ્યું, તથાપિ વારંવાર બોલવાવડે કરીને પણ આજે તને એક ટીપું માત્ર ઘી પણ હું આપવાનો નથી. જા તારાથી જેટલુ થાય તેટલું તું કરી લેજે, અને તારો રાજા પણ ફાવે તેમ કરે પણ મારે ઘી નથી આપવું. કુમારે પોતાની જુવાનીના ઉચ્છળતા વેગથી ચોખુ ને ચટ્ટ જેવું દાસીને પરખાવી દીધું.

કુમારના આવા તીક્ષ્ણ જુવાબથી દાસી મલીન મુખવાળી થઇને રાજાની પાસે આવીને તેની પાસે બેઠેલા સામન્તાદિકના સાંભળતાં થકાં કુમારનો રોકડીયો જુવાબ રાજા સાહેબને તરતજ પરખાવી દીધો. કુમારનો રોકડીયો પરખાવેલો જુવાબ દાસીના મુખથી સાંભળી રાજા રોષાયમાન થયો થકો ભોજન કરીને તુરતાતુરત લુણીયો વાણીયો કે જેનું નામ પેથડ છે તેને બોલાવવાનો એકદમ સુભટોને હુકમ આપતો હવો. રાજાના સુભટોએ પેથડને ઘેર જઇ તેને રાજાનો હુકમ પરખાવી દીધો.

પધારો સાહેબ? રાજા સાહેબ આપને એકદમ જ્યાં બેઠા હો ત્યાંથી ઉઠીને આવવાને બોલાવે છે.

સુભટોનો હુકમ સાંભળીને પેથડ ભયભીત થયો થકો સુભટોની સાથે રાજાની પાસે આવવાને પગલાં માપવા લાગ્યો. ભયથી વિહવળ થએલા હૃદયમાં અને પ્રકારની વિચાર સંકલના ચાલવા લાગી. અરે? દૈવ આ વળી કયાં પીડા જાગી? અકારણે રાજાનો કોપ કેમ થયો! માણસ જાતિને ક્યારે પણ સુખ નથી. મહાકષ્ટથી સંચય કરેલું દ્રવ્ય આ રાજા હવે જરૂર પડાવી લેશે. કેમકે તેને કોણ પૂછનાર છે! અરેરે? કીડીનું સંચય કરેલું ધન શું તેતરપક્ષી

નથી ખાતુ ? આવી ચિંતારૂપી સમુદ્રમાં ડુબેલા પેથડને સુભટ રાજા પાસે લઇ ગયો.

રે વેપારી ? તું દાસીને ઘી કેમ આપતો નથી ! ક્રોધથી રક્ત થએલા નેત્રવડે રાજાએ તેને દમ ભરાવ્યો.

હે દેવ ? દાસી ઘી લેવા આવી તે વખતે હું દુકાને નહોતો મારો પુત્ર ઝાંઝણ દુકાને બેઠો હતો, તેણે ઘી કેમ ન આપ્યું તે હું જાણતો નથી. મંદમંદ સ્વરથી બીતાં બીતાં પેથડે વ્યાજબી કારણ જણાવ્યું.

હે સુભટ ! જાઓ ? ઝાંઝણકુમારને દુકાનેથી જલદી બોલાવી લાવો ? રાજાએ એકદમ સુભટને રોકડીયો હુકમ પરખાવી દીધો.

સુભટો તરતજ ઝાંઝણકુમારને રાજાની સન્મુખ ઉભો કર્યો.

પોતાના પુત્રને ઉભેલો જોઇ પેથડે હૃદયમાં બહુ દુઃખી થયો એક ઘડીવારમાં તેના હૃદયમાં ઘણા વિચારો આવી ગયા. અરેરે ? મેં આ શું કર્યું? પુત્રને દુકાને ન બેસાડયો હોત તો પણ ઠીક થાત, પરન્તુ દૈવ વિપરીત આવે છતે માણસની બુદ્ધિ પણ વિપરીત થાય છે. માણસ વિચાર કરીને કાર્ય કરે છે, તથાપિ દૈવ તેને એવો તો ફટકો લગાવે છે કે તે બિચારો હતાશ થઇ પાછળથી પશ્ચાત્તાપના સમુદ્રમાં ઘણાક કાળ સુધી ગોથાં ખાધા કરે છે, માણસ સરખા અતુલનીય શક્તિ ધરાવનાર પ્રાણીની તીક્ષ્ણ બુદ્ધિ પણ દૈવની જુલમીગાર સત્તાની આગળ હતાશવાળી થઇ જાય છે. એટલુંજ નહિ પણ તે વિનશ્વર બી થઈ જાય છે. અરેરે! સોનાનો મૃગ કોઇ દિવસ સાંભળ્યો નથી. અને દેખ્યો પણ નથી, તથાપિ સુવર્ણના ચર્મની સીતાને કંચુકી પહેરવાની ઇચ્છા થઇ. તેની ઇચ્છાને આધિન થએલા રામનીશું મૃગલો મારવાની વિપરીત બુદ્ધિ ન થઇ ? ખરેખર વિષમ કાળમાં માણસોની બુદ્ધિઓ મલીન થાય છે મોટા પુરૂષોની બુદ્ધિ પણ વિપરીત થઇ જાય છે કહ્યું છે કે—

## સોરઠો.

“રાવણ તણે કપાળ, અઠ્ઠોતરાસો બુદ્ધિ વસે;
લંકા ફીટણ કાળ, એકે બુદ્ધિ ન સાંભરી.”

અહા ? એકસોને આઠ બુદ્ધિને ધારણ કરનાર પ્રતિવાસુદેવ રાવણરાયને પણ લંકાના વિનાશકાળને અવસરે એક પણ સુબુદ્ધિ સાંભળી નહિ. માટે દૈવની પ્રબળતા આગળ રામ, રાવણ અને કૃષ્ણ સરખા પણ રાંક જેવા છે, નળરાજાને ધુત રમાડવામાં કોઇપણ કારણ હોય તો તે હે દુર્દૈવ! તું ને તુંજ છે. યુધિષ્ઠિર જેવા ધર્મરાજાની સત્યવતી બુદ્ધિને પણ તેંજ ફેરવી નાંખી તેને ધુત રમાડવામાં પ્રીતિ કરાવી તેમને પાયમાલ કરી નાંખ્યા. રાવણ સરખા પ્રખ્યાત નરવીરનો પણ હે દુર્દૈવ? તેંજ નાશ કરાવ્યો. હા ? તારા સપાટામાં સપડાયેલાને તું સારી રીતે ક્યાં પસાર થવા દે છે ? અરેરે! મોટા લોકોનું પણ તારી આગળ કાંઇ ચાલતું નથી. તારાથી હતાશ થએલા સર્વ કોઇ તારે માટે દુઃખથી હાથ ઘસતા થકા અશ્રુનાં બે બિંદુઓ સરકાવી તારી પ્રત્યે ધિક્કારની લાગણીઓ દર્શાવે છે, તારી પ્રબળ સત્તાથી સર્વ કોઇ દીન સરખા બની ગયા છે. કહ્યું પણ છે કે—

"ઇંદ્ર ચંદ્ર ચક્રીને, ગ્રહની ગતિ આધિન છે,  
દૈવની ન્યારી કળા, જ્યાં સકળ પ્રાણી દીન છે,  
આશા અનોપમ વેલડી, પળવારમાં છુદાય છે;  
જીવન રૂપી નૌકાખરે, સાગરમાંહે લુંટાય છે."

ખેર ? બનવાનું તે બની ગયું છે હવે આપણો કાંઇ ઉપાય નથી. રાજા પુત્રને શું કરે છે તે જોવા દે. પાણી પીધા પછી ક્યાં ઘર પૂછવાને જઇએ ? જેમ દૈવની મરજી હશે તેમ બનશે. આપણું ધાર્યું કાંઇ બનવાનું નથી. ઇત્યાદિક વિચારમાં ગરકાવ થએલા પેથડની આંખને રાજાની ક્રોધથી નિકળતી ગર્જનાએ ચમકાવી.

ઝાંઝણ કુમારને બોલવા જતો રાજા તેને નિર્ભય દેખીને વિચારમાં પડી ગયો, આહા ? આ તરૂણકુમાર કેવો નિર્ભય દેખાય છે! અરે ? ક્રોધથી રક્ત થએલું મારૂં વદન જોઇને તેને લગાર ભય ઉપજ્યો હોય એમ જણાતું નથી. મારા પલકારા માત્રથી સર્વ કોઇ ત્રાહ પોકારી જાય છે. મારી રક્ત આંખથી સુભટો પણ બિચારા ત્યાંને ત્યાંજ ઠરી જાય છે. ત્યારે આ સિંહના બાળક સરખો કેવો નિર્ભયપણે ઉભો છે. આ કુમાર ખરેખર સાહસિક પુરૂષોમાં અગ્રણી છે, અને ચતુરમાં શિરોમણી સરખો જણાય છે ? કેમકે જેણે મારી લેશ પણ

પરવા નહિ કરતાં મારી દાસીને રોકડે રોકડો બોલ પરખાવી દીધો, અને તારે થાય તે કરી લેજે, આ પ્રત્યાઘાત તેણે ઘણોજ સખત કરેલો છે. તે ખરેખર તેની ઉદ્ધતાઈ નથી, કેમકે વાણીયાના લડકા બડા શયતાન હોય છે. તેઓ પૂર્વાપરનો વિચાર કરનારા એવા ખરેખર ઉસ્તાદ ગુરૂના મુંડેલા હોય છે. જે કામ તેઓ કરવા ચાહે છે તેને માટે ભવિષ્યનો પૂરતો વિચાર કરવાને તે બેદરકાર રહેતા નથી. તેઓ હરણીયા સરખા બીકણ હોય છે, તથાપિ કુદરતે તેમનામાં ચાતુર્યતાનો અદ્ભૂત ગુણ મુકેલો છે. લોકમાં પણ કહેવત છે કે " વાણીયા વગર રાવણનું રાજ્ય ગયુ " ખરેખર એ કહેવત વ્યાજબી છે. વાણીયો કોઇ પણ ઉપાયને અશકય એવી બગડેલી બાજીને પણ પોતાની બુદ્ધિવડે કરીને પલકવારમાં સુધારે છે, ને સુધરેલી બાજી હોય પણ તેને રૂચતી વાત ન હોય તોતે તેને કોઇ પણ કારણ પામીને બગાડી નાંખે છે. વાણીયાની જાત કાગડા જેવી ચંચળગતિવાળી હોય છે. દેવતાને પણ ઠગવામાં કુશળ એવો વાણીયો પામર મનુષ્યથી કેમ ઠગાય ? અત્યારે ક્રોધ યુક્ત થએલો હું બન્નેને સખ્ત શીક્ષા કરવાને તૈયાર છું. પણ મને ખાતરી છે કે તે બચ્ચો ! શિક્ષાને બદલે મારી પાસેથી શિરપાવ લઇને વિદાય થશે " **आकृति गुणान् कथयति** " તેની આકૃતિજ તેના ગુણનું વર્ણન કરી આપે છે અને આ મારા વિચારો કેવા છે તે પલવારમાંજ નક્કી થશે. ઇત્યાદિક વિચારની શ્રેણિમાં પસાર થતો રાજા બોલવા લાગ્યો, કે હે ઝાંઝણ ? તે શા માટે ઘી ના આપ્યુ ? હું તને સખ્ત શિક્ષા કરીશ.

---

# પ્રકરણ ૧૨ મું.

## " દુઃખમાંથી પ્રગટેલું ભાગ્ય "

**उत्साह संपन्न मदीर्घसूत्रं**
**क्रियाविधिज्ञं व्यसने ष्वसक्तम् ।**
**शूरं कृतज्ञं दृढसौहृदंच**
**लक्ष्मीः स्वयं याति निवास हेतोः ॥**

**ભાવાર્થ**—ઉત્સારે કરીને સહીત હોય, કોઈ પણ કાર્યમાં ઢીલો ન હોય. સમયને જાણનારો વળી વ્યસનને વિશે આસક્ત ન હોય, કર્યા ગુણનો જાણકાર હોય, દઢ મનનો હોય, સુહૃદભાવ રાખનારો હોય, તેને લક્ષ્મી જે તે પોતાની મેળેજ આવીને વરે છે,

હે રાજન્ ! મેં ઘી દાસીને ન આપ્યુ. તેથી હું આપના ક્રોધનું કારણ થયો, પણ સાહેબ ? લગાર મારી વાતતો સાંભળો. પછી આપને યોગ્ય લાગે તો શિક્ષા કરજો,હું જેવો ઘી લેવા ઘરમાં ગયો તેટલામાં મારા સન્મુખ ત્રાડ મારતી એક છીંક થઇ, તે વખતેજ મારા મનમાં સંદેહતો ઉત્પન્ન થયો'તો કે રખેને આ ઘીને વિશે સર્પ પ્રમુખનું વિષતો નહિ હોય ? અરેરે ? પ્રાયઃ કરીને ઘીનુ ભાજન રાત્રીને વિશે ઉઘાડી રહી ગયું હોય તેમ દેખાય છે. તેથી ઝેર પ્રમુખનો ઉપદ્રવ હોય અથવા દુશ્મનોએ લાલચને વશે કરીને પોતાનું કાર્ય સિદ્ધ કરવાને કદાપિ વિષ નાંખ્યુ હોય તો અમે વાણીયાભાઇ નાહક માર્યા જઇએ કેમકે અધમપુરૂષો કષ્ટની પરંપરાને જોતા નથી તેથી રાજાનું રક્ષણ કરવાને માટે પીવાના કલશ વગેરેનું પણ તાળા પ્રમુખે રક્ષણ કરવું પડે છે, વળી શત્રુઓનો તમારે વિશ્વાસ કરવો જોઇતો નથી. મિત્રનો પણ વિશ્વાસ ન કરવો, એવું હે રાજન્ ! તમે જાણો છો. તો હવે આળસુ થતા નહિ. કેમકે ઘણો દ્વેષ, પ્રમાદ, અને આળસ પ્રાણીઓના શરીરમાં વાસ કરે થકે તેને ક્યાંથી કલ્યાણ હોય ? વળી જે દેવે તમને રાજ્ય આપેલું છે, તેજ દેવ તમારૂ કષ્ટ સ્ખલાયમાન કરવાને અર્ગલા સમાન છે. વેચાતું ઘી લાવીને ખાવાથી તો કોઇ જાણે નહિ; પરન્તુ અપકીર્તિથી તો દરેક દિશાઓ મલીન થશે, કેમકે ચંદ્રમા લોકો વડે કરીને કલંકીત કહેવાય છે, અને અંજનગિરિ કાળો છે છતાં તેના ગુણથી તે કલંકી કહેવાતો નથી, વળી અમારા સરખાને ઘેર પણ બે ત્રણ દિવસનું ઘી આગળથી હોય છે, અને તમેતો દેશાધિપતિ કહેવાઓ છો, તથાપિ એક દિવસનું પણ આપના ઘરમાં ઘૃત ન હોય તે નવાઇ જેવું ગણાય ! હે રાજન્! તમારી આ રીતિ શું તમને વ્યાજબી લાગે છે? શત્રુ પ્રમુખ લોકો કદાચિત્ ગઢ રોકે છતે ઘી પ્રમુખનો સંગ્રહ વિના કેમ ચાલે ? પછી અગ્નિ લાગે ત્યારે કુવો ખોદવા માંડીયે, તેના

કરતાં પ્રથમથીજ અગમચેતી બુદ્ધિ વાપરી કોઇ પણ કાર્ય કરવું તે સારૂં છે. વળી હે રાજન્! રાજ્યમાં શું ચાલે છે? તેની તમને કંઇપણ ખબર નથી, તમારા પ્રધાનો કપટી છે, જે રાજ્યમાં દુષ્ટ અધિકારી પુરૂષો છે તે રાજાને અને રૈયતને ધન હોઇ શકેજ નહિ; એ વાસ્તવિક રીતે સત્ય વાત છે. હે રાજન્ ! જે પ્રધાન રાજાને હિત કાર્ય કરવા દે અને અહિત થકી નિષેધ કરે. વળી રાજાના અર્થને તત્કાળ સિદ્ધ કરનારો હોય. તેજ પ્રધાન સર્વ અધિકારી મંડળમાં અગ્રેસર જાણવો. કહ્યું છે કે કેટલાક મંત્રીઓ પ્રતિબિંબની સરખા હોય છે, તો કેટલાક અંકુશના સરખા હોય છે, કેટલાક આરીસાના જેવા હોય છે અને કેટલાક દીપકની ઉપમા સરખા હોય છે. વળી હે રાજન્! તમારા પ્રસાદથી બીજુ ધી છે તેમાં કોઇ પણ જાતની ન્યુનતા નથી, માટે જો આપની આજ્ઞા હોય તો તે આજ્ઞા ઉલ્લંઘન કરવાને કોઇ સમર્થ નથી. બાળકથી પણ હિતને ગ્રહણ કરવુ. એવું જાણનાર આપને હિત લાગે તેમ કરો ! આપ તેને માટે મુખત્યાર છો. એમ જાંગુલી વિદ્યાના જેવી વાણી ઝાંઝણકુમારે રાજાને સંભળાવી દીધી.

ઝાંઝણ કુમારની યુક્તિ યુક્ત વાણી સાંભળી જેનો ક્રોધ સમી ગયો એવો રાજા ચિંતવવા લાગ્યો, આહ! મેં પ્રથમજ ધાર્યું"તું કે આ કુમાર મહાબુદ્ધિવંત છે. અને ભવિષ્યમાં પણ તે મહાન્ બુદ્ધિવંત નિવડશે. એવાં અત્યારથીજ તેનાં લક્ષણ જણાય છે. આ કુમાર બાળક છે તોપણ તે મોટા પુરૂષોના જેવું ગંભિર્યપણું ધારણ કરે છે, માટે આ ઝાંઝણકુમાર તેનાપિતાની સાથે મારે પ્રધાનપદને યોગ્ય છે, એવું વિચારી તરતજ મહા મુલ્યવાળાં વસ્ત્ર આપીને આજથીતેમને સર્વ મુંદ્રાના અધિકારી કર્યા. સોનાની મુદ્રિકાએ સહીત જેની અંગુલીયો છે તથા કોકનદ સોનાનાં કડાં હાથને વિશે ધારણ કર્યા છે, એવા તે બન્નેની સુંદર મુર્ત્તિ જાણે લક્ષ્મીનેજ આશ્રયીને હોય. તેમ શોભતા એવા તેમને વિસર્જન કર્યા. હવે અનુક્રમે તે જીન શાસનરૂપી આકાશને વિશે અલ્પકાંતિ વાળા એવા શ્રાવકોને તારવા વાળા અને દ્વેષીરૂપી અંધકારને હરણ કરવાવાળા થયા, કેમકે જીનદેવ તેમજ જીનશાસનની ભક્તિ કરનાર રાજા, મંત્રી. શ્રાવક. બળવંત, સાહસિક એવા આચાર્યએ પાંચ જણ જૈનધર્મને ઉદ્યોત કરનારા જાણવા, હવે સુખે સમાધે પ્રધાનનું ખર્ચ ચાલે તે માટે રાજા

ગામ પ્રત્યે એકેક રૂપીયો દરેક વરસે આપતો હવા. આજથી માર્ગ પ્રમુખને વિશે ચાલતાં થકાં પણ ઘણા જણ જેને પગે લાગે છે. તેમજ જ્યાં ત્યાં સન્માનપણું પણ તેઓ પામ્યા, તે માટે પોતાની વચન કળા કયાંઇ પણ મિથ્યા થતી નથી, કેમકે વપુ, વચન, વસ્ત્ર, વિદ્યા અને વૈભવએ પાંચ પ્રકારવડે માણસ જ્યાં ત્યાં મોટાઇપણું પામે છે ? માટે ઘણા મહિમાનું ઘર વાણીજ છે. જેમ ન્યાય લક્ષ્મીને આપનાર છે. સોનાના પિંજરમાં નિવાસ કરનારો પોપટ સારી એવી વાણીને પામે છે. લક્ષ્મીને ઘેર રહેલો હાથી વાહનપણું પામે છે, તેવી રીતે નવીન આવસ સ્થાનમાં રહેનારા મંત્રી પેથડકુમાર મોટાઇપણાને પામતા હવા. અપાર એવી વ્યાપારીક કળામાં બુદ્ધિવંત એવા પેથડકુમાર બીજા લોકો વડે સેવાયા થકા ઘણા લોકોને કર રહીત કરતા હવા. અને પોતે પણ કર રહીત થયા. કેમકે જે માણસ પોતે પોતાનુ ભલુ કરે છે તે પારકાનું પણ ભલુ કરવામાં પ્રત્તેહમંદ નિવડે છે. એવો સૃષ્ટિનો સામાન્ય નિયમ છે. વળી પાણી વડે કરીને સમુદ્ર જેમ મેઘને અધિકારી કરે છે, તેમ ધનવાળા સર્વ અધિકારમાં રાજા તેને મુખ્ય અધિકારી કરતો હવો. તે પછી નજીકના બીજા મદોન્મત રાજાઓને તે પેથડકુમાર પોતાની બુદ્ધિવડે કરીને વશ કરતા હવા. કેમકે બુદ્ધિવાન્ મનુષ્યો અમોઘ કાર્યને પણ સિદ્ધ કરી શકે છે. મોટા મોટા હાથીઓ પણ શું બુદ્ધિ-થી વશ નથી કરાતા ? મૃગેંદ્રો પણ બુદ્ધિથી શું પંજામાં નથી સપડાતા ? અરે ! અભયકુમારે ચંદ્રપ્રદ્યોતનને શું બુદ્ધિથી નથી જીત્યો ! વળી ચદ્રપ્રદ્યોતનને એક મૃગાવતી સ્ત્રીએ બુદ્ધિવડે કરીને શું નથી જીત્યો ? ડામર નામના મંત્રીએ ભોજ રાજાને શું બુદ્ધિવડે નથી વશ કર્યો ? આ બધો બુદ્ધિનોજ પ્રભાવ જાણવો. એમ કરતાં કેટલોક કાળ ગયે થકે પેથડકુમાર ઘણા આડંબર પૂર્વક દીલ્હીના રહેવાસી ભીમ નામના મોટા વ્યવહારીયાની પુત્રી સૌભાગ્યદેવીના સાથે ઝાંઝણ કુમારને પરણાવતા હવા, તેની સંગાથે નિર્મળ સ્નેહથી વિષય સુખનો અનુભવ કરતાં કેટલોક કાળ ચાલ્યો ગયો.

સૂર્યનાં કિરણો જગતમાં વિકસ્વર થયેલાં છે. લગભગ દશ વાગ્યાનો સુમાર થયો છે. આજનો દિવસ સર્વને રળીયામણો છે, કોઇના કેવા વિચારો હોય છે ત્યારે કોઇ કેવાએ વિચારમાં ગુંથાયેલા છે, માનવ પ્રકૃતિના ભિન્ન ભિન્ન વિચારો ખરેખર કોઇને લાભ કરનારા તો કોઇ વખતે કોઇને નુકશાન કરનારા બી થઇ પડે છે, કોઇનો સ્વભાવ

ઉદાર હોય છે ત્યારે કોઇનો સ્વભાવ લક્ષ્મીની વિપુલતા છતાં પણ સંકોચિત હોય છે. એ જગતની વિચિત્રતાજ છે. જોકે સંકોચિત સ્વભાવનું માનવ પ્રાણીને પ્રથમ યથાર્થ ભાન થતું નથી, પરન્તુ પાછળથી જ્યારે નુકશાન થાય છે ત્યારે તેની આંખથી અંધકારના પડદા ખુલ્લી જાય છે. અને પાછળથી તે પસ્તાય છે. ઉદાર દીલના મનુષ્યો કવચિત્ જગતમાં ઉડાઉપણે પણ ખપી જાય છે. માટે એજ વધારે સારૂં છે કે પ્રાણી માત્રને વસ્તુ સ્થીતિ વિચારી યોગ્ય રસ્તે ચાલવુ. માહારાણા જયસિંહદેવ એક વખત સ્નાત્ર મંડપમાં સ્નાન કરવાને બેઠેલા છે. પોતાના સેવકો શરીરે તેલનૂં મર્દન કરી રહ્યા છે. એટલામાં રાજાના શરીરથી તેલનું ટીપું જમીન ઉપર પડયું તે રાજાએ આંગળીથી લુઇ લઇને પોતાના પગે ઘસ્યુ. આહ ! કેવી નવાઇની વાત ? લાખોના શિરપાવ કરનારો રાજા તેલના છાંટાનો આજે લોભી થયો. આ દેખાવ જોઇને કન્યકુબ્જ (કનોજ) દેશથી આવેલા પ્રધાનો ખેદાયમાન થયા. અરેરે ? અમારા રાજાની પુત્રી કમલમુખી એવી લીલાવતી કન્યાને તો આ રાજા માટે કેટલો બધો લોભ છે? અરરા તેને તો આવા કૃપણ રાજાનેજ પરણવાની રઢ લાગી છે. વળી તેણીના પિતાએ (કનોજના રાજાએ) અનુમતિ આપીને અહીં કન્યાને પરણાવવા મોકલી છે. પણ શું કરીએ? કયાં અમારી ઉદાર દીલવાળી કન્યા લીલાવતી ! અને કયાં આ કૃપણ રાજા ! તેની સાથે અમારી કન્યાનો સંબંધ કેમ થશે! માટે અમે તો કન્યાને પાછી લઇ જઇશું. ને આ વાત રાજાને નિવેદન કરીશું. કેમકે સાકર અને કાંકરો કયારે પણ સરખાં થાય ખરાં કે? કલ્પવેલી અને કેરડો કોઇ દિવસ સરખામણી કરી શકે ખરાં કે ? હંસી અને કાગડાનું કોઇ દીવસ જુગતે જોડુ મળી શકે ખરૂં કે ? અરે ક્યારે પણ નહિ ? માટે રાજાની રજા લઇને હવે અમે અમારે દેશ જઇશું. આવી રીતે ગમનશીલ સ્વભાવવાળા પ્રધાનોને રાજાએ જાણીને તેનું કારણ તેલનું બિંદુજ હોવું જોઇએ, તેમ તે કલ્પના કરવા લાગ્યો. એટલામાં તેને એક વિચાર સુજી આવ્યો, એટલે પ્રધાનને બોલાવી કહેવા લાગ્યો ? હે પેથડકુમાર ! આજે રાત્રીએ સ્વપ્નાને વિશે મેં ખરજથી જર્જરી ભૂત થએલા ઘોડાઓને ઘીનું સ્નાન કરાવવાથી સારા થએલા દીઠા, એ સ્વપ્નાનું શું ફળ થશે ?

ઘોડાના શરીરને વિશે ખરજતો હોય છે માટે તે ઉપાય કરવો જોઇએ, આદિત્યવારને દિવસે સાત ઘોડાઓને ઘી વડે નવરાવો.

પછી તે ઘી બ્રાહ્મણને આપે ? બ્રાહ્મણોના ઘીના દાનના મહિ· માથી ઘોડાઓની ખરજ મટી જશે. માટે એક મોટો કુંડ આરસ પત્થરે કરીને બંધાવી તેની સાંધો બરોબર પુરાવી નગરના લોકો પાસે ઘી વડે કરીને ભરાવો. પોતાની પાસે બેઠેલા સ્વપ્નાના જા- ણનાર પુરૂષે એવી રીતે સ્વપ્નાનું રૂપ કહી બતાવ્યું.

હવે રાજાની આજ્ઞા વડેકરીને મંત્રી પેથડકુમારે પત્થરનો એક મોટો કુંડ તૈયાર કરાવી તેની નીક પોતાના ઘર સુધી ક- રાવી. કેમકે તેણે ધાર્યું કે લોકો પાસેથી ઉઘરાણી કરીને ઘી કઢાવીશું તો આટલા વખત સુધી કરેલા પ્રજાના ઉપકારને વિસરાવી એક થોડ કાર્યને અર્થે શામાટે તેમને પીડા કરનારો થાઉં. ? વળી મારી લક્ષ્મી મારે શા કામની છે! એમ વિચારતો થકો તેણે ચિ- ત્રાવેલી સહીત ઘડો લઇને નીકમાં વહેવડાવતો થકો પોતાના ઘેરથી નીકને રસ્તે કુંડને સંપૂર્ણ રીતે ભરતો હવો. પછી સેવક લોકોએ ઘોડાઓને ઘીને વિશે નવડાવીને તે ઘી બ્રાહ્મણોને આપી દીધું. ને ઘોડાઓને પણ ઉષ્ણ પાણીથી ફરીને નવડાવીને ઘોડારને વિશે બાંધ્યા, આ બનાવ દેખીને કન્યકુબ્જ દેશના પ્રધાનો આશ્ચર્ય પામતા હવા. ઓહો ! આ રાજા તો નવાઈ જેવો દેખાય છે, કેમકે ઘોડાઓને નવડાવવે કરીને ઘીને પાણીની બરોબર કરે છે. અકાર્યને વિશે તો તે છાંટો પણ આપતો નથી ને કાર્ય પડે છતે હજારો ઘીના ઘટ પણ આપી દે છે. એવી રીતે કોઇ પણ કાર્ય પડે છતે ક્રોડો ગમે દ્રવ્યને તૃણ સરખુ ગણે છે. અને અકાર્યમાં એક પાઇ પણ આપે તેવો નથી. એમ અનેક રીતે રાજાની ઉદારતાનાં વખાણ કરતા થકા પ્રસન્ન ચિત્તવાળા થઇને મોટા મહોત્સવ વડે કરીને તે કન્યા રાજાને પરણાવતા હવા. પછી કેટલાક દિવસ સુધી પ્રધાનોને રાખીને રાજાએ તેમને સત્કારપૂર્વક વિસર્જન કર્યા. લોકો પાસેથી ઘી ન લેતાં સર્વ ઘી પેથડકુમારે પોતાના ઘરમાંથીજ આપ્યું એવી વાત ઝાંઝણ કુમારના મુખથી સાંભળી રાજા સભાને વિશે પેથડકુમારનાં અત્યંત વખાણ કરવા લાગ્યો. અરે ! લોકો આ પેથડકુમાર કટલા બધા મોટા દિલનો છે, જેણે સમસ્ત ઘી પોતાના ઘરમાંથી કાઢ્યુ, પણ કોઇનું દિલ દુખાવ્યુ નથી. ધન્ય છે ! પ્રજાનું હિત કરનારા એવા પ્રધાનોને ! કે જેણે પ્રજા ઉપર તો ઉપકાર કર્યો એટલુંજ નહિ પણ મારૂ કામ બી તેણે સત્વર સિદ્ધ કરી આપ્યું.

એમ અનેક પ્રકારે રાજા પેથડકુમારનાં વખાણુ કરવા લાગ્યો. નગરના વ્યવહારીયાઓ પણુ પેથડકુમારની ઋદ્ધિ સિદ્ધિનાં વખાણુ કરવા લાગ્યા. દેશ પરદેશ કીર્ત્તિએ ધીરે ધીરે ભટકવા માંડયું. પેથડકુમારની પ્રખ્યાતિ ધીરે ધીરે વૃદ્ધિંગત થતી ગઇ. તેના હૃદયમાં અનેક પ્રકારનાં વિચિત્ર આંદોલનો પસાર થવા લાગ્યાં. વિચારના તરંગો એક સામટી રીતે અનેક પ્રકારે ઉપરાઉપરી આવવા લાગ્યા. આહા ! કુદરત ! કુદરત ! તું જળ હોય ત્યાં સ્થળ કરે છે અને સ્થળને સ્થાનકે જળ જળ કરી નાંખે છે ! ગરીબને શ્રીમન્તના અધિકાર ઉપર પણુ લઇ જનાર તુંજ છે અને રાજાને રખડતો ભિખારી કરનાર પણુ તુંજ છે. ગમે તેમ કરીને પણુ તું માણુસને માથે દશકો દુઃખ તો નાંખેજ છે, માણુસને સુખ પણુ તુંજ આપે છે. અને દુઃખ આપનાર પણુ તુંજ છે. તારી અકળ કળાનો પાર અથાગ શક્તિનો ધારણુ કરનાર મનુષ્ય પણુ પામી શકે નહિ ? માણુસને માથે જે અવાર નવાર સંયોગો પસાર થયા કરે છે, તે તારોજ મહિમા ગણી શકાય. માણુસ જેને કોઇ દિવસ પણ ચિંતવતો નથી એવાં આપત્તિનાં કાળાં વાદળાંને કુદરતજ ઘસડી ને ખેંચી લાવે છે, કુદરતની કળા એવી તો અકળ હોય છે કે તેની અદ્ભુત કળાથી પળવારમાં કંઇનું કંઇ બની જાય છે. અણુચિંતવ્યું થકુ પણ કુદરતના યોગે કરીને બની જાય છે. જેવી રીતે માણસો તેના ભોગ થઇ પડે છે તેવીજ રીતે તેનો ઉદ્ધાર પણ કુદરતજ કરે છે. જગતમાં એવી રીતે અવાર નવાર બનાવો કુદરતેજ બન્યા કરે છે. માનવ પ્રાણી તો બિચારૂં તેને આધિન રહેનારૂં એક મૃગલા સરખુ જણાય છે. ઇત્યાદિક અનેક પ્રકારના તરંગમાં લીન થયેલો પેથડકુમાર સંસારનાં સુખોને ભોગવતો દિવસો ઉપર દિવસો વ્યતિત કરતો હવો.

# પ્રકરણ ૧૩ મું

## " દુર્જનની દુર્જનતા "

" ભુંડા માણસથી ભાગીયે,
 ન દઇએ દીલની વાત.
કાંતે છેતરી શર પડે,
 કાં ઘરમાં આણે ઘાત. "

"આ "પેથડકુમારના ગુણો સર્વ પ્રકારે સૃષ્ટિ મંડળની ચારે તરફ ફેલાયેલા છે, તેની કીર્તિ રંડા જ્યાં ત્યાં નિડરેપણે સ્ખલના રહીત પરિભ્રમણ કર્યા કરે છે. હા ! તે મારા કરતાં પણ વધી ગયો ? અત્યાર તે રાજાનો માનિતો થઇ પડયો છે. રાજા તેનેજ આંખે જોઇ શકે છે. અરે ! રાજાનો માનિતો એવો જે હું તે અત્યારે તેની આગળ તૃણ સરખો હલકો થઇ ગયો છું. કોઇ પણ ઉપાયે પેથડકુમારને હલકો પાડી અપમાન કરાવું, તોજ મારા જીવને હવે ઠંડક વળે. તેને દેખીને મારૂ શૂન્યકાર થએલું હૃદય ભડક ભડક સળગ્યા કરે છે. અરેરે ! જ્યારથી દિગંતરમાં પ્રસરેલી તેની કીર્તિ રંડાને મેં સાંભલી છે, ત્યારથી મને ખાવું કે પીવું કાંઇપણ ભાવતુંજ નથી. શું મારા કરતાં તે વધી જાય ! ના ! તેમ નહિ થવું જોઇએ ? કોઇ પણ ઉપાયે હું તે કંટકને દૂર કરીશ. ગમે તેમ કરી તેનું રાજા પાસેથી અપમાન કરાવીશ પણ હવે તેને સુખે જંપવા દઇશ નહિ. જો હું એને કોઇ પણ પ્રકારે હરકત ન કરૂ તો મારૂં નામ ગુંગ મારા માતાપિતાએ પાડતાં ભૂલ કરી છે એમ હું સમજીશ. અરે ! જુઓ તો ખરા ! રાજ્યના સર્વ અધિકારી મંડળમાં હું મોટો અને જુનો પ્રધાન છું, તથાપિ આ પેથડકુમારના આવતાં કરીને હવે મારો હિસાબજ નથી. અરે ! જગતમાં કેવો ન્યાય છે કે આજ કાલનો નવીન પેથડકુમાર ફાવી ગયો, અને ક્રોડોની સંપદાનો માલેક થયો, એટલુંજ નહિ પણ માંડવગઢ અને ઇતર પ્રજા તેને રાજા કરતાં

પણ અધિક સન્માન આપે છે, ખરેખર જગત ગાડરીયા પ્રવાહ જેવી ગંડુ છે, એક માણસનું કામ કરવાથી તેણે જરાતરા વખાણની ઘોષના કરી કે તેનો બોલ આખુ જગત ઉપાડી લે છે અને પછી કીડી જેટલું હોય તેને કુંજર જેવું બનાવી દેવાની શક્તિ કોણ જાણે જગતમાં કયાંથી આવેલી જણાય છે. હા! તેની આની કીર્તિ મારૂં હૃદય ભસ્મ કરી નાંખે છે તેનું નામ સાંભલવાથી મારા કાનમાં કંઇ જુદીજ અસર થાય છે. તેને જોતાંજ મારૂ હૃદય ઇર્ષ્યાથી બળી જાય છે, તેણે ક્રોડોની સંપદા મેળવી માટે તેની પાસે કામકુંભ અથવા તો કાળી ચિત્રાવેલી હોવી જોઇએ. પણ હુંજ ખરો કે રાજાને સમજાવી તેની પાસેથી પડાવી લેવરાવું.” ઇત્યાદિક વિચાર વમળમાં ગુંથાયેલો ગુંગ નામનો પ્રધાન પોતાના દિવસો ઇર્ષ્યાથી ખિન્ન થયેલા હૃદય વડે પસાર કરે છે. રાજાને એકાંતમાં મળવાની તક શોધે છે. એકદા સમયને વિશે રાત્રીને વિશે રાજા પોતાના એકાંત ઓરડામાં બેઠેલા છે તેવે સમયે ગુંગ મંત્રી આવીને નીચાનમી સલામી આપી તેની ઇશારતની રાજાની પાસે પડેલા આસન ઉપર આવીને બેઠો.

ક્રેમ ? મારા બાહાદૂર પ્રધાન ! “અત્યારે અચાનક આવવાનું શું પ્રયોજન છે?” રાજાએ તેનો સત્કાર કરતાં થકાં તેના આવા ગમનનું કારણ પૂછ્યું.

શિરતાજ ! “આપને એક ખાનગી વાત કહેવાને આવ્યો છું તો આપ કૃપા કરીને સાંભળો.” પ્રધાને વાર્તાની શરૂઆત કરતાં થકાં જણાવ્યું.

નિડરપણે જે હોય તે જણાવો, કૌતુકના શોખીન એવા રાજાએ જણાવ્યું.

સ્વામી ? “પેથડકુમારે ઘણા ઘૃતવડે કુંડને સંપૂર્ણ રીતે ભરી દીધો, તેનું કારણ પેથડકુમાર પ્રધાનના ઘરમાં કામકુંભ અથવા તો કાળી ચિત્રાવેલી હોય તેમ સંભળાય છે, અને તેથી તેને ઘણા ઘૃતની પ્રાપ્તિ થઇ છે તમે પણ તે બે વસ્તુ સાંભળી છે પણ જોઇ નથી, વળી એ વસ્તુ રાજ્યની આબાદીને માટે રાજ્યમાં રાખવા યોગ્ય છે, જો તે રાજા પાસે હોય તો રાજ્યને ઘણા ફાયદો થાય એવો સંભવ છે. જો કદાપિ કામકુંભ હોયતો હાથી, ઘોડા પ્રમુ-

ખની વૃદ્ધિ થાય છે અને ભંડારમાં લક્ષ્મી અખંડ રહે છે. તેમજ જો કાળી ચિત્રાવેલી હોય તો હે રાજન્ ? કાળી ચિત્રાવેલી, પારસપાષાણ, ચિંતામણી રત્ન, કામકુંભ, કલ્પવૃક્ષ, કામધેનુ નરમાદા-મોતીનું જોડું, રસકુંપિકાનો રસ અને દેવ સંબંધી શંખ એ વસ્તુઓ દુઃખે કરીને પામવા યોગ્ય છે. તે માટે તેના ઘેરથી તમારે ગ્રહણ કરવી યોગ્ય છે. કેમકે ભૂમિ થકી ઉત્પન્ન થએલું રત્ન તેનો અધિકારી રાજાજ હોય છે, વળી જો તમારી ઇચ્છા ગ્રહણ કરવાની ન હોય તો પણ એક વખતે તેને જોી પણ જોઇએ." સમય સૂચકના જાણ એ ગુંગપ્રધાને અવસરને ઉચિત એવું કથન કરી રાજાને લોભ સાગરમાં તણાતો કર્યો.

, હુ પ્રથમથીજ એ વસ્તુમાં લોભાયેલો છું, ને વળી તમારી વાણીવડે કરીને તેનો વધારે લોભ થયો છે, કેમકે અગ્નિ સ્વાભાવિક રીતે પણ જાજ્વલ્યમાન હોય છે, તેને પવન વડે પ્રેરણા કરવામાં આવે, ત્યાં શું કહેવું ! કહ્યું છે કે

---

**अग्नि र्विप्रो यमो राजा समुद्र उदरं गृहं ।**
**सप्तैतानि न पूर्यन्ते पूर्यमाणानि नित्यशः**

**ભાવાર્થ**—અગ્નિ, બ્રાહ્મણ, યમ, રાજા, સમુદ્ર, પેટ અને ઘર એ સાત વસ્તુ નિરંતર પૂરતાં છતાં પણ પૂરાતી નથી. માટે તેને બોલાવી પૂછી જોઇશું," એમ કહીને તેને વિસર્જન કર્યો.

પ્રાતઃકાલની રમણીય પવનની શિતલ લહરી રાજાના હૃદયમાં અનેક પ્રકારની આશાની ઉર્મિને ઉત્પન્ન કરે છે, શાંત અને શિતળ પવનના ઉપચારથી નિર્મળ મગજવાળો રાજા પેથડકુમારને બોલાવી પૂછવા લાગ્યો કે મંત્રીશ્વર ? "તમારે માટે ઘણા લોકો આવા પ્રકારની વાતો કરે છે તે સાચી છે કે ખોટી છે."

હે રાજન્ ! "લોકો કામકુંભની વાતો કરે છે તે ખોટી છે, પરન્તુ મારે ઘેર ઘીનો ઘડો છે તેની નીચે ઊંઢાણીના આકારમાં કાળી ચિત્રાવેલી છે." પ્રધાને સત્યવાત જણાવી દીધી.

ત્યારે રાજાએ તે ચિત્રાવેલી જોવાને માટે મંગાવી, પેથડકુમાર ઘડા સહીત ઉપાડી મંગાવી ચિત્રાવેલી રાજાને બતાવતો હવો,

રાજા પણ તેને જુદી જુદી કરીને જોતો હવો, અને પેથડકુમારે સત્ય હકીકત જણાવી તેને માટે તે મસ્તક ધુણાવવા લાગ્યો, કેમકે દ્રવ્ય પેદા કરવાનો માર્ગ વાણીયો બતાવે નહિ. પોતાને લાભ કેટલો થયો છે તે પણ કહે નહિ. અને પોતાની પાસે કેટલું ધન છે, તથા નાશ કેટલું પામ્યું છે એ વાતો વાણીયા સાચી કહેતા નથી. સત્ય વાણી બોલવી તે એક જાતની વશીકરણ વિદ્યા છે. પાણી વગર અગ્નિ પ્રમુખને શિતળતાનું તે કારણ છે. જેમ ચમકપાષાણ લોહને ગ્રહણ કરે તેમ પેથડકુમાર રાજાના મનના આશયને જાણતો હવો. કેમકે

**उदीरितोऽर्थः पशुनापि गृह्यते ।**
**हयाश्च नागाश्च वहन्ति देशिताः ॥**
**अनुक्तम प्यूहति पण्डितो जनः ।**
**परेङ्गित ज्ञानफला हि बुद्धयः ॥ १ ॥**

**ભાવાર્થ**—કહેલો અર્થ તો તિર્યંચ સરખા પણ ગ્રહણ કરે છે. પ્રેરણા કર્યા છતા હાથી ઘોડા પણ ચાલે છે. ત્યારે પંડિત પુરૂષ વાત કર્યા વગર પણ સામા માણસની ચેષ્ટાવડે કરીને જાણી જાય છે. કેમકે પારકાની ચેષ્ટા ઉપરથી ખરૂ સ્વરૂપ જાણવું તેજ જ્ઞાનનું ફળ છે,

હે રાજન્! "આ ચિત્રાવેલી આપના ભંડારમાં રાખો" એમ કહી પ્રધાન રાજાને ચિત્રાવેલી આપતા હવા.

પેથડકુમાર મનમાં અનેક પ્રકારે વિચાર કરવા લાગ્યા, કે મોટા પુરૂષો માગે ત્યારે આપવું એના કરતાં અણમાગે આપવું તે સારૂં છે! કેમકે જેને અરિહંતનો ધર્મ છે તો તેને સંપદાનું શું પ્રયોજન છે? પરમાર્થના જાણ એવા સજ્જન પુરૂષો લક્ષ્મી ગયે થકે પણ ખેદાયમાન થતા નથી. ઇત્યાદિ વિચારતા પેથડકુમારને મનોહર એવાં હીરાગર પાંચ વસ્ત્ર તથા દશ મહામુલ્યવાળી વીંટીયો વગેરે પારિતોષિક ( ભેટ ) આપીને રાજા તેને ઘેર વિસર્જન કરતો હવો.

એક સમયે ચિત્રાવેલીની પરિક્ષા કરવાને રાજા નદી તરફ ગયો, ત્યાં જઇને ચિત્રાવેલીનો એક છોડ તેણે પાણીમાં મુકયો, તેની સાથેજ

તે ચિત્રકનામા મહા ભયંકર સર્પ પ્રગટ થયો, યમુનામાં રહેલા કાળા નાગની માફક તે સર્વને ભય કરનારો થતો હવો. હવે તે રાજાએ ચિત્રાવેલીને લાવવાને પોતાના પુરૂષોને લાલચ દેખાડી પણ શંકા પામેલા તે લોકોમાંથી કોઇ પણ માણસ ચિત્રાવેલી લાવવાને સમર્થ થયો નહિ. પછી રાજાએ આપેલું મણી સહીત બાજુબંધ તેને પોતાના બાહુએ બાંધીને એક સુભટ પાણીમાં ગયો કે સર્પ અદશ્ય થઇ ગયો, ચિત્રાવેલીને લઇને બહાર આવ્યો. દુઃખે પામવા યોગ્ય એવી ચિત્રાવેલીને પામીને પ્રમાદી થઇને તે રાજા પોતાનો વખત ફોગટ ગુમાવતો હવો. બીજાના કહેવાથી પેથડકુમાર મંત્રીની લાગણી દુભાવી તેને માટે તે પસ્તાવો કરવા લાગ્યો. અહા ? કેવો ઉદાર દીલનો ? મેં માગી નથી, તથાપિ ચતુર એવા તેણે મારો આશય જાણીને તરતજ આપી દીધી કેવી તેની નિર્લોભતા ? કે મને આપતાં લેશ પણ વિકાર તેના વદન કમળ પ્રત્યે જણાયો નહોતો ? કેવું તેનું સરળપણું ? કે જેણે મારી આગળ સહેલાઇથી સત્ય વાત જણાવી દીધી. હવે કોઇ દિવસ આજથી તેની વાત મારે સાંભળી નહિ એવો નિયમ તેણે ગ્રહણ કર્યો. ખરેખર તે મોટા ભાગ્યનો ધણી છે. મારા રાજ્યમાં આવા પ્રધાનથી મારે તો મગરૂર થવા જેવું છે. લોકો મારા કરતાં પણ તેને અધિક ચાહે છે, ખરેખર લોકો ભાગ્યથી વશ થાય છે, તેવા જડીબુટી કે મંત્ર તંત્રથી પણ વશ થતા નથી. એવું ધારી રાજા પેથડકુમારને બોલાવી કહેવા લાગ્યો કે આજથી હવે તમે છત્ર પણાને યોગ્ય છો ? પણ એક રાજાને બે છત્ર હોય નહિ. પરન્તુ આજથી તમારે સૂર્યમુખી વગર ઘરથી બહાર નિકળવું નહિ, રાજાની આજ્ઞાને માન્ય કરનારા પેથડકુમાર સૂર્યમુખી ધારણ કરતા હવા.

રાજાનો પ્રથમનો માનિતો પ્રધાન ગુંગો આજથી રાજાને અપ્રિય થઇ પડયો. અને વિચારમાં પડયો. અરર ! આતો ઉલટુ વિપરીત થઇ ગયુ. રાજાની થોડી ઘણી પ્રીતિ હતી તે પણ ઉતરી ગઇ. તે પાછળથી પસ્તાવા લાગ્યો. અરેરે ! આતો ઉલટી વિવાહ કરતાં વરસી થઇ ગઇ. ખરેખર “બકરૂ કાઢવા જતાં ઉંટ પેસી ગયુ” પેથડકુમારનું કાશળ કાઢવા જતાં ઉલટુ મારૂંજ કાશળનીકળી ગયું, ને “અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ” જેવો મારો ઘાટ ઘડાઇ ગયો; વળી હું શું કરવા ધારતો હતો ત્યારે શું થઇ ગયું, આતો તેને તો

શૂળીનું સિંહાસન થઇ ગયું, તેનું તો વધારે સન્માન થયું, ખરેખર માણસનું ભાગ્ય ખિલતું હોય છે ત્યારે વેરી પણ આંધળા થઇ કાંઇ પણ કરવાને સમર્થ નથી, તે ગમે તેટલું ખોટું કરવાને જાય તથાપિ તેને તો ઉલટુ ફળદાયકજ થાય છે. દુર્જન પોતાનો ભાવ ભજવે છે, મેં આટલી બધી તેની હેલના પમાડી તથાપિ તે મોટા દીલના દેવ રૂપી માનવે મારી તરફ તો ઉદારતાજ બતાવી છે. " ગોળે મરતુ હોય તેને વિષ વડે નહિ મારવો " તેવા નિયમે કરીને તેણે તો મને ગોળથીજ પરાસ્ત કરેલો છે, તેણે પોતાની સજ્જનતા છોડી નથી. કેમકે દુર્જન માણસો જેમ પોતાની દુર્જનતાનો ત્યાગ કરતા નથી તેમ સજ્જન માણસો પોતાની સજ્જનતા પણ તજતા નથી, તે શ્રીપાળ અને ધવળશાહના ન્યાયે કરીને જાણી લેવું. સજ્જન પુરૂષોમાં અગ્રેસર એવા પાંડવોનો નાશ કરવાને કૌરવોએ અનેક ઉપાય કરી દુર્જનતા દાખવી પણ પોતેજ તેના ભોગ શું થઇ પડયા નથી ? શ્રીપાલરાજાનું અનિષ્ટ કરવામાં આસક્ત એવો દુર્જન ધવળશાહ શેઠ પોતેજ શું દુર્જનતાનો ભોગ થઇ પડ્યો નથી ? એવા બીજા અનેક દાખલા શું જગત જાણતું નથી ? ભલે દુર્જન વૃત્તિના માણસો પોતાની દુર્જનતા ન છોડે પરન્તુ પહેલાં તો તેને જય મળે છે પણ પાછળથી તેને ઘણોજ પસ્તાવો થાય છે એટલુંજ નહિ પણ પોતેજ તેનો ભોગ થઇ પડે છે. વળી તેનું ભાગ્યજ જ્યાં ત્યાં ઝળકે છે તો પછી હું શું કરવાનો હતો ! માટે આટલેથીજ સંતોષ રાખવો, એવું વિચારતો ગુંગ પ્રધાન પેથડકુમાર સાથે આજથી મિત્રભાવે વર્તતો તે પોતાનો વખત વિતાવા લાગ્યો.

# પ્રકરણ ૧૪ મું

## " યાત્રાનો પ્રસંગ

## અને

## સુવર્ણ સિદ્ધિ "

સકળ જગતની ઉપર સર્વોપરી સત્તાને અજમાવનારૂં રાત્રીનું ગાઢ અંધકાર જગતના સામ્રાજ્ય ઉપર પથરાયલું છે. અત્યારે જગતના સર્વ જીવો નિદ્રિતાવસ્થામાં ઘેરાયેલા હોવાથી સર્વત્ર શાંતિનું શાંત વાદળ ચો તરફ વિસ્તાર પામ્યુ હોય તો તે બનવા જોગ છે. નિદ્રાદેવીની સ્વારી ઘણા વખતથી પધારેલી હોવાથી થોડા વખત પછી ધીમે ધીમે તેમના ગમન માટે પણ તૈયારીયો થાય એવો દેખાવ થઇ રહ્યો છે ? પ્રભાતના ચાર વાગ્યાનો અવસર થયો છે. એ વખતે માંડવગઢના એક મનોહર ગગન ચુંબિત મહેલમાં સુંદર અને સુવર્ણ જડીત એવા એક મનોહર શોફા (પલંગ) ઉપર મીઠી નિદ્રાનો અનુભવ લેતા એક મહાન્ પુરૂષની મીઠી નિદ્રાનો ટનન ટનન કરતા ચારના ટકોરાએ નાશ કરી તેની આંખને ચમકાવી. દીપકની જાજવલ્યમાન થએલી જ્યોત્સ્નાના પ્રકાશથી દીવાનખાનાનો સઘળો વૈભવ પોતાની ચપળ આંખ આગળ તરી આવતાં તરતજ તેને પોતાની પ્રાચીન અવસ્થાનું સ્મરણ થયું. ચેતન ? જગતની જે અમોઘ લક્ષ્મી તે આજે તને વરેલી છે તેને માટે તું અહંકાર કરીશ નહી; કેમકે સંપદાઓ તે અશાશ્વતી છે, જેથી તે કંદુક ( દડો ) ની માફક ઊંચે ઉછળી પાછી તરતજ નીચે પડે છે. માણસને પૂર્વશુભ કર્મના પ્રાબલ્યપણાથી સંપદાઓ સ્વતઃ આવીને મળે છે. અને ખરાબ કૃત્યને પરિણામે તેને આપદાઓ આવે છે. તે માટે લક્ષ્મીની ગતિ ચપળ છે એમ સમજી તેમાં આસક્ત ન થતાં ક્ષણભંગુર એવી ક્ષણીય કાયાથી તારા જીવનનું તું સાર્થક કરી લે. પરન્તુ પામર ? અહંકારી થતો નહિ. તેને માટે તારી પૂર્વ અવ-

સ્થાનુ સ્મરણ કર ? આજે જે પેથડકુમાર જગતમાં દેવ જેવો ગણાય છે તેજ પેથડકુમાર તું પહેલાં એક વખતે ફાટાતુટા લુગડે અને મલીન એવા શરીરે જ્યાં ત્યાં રખડતો મજુરી કરી મહા મહેનતે પોતાનું ગુજરાન કરતો હતો. અરે ! એક વખતે તને જે તે આંગણીએ કરી લોકો પજવતા હતા, એક વખત એવો પણ આવ્યો હતો કે લોકો તને આંગણે પણ ઉભો નહિ રાખતાં ઉલટા ધિક્કાર અને ધિટકારનાજ શિરપાવો તને ભેટ આપતા'તા. તે સ્થીતિ અને અત્યારની સ્થીતિમાં તું પોતે તેનો તે છતાં કેટલો તફાવત છે અને તેમાં શું રહસ્ય સમાયેલું છે તેનો ક્ષણભર વિચાર કર ! અને એક વખત એવો પણ આવશે કે આ સમસ્ત વૈભવને અહીંજ રહેવા દઇને માત્ર પુન્ય પાપ રૂપી ભાતુ લઇને આ ભૂમિમાંથી અને આ સાહ્યબીમાંથી તમારે વિદાય થવું પડશે, તે મરણને અવસરે તમારી આ સાહ્યબી તમારી સાથે તો શું પણ તમને વળાવવા પણ નહિ આવે ! માટે હે ચેતન ! આ અસાર સંસારમાં મનુષ્યનું જીવન ક્ષણીક જાણી લક્ષ્મી ચંચળ સ્વભાવની છે તેમ સમજી ગર્વ કરીશ નહિ. કેમકે આ લક્ષ્મી કોઇની થઇ નથી ત્રણ ખંડનો ભોક્તા એવો રાવણ રાજા તેની પણ થઇ નથી. રામ જેવાની પણ થઇ નહિ, વળી દુર્યોધન જેવા ગર્વિષ્ઠની પણ આ લક્ષ્મી થઇ નથી. પાંડવો જેવાએએ પણ તેનો ત્યાગ કરી આત્મ કલ્યાણ કરેલું છે. પૃથુરાજ જેવા ચૌહાણવંશીય દીલ્લી પતિની પણ આ લક્ષ્મી થઇ નહિ પણ ઉલટો તેણીએ તેને દગો દીધો છે, વિશેષ શું ! હે ચેતન ! આ લક્ષ્મી કોઇની થઇ નથી અને થવાની પણ નથી, ચક્રવર્ત્તી જેવાઓ પણ ચપળ એવી લક્ષ્મીથી છુટયા તેજ સંસાર થકી બચવા પામેલા છે. અન્યથા બીજા ચક્રવર્તી વાસુદેવો વગેરે આ લક્ષ્મીદેવીના ભોગ થઇ પડયા અને તેમને નરકનાં આકરાં દુઃખ ભોગવવાનો વખત પણ આવી લાગ્યો. તો હે ચેતન ! આવા વિચક્ષણ સ્વભાવનું નિરક્ષણ કરી તું તેમાં પ્રસાઇ નહી જતાં જો તુ ચતુર હોય જો તારામાં કાંઇ પણ સમજ શક્તિ હોય તો આ ફાની જગતમાં તારૂં પોતાનું જીવન તું સુધારી લે તારો માનવ ભવ સફળ કરી મનુષ્ય જીવનનું વાસ્તવિક તત્વ સમજી તારા આત્માનું હીત કરી લે. કેમકે આ સંસારમાં હાથે તેજ સાથે છે માટે તારો અમુલ્ય વખત તું ગુમાવીશ નહિ. નહિતર પાછળથી તને ઘણોજ પસ્તાવો થશે. મને મારા પૂર્વના પુન્યથી લ-

ક્ષ્મી મળેલી છે કેમકે માટીનું સુગંધપણું પાણીને સૂચવે છે, મનને વશ કરવું તે નિયમનું ભાન કરાવે છે, મેઘ જેમ વિજળીયોના વિલાસને સૂચવે છે, દીપકનું પ્રકંપન તે જેમ પવનને સૂચન કરે છે, ધુમાડો જેમ અગ્નિનું ભાન કરાવી આપે છે, ભોગો જેમ સંપદાઓનું સુચન કરે છે તેમ લક્ષ્મી પણ પોતાના પૂર્વના પુન્યના ઉદયને સુચવે છે, વળી મારા અભાગ્યથી અથવા તો કાંઇ પણ ક્રીયા ભૂલી જવાથી મને સુવર્ણસિદ્ધિ ફલીભૂત થઇ નહિ; કેમકે મનમાં ઇચ્છિત એવી મોટી ઔષધીયો મોટા પર્વત વગર મળે નહિ, તે માટે જેમાં ઘણા પ્રકારની ઔષધીયો છે, જેમાં ઘણાં પાણી ભરેલાં છે એવા આબુ પર્વતને વિશે હું જાઉં. કેમકે ત્યાં ઔષધીની ખાણો ઘણી હોય છે. માટે મારે જરૂર તે કામ કરી જગત ઉપર ઉપકાર કરવાને ચુકવું જોઇએ નહીં. ઈત્યાદિક વિચાર રૂપી સમુદ્રનાં મોજાં સાથે અથડાતો પેથડકુમાર પ્રભાતકાળે રાજા પાસે આવી બોલવા લાગ્યો કે હે સ્વામિન્! સુખની ઈચ્છાને માટે તમારી પાસેથી ઘીનો ઘડો માગ્યો હતો તે વખતે કદાચ તમે ન આપો ? તેથી મેં ગેનાવ-માન થઇને યાત્રા માનેલી છે, તેવા સંયોગોમાં મારૂ વિઘ્ન બધુ દૂર થયું. ને તમે ઘણા પ્રસન્ન થયા, તેથી મારે જીરાઉલી ગામને વિશે રહેલા જીરાઉલા પાર્શ્વનાથ ભગવાનને વાંદવા જવું છે. આ વાત સાચી છે, કારણ કે પીડાવંત લોકો સર્વ પ્રકારની યાત્રા કરે છે, તેનું કારણ અરિહંત ભગવાન્ મનોવાંચ્છિત ફળને દેનારા છે, માટે ત્યાં જવાને મને આજ્ઞા આપો ?

રાજાની આજ્ઞા પામીને પેથડકુમાર પોતાના પરિવાર સાથે યાત્રા કરવા ચાલ્યા. તે અનુક્રમે જીરાઉલી ગામે આવી જીરાઉલા પાર્શ્વનાથને નમસ્કાર કરી ત્યાંથી આબુજી ઉપર ચડયા ત્યાં પ્રથમ ભગવાન્ શ્રી આદેશ્વરને નમસ્કાર કરીને ઔષધીઓ ભેગી કરવાને પર્વતમાં ચો તરફ ભમવા લાગ્યા, એ અરસામાં કુળ પ્રમુખને ઓળખીને સર્વ ઔષધીઓ મેળવીને તેનો રસ કાઢીને લોઢાનાં પતરાં સાથે તેને લેપ કરીને અગ્નિમાં નાંખી તત્કાળ સોનાસિદ્ધિ કરતા હતા. કેમકે પારસ પાષાણ, રસકુંપિક સોનાસિદ્ધિ, ધન ધાન્યાદિક, સ્વર્ગ મોક્ષાદિક પ્રાણીને ધર્મના યોગ થકી મળે છે, ઇત્યાદિક વિચાર કરતાં તેણે પોતાના મંડપમાં ઘણુ લોઢુ મંગાવ્યું, ઝાંઝણકુમારે પણ નિર્ભયપણે એ લોઢુ ઊંટ ઉપર ભરીને મોકલાવ્યું.

ત્યારે લોકો અનેક પ્રકારે વિચાર કરવા લાગ્યા કે આ લોઢાથી રાજા તરવાર પ્રમુખ હથીયાર ઘડાવશે, હવે અહીં પણ સાત આઠ દિવસ જાગરણ કરીને ઔષધીયોના રસથી પેથડકુમાર સોનું કરતો હવો, તેવારે ઊંટડીયો ઉપર ભરાવી સોનું અશ્વપાળની ચોકી સાથે પોતાના દેશ તરફ રવાને કરીને પેથડકુમાર આદેશ્વરે ભગવાનના દેરાસરમાં ગયો, તાં વિચાર કરવા લાગ્યો કે અરે ! સોનાના મીશે કરીને છકાયજીવોની ઘાત કરનારા મને ધિક્કાર છે. હા !! તે સુવર્ણનો ત્યાગ કરવામાં અસમર્થ અને સાવદ્ય કાર્યમાં ઉદ્યમવંત એવા મને નરકમાં પણ ઠેકાણુ નહિ મળે, શ્રાવકને સવા વશા ધર્મ તો કહ્યો છે પણ આવી રીતનું કર્મ કરવાવાળા એવા મને સવા-વશા ધર્મ તે કયાંથી હોય ! જે થનાર હશે તે થશે, પણ મારૂ સર્વ સોનું હું તો તીર્થોને વિશે અને ગરીબોના ઉદ્ધારને માટે ખરચીશ, ઇત્યાદિક વિચાર કરતા અને પાપથી ભય પામેલા પેથડકુમાર ઘેર આવી પાપથી ઉપાર્જન કરેલું સોનુ ગરીબોને દાનમાં આપતો હવો, [illegible] નીતિથી સિદ્ધિ ગતિને આપનારું એવું ધન ઉપાર્જન કરવા લાગ્યો, તેમજ તે માંડવગઢના ગુપ્ત આવાસમાં પોતાનું સુવર્ણ સ્થાપન કરતો હવો. આહ ! “ ભાગ્યશાળીને ભૂત રળે ” એ કહેવત કાંઇ ખોટી નથી. જ્યારે લક્ષ્મીદેવીની મહેર અથવા તો રહેમ નજર થાય છે ત્યારે ચોતરફથી સહેલાઇ વડે દ્રવ્યની પ્રાપ્તિ થાય છે જ્યારે ભાગ્યદેવી પામર માનવીને નજરમાં (દાઢમાં) ઘાલે છે. ત્યારે તે વખતે તે રૂપવાન્ કે ગુણવાન્ અથવા તો વિદ્યાવાન્ એ કાંઇ પણ તે સા-ક્ષમા જોતાં નથી, તે વખતે તો કાળો હોય યા કુબડો હોય અગર તો ગમે તેવો હોય પરન્તુ અંધ સરખાં બની તેમને વરી બેસે છે. આહ ! કેવી તેમની ચતુરાઇ ! જગતની કેવી વિચિત્રતા ! લક્ષ્મી-બાઇના માનમાં મરડાયલાં પ્રાણી સહેલાઇથી મોટાઇ મેળવી જાય છે. જગતમાં માનવંતાનો ઇલકાબ તેઓ ધારણ કરે છે, અને પોતામાં ગમે તેવી ભયંકર પોલો હોવા છતાં જગતમાં તેમનો આડંબર કોઇ જુદીજ પ્રકારનો હોય છે, વળી તેમના ભયંકર કર્ત્તવ્યો છતાં ગુણવાનમાં તેમની તુલના થાય છે. કહ્યું છે કે **“सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते”** જગતમાં સર્વ ગુણો કંચનનેજ આશ્રયીને રહેલા છે. જગતમાં પૈસા વગર માણસ કાંઇ પણ કરવાને જોઇએ તેવો લાયક ગણી શકાતો નથી. કેમકે સંસારના વ્યવહારમાં માણસને

પગલે પગલે લક્ષ્મીની આવશ્યકતા જણાય છે, એટલુંજ નહિ પણ લક્ષ્મી વગર માણસને જગતમાં ઘણી હાડમારી ભોગવવી પડે છે. અરેરે! જો મને આવો અનુંભવ ન થયો હોત તો હું દુઃખ શી વસ્તુ છે તે કેવી રીતે જાણી શકતે! અને જ્યાં સુધી જગતમાં દુઃખી જીવોના દુઃખનું વાસ્તવિક સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી તેમનું દુઃખ છેદન કરવાને કેવી રીતે હું કટીબદ્ધ થઇ શકતે! અરેરે! લક્ષ્મીબાઇ! એક વખતે હું તમારે માટે આતુરતાથી વલખાં મારતો'તો, તથાપિ તમારી દેવડીનાં દર્શન પણ આ માણસને દુર્લભ હતાં ને અત્યારે પણ હું તેનો તેજ માણસ છું, છતાં પણ મારી ઇચ્છા નથી તોએ તમો વધ્યાજ કરો છો! તે પુન્યનીજ રેખા ગણાય? કેમકે કાળની જ્યાં પરિપક્વ સ્થીતિ થાય છે કે માણસને સંયોગો આવી મળે છે. અને તેનું કાર્ય સહેલાઇથી પુર્ણાહુતિને પામે છે. જૈનમાં પાંચ કારણે કાર્યની સિદ્ધિ થાય છે. એ પાંચે કારણોમાં કોઇ એકની મુખ્યતા હોય છે ત્યારે બીજાં ચાર કારણો ગૌણપણે રહે છે. કેમકે તેમાં દરેકની મુખ્યતા તો હોતી નથી. ફક્ત એકજ કારણ મુખ્યતાને પામે છે. તેમાં પણ ભાગ્ય છે તે બળવાન્ કારણ ગણાય, કેમકે જો માણસનું કીસ્મત બળવાન્ હોય છે તો બીજાં અન્ય કારણોને તે મેળવી શકે છે. અન્યથા જો ભાગ્ય નથી હોતું તો બીજાં કારણો મળી શકતાં નથી, માટે જગત્માં ભાગ્ય તેજ બળવાન્ છે. બીજા કારણો તેને સહાય કારક તરીકે રહેલાં હોય એમ માની શકાય તો તે વ્યાજબી છે, અને ભાગ્ય પણ માણસના પુન્ય અથવા તો શુભ કૃત્ય ઉપર આધાર રાખે છે. પૂર્વભવમાં શુભ કરણી કરી હોય તો તે વડે કરીને કુદરતી શુભ ભાગ્ય બંધાતાં આગામી ભવમાં તે અમોઘ ફળને આપનારૂં થાય છે. મેં પૂર્વભવમાં કંઇ પણ શુભકાર્ય કર્યું હશે જેથી આ ભવમાં હું અમોઘ સંપદાઓને મેળવી શકયો. વળી જગતમાં એવા પણ જીવો હોય છે કે જે કંથેરનાં ઝાંખરાં બાળીને આમ્રફળની ઇચ્છા રાખનારા હોય, પોતે પહેલાં અનીતિનાં આચરણ ચલાવી પાછળથી જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે નાના બાળકની માફક બૂમો માર્યા કરે છે. પણ તે પામરજીવને કયાં ખબર હોય છે? કે તારાં કરેલાંજ કૃત્યો તને અત્યારે દુઃખ દે છે. પ્રથમથીજ તું એવા કૃત્યોથી વિરમ્યો હોત તો અત્યારે તારે આટલું હેરાન થવું પડતે નહિ, પણ કાર્ય કરવામ

તો આપણે પાછું વાળીને જોતા નથી. ને જેમ સ્વતંત્ર હોઇએ અથવા તો ખુદા તરફથી જાણે આપણને હક્ક ન મળ્યો હોય! તેવી રીતે જ્યારે આપણે કરીયે છીયે, તોપછી તેનું આપણને પરાધિનપણે દુઃખ ભોગવવું પડે તો તેમાં નવાઇ જેવું કશું ગણી શકાય નહિ હે ચેતન! તું શુભ કરણી કરીશ તો સુખી થઇશ. અને અશુભ કાર્યમાં પ્રવર્તીશ તો યાદ રાખજે કે ભવિષ્યમાં તારે માટે દુઃખનાજ ડુંગરો આડા પડેલા છે. પરન્તુ અત્યારે તારી હૃદય રૂપી ચક્ષુ તને બંધ હોવાથી તું તેને દેખી શકતો નથી. તથાપિ હે ચેતન! ભલે જે માર્ગ સત્ય લાગે તે માર્ગે જવા માટે અત્યારે તો તું મુખત્યાર છે.

## પ્રકરણ ૧૫ મું.

### "જીવનની અમુલ્ય તકનો લાભ"

**यद्ददाति यदश्नाति, तदेव धनिनो धनम् ।**
**अन्ये मृतस्य क्रीडन्ति, दारैरपि धनैरपि ॥**

**રહસ્યાર્થ**—જે માણસ પોતાનું ધન જગતના ઉપકારને માટે વાપરે છે અને પોતે પણ તેને ભોગવે છે તેજ ધનિક પુરૂષનું ધન સાર્થક છે. પરંતુ જે માણસ ધનને એકઠું કરવામાંજ મશગુલ રહેલો છે. તેનું ધન અને તેની સ્ત્રીને તેના મુવા પછી બીજા માણસોજ ભોગવે છે.

"આજનો દિવસ મારે માટે સુવર્ણ જેવો થઇ પડયો હોય તેમ જણાય છે. જો આ વખત હું આળસમાં ગુમાવીશ તો જીવન પર્યંતની કમાણી જતી રહેશે. કેમકે માણસને કીસ્મત ખિલવવાની કોઇકજ પળ હાથ લાગી જાય છે. વારંવાર તેવી અમુલ્ય તક આવી મળતી નથી. આ જગતમાં માણસને જીવન પર્યંતમાં ભાગ્યની કોઇકજ અમુલ્ય પળ

હાથ લાગી જાય છે કે જેથી તેના ભાગ્યનો પાશો ફરી જાય છે. તે પછી પૈસો પૈસાને પેદા કરે, એ ન્યાયે તે ઉત્તરોત્તર વધતો જાય છે. તેવીજ રીતે મારે પણ આ અમુલ્ય તક ગુમાવવી જોઇએ નહિ. આ તક સાધવાથી જીવન પર્યંત જેટલું ધન મલતાં મારૂં દરિદ્રપણું ટલી જશે, અને વારંવાર જેની તેની આગળ હાથ પહોળો કરવાનો વખત મારે આવશે નહિ. કેમકે આજે માંડવગઢનો નવો મંત્રી પેથડકુમાર ક્રોડો ગમે દ્રવ્યનો માલેક થયો છે, તેમના ગુરૂશ્રી ધર્મઘોષ સૂરિ આજે અહીઆં પધારેલા છે. લોકો કહે છે કે એ પેથડકુમારના ધર્મગુરૂ છે અને તેમનો ઉપકાર પેથડકુમાર ઉપર ઘણો જ છે, તેઓ શ્રી પેથડકુમાર પાસે માંડવગઢ જવાના છે, માટે હું તેમને પહેલાં જઇને ગુરૂ આગમનની વધામણી આપુ તો તે ઉદાર દીલનો માણસ જરૂર મારૂં દારિદ્ર નાશ કરશે. માટે કોઇ ન જાય તેના પહેલાં જો હું જઇને વધામણી આપુ તો મારૂ કાર્ય ત્વરાથી સિદ્ધ થાય." ઇત્યાદિક વિચાર કરતો ઉજ્જયિની નગરીનો માધવ નામે એક ભાટ પોતાના ઘરને વિશે ધન પ્રાપ્તિના વિચારમાં લીન થયો છતો બેઠો હતો, ત્યાંથી ઉઠી પરવારીને તરતજ તેણે માંડવગઢ તરફ પ્રયાણ કર્યું, અનુક્રમે તે માંડવગઢમાં આવીને પેથડકુમારને વધામણી આપતો હવો. હે સ્વામી ! આ લોક અને પરલોકમાં સુખ આપનારા એવા જે ગુરૂનો આપે આશ્રય કરેલો છે તે ગુરૂ મહારાજ અલ્પ સમયમાંજ અહીં પધારશે, જે માણસો પોતાના ગુરૂના સમાચાર તથા તેમની પ્રશંસા અને તેમનું નામ સાંભળીને પોતાના હૃદયમાં હરખ પામે છે. તે માણસો ગુરૂની વધામણી આપનારને ઘણું ધન આપે છે, એવા પુરૂષોને ધન્ય છે. કેમકે માતા, પિતા, દીપક અને ઝાઝના સરખા ગુરૂ ઘણા ઉપકારને કરનારા હોય છે, માટે હે બુદ્ધિવંત ! હું તમને વધામણી આપું છું કે તમારા મહા મોટા પુન્યથી ખેંચાયા છતા શ્રી ધર્મઘોષ આચાર્ય પધાર્યા છે.

એ પ્રમાણે કાનને રસાયણ સરખાં માધવનાં વચન સાંભળીને પેથડકુમાર સોનાની જીહવા અને હીરાની દંતપંક્તિ તેને આપતા હવા. તથા પટોળાં, પહેરામણીનાં વસ્ત્ર, પાંચ ઘોડા અને ઋદ્ધિવંત ગામ આપી તેને વિદાય કરતો હવા. પછી સામન્તાદિકે સહીત એવા મંત્રી ધર્મઘોષ આચાર્યનો પ્રવેશ કરવાને માટે લોકોને આજ્ઞા આપતા હવા. અને રાજા પાસે આવી આચાર્ય મહારાજનું

આવાગમન જણાવ્યાથી રાજા પણ ચામર, છત્ર, વાદિત્ર વગેરે પેથડકુમારને આપતો હવો, અનેક રીતે નગરને શણગારવામાં આવ્યુ, અનેક પ્રકારે વ્યવહારીયાઓ મહોત્સવમાં સામેલ થયા. નગરના વ્યવહારીયાઓની રસીલી રમણીયો વિવિધ પ્રકારનાં આભૂષણ ધારણ કરતી ધર્મની ઉન્નત્તિનાં ગીતો ગાવા લાગી. આજે આખા નગરમાં આનંદ આનંદ છવાઇ રહ્યો છે. વાદિત્રના શબ્દોથી પડયો બોલ પણ સંભળાતો નથી. ઇત્યાદિક અનેક પ્રકારે મહોત્સવને કરતો થકો પેથડકુમાર ગુરૂને નગરમાં પ્રવેશ કરાવતો હવો. ગુરૂ મહોત્સવને વિશે બહોત્તેર હજાર જુના ટકા ખર્ચ કરનારો પેથડકુમાર ગુરૂ પાસે આવીને તેમની અનેક પ્રકારે સ્તુતિ કરવા લાગ્યો, હે ભગવાન્ ! સંપૂર્ણ ચંદ્રમાના અમૃતવડે કરીને અથવા તો બાવના ચંદને વિલેપન કરીને તથા શ્રેષ્ટ સુગંધીવાળા કલ્પવૃક્ષના પુષ્પથી પૂજા કરીને જો કદાપિ તમારા ચરણ કમળ મારે મસ્તકે વહન કરૂં, તથાપિ તમારો ઉપકાર હું લેશ પણ વાળી શકું નહિ, કેમકે સમકિત્ આપનારા પુરૂષોનો ઘણા ભવને વિશે સર્વ ગુણ, દાન, સેવા, પ્રમુખ સેંકડો ક્રોડી આપવે કરીને પણ ઉપકારનો બદલો પાછો નથી વળાતો, જેથી તમારો ઉપકાર ભોગ સંપદા પ્રમુખના યોગે કરીને બીજા ભવમાં પણ વાળવાને હું સમર્થ નહિ થાઉં. ઇત્યાદિક સ્તુતિ કરનારા પેથડકુમાર નિરંતર આચાર્યને વાંદવાને આવે છે, અને ધર્મ દેશના સાંભળતાં થકાં વખતનો વ્યય કરે છે.

એક દિવસને વિશે એકાન્તમાં હાથ જોડીને મંત્રી આચાર્યને કહેવા લાગ્યા, કે હે સ્વામી ! મેં પરિગ્રહનું જે પ્રમાણ કર્યું છે, તેનાં કરતાં મને પણ ઘણું ધન મળ્યું છે. માટે તમે આજ્ઞા કરો કે હું ધન કયા કાર્યમાં ખર્ચું કે જેથી મને કલ્યાણકારી થાય.

હે મંત્રી ! લક્ષ્મીરૂપી વાંદરી ગૃહસ્થરૂપી વૃક્ષને વિશે કોઇ દિવસ સ્થીર રહેતી નથી. તે આળસુને તો ઘણી દુર્લભ હોય છે, વ્યાપારી પુરૂષો પાસે અને રાજા પ્રમુખને આશ્રય દેતી થકી કેટલોક કાળ રહે છે. માટે લક્ષ્મીનો દેરાસર, પ્રતિમા તથા સ્વામી વાત્સલ્યમાં ખર્ચ કરવો તે પ્રશંસવા લાયક ગણાય છે. કેમકે તે કાર્યમાં ખરચતાં થકાં જે પુન્ય થાય છે, તે કેવલી ભગવાન્ જાણે ! વળી કાષ્ટ, પાષાણ પ્રમુખ દેરાસરને વિશે જેટલા પરમાણુઓ છે તેટલા લાખ વરસ દેરાસરનો કરાવનારો પુરૂષ દેવલોકમાં સુખ

ભોગવે છે, તેજ કારણ માટે મહાપદ્મ ચક્રવર્તીએ પોતાની માતાને હરખ થવાને માટે નિરંતર એક એક દેરાસર બંધાવીને દેરાસરની પંક્તિએ કરીને તે પૃથ્વી મંડળને શોભાવતો હવો. વળી સંપ્રતિ રાજાએ પણ રાજ્ય પામ્યા પછી સો વર્ષની ગણતરીયે છત્રીશ હજાર દિવસો ગણીને પૃથ્વીરૂપી રાણીને મુક્તાફળના મનોહર હારસમાન એવાં નવનવાં છત્રીશ હજાર દેરાસર નિપજાવતા હવા. કુમારપાળ, વિમલશાહ તથા દેશના કોટવાળ એવા વસ્તુપાળને, તેજપાળ મંત્રી ઇત્યાદિક દેરાસરને કરાવનારા ઘણા પુરૂષો પૂર્વે થઇ ગયા છે. સ્ત્રીનાં લીલાયમાન એવાં જે ચપળ નેત્ર તેના સરખુ દ્રવ્ય છે. અને બળ જે તે વિજળીના ઝબકારા જેવું છે. વાયુવડે કંપાયમાન એવું કમળપત્ર તેની ઉપર રહેલું જલ બિંદુ તેના સરખું ચપળ આયુષ્ય છે. તે માટે મનુષ્ય જીવન સાર્થક કરવાને આવી વસ્તુનું ફળ અવશ્ય ગ્રહણ કરવું જોઇએ. ઇત્યાદિક કલ્યાણને કરનારી વાણી આચાર્ય મહારાજ પેથડકુમારને સંભળાવતા હવા.

પેથડકુમારે માંડવગઢને વિશે અઢાર લાખ રૂપીયા ખરચીને ફરતી બહોત્તેર દેરીયે કરીને સહીત એવું આદેશ્વર ભગવાનનું દેરાસર કરાવી તેનું તે શત્રુંજયાવતાર એવું નામ સ્થાપન કરતા હવા. અત્યંત ઊંચા મંડપોને ધારણ કરતો બહોત્તેર રૂપાના દંડ અને કલશે કરીને સહિત શ્રી સિદ્ધાચળને વિશે તેઓ શ્રી શાંતિનાથનું દેરાસર કરાવતા હવા. આંખને આનંદકારી એવા મોટા તોરણે કરીને સહીત ઓંકારપુરમાં એક દેરાસર કરાવ્યું. શારદા પત્તનને વિશે એક દેરાસર કરાવ્યુ, તારાપુર નગરને વિશે, પ્રભાવતી નગરીને વિશે, સોમેશ પત્તનને વિશે, વાંકાનેરને વિશે, માંધાન્તા નગરને વિશે, ધારા નગરીને વિશે, નાગરદ નગરને વિશે, નાગપુરને વિશે, નાશીકને વિશે, વડોદરાને વિશે, સોપારકને વિશે, રત્નપુરને વિશે, કોરડાગામને વિશે, કરહેડા તીર્થને વિશે, ચંદ્રાવતી નગરીને વિશે, ચિતોડને વિશે, ચારૂપને વિશે, ચીખ્ખલ નગરને વિશે, બિહારને વિશે, વામનસ્થલીને વિશે, જયપુરને વિશે, ઉજ્જૈયનીને વિશે, જાલંધર નગરને વિશે સેતુબંદરને વિશે, દેશને વિશે, પશુ સાગરને વિશે, પ્રતિષ્ટા નગરને વિશે, વર્ધમાન નગરને વિશે, પર્ણબિહારને વિશે, હસ્તિનાપુરને વિશે, દેપાળપુરને વિશે, ગોકપુરને વિશે, જેસંગપુરને વિશે, બિંબપુરને વિશે, સ્થુરાદરીને વિશે, અધોભૂમિને વિશે,

સલક્ષણપુરને વિશે, જીર્ણ દુર્ગ ( જુનાગઢ ) ને વિશે, ધવલપુર ( ધોળકા ) ને વિશે, મંકોડીપુરને વિશે, વિશ્રમપુરને વિશે, મંગળગઢને વિશે, ઇત્યાદિક અનેક ઠેકાણે સોનાના દંડ અને કળશવડે કરીને યુક્ત એવા ચોળાસી પ્રાસાદો પેથડકુમાર કરાવતા હવા.

એક વખતે પેથડકુમાર વિચાર કરવા લાગ્યા કે અત્યારે નામ પ્રમાણે ગુણવાળું દેવગિરિ નગર છે. કોટ, ખાઇ, અને વાડીની પંક્તિએ કરીને ચો તરફ તે ઘેરાયલું છે. જે નગરની લક્ષ્મીને શત્રુ રાજાઓ પણ વારંવાર સંભારે છે, વળી જે નગરમાં લડાઇની શોભાવાળાં આયુધો, મુક્તાફળનો સમુહ, ચિત્તને ચોરનારી રમણીયો, અને કાષ્ટને ભાગનારૂં બાવનું ચંદન એ ચાર રત્નો રહેલાં છે. વળી છપ્પન ક્રોડ એંસી હજાર રૂપીયાનો માલેક અને બાર હજાર હાથી વડે કરીને યુક્ત એવો રામ નામા વ્યવહારીયો જે દેવગિરિને વિષે હોતો હવો. વળી ત્યાં હેમ નામનો પ્રધાન રહે છે તે ઘણા ધનનો સ્વામી છતાં મોટા મહોત્સવ આવે થકે પણ પોતાની કૃપણતાથી યાચકોને લેશ માત્ર પણ દાન આપતો નથી, ત્યાં બ્રાહ્મણોનું એક છત્ર રાજ્ય ચાલતું હોવાથી તેઓ જૈન દેરાસર કયારે પણ થવા દેતા નહિ. દેવગિરિ નગરી ખરેખર આજે દેવલોકને જીતનારી છે પણ મિથ્યાત્વ રૂપ અંધકારથી ભરેલી છે. તેથી અમાવાસ્યાના અંધકારમાં જેમ દીપક થાય, લવણ સમુદ્રમાં જેમ અમૃત થાય તેવી રીતે સંપૂર્ણ મિથ્યાત્વને વિશે ત્યાં કરાવ્યું થકું જૈન દેરાસર થાય. માટે કોઇ પણ પ્રકારે જો ત્યાં દેરાસર થાય તો ઘણોજ લાભ થાય. એટલુંજ નહિ પણ જૈન શાસનની ઉન્નત્તિ પણ ઘણી થાય. આવી રીતનો ઉત્તમ ભાવ જે પુરૂષો ધારણ કરે છે તેજ ઉત્તમ પુરૂષો અને અગણ્ય પુન્યવાળા ગણાય છે, કેમકે આ જીવે અનંતવાર જીન પ્રતિમા કરાવેલી છે. પરન્તુ જશ કીર્તિની ઇચ્છાએ કરીને તે કરેલી હોવાથી સમકિત લેશ માત્ર પણ શુદ્ધ થતું નથી.

વળી ઘણા એવા ઘોડાઓ અને સુવર્ણ તથા માણિક્યથી રાજાને રંજન કરવો તે પણ અશક્ય છે તેમજ પ્રધાનને સંતોષ કર્યા વગર રાજાને સંતોષ કરવો તે પણુ ઠીક નથી. કેમકે બારણામાં રહેલા બિંબને પૂજ્યા વગર મૂળનાયકજીની પુજા થાય નહિ; માટે તે પ્રધાનને પ્રસન્ન કરવા સારૂં તેના નામની એક દાનશાળા મંડાવું, કેમકે

લોકને વિશે પોતાનો નિર્દોષ જશ સાંભળીને તે પોતાની મેળેજ સંતોષ પામશે, ને તેમાં પુન્યદાન વડે કરીને ઉત્પન્ન થએલું પુન્ય તે મને થશે. ઇત્યાદિક એક પછી એક એમ ઉલટ પાલટ વિચાર કરતાં પેથડકુમાર છેવટે ઓંકારપુરમાં હેમ પ્રધાનના નામની દાનશાળા મંડવતા હવા, ત્યાં સારા સારા લોકો આવીને ઉજ્વળ પાણીથી સ્નાન કરે છે, અને આનંદમાં પોતાનો વખત પસાર કરે છે, વળી સામાન્ય લોકો પણ ત્યાં આવી ભોજન કરી જાય છે, દાનશાળા પાસે મોટો પ્રસાદ કરાવેલો છે જેમાં અરિહંતની પ્રતિમાને વંદના કરાવીને પછી ત્યાં સર્વ સાધર્મિક સરખા થયા થકા ભોજન કરે છે, દાનશાળામાં ત્યાં આવેલા લોકોની દરેક પ્રકારે વ્યવસ્થા સાચવવામાં આવે છે. તેમને મનગમતાં ભોજન આપવામાં આવે છે, ઇત્યાદિક અનેક પ્રકારના સુખથી તેઓ પોતાના માતા પિતા તથા પોતાની સ્ત્રી વગેરેને પણ સંભારતા નથી, અને આ દાનશાળા હેમ પ્રધાનની જાણી અનેક રીતે તેને દુવા દેતા હવા. એવી રીતે દાનશાળા ચાલતાં થકાં ત્રણ વરસ વ્યતીત થયાં. ભટ પ્રમુખ લોકો ભોજન કરીને પ્રસન્ન થયા થકા દેવગિરિમાં જઇને હેમ પ્રધાનની ઘણી સ્તવના કરતા હવા. ઓંકારપુર નગરને વિશે વલયાકારે તમારા નામની દાનશાળા છે, તે પૃથ્વીના લોકને પ્રીતિ કરનારી છે તે થકી ઉત્પન્ન થએલી તમારી કીર્તિ રૂપી લત્તા તે બ્રહ્માંડમાં ઉંચે ચડે છે ઇત્યાદિક વર્ણન સાંભળીને હેમ પ્રધાન મનમાં વિચારવા લાગ્યો કે અરે! કૃપણનું મુખ તે રૂપી કમળ તેને વિશે ભ્રમરપંક્તિ સમાન જે ગાળો તે સિવાય જન્મથી આજ સુધી મેં કંઇ પણ માગણને આપ્યું નથી, અને આ બધા તો હેમ પ્રધાનની દાનશાળા કહીને મારાં વખાણ કરે છે, તે શું કહેવાય! જો કદાપિ એક માણસ કહેતો હોય તો તે જુદી વાત માની શકાય, પણ સર્વ તે પ્રમાણે બોલે છે, માટે ખરેખર અસત્ય તો હોયજ નહિ, ત્યારે મારે ખાતરી કરવાને માટે ઓંકારપુર એક માણસ મોકલવો જોઇએ, એમ વિચારી પોતાનો એક માણસ તે નગરને વિશે મોકલતો હવો. તે માણસ પણ ત્યાંની સર્વ વાત જાણીને હેમ પ્રધાનને કહેતો હવો. કે સર્વ સ્વાદના રસ જ્યાં રહેલા છે, એવી તે દાનશાળામાં જે લોકો ભોજન કરે છે તેમની જીહ્વાજ માત્ર સ્વાદને જાણનારી છે, માટે તેજ જીહ્વા ખરી છે. બીજી જીહ્વા તો નામ માત્ર છે. જે કોઈ માણસ ત્યાં આવે છે તે

નિરાશ થઇને પાછા જતા નથી, અણજાણ્યો પુરૂષ પણ ભોજન કરીને જાય છે. અને જે ભોજન કરવા આવે છે તે બધા તમારી પ્રશંસા કરે છે, ને દાનશાળામાં અત્યાર સુધીમાં સવા ક્રોડ રૂપીયાનો ખરચ થયો છે, તે થકી ઉત્પન્ન થએલો તમારો જશ તે ક્રોડોગમે યુગ સુધી પણ રહેશે. ઇત્યાદિક વચન સાંભળીને હેમ પ્રધાન અત્યંત ખુશી થતો હવો, તેનાં રોમરાય વિકસ્વર થયાં, પોતાના મનમાં અનેક પ્રકારની કલ્પનાઓ થવા લાગી, અને પોતાની જાતે ખરૂં તત્વ જોવાનો તેણે નિશ્ચય કર્યો.

એક દિવસે હેમ પ્રધાને ઓંકારપુરમાં જઇને દાનશાળાના કાર્ય વાહકોને તેની ખરી વાત પૂછીને અને તેના કરનાર પેથડકુમાર છે એમ જાણીને પોતે વિચાર કરવા લાગ્યો કે જે સ્ત્રીઓએ પેથડકુમાર જેવા પુત્રોનો જન્મ આપ્યો છે તેવી સ્ત્રીઓને ધન્ય છે. કેમકે ઘણા પુરૂષો એવા હોય છે, કે તે પારકા ધન વડે કરીને પોતાનું નામ ગવરાવે છે. ત્યારે કેટલાક પેથડકુમાર જેવા એવા પણ પુરૂષો હોય છે કે જે પોતાના દ્રવ્ય વડે કરીને પારકાની ખ્યાતિ વધારે છે, એ પ્રકારે વિચાર કરીને ગઢમાં જઇને હેમપ્રધાન પેથડકુમારને મળતા હવા. પેથડકુમારે પણ હેમ પ્રધાનો ઘણો સત્કાર કર્યો.

હે પેથડકુમાર! "તમોએ મારા નામની આ પ્રમાણેની ધર્મ-શાળા કરી તેમાં શું કારણ છે ? તે મારા ઉપર પ્રસન્ન થઇને કહો. કેમકે તમે મારી ઉપર ઉપકાર કર્યો છે તેનું અનૃણીપણું પામું તેમ છે નહિ, તથાપિ મારે તેનો વિચાર કરવો જોઇએ, માટે મને કહો." એ પ્રમાણે આગ્રહપૂર્વક હેમ પ્રધાને જણાવ્યું.

હે પ્રધાનજી ! "અમારૂં કામ તમે સહેલાઇથી કરી શકો તેમ છે," પેથડકુમારે જણાવ્યુ.

"બળવડે કરીને અને શરીરવડે કરીને તમે મારી ઉપકાર ઘણોજ કર્યો છે. તેના બદલામાં તમારૂં ગમે તેવું કામ હશે તોપણ તે હું કરીશ, માટે જણાવો" હેમ પ્રધાને કહ્યું.

"દેવગિરિ નગરીમાં એક જૈન દહેરાસર થાય એવી મને જગ્યા અપાવો. જોકે બ્રાહ્મણોની ઉદ્ધતાઇપણાથી એ કાર્ય થવું મહા દુષ્કર છે, તોપણ તમારાથી બની શકે, એવી આશા છે," પેથડકુમારે જણાવ્યું.

પેથડકુમારના ઉપકારના ભારથી દબાયેલા હેમ પ્રધાને તેનું વચન અંગીકાર કર્યું, પછી બન્ને જણ દેવગિરિ નગરમાં આવ્યા, હેમ પ્રધાને પેથડકુમારને પોતાને ઘેર ઉતારો આપ્યો. અને કહ્યું કે હે પેથડકુમાર ! હું તે સંબંધી રાજા સાથે એકાન્તમાં વાતચિત કરીશ, માટે તમે ચિંતા કરશો નહિ. પછી તે પોતાને ઘેર ગયો. પેથડકુમાર પણ પોતાના પરિવાર સાથે દેવગિરિમાં રહેવા લાગ્યા.

હવે હેમ પ્રધાન અવસરનો જાણ છે. લેશમાત્ર પણ રાજાનું પાસુ છોડતાં નથી. કેમકે અવસર આવે થકે કાર્ય કરવા ભૂલવું નહિ, અવસર વગર કોઇનું કાર્ય સિદ્ધ થતું નથી. અવસર વગરનું કોઇ પણ કાર્ય ફલીભૂત થતું નથી, ગીત, નગર, લક્ષ્મી, સ્ત્રી, આભૂષણ, ભોજન, દૂધ અને સાકર તે પણ અવસર વગર પ્રીતિને ઉત્પન્ન કરનારાં થતાં નથી. પ્રસ્તાવને વિશે બોલેલું વચન, પ્રસ્તાવને વિશે પ્રાણીયોનું શસ્ત્ર અને પ્રસ્તાવને વિશે થોડો પણ પરસાદ કોટીફલને આપવાવાળો થાય છે. ઇત્યાદિક વિચાર કરતો હેમ પ્રધાન અવસરની રાહ જોવા લાગ્યો.

એવા સમયમાં તે નગરમાં ઘોડા વેચનાર પુરૂષો આવ્યા. તેમની પાસેથી સારા લક્ષણવાળો ઘોડો જોઇને તેના આઠ હજાર ટકા આપીને રાજા તે ઘોડાને ગ્રહણ કરતો હવો, રાજાએ ઘોડાની પરિક્ષા કરનાર પાસે તેનાં લક્ષણો પણ જોવડાવ્યાં. ઘોડો લક્ષણવંતો છે એમ ખાતરી થયા પછી સેવકોને આપી પોતાની ઘોડારમાં બંધાવી પોતે પોતાને ઠેકાણે ગયો.

# પ્રકરણ ૧૬ મું

## “ ફત્તેહ ”

જંગલના બિભત્સ દેખાવો શુરવીર જનોનાં હૃદયને પણ કંપાવી નાંખે છે. કોઇ ઠેકાણે જ્યારે ભયંકર બનાવોથી હૃદયમાં ભયનો સંચાર થાય છે, ત્યારે કોઇ ઠેકાણેના રમણીય દેખાવોથી દૃષ્ટિ આનંદજનક થાય છે એવા જંગલના ચિત્ર વિચિત્ર દેખાવોમાં લીન થએલો એક માણસ પોતાના મહા મુલ્યવાળા ઘોડા ઉપર સ્વાર થયો થકો વેગથી ચાલ્યો જાય છે, તેની જોડે બીજો ઘોડો છે તે ઉપર પણ એક માણસ બેઠેલો છે, બીજા કેટલાક લશ્કરી સીપાઇઓ તેની પાછળ પાછળ ચાલ્યા આવે છે, એવા સંયોગોમાં અગ્રેસર થએલા બે માણસોમાંથી એક જણનો ઘોડો પાણીનું પુર આવવાથી અટકી પડ્યો, તે સમજુ માણસે પોતે સાહસથી ઘોડાને પાણીમાં નાંખવા ઘણા ઉપાયો કર્યા, પણ વ્યર્થ ! અરે ! આ દુષ્ટ ઘોડો શું પાણીથી ભય પામે છે ! અથવા તો તે કેમ ચાલતો નથી ! કોરડાના મારથી તેનાં હાડ પણ ખોખરાં થયાં, તથાપિ તે લેશપણ ગમન કરતો નથી. અરેરે ! મારે સામા નગરમાં જવું છે પણ ઘોડો તો અહીંને અહીંજ અટકી ગયો. આઠ હજાર ટકા ખરચેલા તેનું અત્યારે પાણી થવા બેઠું. ઇત્યાદિક વિચાર શ્રેણિથી ખેદયુક્ત એવું રાજાનું મન જાણીને બુદ્ધિવંત તે બીજો માણસ ઘોડાનું કારણ જાણતો હવો. તરતજ ઘોડાને મારતા એવા રાજાને અટકાવીને તે કહેવા લાગ્યો કે સ્વામી ! “ આ ઘોડાના પૂચ્છને ઘોડાના પેટ ઉપર વાળીને બાંધી લ્યો, એટલે ઘોડો તત્કાળ પાણી ઉલંઘી જશે ” એ પ્રમાણેનું હેમ પ્રધાનનું કહેવું સાંભળીને રાજા રામદેવ તે પ્રમાણે કર્યે થકે એકદમ ઉડીને ઘોડો સામી બાજુએ જતો હવો, પાછળથી બીજા ઘોડાઓ તો પાણીના રસ્તેથી ધીરે ધીરે આવતા હવા. પોતાનું કામ કરી ત્યાંથી પાછા વળતાં પણ રાજાનો ઘોડો તો ઉડીને આવતો હવો.

રાજા પણ ઘણો નવાઇ પામ્યો, કે આશું આશ્ચર્ય ? ? તેથી તેનો ખુલાસો હેમ પ્રધાનને પૂછતો હવો. મહા બુદ્ધિવંત એવો તે પ્રધાન સમયને ઉચિત એવું સમાધાન કરતો હવો. કે હે રાજન્! અતિશય પાણીની ઉચ્છળતી લહેરીયો તેના છાંટાએ કરીને રાજાનો વેશ મલિન ન થાય ? આવી શંકાના વશે કરીને ઘોડો પાણીમાં ન પેઠો, કેમકે કુળવંત પ્રાણીઓ પોતાના સ્વામીથી પ્રતિકુળ કાંઇ પણ કરતાં નથી. પ્રધાનનું વચન સાંભળીને રાજાને સંતોષ થયો, અને તે પછી તે ઘોડો સોનાનાં અલંકાર પહેરીને અને શુદ્ધ આ-હાર કરતો થકો એકાન્તને વિશે સુખે સમાધે રહે છે. દેવતાની માફક મહા તેજસ્વી એવો તે રાજાને ઘણો માનનીક થયો, તેમજ પરસૈન્યની આપદાને ભાગનારો અને રાજાના કષ્ટને દૂર કરનારો એવો તે ઘોડો જેનું "વેગ પ્રભંજન" એવું નામ આજથી રાજાએ આપ્યું. વિનય વડે કરીને તિર્યંચ પણ પૂજા પામે છે. માટે જગત-માં વિનય તેજ સારભૂત છે, વિનય વિના કલ્યાણ થતું નથી, ધર્મ-નું મુળ વિનયજ છે એટલુંજ નહિ પણ વિનય તે પરલોકે પણ કલ્યાણને આપનારો થાય છે.

હેમ પ્રધાને ઘોડાનો આશય જાણ્યો જેથી તેની ઉપર તે રાજા ઘણો તુષ્ટમાન્ થયો થકો તેને ઇચ્છિત માગવા વચન આપ્યું, હવે અવસરને જાણ એવા તે હેમ પ્રધાને રાજાને કહેવા માંડયું હે દેવ! " આ તમારૂં વચન અમૃત કરતાં પણ મીઠું છે, કેમકે ઘણા વખતથી હું આપની પાસે યાચના કરવાની રાહ જોતો,તો. અને કેટલેક કાળે આજે મારી આશા સફળ જાણી હું યાચના કરૂં છું! કે હે સ્વામિન્! દાતાર થઇને આટલું કામ કરજો. આ નગર-માં મારો બાંધવ એક મનોહર જૈન ચૈત્ય કરાવવાની ઇચ્છા રાખે છે, તેથી મનોઇચ્છિત ઠેકાણાને વિશે એક ચૈત્ય જેટલી જગ્યા આપો. "

પ્રધાનની વાણી સાંભળીને રાજા કહેવા લાગ્યો, કે હે પ્રધાન! ' બ્રાહ્મણોની અપ્રીતિ હશે તો પણ હું તમને જગ્યા આપીશ પણ હે હેમ! તે તારો બાંધવ ક્યાં રહે છે? તેનું શું નામ છે ? તે હાલમાં ક્યાં રહે છે! તે તું મને કહે? "

હે સ્વામી! " પૃથ્વીધર એવે નામે. અવંતી દેશના મંડન રૂપ

છે, તેને મેં જીહવા વડે કરીને ભાઇ કહેલો છે, કેમકે તે રક ધર્મ વાને ઘણોજ તત્પર છે. વળી અવંતી દેશનો જયસિંહ રાજા તે તેના પ્રતિબિંબ રૂપ છે. અને છત્ર, ચામર વગરનો તે પેથડકુમાર મંત્રી આખી માળવાનો અધિપતિ, અરે! તે તાજ વગરનો મહારાજા હોય તેમ કહેવાય છે, પ્રભાતકાળે આપ સ્વામીને નમસ્કાર કરવાને તે બહુમાનથી આવવાનો છે પ્રધાનની એ પ્રકારની વાત હૃદયમાં ધારણ કરીને તે રાજા રાજ્ય કાર્યમાં અને નિંદ્રામાં પોતાની રાત્રી ગુમાવતો હવો." હેમ પ્રધાન પણ હર્ષીત થયો થકો ઘેર આવી પ્રધાનને રાજાનો મલવાનો અવસર જણાવતો હવો.

પ્રાતઃકાળે સર્વ સામન્તાદિક પ્રધાનના પરિવાર વડે કરીને રાજા સભામાં બેઠેલા છે, તેવામાં સર્વ પરિવારથી પરવરેલો પેથડ કુમાર મંત્રી એક સુવર્ણના સ્થાળમાં દ્રવ્યનો સમુહ અને શ્રી ફળ એ બે વસ્તુ મુકીને રાજા આગળ તે ભેટ મુકતો હવો. રાજા પણ તે પેથડકુમાર નજીકમાં આવે છતે ઉઠીને એકદમ સ્નેહ-થી આલિંગન આપતો હવો. કેમકે કુળવંત પુરૂષો વિનયવંત હોય છે, વળી હરણીની ચંચળ ચક્ષુઓ કોણે આંજેલી છે? મયુરનાં મ-નોહર પીચ્છાં કોણે ચીતર્યાં છે? તેમજ કમળની પાંખડીનાં સમુદા-યને કોણ ગોઠવે છે? કોઇ નહિ! એ સર્વ સ્વાભાવિક રીતેજ થયા કરે છે, તેવીજ રીતે કુળવંતા પુરૂષોને વિશે વિનય પણ સ્વાભાવિ-કજ હોય છે ત્યાર બાદ પેથડકુમારને તેનું ભેટણું પાછું આપી રાજાએ શ્રીફલ અંગીકાર કરી જે પોતાની પાસે આસન ઉપર બે-સાડી તેને કુશળક્ષેમના સમાચાર પૂછતો હવો. અનંતર પેથડકુમારને પહેરામણી આપીને તેને ભૂમિ આપવાને માટે રાજા ઘોડા ઉપર ચ-ડીને ચૌટામાં પોતાના પરિવાર સહિત નિકળ્યો. તે પછી ચૌટાના મધ્ય ભાગમાં પ્રધાને જેટલી પૃથ્વી માગી તેટલી પૃથ્વી આપી અને તેટલી જમીન બ્રાહ્મણોને પણ આપી ને રાજા બ્રાહ્મણોને ખુશી કર-તો હવો. હવે જે પૃથ્વી પેથડકુમારને આપેલી છે તે પૃથ્વી ઉપર રહેલી વ્યવહારીયાઓની સાત માળની હવેલીઓ તથા દુકાન, ઘર પ્રમુખ તે સર્વને પેથડકુમારે પડાવી નાંખ્યું, કેમકે જગતમાં એવો ન્યાય છે કે ઘરને માટે વૃક્ષોનો સમુહ ભગાય છે. ઓરડાને માટે ઘર ભગાય છે. દુકાનને માટે ઘર તોડી નાંખવામાં આવે છે અને દેરાસરને માટે દુકાનો ભાગવામાં આવે છે, હવે શુભ મુહુર્તે ભૂમિ

ખોદવાનું કામ શરૂ કર્યું. ત્રણ વાંસ પ્રમાણ જમીન ખોદતાં કોઇ દિવસ નહિ પીધેલું એવું મીઠું પાણી તેમાંથી નીકળ્યું પણ તેમાં કાંઇ નવાઇ નથી, કેમકે ભાગ્ય હોય છે તો તેવીજ રીતે નિધાન પ્રગટે છે. વળી ભૂમાતાના ગર્ભમાં પગલે પગલે નિધાન ગુપ્તપણે રહેલાં છે. યોજન યોજન પ્રત્યે રસકુંપિકા રહેલી છે તેમજ ઘણાં રત્નો પૃથ્વીને વિશે રહેલાં છે. પરન્તુ ભાગ્યહીન પુરૂષો દેખતા નથી.

ઇર્ષ્યા વડે કરીને ઘેરાયલા કેટલાક બ્રાહ્મણો રાજા રામદેવની પાસે આવીને સંધ્યાકાળને સમયે એકાંતને વિશે વિનંતિ કરવા લાગ્યા, કે હે દેવ! પેથડ પ્રધાન જ્યાં જૈન મંદિર કરાવે છે ત્યાં મીઠું પાણી નીકળ્યુ છે. આ ઠેકાણે અઢારે વર્ણ પાણી પીશે, તેથી તમને ઘણુ પુન્ય પ્રાપ્ત થશે. કેમકે કુવાદિક કરાવવા, પાણીનાં સ્થાનક કરાવવાં, તે થકી પુરાણમાં બહુ પુન્ય કહ્યું છે. વળી હે દેવ! તમે શ્રવણ કરો; કે પૂર્વ કાળને વિશે કોઇ ચોર ચોરી કરીને નાસતો થકો રસ્તામાં અત્યંત તૃષાતુર થયો. એટલામાં ત્યાં તલાવ આવ્યુ, તે તલાવમાં થોડી લીલી ભૂમિ હતી. તેથી તેણે તે જગાએ ખાડો ખોદ્યો, અને તેમાંથી નિકળેલું પાણી પોતે પીધું, અને પછી તે ત્યાંથી ચાલતો થયો. તથાપિ તેમાં રહેલું નિર્મળ પાણી તેને પુન્ય બંધનમાં કારણભૂત થયું, કેમકે એટલામાં રાજાના સુભટોએ આવીને તેને માર્યો, તેના પુન્ય થકી તે ચોર દેવતા થયો. માટે હે રાજન્! દેરાસરને યોગ્ય ભૂમિ તેને બીજે કયાંક આપો? અને આ ઠેકાણે મોટી વાવ બંધાવો, જેથી તમને મોટું પુણ્ય થશે, એ પ્રમાણે અજ્ઞાની બ્રાહ્મણોએ વાવ પ્રમુખ કરવાને રાજાને કહ્યું. પણ તેને વિશે પુન્ય પાપ તો મેરૂને સરસવ સરખુ છે, અનેક પ્રકારનાં તળાવ વગેરે કરાવવાને પૂર્વે પણ કુબુદ્ધિએ ભોજરાજાને કહ્યું'તું. તે વખતે ભોજ રાજા આગળ મહા બુદ્ધિશાળી એવો ધનપાળ પંડિત રહેતો'તો, તેણે જવાબ આપ્યો કે આ તલાવ એક પ્રકારની દાનશાળા છે, કેમકે જેમાં નિરંતર માછલાં આદિ રસોઇ તૈયાર થાય છે, વળી બગલાં, સારસ પક્ષી અને ચક્રવાક વગેરે એ રસોઇનું ભોજન કરવાને આવે છે તે માટે આવી રીતની દાનશાળામાં કેટલું પુન્ય થશે તે અમારા જાણવામાં આવતું નથી. અંહીઆં પણ બ્રાહ્મણોએ રાજાને ભોળવવા માટે પોતાથી બનતા ઉપાયો કર્યા. રાજા

પણ બ્રાહ્મણોના વચનથી મનમાં ડોલાયમાન થયો, કેમકે રાજા ઓને કાન હોય છે પણ સાન હોતી નથી. બહુધા તેઓ કાચા કાનના હોય છે રાજાએ બ્રાહ્મણોનું વચન અંગીકાર કર્યું અને જણાવ્યું કે પ્રભાતે તે મીઠા પાણીનું પાન કરીને ત્યાં મોટી વાવ બંધાવીશું, એમ કહી બ્રાહ્મણોને વિદાય કર્યા.

હવે રાજાનો હજામ દરરોજ પેથડકુમારને ત્યાં તેનું માથું દબાવવાને જાય છે, તે હજામે બ્રાહ્મણોની વાત સાંભળીને પેથડકુમારને જણાવી દીધી. તુચ્છ વસ્તુ પણ જો પ્રસન્ન કરાયેલી હોય તો કોઇ વખત સારૂં ફળ આપે છે, કેમકે એક વખતે ઉંદરે મહા સંકટમાં પડેલા અને દોરડાથી બંધાયેલા એવા સિંહને છોડાવ્યો છે. ઇત્યાદિ વિચાર કરતો પેથડકુમાર રાત્રીને વિશે એક માણસને દ્રવ્ય આપી લુણની પોઠ લેવાને પોતાને ગામ મોકલી તરતજ પોઠ મંગાવી તે પાણીમાં નંખાવી પાણી હલાવીને ખારૂં કરી નાંખ્યું. પછી પેથડકુમાર ઘેર જઇને સુખે સમાધે સુઇ રહ્યા હવે પ્રાતઃકાળે રાજાએ ત્યાં આવીને પાણી ચાખ્યું તો ખારૂં લાગ્યું, એટલે તેણે વિચાર કર્યો કે આ સર્વ વાત બ્રાહ્મણો ઇર્ષ્યાથી કહે છે, પછી બ્રાહ્મણોને રાજાએ ઘણો ઠપકો આપ્યો ને પેથડકુમારનું સન્માન કરીને રાજા પોતાને મહેલે આવ્યો. અને બ્રાહ્મણોએ જે ખરાબ ચિંતવન કર્યું હતું તે સત્વર વિનાશ પામી ગયું, કેમકે જો કદાચ દુષ્ટ બુદ્ધિવાળા પુરૂષોનું કાર્ય સિદ્ધ થાય તો પછી સજ્જન પુરૂષોને તેઓ જીવવા પણ દે નહિ, કેમકે ઘાસ વડે કરીને આજીવિકા ચલાવનારા મૃગલાઓના દુશ્મનો પારધીઓ છે. પાણી વડે કરીને પેટનું પોષણ કરનારા માછલીના શત્રુઓ માછી છે અને સંતોષ વડે કરીને આજીવિકા કરનારા એવા સજ્જન પુરૂષોના દુશ્મનો દુર્જનો છે માટે પારધી, માછી અને દુર્જનો એ આ જગતમાં કારણ વગરના શત્રુઓ છે.

હવે પેથડકુમાર કોઇ મહા બુદ્ધિવંત સુથારને માટે હેમ પ્રધાનને પૂછતા હતા. એટલામાં તેમને એક સુથાર મળ્યો, તે જણાવવા લાગ્યો કે હે દેવ! હું સારી રીતે કામ કરી શકું છું કારણ કે મારા બાપદાદાનો તે ધંધો છે.

તારા બાપદાદાએ કોઇ એવી પ્રખ્યાત વસ્તુની કોરણી કરેલી છે? હોય તો જણાવ! તેમણે જણાવ્યું.

સાહેબ! મારો ઇતિહાસ જરા લાંબો છે તથાપિ આપ ધ્યાન આપીને સાંભળશો તો તરતજ ખાતરી થશે. પૂર્વે ગુજરાતની ગાદીએ જે વખતે સિદ્ધરાજ રાજા રાજ્ય કરતો હતો, તે વખતે તેણે રૂદ્રમાળ કરાવીને પછી તે રૂદ્રમાળ કરનારને આંધળા કરાવ્યો. કે ફરીને આ મકાન જેવું મકાન બીજે કોઇ પણ સ્થળે બનાવી શકે નહિ. પરન્તુ તે સુત્રધારે જૈન દેરાસર કરવાને પ્રતિજ્ઞા લીધી, તથાપિ કોઇ તેનો કરાવનાર મલ્યો નહિ, જ્યારે તેનો અંતકાળ નજીક આવ્યો તેવારે તે પ્રતિજ્ઞા પોતાના પુત્રોને કરાવી પછી તે મરણ પામ્યો. ત્યાર પછી તે પ્રતિજ્ઞા ત્રણ વંશ પર્યંત ચાલી પરન્તુ કોઇ દેરાસર કરાવનાર જૈન મળ્યો નહિ. તે પછી પાંચમો રત્નાકર એવે નામે કળાના સમુહનો જાણ એવો થતો હવો, તે જાણે નવું વેરજ ન હોય તેમ ઘણો કાળ ગયે થકે પણ વેરને ધારણ કરતો હવો, કેમકે ઘણો કાળ જાય તોપણ દ્વેષ અને પ્રેમ જતાં નથી એવો જગતમાં સામાન્ય નિયમ છે. તેથી દેરૂં કરવાની ઇચ્છાએ કરીને તે જગતમાં ભમતો થકો આજે આપ સાહેબોની આગળ તે ઉભો રહ્યો છે, એમ જાણતે થકે પેથડકુમારે કારીગર લોકોની પાસે કામનો આરંભ કરાવીને ત્યાં ગુમાસ્તાઓને મુકી પ્રધાન ઉજ્જયિનીને વિશે ગયા. અને તે કામ કરનારાઓ માટે સોના વડે કરીને ભરેલી અને દરેક દિશાઓને સુગંધમય કરતી બત્રીસ ઉંટડીઓ મોકલતા હવા. વળી તે દેરાસરને માટે ઇંટના દશ હજાર નિભાડા ત્યાં કરાવતા હવા. તે એકેક નિભાડામાં દશ દશ હજાર ઇંટો રહેલી હતી, દેરાસર કરાવતાં લાગેલું પાપ તે જે તે પ્રાસાદથી ઉત્પન્ન થયેલું પુણ્ય તેની આગળ કાંઇ પણ ગણાતું નથી. કેમકે ઝેરનાં બિંદુઓ ક્ષીર સમુદ્રને લગાર પણ અસર કરતાં નથી.

ત્રણ વાંસ ઉંડા નાંખેલા પાયાના પાષાણ તેની સાંધોને અનુક્રમે કરીને પાંચ શેર, દશ શેર, અને પંદર શેર લોહના રસ વડે કરીને પૂરતા હવા. અને ચૌદસોને ચુમાળીસ એવી એકવીસ ગજની લાંબી કેટલીક પાષાણની પટીઓ તેમાં કરતા હવા તેવી અનેક પ્રકારની ક્રીયા વડે કરીને પેથડકુમારે દેરાસર તૈયાર કરવા માંડ્યું, એવામાં એક વખત રાત્રીએ કારણ પડવાથી કોટને તોડી નંખાવ્યો,

પછી પોતાનું કામ સિદ્ધ કરી તરતજ તેને સમરાવી દીધો. ખરેખર સાહસિક પુરૂષોજ કાર્ય સિદ્ધ કરી શકે છે, પણ કાયર પુરૂષો કાર્યની સિદ્ધિ મેળવી શકતા નથી, કેમકે ભયને પામવાવાળી ચક્ષુ કાજળ પામે છે અને ધૈર્યને ધારણ કરનારા કાનો સુવર્ણ પહેરે છે. વળી લંકા જેવી નગરી જીતવાની છે પગ વડે સમુદ્ર તરવાનો છે, રાવણ જેવો શત્રુ છે, લડાઇમાં સહાય કરનારા વાંદરાઓ છે, તથાપિ રામે રાવણનું કુળ વિનાશ કર્યું, માટે ખરેખર મોટા પુરૂષોને તો સત્વમાંજ પ્રાક્રમ રહેલું છે પણ સાધનોમાં નથી. હવે તૈયાર થયેલા દેરાસરમાં ચંદ્રની કાંત્તિ સરખી મહાવીર સ્વામીની પ્રતિમા ત્યાસી અંગુળ પ્રમાણની ભરાવીને શુભ મુહુર્તે સ્થાપન કરતા હવા. તે અરસામાં દેવગિરિમાં મોટો પ્રતિષ્ટા મહોત્સવ થતો હવો. લાખો ગામોના વ્યવહારીયાઓની મધ્યમાં માધવ નામનો ભાટ પેથડકુમારની સ્તુતી કરવા લાગ્યો, હે પેથડકુમાર! તમારા પિતાએ કરાવેલાં પુન્યનાં પુર તેનાં દેવતાએ ગાયેલાં સંગીતને સાંભળીને જો કદાપિ પાતાળમાં રહેલો શેષનાગ પોતાનું મસ્તક ધુણાવે તો પૃથ્વી વિનાશ પામી જાય, પરન્તુ તમે કરાવેલાં પર્વત સરખાં મોટાં દેરાસર તેના ઘણા ભારે કરીને ભારવંત થયેલી પૃથ્વીને ધારણ કરતો શેષનાગ પૃથ્વી ડોલાવવાને ખરેખર અસમર્થ થયો છે. તે માટે તમે પૃથ્વીધર છો તે સત્યજ છે. ઇત્યાદિ દરેક લોકના વખાણથી પેથડકુમાર લજ્જાયમાન થઇ નીચુ જોવા લાગ્યા કેમકે લજ્જા કુળને ઉદ્યોત કરનારી છે, સૌભાગ્યને કરવાવાળી છે, વળી ધર્મવૃક્ષનું મૂળ છે, લજ્જા પાપ કર્મને વિનાશ કરનારી છે. વળી પોતાનાં વખાણ દુર્જન પુરૂષોને રૂચે છે પરન્તુ ઉત્તમ પુરૂષોને તો તે રૂચીવંત થતાં નથી એવો આ સૃષ્ટિનો સાધારણ નિયમ છે, એ પ્રમાણેની પ્રશંસા સાંભળી સર્વ લોકો માથુ ધુણાવવા લાગ્યા અને તેની કવિતાની પ્રશંસા કરવા લાગ્યા.

હવે પેથડકુમારે ગંધર્વોને બોલાવીને જણાવ્યું કે તમે મને આવું માન આપો છો પણ તેને હું લાયક નથી, માટે તમારે એવું ન બોલવું જોઇએ. કારણ કે નવી નવી કલ્પનાઓ અર્થવાળી હોતી નથી. જેમકે આકાશનું નામ અંબર છે. દેડકાનું હરી એવુ નામ છે. કાગડાનું દ્વિજ એવું નામ છે, વાંકા સર્પનું ભોગી અને

ભુજંગ એવું નામ છે. અને કાંકરાનું શર્કરા એવું નામ છે. વળી હાથીના મદ જળનું નામ દાન છે પણ તેઓ અર્થ વડે કરીને શૂન્ય છે. માટે આવી રીતનાં કેટલાંક ફોગટ નામ હેય છે જેથી તમારે વિશેષ પડતી રીતે નહિ બોલવું જોઇએ. પછી પ્રધાન સર્વ માણસોને જીવે ત્યાંસુધી નિર્વાહ ચાલે એવી આજીવિકા બાંધી આપી તેમને ખુશી કરતા હવા, ને બીજા લોકોને પણ દાન આપતા હવા. અલ્પ કાર્ય કરવાથી ઉત્પન્ન થયેલી કીર્તિ કોને હાસ્યકારી થતી નથી? પરન્તુ પ્રૌઢ પુન્ય કરવાથી ઉત્પન્ન થએલી કીર્તિ સર્વને વલ્લભ થાયછે.

સોનાના કલશ વડે કરીને અને તિલક વડે કરીને સહીત એવા અને બ્રહ્મચર્યને ધારણ કરનારા એકસો ને આઠ સ્નાત્રીયા તે કરતા હવા. જોકે બ્રહ્મચારી તો સ્વાભાવિક રીતે પણ પૂજનીક છે. તો પછી આવી રીતનું કાર્ય કરનારા પૂજનીક હોય તેમાં શું નવાઇ? તેમજ સાધર્મિક પુરૂષોની ભક્તિ કરવાને તે સ્વામીવાત્સલ્ય કરતો હવો. ત્યાંથી જતા એવા શ્રાવકોને સુવર્ણના પેચવાળી એવી ચોળાસી હજાર પહેરામણીઓ તે આપતો હવો. તથા અનેક પ્રકારે તેમને વસ્ત્ર આપવા લાગ્યો. એવી રીતે પાંચ લાખ પ્રમાણ ટાંક વડે કરીને ત્યાં મોટો મહોત્સવ કર્યો. વળી ગગન ચુંબિત દેરાસરના શિખર ઉપર કલશ, દંડ અને ધ્વજા સ્થાપન કરતા હવા. તેમજ પટોળાં, સાંકળાં, કડાં, વીંટીયો પ્રમુખ ઘણાં ઘરેણાં લોકોને ઘણે પ્રકારે આપતા હવા. સવા લાખ પટોળાંએ કરીને અને લક્ષ રૂપૈયાએ કરીને રાજા તથા અશ્વપાળ પ્રમુખ શ્રી વીર પરમાત્માની પૂજા કરવાને તૈયાર થયા કેમકે ભાવ વિનાની પણ અરિહંતની પૂજા ઘણા ફળને આપનારી છે તો પછી ભાવ સહિત પૂજા કરતાં તો અનંતુ ફળ થાય તેમાં શું નવાઇ છે? એવી રીતે પૃથ્વી રૂપી રમણીને શોભાવવામાં મંડન રૂપ અને લક્ષ્મીનુ દાન આપવાને વિશે જગતમાં ચક્રવર્ત્તી સરખા એવા તે પેથડકુમાર પોતાની લક્ષ્મીને અનેક પ્રકારના દાન પુન્ય વડે કરીને સફળ કરતા હવા. અને પોતે પોતાની એક અમોઘ ધારણામાં પરિપૂર્ણ રીતે આજે ફતેહ પામ્યા છે, તે માટે તે ખુશી થતા હવા. ખરેખર માણસ સાહસિક બની કોઇ પણ કાર્ય કરવા ધારે તો તે શામાટે ન બની શકે? સાહસિક વૃત્તિથી કાર્ય કરનારને પરોક્ષથી કોઇ ઓરજ પ્રકારની સહાયતા મળે છે,

જો અહીંઆં દેરાસર ન થયુ હતે તો પણ મારા મનની આશા મનમાંજ રહી જતે; એટલુંજ નહિ પણ મરતાં સુધી તેની મને ખટક પણ રહી જાત, પરન્તુ શાસનદેવના પસાયથી આપણું કામ હવે સંપૂર્ણ રીતે સફળ થયું છે. માણસ જો કોઇ પણ કાર્ય કરવાની હોંશ રાખે અને ખંતથી ઉદ્યમ કરે, અને વારંવાર નિષ્ફળ થતાં પણ પોતાનો ઉદ્યમ તે છોડે નહિ તો છેવટે તે પોતાની ધારણામાં સફળ નિવડી વિજયને મેળવવાને તે સમર્થ થાય છે.

# પ્રકરણ ૧૭ મું.

## " ચતુર્થ વ્રત ગ્રહણ "

આહા ! સમુદ્રનું પાણી ચારે તરફ ઉચ્છાળા મારી કલ્લોલ કરતું કેવું નજરે પડે છે ! તેના મધુર શબ્દો શ્રોત્રીય વર્ગને કેવા કર્ણ પ્રીય થઇ પડે છે ? તીક્ષ્ણ નજરથી નિહાળતાં તો આકાશમાં ઉચ્છળી રહેલા તેના ભયંકર દેખાવો માનવના હૃદયને ભય પણ કદાચ ઉપજાવી શકે ? દરરોજ બે વખત તે પોતાના તટ ઊપર શોભાયમાન એવા સ્થંભનપુર નગરમાં રહેલા તેના મુગુટમણિ સમાન સ્થંભનેશ (પ્રાર્શ્વનાથ) ને ભરતી વડે કરીને નમસ્કાર કરવામાં આવે છે. અને તે ભગવાનની આગળ પોતાની વિતક વાર્તા કથન કર્યા કરે છે. પોકાર કરીને મહતી ગર્જનાથી ભગવાનની સ્તુતિ કરી પોતાનું દુઃખ કાપવા દરરોજ બે વખત ભગવાનના પ્રાસાદે આવીને તે અથડાય છે. અને અરજ કરે છે કે હે મુગુટમણે ! મારે જગતમાં બે પ્રકારનાં દુઃખ છે જો મારાં બે દુઃખનો નાશ થાય તો જગતમાં મારૂં અધિક સન્માન થાય. હે ભગવાન ! તે દુઃખ દુર કરવાને હું દરરોજ બે વખત તમને અરજ કરવા આવું છું. એકતો મારો પુત્ર ચન્દ્ર કલંકી છે, તેનું કલંક દૂર કરો ? કેમકે તે સકલ ગુણ સંપન્ન હોવા

છતાં તેનું કલંક તેના ગુણોને મલીન કરે છે, તથા મારૂં પાણી શિતળ, નિર્મળ હોવા છતાં ખારૂં છે, તેથી જગતમાં મારો તિરસ્કાર થાય છે, માટે મારૂં ખારાપણું પણ દૂર કરો! એ બે દુઃખોથી હું નિરંતર દુઃખી થાઉં છું. હું અનેક પ્રકારની સંપદાએ કરી ગર્વિષ્ઠ છું, તથાપિ એ બેઉ દુઃખોથી હું મરેલા જેવો છું. એવી રીતનું પોતાનું દુઃખ ગાવાને તે ભગવાન્ પાસે બે વખત આવે છે શું? એવા ભરતીના ઉચ્છળતા કલ્લોલોએ કરીને યુક્ત સમુદ્રના કિનારા ઉપર રહેલું સ્થંભનપુર ( ખંભાત ) નગર તેના રમણીય ગગન ચુંબિત પ્રાસાદમાં રહેવાવાળો ભીમ નામે વ્યવહારીયો પોતાના ફર્નીચરથી સુશોભિત સુંદર ઓરડાની એક બાજુએ ચિંતાગ્રસ્ત પણે એક આરામચેર ઉપર પડેલો છે. ચિંતાથી જેના વદન કમળની ચળકાટ કરતી કાંતિ અત્યારે પલાયન કરી ગઇ છે. પોતાને અનેક પ્રકારની સંપદા છતાંપણ તેની ઉપરથી અત્યારે તેનું દીલ ઉઠી જતાં જાણે કોઇ વિયોગી માણસનું સ્મરણ કરતો હોય તેમ તેનું સ્મરણ કરતો આંખે ચક્ષુઓમાંથી અશ્રુનાં બિંદુ ટપક ટપક ટપકાવે છે, પોતાની મનોહર અંગુલીઓ ઉપર હીરા માણેકના વીંટીઓ અંધારામાં પણ ઉજાસ આપી રહી છે, તથાપિ લેશ માત્ર પણ અત્યારે તેની ઉપર પ્રીતિ થતી નથી, પોતાનો કોમળ કંઠ મોતીના હારથી મનોહર દેખાય છે છતાં તેની ઉપર પણ તેનું મન રૂચીવંત થતું નથી. આરામચેર ઉપર જાણે ધર્મનું પુતળુંજ પડેલું હોય તેમ શૂન્યમય જેવો તે પડેલો છે. અરેરે! જગત બધું શૂન્યકારમયજ છે. હા! હું શું કરૂં! દુનિયાં અંધકારથી છવાઇ ગઇ. મને તેમનો વિરહ બહુ સાલ્યા કરે છે. જગતમાં દરેક દુખો સહન કરવાં પણ વિયોગનાં દુઃખ સહન કરવાં મહા દુષ્કર છે માનવીની નિરોગી કાયા છતાં વિરહ એ કુદરતના તરફનો છુપો માર છે, ક્ષય રોગની માફક વિરહના દુઃખથી માણસનું અમુલ્ય શરીર દિન દિન પ્રત્યે ખુવાર થઇ જાય છે, અન્ન ઉપર પણ રૂચિ થતી નથી, અરેરે! આજકાલ કરતાં બાર બાર વરસ થઇ ગયાં, પણ તેમનું સ્મરણ હજુ સુધીએ વિસરતું નથી. કાયા ઓગળી ગઇ છે, હવે તો ફક્ત હાડકાંનો માળો રહ્યો છે, જગતમાં માનવનું જીવન કાચના ટુકડાથી પણ હલકુ છે, તેને વિણસતાં કંઇ વાર લાગવાની નથી, આ બધી સંપદા અહીં ને અહીંજ રહેવાની છે. કશું મારી સાથે આવવાનું નથી, હવે આ શરીર કયાં સુધી

ટકશે તેનો પણ નિર્ણય નથી તો મારે કંઇ પણ આત્મ કલ્યાણ કરવું જોઇએ. અરેરે! ગુરૂ તો ચાલ્યા ગયા, આ જગતમાં ગુરૂ સમુદ્રમાં નાવ સરખા છે. પળે પળે માણસને પોતાની સ્થીતિનું ભાન કરાવનારા છે. હવે આજકાલ કરતાં ગુરૂ માહારાજને સ્વર્ગ ગમન કર્યાને પણ બાર બાર વર્ષ વ્યતિત થયાં, ખરેખર મારા જેવા હીણભાગીને ગુરૂનો સમાગમ કયાંથી હોય? અરેરે! તેમના વગર હું ખરી વસ્તુ શી રીતે સમજી શકતે? દૈવ! દૈવ! તું જેને તેને નડતુંજ હોય છે. ધર્મને વિશે સ્થંભ સરખા એવા દેવેંદ્રસૂરિ એક વખતે આ ભૂમિ ઉપર જયવંતા વર્ત્તતા'તા. તે અત્યારે આ ભૂમિનો ત્યાગ કરીને સ્વર્ગે સીધાવી ગયા. અરેરે! જગતમાં દરેકને મરવાનું છે. માટે હું લક્ષ્મીનો સદ્ઉપયોગ કરૂં તો સારી વાત છે. જગતમાં ઘણા ખરા લોકોની લક્ષ્મી ધમાધમમાં અને ઝગડાઓમાં ચાલી જાય છે, પરન્તુ ધર્મના કાર્યમાં તેનો સદ્વ્યય થતો નથી, માટે મારે તો મારે હાથેજ તેનો સદ્વ્યય કરવો જોઇએ, આજકાલ દુનિયામાં એવું પણ બને છે કે કોઇનું મહા મહેનતે ભેગું કરેલું ધન તેને તેના મુવા પછી કોઇ બીજોજ ભોગવતો હોય એમ જણાય છે, એટલુંજ નહિ પણ તેની સ્ત્રીને પણ બીજા લોકો ભોગવે; તો પછી ધનને ભોગવે તેમાંતો શું નવાઇ! માટે મારે હાથે મારે લક્ષ્મીને સાર્થક કરવી જોઇએ. ઇત્યાદિ વિચાર કરતો ભીમનામા વ્યવહારીયો બ્રહ્મચારી એવા સાધર્મિક ભાઇઓને માટે સાતસેં સાડીયો પાંચ પાંચ હીરાગર વસ્ત્ર સહીત મોકલાવી તેમની ભક્તિ કરતો હવો. અને બીજે પણ કેટલેક ઠેકાણે પોતે લક્ષ્મીનો સદ્વ્યય કરતો હવો. તેમાંથી એક સાડી પેથડકુમારને ઘેર આવી તે સાડી ઘેર આવી તથાપિ બહાર મોકલાવી મહા ઓચ્છવ સહીત પેથડકુમાર તેને ઘેર લાવતા હવા.

હવે પેથડકુમારે દશ હજાર ટકા ખરચીને ગામમાં લાવીને તેને પહેરી પ્રથમજ ભગવાન્ની પૂજા કરી, એમ કરતાં કેટલાક દિવસ થયા, પેથડકુમારને પણ વરસે વરસે વિજયાદશમીને રોજ રાજા તરફથી પાંચસેં પાંચસેં પહેરામણીયો આવતી હતી. તેમજ વ્યાપાર થકી સુખ પામેલા અને સામન્તાદિકના દ્રવ્ય વડે કરીને પેથડકુમાર મંત્રી અનેક પ્રકારે ધર્મ ધ્યાનમાં ઉજમાળ થયા.

હવે સાડીને મુકેલી જાણી પ્રથમીણી સ્ત્રીએ એક વખતે પૂછ્યું

કે હે સ્વામિન્! સાડી શું આપણે પહેરવાની નથી? હવે પૂજા કરતી વખતે કેમ પહેરતા નથી.

સુભગે! એ સાડી બ્રહ્મચારી સાધર્મિકને મોકલાવી છે. ને હું તો તે પ્રમાણે છું નહિ; તેથી હું સાડી પહેરતો નથી, સાતસેં સાડીયો તેણે બ્રહ્મચારી પુરૂષોને માટેજ મોકલી છે, પણ બીજાને માટે મોકલી નથી, વળી કહ્યું છે કે અધર્મી પુરૂષથી અધર્મ ભાષીથી, ચતુરાઇ રહીતપણાથી અને નિર્ગુણીથી, જે પુરૂષ પોતાનું ન જાણે તો પૃથ્વી વાંઝણી છે એમ જાણવું; જે વખતે પેથડકુમારને સાડી આવી તેજ વખતે તેને વૈરાગ્ય થતો હવો કેમકે સજ્જનોને પ્રતિબોધ તરતજ થાય છે, વળી નિર્મળ મણી રત્ન પાણીદાર હોય છે તે જો કદાપિ નિર્મળ ન હોય તોપણ વસ્ત્રાદિકના ઉપાય વડે કરીને રાતુ થાય છે, પરન્તુ બળેલા અંગારા ને સેંકડો વરસે પણ રંગવાને કોણ સમર્થ છે, કેટલાક વિષય રૂપી પાણીને વિષે માટી સરખા હોય છે, તો કેટલાક પત્થર સરખા હોય છે અને કેટલાક જળ કાંતમણિની માફક ઉત્તમ પુરૂષો કાષ્ઠની માફક તરે છે, મૃગલાઓને વાગુરા બંધકારી હોય છે, હાથીને ઘણા ભારની સાંકળ બંધકારી હોય છે ને મુર્ખ પુરૂષોને આશા પણ બંધકારી હોય છે. ત્યારે સજ્જન પુરૂષોને ભોગો છતાં પણ બંધકારી હોતા નથી, વળી ઉત્તમ પુરૂષો સહેજ માત્ર નિમિત્ત મળવાથી પણ બોધ પમી જાય છે. તેઓ ગમે તેટલા સંસારમાં ફસાયેલા હોય છે તથાપિ સહેજ બાબતમાં સંસારથી મુક્ત થઇ જાય છે. શાલિભદ્રના જેવા પ્રસિદ્ધ ભોગી પક્ત સ્વામીપણું સંભળીને શું બોધ નથી પામ્યા? સ્થુળિભદ્ર વેશ્યાને મંદિર અયશઆરામ કરતાં થકાં પણ માત્ર પોતાના પિતાનું મરણ સાંભળીને શું બોધ નથી પામ્યા? કાર્તીકસ્વામી ધનાઢ્ય છતાં ખેદવાળા થઇને શું બોધ નથી પામ્યા? મૈતાર્ય મુનિ વગોવાયા કે તરતજ બોધ ન પામ્યા? માટે ઉત્તમ પુરૂષો નિમિત્ત માત્રમાં પણ બોધ પામે છે, અને અધમ પુરૂષો અનેક પ્રકારે કદર્થના પમાડયા છતાં પણ તેઓ બોધ પામતા નથી.

એક દિવસ પેથડકુમાર પોતાની સ્ત્રીને એકાંતે કહેવા લાગ્યા, કે હે સુવદને! આ જગતમાં ચોથા વ્રત જેવું કાંઇ પણ સાર નથી, અમોઘ ફળ જે મોક્ષ તેને આપવાને સમર્થ એવું ચોથુ વ્રત મોટા

ફળને આપનારૂં છે, દરેક પ્રકારના કર્મોને કરનારા એવા નારદ પણ ચતુર્થ વ્રતના નિયમથી સિદ્ધિ પદને વર્યા, સુદર્શન શ્રેષ્ઠી જેવાને એક શિયળ વ્રતના પ્રભાવથી શૂળીનું સિંહાસન થયું તો ચોથા વ્રતનો કેટલો પ્રભાવ છે ! અપાર એવા સંસાર સમુદ્રને તરવા માટે ખરેખર તે નૌકા સમાન છે, વળી તે આ જગતનો મોટામાં મોટો ગુણ છે, તે ગુણ ઇચ્છિત વસ્તુને પૂરણ કરવાવાળો છે, તેના પ્રભાવ થકી દેવતાઓ પણ નમસ્કાર કરે છે, આ સંસારમાં આપણું જીવન ક્ષણિક છે, માણસો પગલે પગલે મરણને શરણ થાય છે, તે માટે જો તારી રજા હોય તો હું ચતુર્થ વ્રત ગ્રહણ કરૂં, અને ભીમ શ્રાવકે મોકલાવેલી સાડીને પહેરવાવાળો થાઉં.

હે સ્વામી ! તમે ખુશીથી વ્રત અંગીકાર કરો ! હું તેમાં તમને મના કરવાની નથી. ચતુર્થ વ્રત અંગીકાર કરીને પણ આ સાડી પહેરી તમારી મનોહર કાયા શોભાવી પાવન કરો વિરક્ત વાસનાવાળી પવિત્ર પ્રેમદાએ પોતાના વદનકમળમાંથી પવિત્ર ઉદ્ગારો બહાર કાઢી પતિને આનંદ પમાડયો.

પતિ પત્નીની એક મરજી થવાથી યૌવન અવસ્થા રૂપી સમુદ્ર આડકતરી રીતે પડેલો છતે બત્રીસ વરસની ઉમરે અધિક પ્રકારે સંપદાઓ વિદ્યમાન્ છતાં પણ જેમનું ચિત્ત વિષય વિકારથી નિવૃત પામ્યુ છે એવાં તે બન્ને ચતુર્થ વ્રત ગ્રહણ કરતાં હવાં. નાની ઉમરમાં મન ઉપર કાબુ મેળવનારી એવી આ પ્રથમીણી સ્ત્રી સર્વ સતીઓને વિશે અધિક ગુણે કરીને શોભે છે, કેમકે કુંતા સતીએ કુમાર અવસ્થામાં પણ કર્ણનો જન્મ આપ્યો'તો. સીતા જેવી મહાન્ સતીએ પણ એક વખત સ્વામીની આજ્ઞા લોપી'તી. દ્રૌપદી પણ ભોગની લાલસાથી એક વખત આકુળ વ્યાકુળ થઇ'તી એવી રીતની સતીયો પ્રથમીણીની બરોબરી કેવી રીતે થઇ શકે ? એવી રીતની તે સ્ત્રીએ પણ ચતુર્થ વ્રત ગ્રહણ કર્યું. તે વખતે મોટો ઓચ્છવ કરી લાખો રૂપૈયા મંત્રીએ ખર્ચી નાંખ્યા અને પાંચ હીરાગર વસ્ત્ર યુક્ત ચૌદસો મંડીઓ દેશોદેશ સાધર્મિક ભાઇઓને મોકલાવતો હવો. ભીમ નામના વ્યવહારીયાને પણ એક મડી આપીને તેની મડી પોતાના ચિત્ત રૂપી સમુદ્રને ચાંદણી સરખી તે પહેરતો હવો. બ્રહ્મચર્યને ગ્રહણ કરીને તેના રક્ષણ માટે તંબોળ વગેરેનો

પણ ત્યાગ કર્યો, કેમકે ચોથા વ્રતવાળાને તે પણ દુષણ કરનારાં છે, માટે ઉત્તમ પુરૂષો તેની સાથે તેને પણ તજી દે છે, વળી તાંબુલ, જીર્ણાં વસ્ત્ર, સ્ત્રીની કથા, ઇંદ્રિયોનું પોષણ કરવું, દિવસે નિંદ્રા લેવી, નિરંતર ક્રોધ કરવો ઇત્યાદિ વસ્તુઓ જીતેંદ્રિયને પોતાના આત્મહિત થકી પાડનારી છે. તો શ્રેષ્ટ જનોએ તેનું વર્જન કરવું. કેમકે સજ્જન પુરૂષોને પોતાના મુખમાં મધુર વાણી છે તો પછી તંબોલ ખાવે કરીને અધિક શું ? અને સજ્જનપણા વાળી વાણી યદિ મુખને વિશે નથી તો પછી તંબોલ ખાય તોએ શું ? અર્થાત્ મુખનું ભૂષણ સત્ય વાણીજ છે પરન્તુ તંબોલ નથી.

વળી તે તંબોલનાં પાન ઝીણા ઝીણા કુંથુઆ વડે કરીને સંપૂર્ણ ભરેલાં હોય છે, તેમજ ખાનાર માણસનુ ફક્ત મુખજ લાલ થાય છે, પરન્તુ તેમાં અન્ય જાતના જીવો રહેલા છે, તેના બીંટમાં પણ અનેક પ્રકારનાં સુક્ષ્મ જીવો રહેલા છે. આવી રીતની કેટલીક વસ્તુઓ જે ચોથા વ્રતને દુષણકારી હતી તેને પેથડકુમાર તજતા હવા. પોતાનાથી મોટી ઉમરની સ્ત્રીઓ હોય તેને માતા તુલ્ય ગણે છે, સમ વયસ્ક સ્ત્રીને બેન તુલ્ય જાણે છે અને નાની હોય તો તેને પુત્રી રૂપે જાણે છે, આજથી પેથડકુમાર હવે મનથી મલિનતાને દૂર કરતા હવા. વચનથી પણ નિર્વિકારી થયા અને કાયાની કુચેષ્ટા તેને પણ તજતા હવા. એવી રીતે મન, વચન અને કાયાએ કરીને બ્રહ્મચર્ય વ્રત પાળવા લાગ્યા. કેમકે જેમ સર્વ ખાણોમાં ઉત્તમ વજ્રની ખાણ છે, સર્વ વૈદ્યોમાં ઉત્તમ ધનવંતરી છે, સર્વ દાતારને વિશે ઉત્તમ કર્ણ રાજા છે અને દેવતાઓને વિશે અગ્રેસર લક્ષ્મી છે, તેમજ સર્વ પર્વને વિશે મોટું દિવાળીનું પર્વ છે સમસ્ત અગ્રેસરોને વિશે અગ્રેસર ઓંકાર અક્ષર છે, સર્વ દ્રવ્યમાં અગ્રેસર આકાશ છે, સર્વ સ્થીર વસ્તુમાં અગ્રેસર પૃથ્વી છે, ન્યાયી પુરૂષોને વિશે અગ્રેસર શ્રી રામચંદ્રજી છે, તેનીજ રીતે સર્વ વ્રતોમાં અગ્રેસર બ્રહ્મચર્ય વ્રતજ છે, તેના પ્રભાવથી પેથડકુમાર અત્યંત મહિમાવંત થતા હવા તેમની દૃષ્ટિ ભૂત, પ્રેત વગેરેની પરિક્ષા કરવામાં તથા શાકિની વગેરે ઉતારવામાં ઘણી શક્તિવાળી છે, વળી કાળાવણી ધોળીને પાવાથી જેમ રોગ નાશ પામી જાય તેમ પેથડકુમારના પગ ધોઇને પાવાથી માણસોના રોગો ચાલ્યા જવા લાગ્યા. જેમ દેવાધિષ્ઠીત શસ્ત્રથી

રોગો નાશ પામી જાય તેમ પેથડકુમારના વસ્ત્રથી દુષ્ટ જ્વર, કાળ-જ્વર, પ્રમુખ રોગો સત્વર નાશ પામી જાય છે,

એક વખતે કોઇ વ્યવહારીયાએ સવા લક્ષ દ્રવ્યના મુલનું દક્ષીણ દીશામાં ઉત્પન્ન થએલું વસ્ત્ર રાજાને ભેટ કર્યું, પછી તે રાજાએ બીજાં ચાર વસ્ત્રની સાથે તે ભેટવાળું વસ્ત્ર પ્રીતિના વશ થકી પેથડકુમાર મંત્રીને આપી દીધું. પેથડકુમારે પણ ભેટનુ વસ્ત્ર ઉતમ જાણી દેવપૂજા વખતેજ પહેરવું એમ સમજી પોતાની સ્ત્રીને આપ્યુ અને સ્ત્રી પણ તે વસ્ત્રને સારે ઠેકાણે મુકતી હતી.

# પ્રકરણ ૧૮ મું

## " રાણી લીલાવતી "

" લુણો ધુણો કુમાણસો, નીચ સહાવ કહંત;
જીહાં કરે નિવાસડો, તીહાં ઠામ ફેડંત. "

પ્રભાત કાળની રમણીય શિતલ છટા જગતની સુંદરતામાં વધારો કરતી જાય છે અત્યારે સકળ જગત શાંતિથી ભરપુર હોય તેમ જણાય છે, સૂર્યના ઉદય-ની તૈયારીઓ ચાલી રહી છે, માણસો પોત પોતાના કામ ઉપર જવાને ઘેરથી ગુપચુપ રવાને થઇ શાંતપણે ચાલ્યાં જાય છે, નગરની નારીયો પાણીનાં બેડાં લઇને પાણી ભરવાને માટે જતી આવતી હોય તેમ દેખાય છે. આજે સર્વના જીવ આનંદમાં છે. ત્યારે એક મનોહર ગગન ચુંબિત મહેલની અંદર એક ફર્નીચરથી શણગારેલા ભવ્ય દીવાનખાનામાં અત્યંત વૈભવનું માન ધારણ કર-નારી એક તરૂણ રમણી રત્નજડીત પલંગ ઉપર આળોટતી નજરે પડે છે. જેણે દુઃખ કોઇ દિવસ નજરે દેખ્યું પણ નથી. બાળપણમાં

પણ જે સુખમાં ઉચ્છરેલી એવી રાજતનયા અહીં પણ અત્યંત વૈભવવંતી અને પતિને પ્રાણથી પણ અધિક પ્રીય થઇ પડેલી છે. કપાટને વિશે ભ્રમરની જેમ તેની લાવણ્યતામાં આસક્ત થએલો તેનો પ્રીય ભરથાર તેના એક રમકડા જેવો થઇ ગયો છે. અત્યારે તરૂણી રમણી પલંગ ઉપર આળોટે છે આગળ દાસીયો એક પગે ઉભી રહી છે, હે સ્વામિની ! શું કરીએ ? તારૂ દુઃખ અમારાથી લઇ શકાતું નથી. અમે આટલાં બધાં તારી આગળ તારી ચાકરી કરવાને અને તને શાંતિ આપવાને ઉભેલાં છીએ, તથાપિ દુષ્ટ જ્વર તને છોડતો નથી, શાંત થાઓ ? ગભરાશો નહિ ! રોગો સદા કાળ ટકતા નથી, માટે થોડા સમયમાં તે મટી જશે એટલે તમને આરામ થઇ જશે. ઇત્યાદિ દાસીનાં વચન સાંભળવાની પણ જેની શક્તિ નથી એવી આ કાંતાની સ્થીતિ અત્યારે ઘણીજ દીલગીરીવાળી થઇ પડી છે, પોતાના પલંગની એક તરફ દાસીઓ ઉભી રહી છે ત્યારે બીજી તરફ ડૉકટરો પણ પલકે પલકે દવા આપતા જાય છે, તેને સારી સ્થીતિમાં લાવવા માટે અનેક પ્રકારની દવાને અજમાવે છે, તથાપિ ખાઇપીને પાછળ પડેલું દરદ એક ક્ષણ માત્ર પણ રમણીય લલનાને છોડતું નથી. સ્વપ્ને પણ દુઃખને નહિ દેખનારી આ તરૂણ તરૂણી અત્યારે બેબાકળી બની ગઇ છે. અગ્નિ વડે કરીને જેમ કેળને પીડા થાય છે તેવી રીતે આ એક વખતની રસીલી અને પતિની પ્રેમપાત્ર પ્રમદાને દુઃખે અત્યંતપણે દુઃખી કરવા માંડી, તેનો રસીલો ભરથાર વારેઘડીયે તેની ખબર લેવાને આવે છે, પોતાની વ્હાલી પત્નીને ત્રણ ચાર દિવસથી દુષ્ટ જ્વરના ભોગ થઈ પડેલી દેખી જેના વદન ઉપર શોકની છાયા પ્રસરેલી છે, સુંદરીના તેજસ્વી લલાટ ઉપર પોતનો કોમળ હસ્ત મુકી શાંતિથી મૃદુ વાણી વડે તેણીને દિલાસો આપવા લાગ્યો.

હે પ્રીયે ! તું કેમ આમ એકદમ ગભરાઇ જાય છે ? હા ! પ્રીયે ! ચાર દિવસમાં તારૂં લાવણ્ય કયાં ગયું ? અરેરે ! તારા તેજસ્વી વદન કમળ ઉપર એકલી દુષ્ટ શ્યામતાજ પથરાઇ રહી છે, આ યુવાન્ અવસ્થાથી બહેકી રહેલું નાજુક પુષ્પ અત્યારે કરમાઇ ગયું, હે કાંતે ! તારી કનક કરતાં પણ તેજસ્વી કાંતિ અત્યારે શ્યામતાના રૂપમાં ફેરવાઇ ગઇ, અરેરે ! વૈદ્યો બિચારા તારી દયાને માટે

તનતોડ પ્રયાસ કરી રહ્યા છે. તથાપિ કોઇ પણ રીતે તને સારૂં થતું નથી, એ કેવી નવાઇની વાત છે ? પોતાની પત્નીને દુઃખી થતી જોઇ તેને માટે ફક્ત અશ્રુનાં બે બિંદુઓ ટપકાવતો રાજા નિરાશા યુક્ત થઇને પાછો ફરતો. રમણીની માનીતી દાસી ચતુરા તેની પાસે આખો દિવસ બેસી રહેતી. પોતાની બાઇને દુઃખી થતી દેખીને તે ઘણી મુંઝાયા કરતી. તેણીને માટે તેણી ઘણા ઘણા ઉપાયો કરતી, પણ વ્યર્થ ? નિકાચિત કર્મની માફક તેનો દુષ્ટ જ્વર લેશ માત્ર પણ તેનાથી દૂર નજ થયો ? વૈદ્યો બિચારા દવા કરીને રાજાની મહેરબાની મેળવવાને ઘણા ઉપાય કરવા લાગ્યા, પણ વ્યર્થ ? તે સર્વ ફોગટજ ગયું ? તરૂણ તરૂણીને તે દવા લેશ માત્ર પણ શાંતિ આપી શકીજ નહિ; અરેરે ! દુઃખમાં ને દુઃખમાં ક્યાં સુધી દિવસો જશે ? મારાથી આ દુઃખ સહન થતું નથી. હવે તો મરણ થાય તો આ દુઃખથી હું મુક્ત થાઉં, ઇત્યાદિક કચવાતી જીહવાએ ધીમેથી ઉદ્‌ગાર બહાર કાઢતી રમણીનાં વચન સાંભળીને પાસે રહેલી સેવિકાઓ શોકથી અશ્રુનાં બે બિંદુઓ ટપકાવવા લાગી.

એક વખતે ચતુરા દાસી ત્યાંથી પેથડકુમાર મંત્રીને ઘેર આવી તેને શ્યામતા વાળી અને ઉદાસથી પડી ગયેલા મુખવાળી એવી આમણ દુમણી દેખીને મંત્રીશ્વરની સ્ત્રી પ્રથમીણીએ પૂછ્યું, કે ચતુરા ! "તું કેમ આજે આટલી બધી દુઃખણી જણાય છે ? તને શું થયું છે?"

"બાઇ સાહેબ ! હું શું કહું ! મારી સ્વામીણી આજ ચાર દીવસથી દુષ્ટ જ્વરના પંજામાં સપડાએલી છે અનેક પ્રકારની દવા કરતાં પણ લેશ માત્ર તેને અસર થતી નથી" ચતુરા દાસીયે દુઃખી થતા દીલે જણાવ્યું.

"જો કદાપિ પ્રધાનને પહેરવાનું વસ્ત્ર રાણી પહેરે તો તેનો તાવ નિશ્ચય ઉતરી જશે અને આરામ પણ થઇ જશે." પ્રથમીણીએ જણાવ્યું.

ચતુરા દાસીએ પ્રધાનને પહેરવાનું વસ્ત્ર માગ્યું તે પ્રથમીણીએ ઉપકાર કરવાની ખાતર તેણીને આપ્યું, તે લઇને રાણીનું દુઃખ જશે તેથી ખુશી થતી પોતાને ઠેકાણે આવી, પછી તે વસ્ત્ર રાણીને આપ્યુ તે મલીન કાંતિવાળી કાંતાએ તે દાસીનું વસ્ત્ર વિશ્વાસ

ધારણ કરીને પહેર્યું તો તે દિવસે તેને બિલકુલ તાવ આવ્યો નહિ; એક ફળ માત્ર આપવા વડે કરીને જેમ કલ્પવૃક્ષ સર્વ વસ્તુને આપનાર છે, તેવીજ રીતે શિયળવંત પુરૂષો સમગ્ર કાર્ય કરવાને શક્તિવંત છે. હવે અત્યારે જોકે મહારાણીનો તાવ ગયો છે તથાપિ ફરીને આવશે, એવી શંકા વડે કરીને રાજાને તે વાત કોઇએ કહિ નહીં; કેમકે જો ફરી તાવ આવે તો જુઠાને માટે રાજા કોપાયમાન થાય છે, તે વસ્ત્રને પહેરેલું રાખીને અને તે વડે પોતાનું અંગ છુપાવીને પલંગ ઉપર શયન કરતાં થકાં રાણી નિદ્રાવશ થઇ ગઇ, અને અત્યારથી તેનું સુખ પણ તેની સાથે શયન કરી ગયું.

એવા અવસરમાં આવેલી તકને નહિ ગુમાવનારી સર્વ રાણીઓમાં મુખ્ય એવી કદંબા નામે રાણી ઇર્ષ્યાથી બળતી છતી રાજાને એકાંતમાં કહેવા લાગી, કે હે રાજન્! મારી વાત સાંભળો તો કહું; જોકે તે તમને ગમશે તો નહિજ, તોપણ તમને કહેવાથી કાંઇ ફાયદો થશે તેમ ધારી હું કહું છું કે હે સ્વામિન! કન્યકુબ્જ દેશના રાજાની પુત્રી અને તમારી નવી પટરાણી લીલાવતી તાવથી ઘેરાએલી છે પણ તે ખોટી વાત છે. તેતો ઢોંગ લઇને બેઠી છે, પણ ખરી વાત તો એજ છે કે તે પ્રધાનમાં આસક્ત થએલી છે. અને તે રાણી તમને અપમંગળ કરનારી ન થાવો? કેમકે કામી જનો પાપ થકી ભય પામતા નથી. અરે! સ્ત્રીઓ જે કોઇ પણ વસ્તુને ઇચ્છે તો તેને અટકાવવાને ઇંદ્ર પણ સમર્થ નથી, તો માનવ કોણ માત્ર છે. વળી તે સ્ત્રીઓ સ્વચ્છંદપણાને ઇચ્છતી થકી કપટ અને ચાતુર્યતા વડે કરીને પોતાના સ્વામીને પણ યમરાજાનો અતિથિ કરી દે છે. વળી તે તમારી રાણી તો પ્રધાનમાં ઘણી લોભણી છે. કે રાત્રીને વિશે પ્રધાન સંગાથે ક્રીડા કરીને દિવસે પણ તેનું આપેલું વસ્ત્ર પોતાના હ્રદય ઉપરથી દૂર કરી શકતી નથી, વળી હે સ્વામી! મારા વચન ઉપર વિશ્વાસ ન આવતો હોય તો અત્યારે તમો જાતે રાણીના મહેલે જઇને તપાસ કરો?

રાણી કદંબાનું અવસરને યોગ્ય એવું વચન સાંભળીને શંકામાન થએલો રાજા લીલાવતીના મહેલે આવ્યો, ત્યાં રાણીને રાતા લુગડા વડે વીંટાયેલી અને પલંગમાં સુતેલી દેખીને રાજા સમજ્યો. કે રાણી પ્રધાનમાં નિશ્ચય આસક્ત થએલી છે, તરતજ રાજાએ

પ્રધાનનું વસ્ત્ર ઓળખી લીધું. અને વસ્ત્રની લાલાશ જાણે રાજાની આંખમાંજ ઉડીને ન આવી હોય ! તેમ રાજાનાં નેત્ર રક્ત થયાં, ક્રોધથી તેનું શરીર કંપાયમાન થયું, તરતજ ખીંટીયેથી ખડ્ગ ખેંચી કાઢી તરવારના એકજ ઝપાટે રાણીનું મસ્તક ધડથી જુદું કરી નાંખું ? આવી દુષ્ટ રંડાનું મારે શું પ્રયોજન છે ? આ દુષ્ટા જો કદાપિ જીવશે તો કોઇ વખત મારી જીંદગી જોખમમાં પણ નાંખશે; અરે ! દુષ્ટા કેવી નિર્ભયપણે પ્રધાનનું વસ્ત્ર પહેરીને પલંગમાં પોઢેલી છે, જોને લેશ પણ તેને ચિંતા છે? ઇત્યાદિક વિચાર કરતો અને ક્રોધાયમાન થએલો રાજા ખડ્ગ લઇ તેણીને મારવાને દોડ્યો, અત્યારે પ્રીતિ રૂપી લતા વિષ વેલડીના રૂપમાં પલટાઇ ગઇ, અમૃતનો કુંપો ઝેરથી ભરેલા હડહડતા વિષના પ્યાલાના રૂપમાં બદલાઇ ગયો, આજ સુધીનું સુખી જીવન એક પલમાં દુઃખી અવસ્થામાં સપડાઇ ગયું, ખડ્ગના પ્રહારનો જેવો ઘા કરવા જાય છે તેવોજ તે વિચારમાં પડ્યો. અરરર ! સ્ત્રીની હત્યા તો ન કરવી, ગમે તેટલો તેનો ગુન્હો થયો હોય, તથાપિ મોટું મન રાખી તેને બીજી શિક્ષા કરવી. પણ તેની હત્યા તો નજ કરવી, તેનાં દુષ્ટ કર્મથી હું નરકનો અધિકારી થાઉં તે મારા જેવા સમજુને લાયક ગણાય નહિ; ઇત્યાદિક ધર્મ શાસ્ત્રનું ફરમાન આવા કટાકટીના સમયમાં તેને યાદ આવી ગયું, અને કાળી નાગણીને ભોગ થઇ પડેલી એવી નિદ્રાવસ્થામાં પણ મૃત્યુના મુખ સપડાએલી આ નિર્દોષ તરૂણી મરણના મુખમાંથી અત્યારે તો બચી ગઇ, એટલી મદદ તેના રૂષ્ટ થએલા દુર્દૈવે તેણીને પરોક્ષ રીતે પણ આપી, એક નિમેષ માત્રમાં શું થતે ? અરેરે ! એક નિર્દોષ અબળા વિણ વાંકે મરી જાતે અને તેના મનની વાત મનમાંજ રહી જાતે ? એટલુંજ નહિ પરન્તુ કોઇ વખત નહિ મેળવેલો વિજય પાપીઓ સહેલાઇથી મેળવી શકતે. અને પાપીયો પોતાના કાર્યમાં સહેલાઇથી ફતેહ મેળવે છે એવી કુડી કથની પણ જગતમાં ઘણો કાળ રહી જતે, પરન્તુ પાપીઓના કપાળમાં પાપજ ભોગવવું લખાયેલું છે, તે પહેલ વહેલાં તો જલદી ફાવી જાય એવો સાધારણ નિયમ આ સૃષ્ટિમાં સરજાએલો છે.

રાજાના હાથમાંથી ખડ્ગ સરકી નીચે પડ્યું, અને તેના અવાજથી રાણી જાગૃત થઇ છતી ભયભીત થઇ ગઇ, અરે ! આ શું ?

રાજા ન જાણે તેમ આંખો મીંચી દૈવ ઉપર વિશ્વાસ રાખી મૃત્યુને માટે પ્રતિક્ષા કરતી પલંગમાં પડીજ રહી, રાજાની ક્રોધાયમાન મુર્તિ એ તેણીના હૃદયમાં ભયનો સંચાર કર્યો. પણ અત્યારે તો રાજા શું બોલે છે તે નિશ્ચેષ્ટ થઇને સાંભળવાને પડીજ રહી. આ બનાવ એવો તો જલદી બન્યો, કે ભાન વગરના રાજાને તેની લેશ પણ ખબર પડી નહિ.

અરે! ખરેખર આ દુષ્ટાનો વધ કરવો જોઇએ, પણ હું શું કરૂં? સ્ત્રી હત્યાથી ડરૂં છું. જો કદાપિ જગતને વિશે ઉત્તમ એવા પ્રધાનથી આ સ્ત્રી ભ્રષ્ટ થઇ હોય તો ખરેખર અમૃત થકી ઝેર ફુટી નીકળ્યું, અને ચંદ્રમાના શિતળ કિરણો થકી અગ્નિની વૃષ્ટિ થઇ એમ જાણવું? અરેરે! જીવોનાં ચરિત્ર અનેક પ્રકારે હોય છે, કર્મની ગતિ વિચિત્ર છે. દૈવની બલિહારી છે કે આવા ઉત્તમ પુરૂષોને પણ તે ભૂલથાપ ખવડાવે છે, એટલુંજ નહિ પણ એક વખતે ઉંચે ચડાવી તરતજ નીચે પટકાવી દે છે. હા! જો આ પ્રધાન મારી સ્ત્રી ઉપર આસક્ત ન હોય તો આ વસ્ત્ર શા માટે રાણીને પહેરવા આપે? વળી મારી સ્ત્રી પણ તેના ઉપર અનુરાગવાળી હોવી જોઇએ નહિતર પ્રધાનનું આપેલું વસ્ત્ર પ્રીતિ વડે કરીને શા માટે ધારણ કરે? અરેરે! પોતાની યોગ્યતા વગર વ્રત અંગીકાર કરીને પ્રધાન પોતાનો માનુષી ભવ હારી ગયો છે, અરે! યોગ્યતા વગર વ્રત ગ્રહણ કરવાથી નંદિષેણને શું વેશ્યાને ઘેર નહોતું રહેવું પડયું? દેવતાએ ના કહ્યા છતાં પણ વ્રત ગ્રહણ કરનારા એવા આર્દ્રકુમારને ચોવીશ વરસ સંસારમાં સ્ત્રી સાથે નહોતું રહેવું પડયું? યૌવન વયમાં વ્રતને ગ્રહણ કરનારા એવા અરણિક મુનિવર શું વેશ્યામાં લોભાયા થકા તેના મંદિરે રહ્યા નથી? વ્રતને પાળવામાં દૃઢ મનવાળા અને ઇંદ્રિયોને દમન કરવામાં શૂરવીર એવા તેમજ તપને કરનારા અને લબ્ધીવાળા એવા આષાઢાભૂતિ મુનિ નાટકણીઓમાં મોહ પામી તેમની સાથે તેમણે અયશઆરામ શું નથી કરી? માટે સર્વ કોઇએ વ્રત લઇને તજેલાં છે તો આ બિચારો પ્રધાન કોણ માત્ર છે! તે મુનિશ્વરો તો કેશરીસિંહ સરખા શુરા હતા, કે જેમણે ફરીને પણ પોતાના આત્માનો ઉદ્ધાર કરેલો છે, તો આ પામર પ્રધાને યૌવન અવસ્થામાં વ્રત ગ્રહણ કરી ખરેખર પોતાના કુળને મલિન કર્યું છે. હવે જો આ રાણીને કાલેજ દેશનિકાલની શીક્ષા કરવામાં આવે, તો

આ પ્રધાન પણ તેણીમાં લોભાયો થકો તેની સાથે ચાલ્યો જશે અને તેની લક્ષ્મી પણ સહેલાઇથી આપણા કબજામાં આવશે. એમ વિચારી એકદમ તે રાજા ત્યાંથી ચાલ્યો ગયો અને પ્રધાનને બોલાવી હુકમ કર્યો, કે રાણી લીલાવતીને દેશ નિકાલની સજા છે માટે દેશમાંથી તેને કાઢી મુકો, તેની નજરમાં આવે ત્યાં તે જાય, રાજાનો હુકમ સાંભળીને મંત્રી હેબત પામી ગયો કે આ શું કહેવાય! રાજા અત્યારે શું બોલે છે? ઇત્યાદિક વિચાર કરતો અને અત્યારે બોલવું તે ઉચિત નથી એમ માનતો તે ત્યાંથી હુકમ બજાવવા ચાલ્યો ગયો.

# પ્રકરણ ૧૯ મું

## "પાપીનો વિજય અને નિર્દોષનો ભોગ"

રાજાની અણમાનીતી રાણી કદંબા અત્યારે રાજાને પ્રાણથી પણ અધિક પ્રિય થઈ પડી છે, એક વખત એવો પણ હતો કે લીલાવતીમાં રક્ત થએલો રાજા કદંબાની પ્રત્યે નજર પણ કરતો નહિ, તે રાજા અત્યારે કદંબા રાણી સાથે મનગમતા ભોગો ભોગવે છે. તેની સાથે વિલાસ કરવા વડે કરીને તે પોતાનો કાળ સુખમાં વ્યતીત કરે છે, કદંબા પણ પોતાની ચાતુર્યતાને ધન્યવાદ આપતી છતી પોતાના હૃદયમાં હર્ષ પામતી હતી. આંખો સામે તરતી એક મહાન્ પીડાને દૂર કરવાને પોતાના પાપી કાવતરામાં આજે તેણી સફળ નીવડી છે. ઘણા દિવસથી ખુંચી રહેલો કંટક આજે દુર કરવાને તેણી ફત્તેહવંત થઇ છે. ઘણા દિવસની વળગેલી ખટક તેણીએ આજે દુર કરી દીધી છે. પોતાના પતિનું ચિત્ત રંજન કરવાને માટે અનેક પ્રકારના હાવભાવ અને હાસ્યવિનોદ વડે કરીને તેણી રાજાની તાબેદારી ઉઠાવે છે. કાળી નાગણ એક નિર્દોષનું જીવન મલિન કરવાને ખરેખર ફત્તેહ

પામી છે. ઝેરી લતાએ પોતાના ઝેરના પ્રભાવથી અન્યના જીવનને ઝેર મિશ્રિત કરી દીધું છે, જગતમાં ચડતી પડતી સર્વ કોઇની ચાલી જાય છે, એક વખતે જેનું સન્માન થતું હોય છે તેનું બીજી વખત અપમાન થતું જોવામાં આવે છે, એક વખતે વિજય મેળવવામાં ફત્તેહ પામેલો અને જયથી ગર્વિષ્ઠ થએલો જીવડો તેને આ જગત્‌માં વખત આવે સહેલાઇથી અપકીર્તિ મળે છે. એક વખતનો દુઃખી જીવડો બીજી વખતે સુખી થતો જગત્ જોઇ શકે છે, અને એક વખતનો સુખમાં આસક્ત થએલો જીવડો બીજી વખત દુઃખમાં ગરકાવ થયેલો હોય એમ પણ જણાય છે. માટે એક સમયે જેની ચડતી હોય છે તેની બીજી વખતે પડતી થાય. એવો આ સૃષ્ટિનો સાધારણ નિયમ છે, જે કદંબા રાણી કયાં પડી છે ! તેનું કોઇને ભાન પણ નહોતું, તે કદંબા રાણીને આજે ચાર દિવસનું ચાંદરણું ખીલી રહ્યું છે, સર્વ કોઈ બાઇ સાહેબ ! બાઇ સાહેબ ! કહીને નમન કરે છે, કારણ કે જેને રાજાએ માની તેને જગત્ પણ માને તેવો સાધારણ નિયમ છે. કોઇ દિવસ નહિ મેળવેલું સન્માન આજે પોતાને મળેલું દેખીને જેમ અધુરો ઘડો છલકાય તેવી રીતે ગર્વથી તેણી ફુલાવા લાગી. પોતે નિશ્ચિંતપણે પોતાના કાર્યમાં ફત્તેહમંદ રીતે વિજયવતી નિવડી છે તેને માટે તે ખુશી થવા લાગી, અને રાજાની સાથે આનંદથી પોતાનો વખત પસાર કરવા લાગી.

રાજાનો હુકમ સાંભળીને મંત્રી પેથડકુમારે તરતજ રાજાનો હુકમ સિપાઇ મારફતે નવી રાણી લીલાવતીને સંભળાવી દીધો. એટલુંજ નહિ પણ તેણીને તેણીના મહેલમાંથી મુક્ત કરી પ્રધાને રાત્રીને વખતે નગરમાંથી બહાર મોકલાવી, કે તરતજ પછી ગુપ્તપણે પ્રધાને રાણીને પોતાના આવાસમાં રાખીને રાજા પ્રસન્ન થાય ત્યાં સુધી દુઃખીયા દિવસો નિર્ગમન કરવાની વ્યવસ્થા કરી આપી. આ વાત કોઇના પણ જાણવામાં આવી શકી નહિ.

પ્રધાન રાણીને પુછવા લાગ્યો કે રાજાએ તમને શા કારણે તજ્યાં ? તેનું ખરૂં કારણ સમજાતુ નથી. ત્યારે રાણીએ જણાવ્યું કે ગમે તે પણ કાંઇ ખાસ કારણ હોવું જોઇએ, કાંતો મ.રી ઉપર કલંક આવેલું હોવું જોઇએ, અથવા તો જુની રાણીએ રાજાને કંઇપણ કપટ યુક્ત વાણીથી ફસાવી દીધેલો હશે, એ પ્રકારે બોલ-

ની રાણીને આશ્વાસન આપતો પ્રધાન પોતાને મુકામે ગયો, અને રાણીને સર્વ પ્રકારની વ્યવસ્થા કરી આપી. તેમજ રાજા જાણે નહિ તેને માટે પણ તેણે પુરતો બંદોબસ્ત કર્યો.

રાણી લીલાવતીનો એકદમ ત્યાગ કરવાથી તેમજ આવી રીતે પોતે નિર્દોષ છતાં પોતાની ઉપર કલંક ચડવાથી તેણી ઘણી બળાપો કરવા લાગી. અરેરે! મનેજ આંખે દેખનારો રાજા એકદમ કેવી રીતે ભોળવાઇ ગયો તેની ખબર પણ પડી નહી, એક દિવસમાં આ શું થયું? મારી તરૂણ અવસ્થામાં રાજાએ મારો ત્યાગ કરેલો હોવાથી હવે મારા દુઃખીયારા દહાડા શી રીતે જશે? અરેરે? પરણ્યાને પુરાં પાંચ વર્ષ તો થયાં નથી, અરે! હજી પચીસ વરસ પણ મને થયાં નથી, આવી દશામાં હું મારી તરૂણ અવસ્થા પતિના વિરહે શી રીતે ગુમાવીશ? અરેરે! મુજ સતી સ્ત્રીનું પતિરત્ન લુંટાઇ ગયું? અમુલ્ય રત્ન મહા મુશિબતે મેળવેલું તે બીજાના હાથમાં ફસાઇ ગયું? એટલુંજ નહિ પણ હું કલંકવાળી થઇ, હવે કલંકવાળી એવી મારી જીંદગીને રાજા કેવી રીતે ગ્રહણ કરશે! ત્યારે શું આખુ જીવતર મારે આવી વિરહ અવસ્થામાં ગાળવું પડશે! ના? ના? મારા જેવી એક તરૂણ તરૂણીથી તેમ બની શકવાનું નથી. અરેરે! આ નિર્દય હૃદયના રાજાએ એક નિર્દોષ કાંતાને દગો દીધો છે. વજ્ર સરખા હૃદયવાળા પણ ભોળા ભૂપતિએ અન્યની ભોળવણીમાં ફસાઇ તેના વિરહથી વ્યથાને અનુભવતી એક સુંદર વનિતાનો તેણે ત્યાગ કર્યો છે. અરર! આ રમણી ઉપર આટલા બધા તમે કેમ નમેરા થયા? પ્રીતિ રૂપી લતાથી મુગ્ધ બની ગયેલા પરમારે નરકના મહાન ખાડામાં આસ્તેથી મને ધકેલી દીધી છે. અરેરે! તમારી વ્હાલી ઉપર તમને લગારે દયા ન આવી? અંતરની ઉર્મિઓથી ઉચ્છળતા હૃદયવાળો રાજા એક દિવસે મારો ક્ષણ માત્ર પણ વિરહ ભોગવી શકતો નહિ એવો તે વખતનો પ્રેમી પણ વર્તમાન સમયમાં કઠોર હૃદયના રાજાએ મારી જીંદગીને ઝેરથી મિશ્રિત કરી દીધી છે. અરેરે! વ્હાલા! તમે આવા હશો એવું મેં આજેજ જાણ્યું? ખેર? મારૂં નસીબ? તેમાં તમારે શું? મારાં લાગ્યાં હું ભોગવીશ પણ તમે સુખી થજો. અરેરે! હવે મારે શું કરવું, રાજા તે કોઇના સમાવ્યા હશે! હમેશાં મોટા લોકો જોકે સમજુ હોય છે તથાપિ તેઓ

કાનના કાચા હોય છે, હૈયાના ભોળા હોય છે, અને મનના નિર્મળ હોય છે, એટલે અન્યની કપટયુક્ત વાણીનાં આંદોલનો તેમને જલદી અસર કરી શકે છે, એથી તેઓ એકદમ સાહસ કરી નાંખે છે, વગર વિચાર્યું કરવાથી તેમને પાછળથી જોકે ઘણું પસ્તાવું પડે છે તથાપિ લક્ષ્મીના મદથી અને રાજ્યના મદથી તેમને તે વખતે પોતાની સ્થીતિનું ભાન ન હોય તો તે વાસ્તવિક છે અને એવું ઘણી વખત બની પણ શકે છે.

અરેરે ? અત્યારે મારે આવા એકાંત સ્થળમાં શોકાતુરપણે વખત પસાર કરવો પડે છે; પતિ વિના એકેક ક્ષણ મને એક વરસ જેટલી લાગે છે. હવે મારી જીંદગી માટે મારે શું કરવું ! મેયુ આ દુઃખ મારાથી હવે વેઠાતું નથી, માટે મરી જાઉં તો સારૂં ? કેમકે રાજાએ મારૂં અપમાન કરીને મને કાઢી તો મુકી, અરર ! વિચાર વગરના રાજાએ એકદમ મારો ત્યાગ કરી નાંખ્યો. તેમણે કાંઇ પણ વિચાર નહિ કરતાં સાહસપણાથી આવી રીતે વિવાહની વરસી કરી નાંખી છે. પણ તમારા વગર હું કેવી રીતે રહી શકીશ. તમારા વિરહે મારે જીવીને પણ શું કરવું છે ? હા ! મારો દોષ જોઇને જો મને ત્યાગી હોત તો મને આટલું લાગત નહિ વળી હું નિર્દોષ હોવા છતાં જો કદાપિ પાપીને ભોગ થઇ પડી હોઉં તો તેને માટે અરેરે ! જગતમાં મારે હવે મરણ એજ શરણ છે. પતિનો તિરસ્કાર કરાયેલી હું પ્રમદા પિતાને ઘેર જાઉં તો તે પણ ઠીક ગણાય નહિ, કારણ કે તે લોકો પણ મને કાઢી મુકે ? ઉભય તરફથી મારી તો ફજેતીજ થઇ ગઇ, અરેરે ? જ્યારે માણસ દુઃખી થાય છે ત્યારે તેને પૂર્વની સુખી અવસ્થા વારંવાર યાદ દેવડાવી દુઃખ તેને વધારે દુઃખી કરે છે. અને પછી તેને દાઝ્યા ઉપર ડામ ચોડે તેવો ઘાટ થાય છે. કેમકે કહ્યું છે કે—

" एकस्य दुःखस्य न यावदन्तं
गच्छाम्यहं पारमिवार्णवस्य
तावद्द्वितीयं समुपस्थितं मे
छिद्रेष्वनर्था बहुली भवंति "

**ભાવાર્થ**—એક દુઃખનો તો પાર હજુ પામ્યા નથી. એટલામાં તો બીજુ દુઃખ આવીને ઉભુ રહે છે. માટે એ સાચી વાત હોય છે કે છિદ્રમાં ઘણા પ્રકારના અનર્થો રહેલા છે.

આ જગતમાં માણસને માથે ચડતી પડતીનાં ચક્ર આવ્યાજ કરે છે, અને એ જગતના સામાન્ય વ્યાપક નિયમની હું પણ ભોગ થઇ પડું તો તેમાં નવાઇ નથી. વળી હવે હું સંસારના સુખથી વંચિત પણ થઇ ગયેલી છું, આટલા દિવસ સુધી ઘણી લહેર કરી. અનેક પ્રકારના વિલાસો ભોગવ્યા. મનમાનતો વૈભવ પણ અનુભવ્યો, ને હવે દુર્દૈવને ભોગ પણ હું થઇ પડી, ખરેખર દૈવેજ રાજાની મતિ પલટાવી દીધી અને તેની સાથે આજ સુધીનો અનુભવેલો વૈભવ સ્વપ્ના સદૃશ અદૃશ પણ થઇ ગયો! ખેર? ચડતી પડતીનાં ચક્ર જગત્ ઉપર ફર્યાજ કરે છે, આ જગત્માં વેળા વેળાની છાંયડી છે તે ખરી વાત છે.

"સુતાં'તાં સુંદર સેજમાં, રમતાં'તાં મનહર મહેલમાં,
જમતાં'તાં ઘી ને ખાંડ ત્યારે, આજ આંસુ ખરખરે!
આશા ભરી એક સુંદરી, નિજ દૈવને રડતી હતી,
વેળા વેળાની છાંયડી, વિણ વાંકે તે મરતી હતી".

માણસ શું ધારે છે ત્યારે દૈવ શું કરે છે! ખરે! હવે તો મરણ એજ શરણ છે, કારણ કે જગતમાં માણસને પોતાની આબરૂ સાચવવી એ તેનો સામાન્ય ધર્મ છે. માણસ પોતાની લાજને પોતાના શરીર કરતાં પણ વધારે કીમતી ગણે છે. પોતાની આબરૂની ખાતર ઘણોક શરમાળ વર્ગ પોતાની કાયાને ગુમાવી મરણને શરણ થાય છે, કેમકે શરીરની કીમત ખરેખર આબરૂ કરતાં વધારે હોઇ શકતી નથી, અને તેવીજ રીતે આજે તે સ્વાલ મારી સામે આવીને ખડો થયો છે. અરર! મારા આવા પિયુ વિનાના જીવતરને ધિક્કાર છે, વળી માથે કલંક ચઢેલો એવો માનવ દુનિયાંમાં જીવતાં છતાં મુએલોજ છે, આજે મારા દૈવે મને સખત ફટકો લગાવેલો છે. જગતમાં સતી સ્ત્રીઓને મરણ એજ શરણ છે. મારા પતિ રાજાએ તો મને દેશ નિકાલની સજા કરી તેણે પોતાની નિર્દંતા બતાવી દીધી છે. તો હવે મારે શું કરવું? ખરેખર કોઇ પાપીના કાવતરા-

ની આજે હું ભોગ થઇ પડી છું, હવે મારૂ કલંક શી રીતે ઉતરશે? મારા જેવી હીણભાગી અબળાઓને હવે જીવીને પણ જગતમાં શું કરવું છે? પતિથી ત્યજાએલી એવી યુવાન્ યુવતીયોને તો મરણનું શરણ કરવું એજ સારૂં છે, જગતમાં માણસને માટે "તનથી વ્હાલી લાજ" એ સામાન્ય નિયમ કુદરત તરફથી ઘડાયેલો છે? અને તે નિયમનો અમલ કરવાને આજે દૈવે મને હીણભાગીને અમુલ્ય તક આપેલી છે.

અરેરે! આ રાજાની કીર્તિ સાંભળીને તેની ઉપર હું કુમાર અવસ્થામાંજ આશક થઇ'તી, તેના ગુણોએ કુમારપણામાંજ મારા દિલને વશ કરી લીધું'તું, કુમાર અવસ્થામાંથીજ તેને નહિ જોયા છતાં પણ હું તેની ઉપર અપાર સ્નેહને ધારણ કરતી'તી, પરણ્યા પછી પણ અમો દંપતિ અનેક પ્રકારના સુખમાં અમારા દિવસો વ્યતિત કરતાં'તાં હું નહોતી ધારતી કે મારે માથે દુર્દૈવ આવા દિવસો લાવશે? મને વિશ્વાસ નહોતો આવતો કે એક વખત હું રાજાના તિરસ્કારનું પાત્ર બનીશ, પણ અરેરે! દુર્દૈવે અમારા દંપતિના સુખમાં આજે પત્થર નાંખ્યો અને રંગમાં ભંગ પણ પાડ્યો, અરેરે! અમારૂં સુખ જોઇ તેને ઇર્ષ્યા થઇ કે કેમ! જેથી જે પતિ મારા સ્નેહ રૂપી અમૃતથી સિંચન કરાયેલો છતો એક વખતે મને સુખી કરવાને તનતોડ પ્રયત્ન કરતો'તો, તેણેજ મને આસ્તે રહીને મોતના પંજામાં મુકવા અંધકાર રૂપી દુઃખમાં હડસેલી દીધી, દૈવ! દૈવ! માનવ પ્રાણીની બુદ્ધિને પલટાવનાર તુંજ છે, જ્યાં ઘણો રાગ હોય છે ત્યાં કાળે કરીને દ્વેષ થાય છે અને જ્યાં દ્વેષથી તીવ્ર ઝેરવેર વરસેલાં હોય છે તેમની વચ્ચે કાળાન્તરે ગાઢપણે સુલેહ પણ પથરાય છે, એવી રીતે અનેક પ્રકારે જગત ઉપર સામાન્ય રીતે કાળનું પરિવર્ત્તન થયા કરે છે, કાળે કરીને રાજા રંક બની જાય છે, અને કાળે કરીને દુઃખીયો સુખી અવસ્થામાં ઉંચે ચડી જાય છે, જેવી રીતે ગાડાનું ચક્ર વારંવાર ઉંચે ચાલે છે અને નીચે જાય છે, તેવીજ રીતે માનવના જીવનમાં પણ ચડતી પડતીના બનાવો બન્યાજ કરે છે. અરેરે! શ્રેણીક જેવા નૃપતિને શું કેદખાનામાં વીંટીનું ઝેર ચુસીને નહોતું મરવું પડયું! કૃષ્ણ સરખા વાસુદેવને પણ જંગલમાં પાણી પાણી કરતાં તરફડીયાં મારતાં નહોતું મરવું પડયું! માટે ખરેખર

સંસારના સ્વરૂપને જાણનારા પુરૂષો મરવાથી ડરતાજ નથી. અરેરે ! સંગ્રામમાં પરાસ્ત થએલા ચેડા મહારાજાને કોણિક રૂપ દુસ્મન રાજા પગે લાગતાં થકાં પણ શું તેમણે વાવમાં ઝંપલાવીને પોતાનો દેહ-ત્યાગ ન કર્યો ! માટે ખરેખર ઉત્તમ પુરૂષો સંસારથી પરાભવ પ-મ્યા થકા મરણનેજ પસંદ કરે છે.

રાણી લીલાવતીની આંખમાંથી અશ્રુનાં બિંદુઓ ટપકી રહેલાં છે, તેણીનું તેજસ્વી મુખારવિંદ આજે શ્યામતાવાળું થઇ ગયું છે. રૂદનથી જેણીનો કંઠ રૂંધાઇ ગયો છે રડી રડીને જેની આંખડી લાલાશવાળી થઇ ગઇ છે, જેણીએ કોઇ પ્રકારની સુખની આશા હવે રાખી નથી. જેણીનું કોમળ દિલ અત્યારે જાનમાલની ખુવારી કરવાને કઠોર વજ્ર સરખું નિવડયું છે, જેણી ભોગ ભોગવવાને યોગ્ય એવું પોતાનું સુંદર શરીર તેનો આજે ભોગ આપવાને ઉદ્યમવાળી થઇ છે એવી રાણી લીલાવતી રડતી આંખે તરતજ ઉઠી એક દોરડું લાવીને તેને ગળાફાંસો ખાવાને ઉંચે પાટડીએ બાંધ્યું, આવી રીતે એક વખતની રસીલી સુંદરી અત્યારે પોતાની કાયાનો નાશ કરવાને તૈયાર ~~થઇ, તરતજ તેણે પરસું દ્વાર બંધ કરી દીધું, અને~~ દોરડાને વચમાં પોતાને ગળે બંધાય એવી તેની આંટી પાડી દીધી, છેવટની વખતે ઇશ્વર સ્તુતિ કરી લીધી, અરેરે ! પોતાના પતિના વિયોગે અને કલંકયુક્ત જીવન માટે આજે તેને મરવું પડે છે તે માટે તેને ઘણું લાગી આવ્યું. વ્હાલા ! મારો અપરાધ ક્ષમા કરજે, હું કલંકવાળી નથી, હું એક નિર્દોષ અને રાત દિવસ તારૂંજ નામ જપનારી તારી અર્ધાંગના છું. મારા મરણ પછી જગતમાં હું નિર્દોષ ઠરૂં તો પ્રિય ? તમે મારે માટે દુઃખી થશો નહિ, પણ આ તમારી પ્રિય સુંદરી જો ક-દાચ તમને ઘણીજ સાંભળી આવે તો તેને માટે અશ્રુનાં બે બિંદુઓ સરકાવી સંતોષ માનજો. વળી આ તમારી સુંદરીને કોઇ કોઇ વાર તમારા પવિત્ર હૃદયમાં સ્થાન પણ આપશો. મારા મુવા પછી પણ અત્યારની માફક તમે આટલા બધા નમેરા અને નિર્દય થતા ના ! મારા મૃત શરીર ઉપર અશ્રુનાં બે બિંદુઓ પાડશો, મારા મુવા પછી પણ મારા મૃત શરીરનો તિરસ્કાર નહિ કરતાં તેનો માન પૂર્વક અગ્નિ દાહ કરાવજો મને ખાતરી છે કે મારા મૂવા પછી પણ હું નિર્દોષ છું તેવી રીતની ચોકસાઇ તમને દૈવ કરી આપશે, અને વખત આ-

થતાં મારૂ નિર્દોષપણું સાબિત થતાં વ્હાલા! તમને કેટલી અસર થશે? તે વખતે દિલાસો આપવાને બદલે હું નિર્દય પહેલેથીજ આ દુનિયાને ત્યાગી જાઉં છું. શું કરૂં? મારો એક પણ ઉપાય નથી, આખરે હવે મારે કહેવાનું એટલુંજ કે હું પણ તમારૂં નામ જપતાંજ મરી જાઉ છુ. અને જીવનની અંતિમ ઘડી સુધી મારા પ્રાણેશનું નામ યાદ કરીશ. પણ વ્હાલા! મારા જેવી બીચારી બીજી કોઇ પણ સ્ત્રીને દુઃખી કરતા ના? તમારે ભરૂસે રહેલી ભોળી ભામનીનો વિશ્વાસઘાત કરશો નહિ; વ્હાલા! મારી માફક બીચારી બીજી કોઇ પણ તરૂણી સુંદરીનું આશા ભરેલું જીવન હવે બગાડતા નહિ; અને મને પણ કોઇ કોઇ વખત સંભારશો, મારી તરફ મારા મૂવા પછી પણ અનુરાગની નજરથી જોશો, હું પણ તમારાજ નામનુંજ રટન કરૂં છું.

"શાણા તજી તમે માનુની, તેમ બીજી તજશો નહિ,
કોઇ પ્રીતિવશ અબળા, બિચારી ભોળીને ઠગશો નહિ;
સંભાળતાં તુને રાજવી, ગળે પાશ દઇ મરતી હતી,
છેલ્લો નીકળતાં શ્વાસ તારૂં, નામ હું જપતી હતી;"

તરૂણ તરૂણીએ નિમેષ માત્રમાં પોતાને એ દોરડાની આંટી ભરાવી દીધી, જેમ વૃક્ષની શાખાએ બાઝેલો કોઇ માણસ લટકી રહે તેવી રીતે આ તરૂણ અબળા ફાંસાવડે લટકી રહી; દોરડાની સેંગ ધીમે ધીમે ગળે ખેંચાવા લાગી અને આસ્તે આસ્તે કંઠ રૂંધાવા લાગ્યો, શ્વાસ ગભરાવા લાગ્યો, તેણીને કેટલું દુઃખ થતું, તે ફક્ત અત્યારે તેણીનું ઉદાસ મુખ અને આંખનાં અશ્રુ એ બેજ સાક્ષીભૂત હતાં. એક નિર્દોષ અબળાને મરતી જાણી જગતના અન્યાયને નહિ સહન કરનારો સુર્ય પણ આકાશમાં છુપાઇ ગયો, અત્યારે જગત્ શાંત દેખાવા લાગ્યું, જગત્ ઉપર શોકની છાયા પથરાઇ રહી, એક નિર્દોષ અબળાની ઉદાસિનતાનાં આંદોલનોએ જગતને સંપૂર્ણ રીતે અસર કરી દીધી. અત્યારે જગત્ આટલું બધુ કેમ ઉદાસ જણાય છે તેનું વ્યાજબી કારણ કોઇના પણ જાણવામાં આવતું નહિ. દોરડાની સેંગ થોડીવારમાં ગળે ચપાટપણે બેસી ગઇ, ગળે કાપો પડવા માંડયો. પ્રાણ નીકળવાની તૈયારીઓ થઇ રહી. યમરાજની સ્વારી આવી પહોંચી. મૃત્યુને કયાંથી દયા હોય! આ તરૂણ સુંદરીનો જીવ લેતાં યમરાજાને શા માટે દયા આવે? જેમ જેમ

તેના આંતરડાં ખેંચાવા લાગ્યાં, તેમ તેમ મરણની અંતિમ ઘડી પાસે આવવા લાગી? અરેરે એકાંત અવસ્થામાં મરનારી આ સુંદરીને કોણ મુક્ત કરે ! કંઠ રૂંધાવા લાગતાં જીવ નીકળવા માટે હવે તૈયારીયો થવા લાગી, પણ કોને ગરજ હોય કે તેને મનાવે પરન્તુ નિર્ભાગી જીવ આ વ્હાલા ખોળીયાનો ત્યાગ કરી શકતો નથી, કોણ જાણે કેમ જીવ નહિ જતો હોય? પરન્તુ જેને દૈવ રાખનાર છે તેને કોઈ મારી શકતું નથી. સમુદ્રના અગાધ જળમાં પડેલા અને બચવાની આશાથી વિમુખ થએલા એવા જીવો પણ સમુદ્ર થકી કોઇ પણ ઉપાયે બહાર નીકળી શકે છે. મરણાવસ્થામાં સુતેલા એવા અનેક રોગોથી પીડાતા જીવો કંઠે જીવ આવેલો હોય તોપણ તેમાંથી બચી જાય છે, એક નિમેષ માત્રમાં આ દુનિયામાંથી સદાને માટે એક સુંદરી રત્ન અસ્ત થવાનું હતું. એક પલકમાં પૂર્ણીમા સરખી તેજસ્વી શિતલ યુક્ત ચાંદની આ જગતમાં સદાને માટે નાશ થવાની હતી. પરન્તુ દૈવ ઇચ્છા પ્રબળ છે, માનવીનું ધાર્યું કાંઇ થતું નથી. "જેને રામ રાખે તેણે કોણ ચાખે" જ્યાં દૈવનીજ ઇચ્છા માનવાની નથી તો પછી માણસનું ધાર્યું શું થવાનું છે! કોણ જાણે દૈવની ઇચ્છાથી કહો! અથવા તો દેવતાની શક્તિથી કહો કે સુંદરીના શિયળના પ્રભાવથી કહો કે અમે તેવા કારણની કલ્પના કરો પણ શું થયું, કે જેથી દોરડું અધવચ તુટીજ ગયું, અને તુટતાંની સાથેજ આ બેભાન સુંદરી મૂર્ચ્છાવસ્થામાં ભૂમિ ઉપર પટકાઇ ગઇ. તેના અવાજથી મંત્રીની સ્ત્રી પ્રથમિણી (પદ્મની) એકદમ દોડી આવી ! અરેરે ! આ શું થયું? હા ! રાણીએ તો કાંઇ કર્યું નથી. તરતજ બારણું ઉઘાડી અંદર આવી તો ગળે દોરડા સહીત રાણી મૂર્ચ્છાવસ્થામાં પડી છે, તરતજ પ્રથમિણીએ ( પદ્મનીએ ) ગળાનું દોરડુ આસ્તેથી કાપી નાંખ્યું, અને તેની નાડી તપાસી તો ધીમે ધીમે ચાલતી તેના જોવામાં આવી, તરતજ મૂર્ચ્છા વાળવાને અનેક પ્રકારે ઉપચારો કરવા લાગી.

# પ્રકરણ ૨૦ મું

## " ધર્મના પ્રભાવથી સારૂ જ થાય છે "

### नियतिः केन वार्यते

( ભાવી ભાવ બનવાનું હોય છે તેને કોણ નિવારણ કરે છે ? )

અરેરે ! આ લીલાવતી તો અચેતન સરખી થઇને પડી છે. હું કેટલીક વારથી પવન નાંખુ છું તેમજ બીજા કેટલાક ઉપચારો કરૂં છું તથાપિ તેને આરામ થતો હોય અને તેણી પોતાની આંખ ઉઘાડતી હોય તેવું કંઇપણ ચિન્હ જણાતું નથી. અન્ય કોઇને પણ બોલાવાય તેમ નથી અત્યારે પ્રધાન પણ અહીંયા છે નહિ; તો મારે શું કરવું ? જો આ રાણીના રામ અહીંઆંજ રમી જશે તો મહા ઉપાધિ થઇ પડશે, ઇત્યાદિક વિચાર કરતી પ્રથમીણીએ કેટલીકવાર સુધી હિમત રાખી ખંતથી અનેક પ્રકારે ઉપચારો કરવા માંડયા તો કેટલીકવારે તેણીયે પોતાની આંખ ઉઘાડીને ભાન આવતું હોય તેવાં ચિન્હ જણાયાં, પાણી પાઓ ! એવો શબ્દ સાંભળતાં તેણીએ પાણીનો પ્યાલો ભરીને મુકયો. પાણી પીધું કે તેણીને કાંઇક શાંતિ થઇ. તેણીને ભાનમાં આવેલી જાણીને પ્રથમાણી બોલવા લાગી, કે નીચ સ્ત્રીને યોગ્ય એવું આ તમે શું આરંભ્યુ છે. ! શું દુનિયામાં કોઇને દુઃખ આવતુંજ નહિ હોય ? લગારતો વિચાર કરો ? તમારે માથે કાંઇ નવાઇનું દુઃખ આવ્યું છે કે શું?

'રાજાએ મને અપરાધ વગર આટલી બધી વગોવી તો પછી મારે જીવીને હવે શું કરવું છે ! પાણી સુકાયે છતે માછલી જીવી શકતી નથી. વળી નવા કોળા તુલ્ય મહિમાનું ઘર એવી સ્ત્રીને લોકો આંગળી કરે થકે તે કેમ જીવી શકે" લીલાવતીએ અચકાતે અચકાતે પોતાના મુખમાંથી ઉદ્‌ગારો બહાર કાઢયા.

હે પુત્રી! "તું હજી તરૂણ છે. મારે તો પુત્રી જેવી તું છે તારા જેવીને અયોગ્ય રીતે મરવું તે સારૂં કહેવાય નહિ; કેમકે આવી રીતનું મરણ તે દુર્ગતિને આપનારૂં છે. દુઃખમાં પણ પ્રાણનું રક્ષણ કરવાથી માણસ ભવિષ્યમાં સુખની પરંપરાને જોઇ શકે છે. શું મહા સતી સીતાને માથે કલંક નથી આવ્યું? છતાં દુઃખમાં ધૈર્ય ધારણ કરી હીમત રાખી તો પાછળથી સુખની પરંપરા તે મેલવી શકી. મહા સતી દ્રૌપદીનાં ભરી સભામાં પાપી દુર્યોધને ચીર નહોતા ખેંચાયાં? એટલુંજ નહિ પણ તેને કડવાં વચનો તે પાપીયોએ નહોતાં સંભળાવ્યાં? વળી જો તે તારા જેવી હોત તો તરતજ મરી જતે? પરન્તુ નહિ તે દુઃખમાં ધૈર્ય ધારણ કરનારી અબળા હતી તો પાછળથી પણ કલ્યાણની પરંપરાને પામી શકી; માટે આવા વિચારોનો ત્યાગ કરીને હું કહું તે ઉપાય કર, તો તારૂં દુઃખ ચાલ્યું જશે."પ્રથમીણીએ પુત્રીની માફક રાણીને શીખામણ આપી.

"ત્યારે ગમે તેમ કરી આ દુઃખમાંથી હું મુક્ત થાઉં, તેવો ઉપાય બતાવો કે જેથી મારી મનોકામના પૂર્ણ થાય," રાણીએ નિસાસો નાંખતાં કહ્યું.

હે પુત્રી! "આ જગતમાં પંચ પરમેષ્ઠી નવકાર તે મહાન્ મંત્ર છે. અમોઘ ફળને આપનાર છે, ધારેલું કાર્ય સફળ કરનાર છે વળી તે એક હજાર ને આઠ વિદ્યાઓને ગ્રહણ કરનારો છે તે નવકારના પ્રભાવથી ચોર હોય તો મિત્ર થાય છે, સર્પ હોય ત્યાં ફુલની માળા થાય છે, અગ્નિ હોય ત્યાં પાણી થાય છે, જળ હોય ત્યાં સ્થળ થાય છે, જંગલ હોય ત્યાં નગર થાય છે, સિંહ હોય તો શિયાળ સરખો થઇ જાય છે, વળી ઘણા લોકનો દ્વેષી હોય તો તે વલ્લભ થાય છે, હત્યા કરનારો પુરૂષ નવકારને સાંભળે થકે ઉપદ્રવને વિનાશ કરે છે તેમજ મોહન, આકર્ષણ, ઉચ્ચાટન, કામણ, સ્થંભનાદિને કરવાવાળો છે, સમગ્ર આપદાઓને દુર કરવાવાળો છે, ઇચ્છાઓને પૂરવાવાળો છે, વળી નવકારનું ધ્યાન કરતો થકો માણસો રાજ્ય, સ્વર્ગ અને મુક્તિને પણ પામે છે, તેથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પૂજા, દીપક અને ધુપના ઉવેખીવાથી અને એકાગ્ર મનથી નિર્મળ વસ્ત્ર પહેરી શુદ્ધ શરીરવાળા થઇને તું તે મહાન્ મંત્રનો જપ કર" એવી રીતે શીખામણ આપીને તેને તેણીએ નવકાર મંત્ર આપ્યો.

હવે તે મંત્રને એકાગ્ર ચિત્તે નિર્મળ વસ્ત્ર પહેરીને એકાંતને વિશે દરરોજ શાસ્ત્ર યુક્ત વિધિ વડે કરીને લીલાવતી આરાધે છે, ખરેખર આ વખતે રાણી પદ્માસન ઉપર બેઠી થકી મનોહર મુદ્રાને ધારણ કરતી ઉજ્વળ વસ્ત્ર પહેરીને રત્નાક્ષરની માળા ધારણ કરેલી એવી સાક્ષાત સરસ્વતીજ છે કે શું ? એવી રીતે તેણી શોભવા લાગી. એમ કરતાં થકાં પચ્ચીસ હજાર જાપ થયે છતે શાસનદેવી તેને સ્વપ્નામાં પ્રગટ થઇ બોલવા લાગી, હે પુત્રી ! "આજથી આઠમે દિવસે તારી સેવાના અવસરમાં ઉતાવળો થયો થકો તારો સ્વામી રાજા પ્રભાતકાળે તને બોલાવવાને આવશે" એવી રીતનું વચન કહીને દેવી અદૃશ થઇ ગઇ. પ્રાતઃકાળે પ્રધાનની સ્ત્રીને વાત જણાવી તેનું વચન સાંભળીને તેને ધિરજ આવી કે તારૂં કાર્ય સિદ્ધ થયું. એમ કરતાં પાંચ દિવસ પુરા થયા એટલે એક લાખનો જાપ પૂરો થયો.

એવા અવસરમાં રાજાનો રણરંગ નામા પટ્ટ હાથી તે દિવસે પાણી પીવાને નીકળ્યો, હાથી ઉદ્ધતપણે ચાલતો અનુક્રમે મદિરાવાળાની દુકાને આવ્યો, ત્યાં તેણે પોતાની સુંઢ લાંબી કરી અને દુકાનદારે રાખેલી ઉત્તમ મદિરા જે કુંડામાં હતી, તે ધટધટાવી ગયો. મદિરાના પાનથી હાથી અત્યંત ઉદ્ધત થયો, વિસ્તારવંત એવા પોતાના પગલે કરીને પૃથ્વીને કંપાયમાન કરતો ગંભિર ગર્જનાથી ભયંકર અવાજ કરતો તે લોકોની સામો દોડવા લાગ્યો, અને જેને તેને મારવા લાગ્યો. કલ્પાંત કાળથી ઉદ્ધત થએલા સમુદ્રના સરખી તેની ગર્જના સાંભળીને નગરવાસી જનો પોતપોતાની દુકાનોને મુકી દઇને જ્યાં ત્યાં જીવ બચાવીને નાશભાગ કરવા લાગ્યા. પછી જાણે પોતાને જ વધાવવાને હોય નહિ ! તેમ દુકાનોમાંથી મોતીયોને ઉચ્છાળતો હવો અને નગ્ન અવસ્થાને ભોગવતી દિશા રૂપી રમણીયોને આપતો ન હોય? તેમ વસ્ત્રોને પણ ચારે તરફ તે ઉચ્છાળવા લાગ્યો, અનુક્રમે જેનું તેનું નુકશાન કરતો એવો મદોન્મતહાથી ચૌટામાં આવ્યો, ઘોડા, સુભટો અને મોટા મોટા હાથીઓ તે વડે કરીને પણ નહિ રોકાયેલો તે છેવટે નુકશાન કરતો નગરની બહાર આવ્યો. ત્યાં સંપૂર્ણ પાંદડાંથી ભરેલું અને પૃથ્વીને વિશે છત્ર સરખું એક વિસ્તીર્ણ બડલાનું ઝાડ હતું. તે વડલાનો અધિષ્ઠાયક ભૂત તે વૃક્ષની અવગણના કરનારને અને તેના પાંદડાં પ્રમુખ ચુંટનારને કષ્ટમાં નાખે છે, એવા અધિષ્ઠાયકવા-

ળા તે વડના વૃક્ષને દેખીને ક્રોધથી ત્રાગણું થયું છે બળ જેનું એવો તે રજરંગ હાથી પોતાની સુંઢથી તેના થડને આંટી પાડી મૂળથી ખેંચતો હવો. પોતાના ઘરને પાડતાં દેખીને કોણ કોપાયમાન ન થાય? તેવીજ રીતે તે ભૂત ક્રોધથી પર્વત સરખી કાયાવાળા હાથીને ઉંચે ભમાડીને ભૂમિ ઉપર પછાડતો હવો તેના પચ્છડાવાથી ભૂમિ પણ કંપાયમાન થઇ. અરે! શેષનાગ ડોલવા લાગ્યો. હાથીની ચીસ સાંભળીને રાજા તેની ખબર લેવા માટે તેની તરફ દોડયો, હાથીને મુવેલા સરખો દેખી રાજા મુર્ચ્છા ખાઇ ભૂમિ ઉપર ઢળી પડયો. રાજાને મુર્ચ્છિત દેખીને લોકોએ કેળના પાંદડાવડે શિતળ પવન નાંખી રાજાની મુર્ચ્છા વાળી.

રાજાને ચૈતન્ય આવ્યુ, એટલે ડાહ્યા પુરૂષો હાથીના મારનારને જણાવતા, હવા કે હે સ્વામી! "આ હાથી જીવે છે પરન્તુ ભૂતના દોષથી હાથી મુવા જેવો થયેલો છે તેથી દોષો દુર કરવાને કોઇ પણ ઉપાય કરાવો?" પછી રાજા હાથીના જેટલો અડદોનો ઢગલો કરાવી બ્રાહ્મણોને આપી દેતો હવો, અનેક પ્રકારના મંત્રો જડીબુટ્ટી વગેરે ઉપાયો કરાવ્યા પણ કોઇ રીતે હાથીને ગુણ ન થયો, તથાપિ માનવીને આશા બળવાન્ છે, ચોતરફથી આપદામાં ઘેરાયેલા માનવીને જો કોઇ પણ જીવનદોરી હોય તો તે ફક્ત આશાજ છે. આશા રૂપી જીવનદોરી જો માનવીને માથે ન સરજાએલી હોય તો દુઃખમાં ઘણા માનવીઓ પોતાની કાયાની આહુતિ આપી દે. પરન્તુ આશા તેમ કરતાં માનવીને અટકાવે છે. આશા એ માનવીના જીવનનું ગુઢ રહસ્ય છે. આશા રૂપી જીવનના તંતુથી બંધાયેલો માણસ પોતાની હીણભાગી આશાને ભવિષ્યમાં ફલીભૂત થએલી જોઇ શકે છે. માનવ જીવનનું ખરૂં તત્વ ફક્ત એક આશાજ છે. પોતાના હાથીને અનેક પ્રકારે ઓષધી કરાવતાં પણ સારૂં થતું નથી, અને થોડા વખતમાં મરી જશે એવી સ્થીતિમાં પણ રાજાની અમર આશા વિનશ્વરપણાને પામી નથી. માનવીની બળવાન્ આશા ગમે તેવા સંજોગોમાં પણ વિનશ્વરપણાને પામતી નથી, જો કદાપિ માનવીને આ જગતમાં પોતાના નિર્ભાગી જીવનને વિશે આશાનું અવલંબન ન હોત તો તેનું જીવન આ દુનિયામાં વધારે વખત ટકી શકેજ નહિ. માટે ખરેખર માણસનો કોઇ પણ બેલી હોય તેના જીવનને જો કોઇપણ કીમતી મદદ આપનાર હોય તો તે આશાજ છે.

તેવી આશા રાજાને પણ રહી છે, હાથીને હમણાં સારૂં થશે, હમણાં તેને શાંતિ થશે, ઇત્યાદિક અનેક પ્રકારનાં આશાનાં ચિન્હ તેને ભાસવા લાગ્યાં. તેનું અંતર સાક્ષી પુરતું હતું, તેની આશા બળવાન બનતી હતી. કે હાથીને સારૂ થશે તેથી તે અનેક પ્રકારે ઔષધ કરાવતો હવો. તે હાથીની પાસે પોલીસના માણસોને મુકીને તે પોતાના મહેલે આવ્યો. પોતે ભોજન કરવા બેઠો પણ ચિંતાથી જેનું વદન શ્યામ થઇ ગયું છે એવા રાજાને દેખીને ચતુરા દાસી કહેવા લાગી, કે હે સ્વામી ! 'મારી એક વિનતિ સાંભલી લ્યો. શિયળની લીલાથી દેવતાના સરખા આ પ્રધાન પેથડકુમાર છે, તેમના પહેરવાના વસ્ત્ર વડે કરીને જો આ હાથીને ઢાંકયો હોય તો તરતજ તે નિર્દોષતાવાળો થાય, કેમકે પૂર્વે તે પ્રધાનનું વસ્ત્ર પહેરવા વડે કરીને લીલાવતી રાણીનો તાવ વિનશ્વર થયો હતો. માટે તે વસ્ત્રથીજ હાથીને ઢાંકો તો તેનો રોગ સત્વર નાશ થાય."

પોતાને નહિ ગમતું એવું લીલાવતીનું નામ સાંભળીને રાજાને અતિશય ખેદ થયો, અરે ! એ દુષ્ટાનું વળી તેં કયાં નામ લીધું! એ રંડાએ તો ઉભયના કુળને કલંક લગાડયું છે. આ દાસી પણ એ કાવતરામાં તો નહિ હોય, ઇત્યાદિ વિચાર કરતા રાજાએ તેને કંઇ પણ પૂછયું નહિ,

વળી થોડો વિચાર કરીને દાસીને પ્રધાનની સ્ત્રી પાસેથી વસ્ત્ર લેવાને મોકલી, દાસીએ પણ વસ્ત્ર લાવીને રાજાની સમક્ષ રજુ કર્યું. રાજાએ પણ વસ્ત્રને વડના વૃક્ષ નજીક આવી હાથી ઉપર ઢાંકયુ. એટલે હાથી તેના પ્રભાવથી ચેતનવાળો થયો, ચપળતાનો ત્યાગ કરીને મેઘના સરખો કાળો તે રણરંગ હસ્તી નિંદ્રા પામતો હવો. નિર્મળ શિયળના પ્રભાવવાળું એવું પ્રધાનનું વસ્ત્ર તે વડે કરીને જાંગુલી મંત્રના પ્રભાવથી જેમ સર્પનું ઝેર ઉતરી જાય તેમ દુષ્ટ દેવતા હાથીનો ત્યાગ કરીને જતો રહ્યો પછી પોતાના શરીર ઉપર રહેલું વસ્ત્ર જમીન ઉપર નાંખીને હાથીઓનો અધિપતિ તત્કાળ ઉભો થયો. લોકો જય જય શબ્દ બોલવા લાગ્યા, હર્ષનાં વાજીંત્ર વાગવા લાગ્યાં, અશ્વોના હણહણાટના શબ્દો થવા લાગ્યા. હજારો લોકો પ્રધાનના શિયલની પ્રશંસા કરી તેના ધન્યવાદ માટે મસ્તક ડોલાવવા લાગ્યા. હાથીને શણગારીને રાજા હાથી ઉપર બેઠો, અને પ્રધાન પેથ-

ઠકુમારને હાથી ઉપર બેસવાનો નિયમ હતો તેથી તે રાજાના પટ્ટધારી અશ્વ ઉપર બેઠો, મોટા મહોત્સવ પૂર્વક દરેક લોકો નગરમાં આવતા હવા. પછી રાજાએ પાંચ અંગનાં વસ્ત્ર તથા એક લાખ ટકા આપીને પેથડકુમાર મંત્રીને માનસહીત ઘેર વિદાય કર્યો. મંત્રીના શિયલની જ્યાં ત્યાં શેરીએ ને બજારે ચૌટામાં ને ચોકમાં એમ આખા નગરમાં પ્રશંસા થવા લાગી, રાજાનો અલ્પ સમયમાં અણુમાનિતો થએલો મંત્રી આજે પુનઃ વધારે માનીતો થયો. ખરેખર ઉત્તમ પુરૂષોને સંકટ પણ સુખ આપનારૂં થાય છે, દુઃખ રૂપી કાળા વાદળાંમાંથી સુખ રૂપી સુર્ય એકદમ પ્રગટી નીકળતાં વાર લાગતી નથી. છેવટે શિયલના પ્રભાવથી મંત્રીનો જય થયો. પાપી પોતાનાજ પાપનો ભાગી થશે. આખરે સત્ય વાત બહાર આવી અને થોડી વારમાં નિર્દોષને પોતાની નિર્દોષતાનો પણ લાભ મલશે.

# પ્રકરણ ૨૧ મું

## "વાદળ વીખરાયું."

**सती प्रदीपे सत्यग्नौ सत्सु नाना मणिषुच**
**विनैकां मृगशावाक्षिं तमोभूत मिदं जगत्**

**રહસ્યાર્થ**—દીપકની જ્યોતિ જાજ્વલ્યમાન છતે, અગ્નિ વિધમાન છતે અને નાના પ્રકારની મણીયો ઝળકે છતે પણ અરરર એક તે રસીલી રમણી વિના અત્યારે સમસ્ત જગત અંધકારથી છવાયેલું છે!

પોતાના ભવ્ય જણાતા મહેલમાં એક શય્યાગૃહના ઓરડાની અંદર રત્નજડીત પલંગ ઉપર પડેલો એક પ્રૌઢવયની ઉમરનો પુરૂષ પલંગ ઉપર ચોતરફ આળોટે છે, તથાપિ હૃદય કમળમાં છુપાઇ રહેલું નિર્ભાગી દુઃખ લેશ માત્ર પણ તેને શાંત થવા દેતું નથી. આજે હૃદયના નિર્ભાગી દુઃખડે તેના વદન ઉપર ચિન્તાનાં

શ્યામ વાદળાં ફેરવી દીધાં છે. ચતુરપુરૂષ તેનું હૃદય કળી શકે કે આ પ્રૌઢવયની ઉમરનો માણસ કાંઇ ગુપ્ત પશ્ચાત્તાપ કરતો હોય અને પોતાની ગંભિર ભૂલથી એક નિર્દોષ અબળાનું જીવતર પદ ભ્રષ્ટ થયું છે તેને માટે તેના ચક્ષુ રત્નોમાંથી છુટતો અશ્રુપ્રવાહ જાણે સાક્ષી ભૂત હોય એમ અનુમાન કરી શકે ! અત્તર, ચંદન આદિ અનેક પ્રકારના વિલેપનીય પદાર્થથી પણ જેને લેશમાત્ર શાંતિ થતી નથી, જેનું મન અત્યંત આકુળ વ્યાકુળ થઇ ગયુ છે. પલકે પલકે નેત્રોમાંથી અશ્રુનાં બિંદુઓ ટપક ટપક કરતાં પોતાના નિર્મળ હૃદય ઉપર થઇને નિર્ભયપણે ચાલ્યાં જાય છે. અરેરે ? મારા હીણ ભાગીના હાથે આ શું જુલમ થઇ ગયો ? અરે ? જો પ્રધાન શિયળભ્રષ્ટ થયો હોત તો તેના વસ્ત્રથી હાથીને એકદમ સારૂં થાત નહિ. ખરેખર મારો મંત્રી નિર્દોષજ છે, અને તેની સાથે મારૂ અનોપમ સુંદરી રત્ન પણ સદાને માટે પવિત્રજ છે, કેમકે જો તેમ ન હોયતો કુશીલીયાનો કોઈ દિવસ આવા પ્રકારનો પ્રભાવ હોયજ નહિ પણ વિશેષ એટલુંજ કે તે બિચારીએ પોતાના તાવની શાંતિને માટે તે વસ્ત્ર લાવીને તેણીએ પોતાનું અંગ ગોપવેલું એમાં કાંઇ સંદેહ નથી, પરન્તુ કષ્ટરૂપી સમુદ્રને વિશે આપદા સરખી એવી કદંબા રાણીએ તેણીને શોકયનું સાલ ટાળવાને આસ્તેથી દુ:ખરૂપી સમુદ્રમાં ધકેલી દીધી છે. અરેરે ? શું કળાવતી જેવી સતી સાધવી સ્ત્રીના હાથ નથી કપાયા ? દશરથ રાજાની કૈકેયી રાણીએ શોકયના પુત્ર રામ લક્ષ્મણને શું વનમાં નથી કઢાવ્યા ? અરર ? શું શોકયરૂપી રાહુએ કુણાલ પુત્રને આંધળો નથી કરાવ્યો ? એ સર્વ શોકયથીજ થયુ છે. ઇત્યાદિ વિચાર કરતા રાજાએ ચતુરા દાસીને બોલાવી વસ્ત્ર સંબંધી સર્વ હકીકત પુછી લીધી. દાસીએ સર્વ હકીકત જણાવી દીધી અને રાજાના દુ:ખમાં ઉમેરો પણ ભેગો કરી દીધો.

રાજાના દુ:ખને નહિ સહન કરનારો સૂર્ય જેમ હોને તેમ શિઘ્રતાથી શ્યામતાવાળો થઇને અદૃશ થઇ ગયો. ધીરે ધીરે નિશાદેવીએ પોતાની પ્રબળ સત્તાથી જગતના સામ્રાજ્યને અંધકારમાં સપડાવી દીધું. અને રાજાનું દુ:ખી દિલ પણ દુ:ખથી વારંવાર તરફડવા લાગ્યું, એક વખતનો નિરાગી થએલો રાજા અત્યારે અનુરાગથી ઘણોજ ખેદાયમાન થએલો છે, પહેલાં જે સુંદરીના દુર્દૈવથી

ઇર્ષ્યા વડે કરીને જેનું નામ પણ સંભાળતો નહિ, તેના વિયોગે અ-ત્યારે તેને ઝુરી ઝુરીને મરવા વખત આવેલો છે. અરેરે ! વ્હાલા હૃદય ! તું કયાં હોઇશ ? તારા વિયોગે મને આ પુષ્પો કંટક સરખાં ખુંચી રહ્યાં છે, તારા વગરનો શૂન્ય આ પલંગ મને ચિતા સરખો બા-ળીને પાયમાલ કરવા બેઠો છે. જ્યાં હોય ત્યાંથી જલદી ચાલી આ-વ ? તારા વગરની પળ મને સો વરસ સમાન લાગે છે. અરર ! એક ક્ષણ માત્ર પણ મને અળગો નહિ મુકનારી એવી તારી અત્યા-રે શી દશા હશે ! અરેરે ! એક દિવસ પણ જો મને નહિ જોતી તો મારા વગર ઝુરી ઝુરીને મરી જતી, અને પળમાં સત્તર વાર ઝરૂખે ઉભી ઉભી જોઇ રહેતી એવી હે સુંદરી ! તારા દિવસોના દિવસો કેમ પસાર થયા હશે ? અરેરે ! હું શું કરૂં ? હવે શું થશે ? ને કામણગારૂં હૃદય કેમ માનશે ?

" હજાર હયફ કે દિલ મેરા, મેરે બસમેં નહિ
સિવાયે ઉસકે કીસી ઔરકે હવસમેં નહિ "

સુંદરી ! તારા અમોઘ એવા ગુણે મારૂં દિલ બ્હાવરૂં કરી દીધું છે, તારા વગર જગત અંધકારથી આચ્છાદિત થએલું છે, તારા વગર આ જગત । કોઇ પણ પદાર્થ ઉપર મને રૂચિ થતી નથી. હૃદયેશ્વરી ! હવે આ નિર્ભાગી હૃદય તારો વિરહ લાંબો કાળ નહી ખમી શકે, જ્યાં હોય ત્યાંથી આવી તારા પીયુના હૃદયને શાંતિ આપ ? અરેરે ! હે નિર્ભાગી હૃદય ! શાંત થા ! તને જ્યારે આટલું દુઃખ થાય છે ત્યારે ક્ષણ માત્ર પણ તારો વિયોગ સહન નહિ કરી શકનારી તે ગુણિયલ સુંદરીની કેવી સ્થીતિ હશે ! નિર્ભાગી ! તારા અવિચારીપણાનાં ફળ હવે તું ભોગવ ! તારી ઉદ્ધતાઇની સજા કુદરતે તને કરી દીધી છે, નિર્દોષને દુઃખમાં નાખનાર પાપી હૃદય ! તારી પાપી ભૂલનો તુંજ ભોગ થઇ પડે તો તેમાં શું નવાઇ છે ? અરેરે ! તે બિચારી કયાં હશે ? હા ! તે જો ન મલે તો હવેથી ખાવા-પીવાનો પણ મારે ત્યાગ છે. જ્યારે મારા વ્હાલા રત્નનાં દર્શન થશે ત્યારેજ ભોજન કરીશું. અન્યથા તે સુંદરીના વિયોગે ઝુરી ઝુરીને તેની પાછળ ચાલ્યા જઇશું, તેના વિના આ રાજ્યનું પણ મારે શું કામ છે ! અરર ! આ કોમળ કાયાની વારસદાર શું ચાલીજ ગઇ ! હા ! આ યૌવનનાં શણગાર ! તમે કયાં ગયાં ! ઓ મારી જીવનની

દોરી ! તમારા વિયોગે આ જીવન તત્વ ક્ષાની દુનિયા છોડી થોડીવારમાં ચાલ્યુ જશે. તમને દરકાર હોય તો તમારે આશ્રયે રહેલી જીવનદોરીને લંબાવો. અરેરે ! આજે પાણી વગર માછલુ તરફડીયાં મારે તેમ તમારા વિરહથી મારે તરફડવું પડે છે, નયનમાંથી આંસુ ખરર ખરર ખરી પડે છે. તથાપિ આ નિર્ભાગી હૃદય લેશ પણ શાંતિ પામતું નથી. ઇત્યાદિક વિચારમાં ને વિચારમાં રાત્રી પસાર કરી, અને રડી રડીને આંખો પણ રાતી કરી. આખરે પ્રાતઃકાળ થયો અને સૂર્ય પણ ઉદય થયો, તથાપિ રાજા બહાર નિકળતો નથી, રાજાની નરમ તબીયત જોઇ સર્વ કોઇ શોકાતુર થયાં, અરેરે ! રાજા સાહેબ તો લાંબા લાંબા નિસાસા નાંખે છે, આપણે કાંઇ પૂછીયે છીએ તો કાંઇ જુવાબ આપે છે, અને બોલતા પણ નથી, સર્વ સેવક લોક પ્રણામ કરે છે તો તેનો જુવાબ પણ આપતા નથી, અરર ! રાજા સાહેબને શું થયું ! અરે ! હા ! તેઓ ઘેલાતો નથી થયા ! ઇત્યાદિક અનેક પ્રકારે સેવકો બોલવા લાગ્યા. પ્રહર દિવસ ચડવા આવ્યો, છેવટે ઘડીયારમાં દશના ટકોરા વાગ્યા. તથાપિ રાજા બહાર નિકળતા નથી, એટલુંજ પણ નહિ પલંગમાં આમ તેમ આળોટે છે, તોપણ કળ પડતી નથી, અરેરે ! આજે રાજા સાહેબને શરીરે શું થયું હશે ! હજુ સુધી સભામાં પણ આવ્યા નથી. ઇત્યાદિ વિચારતો માજી પ્રધાન પેથડકુમાર અંતેઉરમાં ચાલ્યો ગયો. તો રાજાને મલીન મુખવાળો થયો છતો અને પલંગમાં બેઠેલો અને હાથ ઉપર જેણે પોતાના ગાલ મુકેલા છે એવો અને અશ્રુનાં બિંદુઓ સરકાવતો હોય તેમ આકુળ વ્યાકુળ થએલા રાજાને તે બોલાવતો હવો. હે દેવ ! આજે આટલી બધી તમને શી ચિંતા લાગી છે ! શું કોઇ સુંદરીએ તમારૂ હૃદય ઘાયલ કરેલું છે ! અથવા તો શું ઘોડા હાથી પ્રમુખની ચિંતા વળગેલી છે ? કે કોઇ દુશ્મન રાજાની ચિંતા છે ! અગર આપને એવડું તે શું દુઃખ છે ! કે જેથી આટલા બધા દુઃખમાં ગરકાવ થયા છો !

હે બુદ્ધિનિધાન ! "તે સુંદરીએ મારૂં હૃદય ઘાયલ કરેલું છે. તેના વિરહે હું મરી જાઉ છું. કે આજ સુધી જે રમણી ઉપર હું વિરક્તપણે રહ્યો હતો, તેના વગર એક ક્ષણ પણ મને એક વરસ સમાન થઇ પડી છે, (બોલતાં બોલતાં તેની આંખમાંથી અશ્રુનાં બિંદુઓ ખરી પડયાં) તેનો વિરહ વેઠવાને હું લેશ પણ સમર્થ નથી, અરેરે ! શોકયની

વાણી સાંભલીને મેં મારૂં સ્ત્રી રત્ન ગુમાવીજ દીધું ! હા ! મુર્ખ માણસે અનાયાસે પ્રાપ્ત કરેલું ચિંતામણી રત્ન સમુદ્રમાં ફેંકી દીધું! પણ હવે તે સ્ત્રીને જોઇશ ત્યારેજ ભોજન કરીશ, અન્યથા મારે મરણ એજ શરણ છે, તેના વગર મારે જીવીને પણ શું કરવું છે! અરર! મંત્રી! તે બિચારી કેવી રીતે જીવતી હશે! જે મારા વિયોગે એક ક્ષણ પણ રહેવાને સમર્થ નહોતી તો આટલા દિવસ સુધી તે કેમ રહી શકી હશે! હા! દુર્દૈવની મરજી હશે તેમ થશે. પણ હે પ્રધાન! મારા મુવા પછી કદાચ તે જીવતી હોય અને ફરતી ફરતી આવી ચડે તો તેને મારો અપરાધ ખમાવજે. મારા વિયોગે તે બિચારી દુઃખી થતી હોય તો તેને દિલાસો આપી તેના દુઃખને તું ભુલાવજે, અને જણાવજે કે રાજા તેની કરેલી ભુલનો પોતેજ ભોગ થઇ પડયો છે, હે મંત્રી! હું વિરહનું દુઃખ સહન કરી શકુ તેમ નથી. તેમ તેણી વગર ભોજન પણ કરીશ નહિ, આ ફાની દુનિયામાં હવે કોઇ પણ આશા અધુરી નથી. તે સુંદરી સાથે અનેક પ્રકારના સુખો પણ ભોગવ્યાં, મજા પણ માણી લીધી. માટે હવે મરીશું તો હરકત નથી. અરેરે! તે બિચારી શું જાણશે કે મને વિચાર કર્યા વગર ત્યાગ કરવાથી રાજા પાછળથી પસ્તાયા છે, ખેર? તમો રક્ષણ કરી તેણીને સમાધાન આપશો" ઇત્યાદિક બોલતો અને આંખમાંથી અશ્રુને સરકાવતો રાજા નિરાશા જેવો થઇને જેમ તેમ પ્રધાનની સમીપે બોલવા લાગ્યો.

હે સ્વામિન્! આટલા બધા દુઃખીયારા નહિ થાઓ! તે રાણીને મેળવવાને સર્વ પ્રકારનો હું ઉદ્યમ કરી આપને મેળવી આપીશ. આપ મરવા વગેરેના નાલાયક વિચારો કાઢી નાંખો? રણસંગ્રામમાં ધીર એવા આપ સરખા વીર પુરૂષના મુખમાથી આવાં નિર્બળ વચનો નિકળે તે ખરેખર આપને લજાવનારાં છે, આપ એક સ્ત્રી માટે આટલા બધા કેમ નિર્બળ થાઓ છો! સ્ત્રીને મેળવવી તેમાં શું મોટી વાત છે! ઉદ્યમ વડે કરીને સીતાને લઇ ગયેલા રાવણને મારીને રામચંદ્રજી શું સીતાને પાછી નથી લાવ્યા! વળી ધાતકી ખંડનો પદ્મોતર રાજા દ્રૌપદીને લઇ ગયો તથાપિ કૃષ્ણ વાસુદેવ તેને ત્રાસ પમાડીને શું દ્રૌપદી પાછી નથી લાવ્યા! માટે રાજન્! વિશ્વાસ રાખો! વળી હે રાજન્! તમે કંઇ પુન્યની કરણી કરો! ધર્મથી દરેક કાર્યની સિદ્ધિ થાય છે. પુન્ય રૂપી સાંકળથી બંધાયેલી લક્ષ્મી

તેને ઘેર રહે છે. તેના પ્રભાવ થકી નહિ બનવા યોગ્ય કાર્યને પણ માણુસ કરી શકે છે. પ્રધાને રૂદન કરતા રાજાને આશ્વાસન આપતાં જણાવ્યું.

મંત્રી ! હું કયા પ્રકારનું પુન્ય કરૂ !

હે રાજન્ ! " તમો જ્યાં સુધી જીવો ત્યાં સુધી પાંચે પર્વને વિશે સાત વ્યસનનો આખા દેશમાંથી નાશ કરાવો ! કારણ કે તે વ્યસનના સેવનથી નળરાજા અને પાંડવ પ્રમુખ પણ દુઃખી થયા છે, તે આ લોકમાં પણ દુઃખને કરનારાં છે અને પરલોકને વિશે પણ દુર્ગતિને આપનારાં છે, વ્યસન આવાં દુઃખકારી છે. સત્યવાદીનાં પણ તે સત્યને મુકાવે છે, એવું ધારીને પૂર્વે કુમારપાળ ભૂપાળે પણ પોતાના દેશમાંથી તેનો નાશ કરાવ્યો. " ઇત્યાદિ દલીલો રજુ કરી પ્રાચીન ઇતિહાસથી રાજાને માહિતગાર કરતો હવો.

પ્રધાનનું કર્ણને પ્રીય લાગે તેવું વચન અંગીકાર કરીને રાજા છત્ર, ચામર વડે કરીને પ્રધાનની સાથે રાજસભામાં આવ્યો. કેટલાક વખત પછી ત્યાંથી પોતાના મહેલે આવ્યો, તથાપિ રાણી વગર તેને મુદ્દલ ચેન પડતુ નથી. તેણીના વિના જગત શૂન્યકારમય જણાય છે. એવામાં પેથડકુમારે આવીને જણાવ્યું કે સાહેબ ! રાણી સાહેબા પધાર્યા છે.

રાજાએ જણાવ્યું, કે તું સાચુ કહે છે કે હાંસી કરે છે.

નહીં સાહેબ! સાચી વાત છે એ સાંભળી રાજા હર્ષાયમાન થઇને આખી નગરી શણગારતો હવો. જેમ તેમ કરીને વરસ ૩૫ થયેલી રાત્રીને ગુમાવી આઠમા દિવસે પ્રભાતકાળે મહા ધામધુમથી મહોત્સવ પૂર્વક વાજીંત્રોના શબ્દોથી પૃથ્વીને ગર્જાવતો રાજા જયસિંહદેવ મંત્રી પેથડકુમારના ઘેર આવતો હવો. તેના મહેલ નજીક આવી રાજા હાથી ઉપરથી ઉતરી જેવો હર્ષાયમાન થયો થકો ઘરમાં ગયો કે ત્યાં આગલાજ દિવાનખાનામાં પ્રતિપદા (પડવે) ના ચંદ્રમા સરખી તેજ રહીત દુર્બળ થઇ ગયેલી સીતા સતીની માફક કલંક રહીત પણ ઉદાસ વદનવાળી એવી લીલાવતીને જોઇ તેણીનું ઉદાસ વદન દેખીને રાજાની આંખમાંથી અશ્રુનું બિંદુ સરકતું રાણીએ દેખ્યું, તેની સાથે રાજાના મુખમાંથી નીચેના શબ્દો પણ સાંભળ્યા.

## સોરઠો.

"હીણુભાગી તુજ કંથ, આંસુ ઢાળે આંખથી,
લખ્યા વિધિના લેખ, ટાળ્યા તેતો નવી ટળે;
માંકલડાની જાત, મનવા તેં આ શું કર્યું,
ગુણવંતુ ગુલઝાર, વિણ વાંકે કરમાઇ ગયું"

રાજાની સ્થીતિનું રાણીને પણ ભાન થયું, અત્યારે તો નેત્રના સંકેતથી એક બીજાનું સન્માન થયું, રાજાને આવતો દેખીને રાણીએ ઉભા થઇ રાજાને હર્ષથી વધાવી લીધા, ઘણે દિવસે એક બીજાના અંતરમાં આનંદની ઉર્મિ ઊચ્છળી રહી. એક બીજાનાં ઉદાસિનતાથી છવાયેલાં મુખડાં આશાના જીવનથી તેજસ્વી જણાવા લાગ્યાં, રાજાએ રાણીને મનામણાંના બત્રીસ લાખ ટકા આપ્યા, તથા ઘણા મુલ્યવાળાં વસ્ત્રો તેમજ ઘણાં ઘરેણાં વગેરે આપી લલનાના હૃદયનો ઘણા દિવસનો શોક નિવારણ કર્યો. આજે નિર્ભાગી સુંદરી ઉપર તેના દૈવે પ્રસન્નતા બતાવી. પ્રધાને રાજા રાણી વગેરેનો સત્કાર કર્યો. પછી સ્ત્રીને લઇને હાથી ઉપર બેસી મહોત્સવ પૂર્વક વાજીંત્રોના ગર્જારવ સાથે તે ઘેર આવવા નિકળ્યો. હાથી ઉપર અલંકારથી શણગારેલી સુંદરી પોતાની આગળ બેસાડી જેમ સમુદ્રમાંથી લક્ષ્મીજીને લઇને શ્રી કૃષ્ણ વાસુદેવ આવતા હોય તેમ રાજા રાણીને લઇને પોતાના આવાસ તરફ આવતા હવા. અનેક પ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યાં, નવી પરણેલી સ્ત્રીની માફક તેને લઇને રાજા પોતાના મહેલમાં આવ્યો. અરે! લીલાવતી રાણીની આપદા તો તેને માન અને યશને માટેજ થઇ, રાજાએ તેને સન્માન પૂર્વક પાછી આણી ખરેખર ઉત્તમ પુરૂષોને પોતાના લોકોત્તર આચારથી આપદા પણ સંપદાને માટે થાય છે. કેમકે અગ્નિને વિશે નાંખેલું એવું અગ્નિશૌચ નામા વસ્ત્ર તે નિર્મળપણું પામે છે તેવી રીતે રાણીની આપદા તેની સંપદા, યશ, માન અને પૂજાને માટે થઇ.

રાજાએ કદંબા રાણીનો ઘણો તિરસ્કાર કર્યો. રાજાના ત્રાસથી કદંબા રાણી ભય પામી થકી ત્યાંથી પલાયન થઇ ગઇ. કેમકે કોઇને કલંક દીધા પ્રમુખનું પાપ માણસ આ ભવમાંજ ભોગવે એવો સામાન્ય નિયમ છે તેથી કદંબા રાણી તો ત્યાંથી ઝટપટ છપાંચજ ગણી ગઇ.

પોતાનું કરાવેલું સોનાનું જે પાર્શ્વનાથ ભગવાનનું બિંબ તેની પૂજા કરવામાં ઘણી આસક્ત થએલી રાણી, જેણે પંચ પરમેષ્ઠીનો મહિમા જાણ્યો છે એવી તે ધર્મને વિશે અત્યંતપણે ઉદ્યમવાળી થઇ. વળી વસ્ત્રથી ગળીને પાણી ન પીવું, માંસ ભક્ષણ કરવું, તથા રાત્રી ભોજન કરવું તે ત્રણ વસ્તુનો નિયમ લઇને અન્તઃકરણ પૂર્વક તેણી જૈન ધર્મને આરાધવા લાગી. તેમજ અશ્વાર પાળા પ્રમુખ પ્રૌઢ સ્ત્રીઓના સમુહ વડે કરીને અને વાજીંત્રના શબ્દ વડે યુક્ત સુખપાલમાં બેઠી થકી રાણી પાંચે પર્વને વિશે જૈન દેરાસરમાં દેવનાં દર્શન કરવાને જાતી હતી. રાણી લીલાવતીને આવી રીતે ધર્મમાં આસક્ત થએલી જોઇને લોકો તેણીનાં વખાણ કરવા લાગ્યા. રાજા પણ અંતરથી તેણીને ધર્મી જાણીને કોઇ પણ દિવસ તેનું દીલ નહી દુભવવું એવો નિશ્ચય કરવા લાગ્યો, અને પ્રીતિ કલહથી કદાચ દિલ દુખવવું પડે તો તેણીને તરતજ મનાવી લેવી. ઇત્યાદિ વિચાર કરતો તે ઘણો ખુશી થયો અને તેણીને પટરાણીને પદે સ્થાપન કરતો હવો.

# પ્રકરણ ૨૨ મું

## “ જુગારની સહેલગા ”

આ નગરમાં રાજા જયસિંહદેવે પટહ ઘોષણા કરાવેલી હોવાથી બીજ, પાંચમ, આઠમ, અગીઆરસ અને ચૌદસના દિવસોમાં કોઇ પણ માણસ વ્યસન સેવીને રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરતું નથી. ભૂલે ચુકે કદાચ કોઇ છાની રીતે વ્યસનનું સેવન કરે તોપણ તે પ્રગટ થતાં રાજા તેનું ધન માલ લુંટી લઇ તેને સખ્ત શીક્ષા કરતો, એવી અવસ્થામાં કેટલાક દિવસ ગયે થકે પદ્માકર નામનો એક ધુતારો દેશ પરદેશ ફરતો અને મનને અનુકુળ ચોરી કરતો એક દિવસ તે માંડવગઢમાં આવ્યો. પોતાની દગાઇની કળાથી જેણે જ્યાં ત્યાં ફતેહો

મેળવી છે એવો તે પદ્માકર ધુતારો એક વાણીયાની દુકાને આવીને તેની દુકાનેથી અનેક પ્રકારનું કરીયાણું ખરીદ કરીને છેવટે વાણીયા સાથે તે વાત કરવા લાગ્યો કે હે શેઠ! તમારૂં લહેણું હોય તે હું અપાવી દઉં, આ તમારા છોકરાને મારી સાથે મોકલો! ધુતરાની ઠગાઇને નહિ જાણનારો ભદ્રક વાણીયો તેની સાથે પોતાના છોકરાને મોકલતો હવો. તે પછી તે ધુતારો પેલા વાણીયાના છોકરા સાથે એક કાપડીયાની દુકાને આવી તેની દુકાનેથી અનેક પ્રકારનું કાપડ કઢાવવા લાગ્યો. ત્યાંથી અનેક પ્રકારનું કાપડ લઇને તેણે તે કાપડીયાને કહ્યું કે આ મારો છોકરો તમારી દુકાને બેઠો છે અને હું આ કાપડ મારી સ્ત્રીને બતાવી ઉતાવળથી પાછો ચાલ્યો આવું છું. એમ કહી છોકરાને તેની દુકાને બેસાડી ધુતારો ત્યાંથી અગીયારા ગણી ગયો. છોકરો સાંજ સુધી બેઠો, છેવટે જમવા વખત થઇ તથાપિ પેલો ધુતારો તો આવ્યોજ નહિ; આખરે જેનો પુત્ર ઉપર વ્યાજબી હક હતો તે ત્યાં આવી દોસીવાણીઆની દુકાને બેઠેલા પોતાના પુત્રને લઇ ગયો અને ધુતારાની ધુર્તતાને ભોગ થઇ પડેલા તેઓ બન્ને અત્યંત પસ્તાવો કરવા લાગ્યા.

હવે બપોરે ભોજન કરી અનેક પ્રકારના આડંબર સહીત તે પદ્માકર ધુતારો તે નગરમાં રહેનારી કામલત્તા ગણિકાને ઘેર ગયો. વેશ્યાએ પણ તેને ઉત્તમ આભુષણથી સજ્જ થએલો જોઇને મનમાં મોટા મોટા હવાઇ કીલ્લા બાંધતી તેની સાથે સ્નેહથી વાતો કરતી તેનો અત્યંત આદર સત્કાર કરવા લાગી. પોતાના સ્ફુરાયમાન નવપલ્લવ અધરોષ્ઠથી મૃદુહાસ્ય કરતી તેણી તેની તાબેદારી ઉઠાવવા લાગી. ધુતારાએ પણ પોતાની સ્ત્રીને બતાવવા માટે દોસીવાણીઆની દુકાનેથી લાવેલાં અમુલ્ય વસ્ત્ર વેશ્યાને આપ્યાં. અને અનેક પ્રકારે લાલચો બતાવી વસ્ત્ર મળવાથી કામલત્તા વેશ્યા તો તેના ઉપર ફીદા ફીદા થઇ ગઈ અને આ અમુલ્ય રત્ન મારે ઘેર પધારેલું છે તેને માટે પોતાના દૈવને તેણી ધન્યવાદ આપવા લાગી. અનેક પ્રકારના હાવભાવ વડે નેત્રના કટાક્ષથી પદ્માકરના દિલને તેણી આકર્ષણ કરવા લાગી. આંખોના અણુસારાથી તેના નેત્રને છળવા લાગી, પછી મોહવશ થએલી ગણિકા ત્યાંથી ઉઠી પદ્માકરનો કોમળ હસ્ત ખેંચી તેને અંદરના ભવ્ય ઓરડામાં લઇ ગઇ. ચંદ્રની કાંતિને લજવનારી દિલોજાન કામલત્તાએ તેને ભવ્ય દિવાનખાનામાં તેડી જઇ મનોહર એવા

હીંડોળા ઉપર બેસાડી તેના પડખામાં પોતે ભરાઇ બેઠી. અનેકપ્રકારની ચેષ્ટાથી મદ મંદ વાયુની શિતલ લહેરી વડે તેની સાથે વિવિધ પ્રકારના વિલાસો ભોગવવા લાગી. પલકમાં તેના કંઠમાં પોતાની કોમળ ભૂજાઓને સરકાવી દેતી તો પલકમાં તેના હૃદય ઉપર પોતાનું માથુ મુકી તેના ચિત્તને ઘાયલ કરતી, તો ક્ષણમાં તેના હૃદય સાથે હૃદય મેળવી સંતોષ પામતી, ત્યારે કોઇ વખત પોતાના નવપલ્લવ અધર રસનું ચુંબન કરવા દેતી, તો ક્ષણમાં તેના બન્ને કોમળ હસ્તોને ખેંચીને પોતાના હૃદય ઉપર મુકતી. એમ અનેક પ્રકારથી વિલાસી ચેષ્ટા વડે તે કામલત્તા પદ્માકર સાથે હિંડોળે ઝુલતી તેને પોતાના કોમળ હસ્તથી વાયુ ઢાળતી તેના દિલને રંજન કરવા લાગી. અરસપરસ ઉભયના હૃદયમાં વિજળીના ચમકારા જેવા અવાર નવાર કામદેવના ઝબકારા પસાર થવા લાગ્યા. પોતે કયાં બેઠાં છે અગર કેવી સ્થીતિમાં છે! તેનું પણ ભાન તે આશક માશુકની જોડી ભૂલી ગયાં, મદનના તીવ્ર વેગથી બન્નેનાં દિલ પરવશ બન્યાં અને છેવટે વ્હાલા હીંડોળાનો આશ્રય છોડીને તેમને સુશોભિત પલંગનું અવલંબન લેવું પડયું. પોતાની સ્ત્રી કરતાં પણ વધારે સ્નેહને બતાવનારી એવી કામલત્તાએ તેની પાસેનાં લીધેલા અમુલ્ય વસ્ત્રોનો બદલો પણ માત્ર અડધા કે કલાકના વખતમાંજ આપી દીધો. ઉભયનાં બળતાં હૃદયમાં શિતળ જળનો પ્રવાહ વહેવાથી શાંતિ થઇ. ઉભયને સંતોષ થતાં તેમનાં પાપી મનડાં અત્યારે તો થોડા વખતને માટે તૃપ્તિને પામ્યાં પદ્માકર ધુતારો પણ જાણે ઘણા દિવસના પરિચયવાળી એવી પોતાનીજ સ્ત્રી ન હોય તેમ તે કામલત્તા સાથે અનેક પ્રકારે ભોગોને ભોગવવા લાગ્યો, એમ થોડા દિવસો ગયે થકે પદ્માકર ધુતારા ઉપર વિશ્વાસવાળી કામલત્તાને તેણે કહ્યું કે હે સુંદરી! આ એક કુંડળ કાને કેમ પહેરેલું છે! તેની બીજી જોડ તું કેમ પહેરતી નથી! કેમકે એક કુંડળ તને શોભતું નથી.

"આ કુંડળ મને એક વખતે રાજાના કુંવરે ભેટ આપેલું તું, તે પોતાની સ્ત્રી પાસેથી મારે માટે એકજ લાવેલો તો, તેથી તેણે અહીં આવીને મને આપી દીધું." કામલત્તાએ જણાવ્યું.

"ઠીક! લાવ્ય? તેની બીજી જોડી હું બજારમાંથી તને ઘડાવી આપું. જ્યારે તું બે કુંડળ પહેરીશ ત્યારે તું એક અપચ્છરા સર-

ખી ઘણી સુંદર દેખાશે તારી યુવાનીની સુંદરતામાં વધારો થશે અને ખરેખર એક દિલખેંચક રમણી તું દરેકના ચિત્તને આકર્ષક બનશે બન્ને કુંડળથી સુશોભિત દેખાતા કાન વડે પુર્ણીમાના ચંદ્ર સરખા તારા તેજસ્વી વદન કમળને નિરખવાથી ખરેખર યોગી પુરૂષો પણ તારામાં લોભાઇ જશે." ધુતારાએ વેસ્યાને ફસાવવાનો ખરેખરો કીમીયો રજુ કરી દીધો.

પદ્માકર ધુતારાનાં વચન સાંભળીને કામલત્તાને તેને એક શ્રીમાન્ સમજી આ કોઇ મોટો શ્રેષ્ઠીકુમાર હશે ? હમણાંજ કુંડળની જોડી લઇને મારી પાસે આવશે, વળી મેં તેને પ્રેમથી એવો તો વશ કરી લીધો છે કે તે મારો વિરહ વેઠી પણ શકશે નહિ. તેથી તરતજ તેને અહીં પાછા ફરવાની જરૂર પડશે. ઇત્યાદિક તેની ઉપર વિશ્વાસ આવે થકે કામલત્તાએ તરતજ કુંડળ કાઢીને તેને આપી દીધું. વ્હાલા ! "વ્હેલા આવજો ! કેમકે તમારો વિયોગ હું વેઠી શકીશ નહિ. તમારા વગર મને ઘડીભર પણ ગમશે નહિ, કોણ જાણે તમે મને શું કામણ દુમણ કરી નાંખ્યું છે કે જગતમાં તમારા વગર મને શુન્યકારજ લાગે છે."

ગાંડીરે માંડી ! "જેવી તારી વલેહ તેવી મારી પણ દશા છે. હું તારા ગુણ સાંભળીનેજ ખાસ અહીં આવેલો છું. તારા સારા નશીબેજ મારા કર્મમાં અરેરે ! ખરાબ સ્ત્રી લખેલી છે કે જેથી મારી સ્ત્રી મને ગમતીજ નથી તારા કરતાં પા ભાગની સેવા પણ કોઇ દિવસ મારી સ્ત્રીએ મારે માટે ઉઠાવી હોય તેમ મને સાંભરતું નથી; આપણે બન્ને અહીંઆં રહીને સુખેથી આપણું જીવન પુરૂં કરીશું. હું કુંડળ લઇને થોડીજ વારમાં પાછો આવીશ. મને તું સરખી રસીલી છબીલી અને લટકા કરતી લટકારીને છોડીને જવાને જરાએ ગમતું નથી, પણ જે વખતે બન્ને કાને બે કુંડળ પહેરીને તું મારી પાસે બેસશે તે વખતે ત્હારી કાંતિમાં એટલો તો વધારો થશે કે એક ક્ષણભર પણ તે વખતે હું તને મારી પાસેથી સરકવા દેનાર નથી." એમ કહી જતાં જતાં પણ તેના લાલ અધરોષ્ઠ ઉપર એક ચુંબન કરી આખર વખતનું તેણીને દૃઢ આલિંગન આપી પદ્માકર ધુતારો સદાને માટે છ પાંચ ગણી ગયો.

અનુક્રમે દિવાલી પર્વ આવ્યું, આજકાલ લોકો અપશઆરા-

મમાં પડેલા છે, સારાં સારાં વસ્ત્રાભૂષણ પહેરવાં અનેક પ્રકારના રંગરાગ રમવા, નવનવા પ્રકારનાં ભાવતાં ભોજન કરવાં અને સર્વ પ્રકારે આનંદથી ક્રીડા કરવે કરીને વખત પસાર કરવો, આવો તેમનો વૈભવ રહેલો છે. આજે દરેક લોકોમાં આનંદ ફેલાયેલો છે. જુગટીયા લોકો પણ આજે મોજશોખમાં પડેલા છે. બીજા વ્યસની લોકો પણ મોજ મજાહ ભોગવવામાં ગુલતાન બનેલા છે કેમકે આજે ચૌદસનો મોટો દિવસ હોવાથી રાજાનો હુકમ છે કે એ પર્વમાં કોઇએ કોઇપણ પ્રકારનું વ્યસન સેવવું નહિ; એવો નિયમ હોવાથી સર્વ લોકો રાજાના ભયથી ત્રાસ પામતા થકા આજે મોજમઝાહ ભોગવવામાં પડેલા છે તેવા અવસરમાં ત્યાં શ્રીપાળ નામનો કોઇ ધનાઢ્ય લક્ષ્મીવાન્ કે જેનું ચિત્ત જુગટું રમવામાં લાગેલું છે તથાપિ રાજાના ભયથી તે અટકી ગયો છે એવો તે શેઠ ઘણા પ્રકારની ઋદ્ધિને ભોગવતો પોતાના મહેલના ઝરૂખે આમતેમ આંટા માર્યા કરે છે, અરેરે! આજનો મોટો દિવસ જુગારા વડે કરીને રહીત પસાર થાય છે, શું કરૂં? રાજાનો હુકમ છે એટલે મનને મારવું પડે છે, કેમકે ધણીનો કોઇ ધણી નથી, જો લગાર પણ તેને શંકા પડે તો અરર! જીવિતવ્યમાં પણ સંશય થાય! એવા વિચારથી જેના વદન ઉપર ઉદાસીનતા વ્યાપી રહી છે તેટલા વખતમાં પદમાકર ધુતારો ગાયકના વેશમાં તેના ઘરમાં આવ્યો, શેઠે તેનો આદર સત્કાર કરીને તેને જમાડયો. પછી તે દુધ પાઇને ઉચ્છેરેલો સાપ પોતાનેજ કરડે છે એવી રીતે તે શેઠને કહેવા લાગ્યો કે હે શેઠ! "આજનો દિવસ સર્વ દિવસો કરતાં પણ મોટો મનાય છે, તથાપિ આજે કેમ તમે જુગારના દાવ ખેલતા નથી!"

અરે ભાઇ! "તું કહે છે તે જોકે વ્યાજબી છે, તથાપિ આજે ચૌદશનો મહાન્ દિવસ હોવાથી જુગાર ખેલવામાં આવતો નથી." શેઠે જણાવ્યું.

ધુતારે કહ્યું, કેમ શેઠ! "ચૌદસે તો જુગાર વધારે રમવો જોઇએ. છતાં એવી તે શું અડચણ આવી પડી છે કે તમો ના પાડો છો."

"રાજાનો એવો હુકમ છે કે પાંચે પર્વણીમાં જો કોઇ પણ માણસ સાતે વ્યસનમાંથી ગમે તેવું સેવન કરશે તો તેનું ધન

લુંટી લઇશું અને તેના જાનમાલનું પણ દાન આપવામાં આવશે અર્થાત્ તેનો વ્યાજબી ઇન્સાફ અમો આપીશું, બલ્કે ખુદાના દરબારમાં ઇન્સાફ કરાવવાની ખાતર તેને જાહન્નમને રસ્તે પહોંચાડવામાં આવશે. માટે ભાઇ! યમરાજાનું તેડું સારૂં! પણ તે કરતાં મને રાજાની બીતિ વધારે છે" શેઠે ભયનું દર્શન કરાવ્યું.

ધુતારે કહ્યું. "તમે વાણીયાભાઇ એટલે ડરી જાવો! પણ રાજા જાણશે ત્યારેજ તેનો ભય રાખવો આપણને ઉચિત છે ને! પણ રાજા જાણેજ નહિ તો પછી કેમ! રાજા જાણે નહિ તેવી રીતે આપણે જુગાર ખેલીશું."

એમ કહીને મહા મુલ્યવાન્ એવું કામલત્તાનું કુંડળ દેખાડી શેઠને લોભમાં ડોલાવ્યો. કુંડળ દેખીને શેઠનું મન પલળી ગયું; કુંડળ જીતી લેવાને તેની ચટપટી વધવા લાગી. બન્ને જણ એક બીજાને માટે મનમાં ઘાટ ઘડયા કરતા હતા.

શેઠે પોતાની સ્ત્રી પાસે ચોપાટ અને પાશા મંગાવ્યા, શેઠાણીએ કમાડને બંધ કરી તેને ભુંગળ ને તાળાં વાસ્યાં, બન્ને જણ એક બીજાને જીતવાની ઇચ્છા કરતા થકા તેઓ આકાશમાં હવાઇ કીલ્લા બાંધતા છતા રમવા લાગ્યા.

પાશા રમવામાં ધુતારો એક શયતાનનો સાથી હતો. વચમાં કેટલીકવાર તેણે શેઠને જીતનો પણ સ્વાદ ચખાડયો. એક વખત ધુતારાની જીત થાય ત્યારે બીજી વખત શ્રીપાળ શેઠને જય મળે એમ કેટલીકવાર સુધી ચાલ્યાં કર્યું. જેમ વાનર એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ ઉપર કુદંકુદા કરે તેવી રીતે કપટે કરીને શેઠની નજરને ભુલાવી ધુતારો પાશાને ફેરવવા લાગ્યો. અને ધીરે ધીરે શેઠ ધન ધાન્ય હારી જવા લાગ્યા "હાર્યો જુગારી બમણું રમે" એ ન્યાયે કરીને જીતવાની આશાથી ઉલટભેર તે ધુતારા સાથે રમવા લાગ્યો. તેની સ્ત્રીએ તેને ઘણોજ અટકાવ્યો. પણ બિચારી અબળા તે અબળાજ રહી. "વિનાશકાળે વિપરીત બુદ્ધિ" મહાન્ નરોની એ કહેવત ખોટી પડતી નથી. શેઠનો દિવસ વાંકો થયો છે. તેની નશીબદેવી અત્યારે રોષે ભરાણી છે. તેથી તેને સદ્બુદ્ધિ ક્યાંથી આવે? શું દમયંતી જેવી મહા સતીએ નિવાર્યા છતાં

નૈષધ દેશના નળ રાજાએ જુગારથી પોતાનું રાજ્ય નથી ગુમાવ્યું ! ભાઇઓના નિવાર્યા છતાં અને સજ્જનોની શિખામણ છતાં દ્યુત રમવામાં યુધિષ્ઠિરની બુદ્ધિ આસક્ત ન થઇ ! પણ માનવીની દુર્દશા થવાની હોય ત્યાં શિખામણ તેને શું અસર કરી શકે ! ગમે તેવી રીતે નિવારણ કરો, તથાપિ કર્મના લખ્યા લેખમાં મેખ કોણ મારનાર છે. માણસ ઘણી ઘણી આશાઓમાંને આશાઓમાં તે અનેક પ્રકારના દાવપેચ રમે છે. તથાપિ "કરે તેવું ભરે" એ ન્યાયે તે પોતેજ તેનો ભોગ થઇ પડે છે. જુગાર રમી કે તેના ભાઇ સટ્ટાનો વેપાર કરીને વગર મુડીમાં લાખોનો માલેક થઇ હું ઘોડા ગાડીઓ દોડાવું, એમ ઉમંગમાંને ઉમંગમાં જીવ તેમાં ઝંપલાય છે. પણ તે પોતેજ તેમાં ખુવાર થતો જાય છે. તેની અમુલ્ય આશાઓ કરમાઇ જાયછે અને પાસે રહેલી જે થોડીઘણી તીજોરીનો પણ તેની પાછળ સત્વર નાશ થઇ જાય છે. જુગારના કે સટ્ટાના ધંધાથી માણસો ઘોડાગાડી દોડાવતાતો સાંભળ્યા નહિ, પણ અધોગતિમાં સબડયા કરતા હોય તેવી રીતે તો ઘણા સાંભળ્યા છે. સજ્જન પુરૂષો તો આ ધંધાને ધિક્કારે છે. પણ મૂઢ અને માયા કપટમાં ફસાયેલ માનવ પ્રાણી બિચારૂં દેખતી આંખે જેમ આંધળુ થયું હોય તેમ દેખી શકતું નથી, અને આશામાંજ સપડાઇ જાય છે, પણ તે મૂઢ વિચારતો નથી કે જે માણસને મલવાનું હશે તો કીસ્મત હરેક રીતે તેને દાદ આપશે. કીસ્મત પોતાની પ્રબળ સત્તાથી દરેક રીતિના સંયોગો અનુકુળ કરી શકે છે અને વખત આવતાં તે ફળદાયક પણ નિવડી શકે છે, પરન્તુ ઉન્માદ બુદ્ધિવાળા માણસને તેની શું ખબર પડે ! તેતો સટ્ટામાંજ પોતાના અભ્યુદયની આશા બાંધીને રહેલો હોય છે. તેમાંજ પોતાને ગાડી લાડી અને વાડી મલવાની છે અને પોતાનું કીસ્મત તે ધંધામાંજ તેને દાદ આપવાનું છે એમ સમજી બિચારો તેમાંજ ફસઇ જાય છે અને જ્યારે પાછળથી દુઃખી થાય છે ત્યારે તે ઘણોજ પસ્તાય છે. પણ ખરેખર જેમ " રાંડયા પછીનું ડાહપણ નકામું છે " તેમ પાછળથી પસ્તાવો કરો કે તેને માટે ગમે તો મરી જાઓ ! પણ પછી તેનું કાંઇ ઔષધ હોઇ શકેજ નહિ. " પાણી પીધા પછી ઘર પુછવું " એ કેવો ન્યાય ! માણસને પ્રથમ વિચાર નથી હોતો કે હું કયા રસ્તે જાઉછું સટ્ટાનો ધંધો કે જુગારનો ધંધો મારી આશાઓને કચરી નાખનારો છે એટલુંજ નહિ

પણ કોઇ દિવસ તે મને દારિદ્રમાં પહોચાડનારો છે. મારી ઉજવળ જીવન કારકીર્દીમાં તે કલંક લગાડનારો છે પણ જેનું દૈવ રૂઠેલું છે એવા મૂઢ પુરૂષને તેનું ભાન ક્યાંથી હોય ! નહિતર મોટા મોટા સજ્જનો પણ તેના ભોગ થઇ પડત નહિ.

જુગારીની સ્ત્રી લીલાવતીએ આંખમાંથી અશ્રુ પાડ્યાં ઘણી રકઝકકરી. તેના આગળ ઘણા કાલાવાલા કર્યા. વ્હાલા! રમશો નહિ! પાછળથી પસ્તાશો! બસ ! આટલેથી સંતોષ માનો, માલ મીલકત ગઇ તો મર પડી આટલું પણ હશે તો આપણે આપણા દિવસો આનંદમાં ગુમાવીશું, પણ વ્હાલા ! મુજ ગરીબ ઉપર દયા કરો ! મને રઝળતી નહિ કરો; અરર ! તમને જુગારનો ઘણો ચટકો લાગી ગયો છે તે છુટી શકતો નથી, પણ આપણે હવે હાવ રીતે ખુવાર થઇ ગયાં છીએ, વ્હાલા! દુનિયાનાં બીજાં બધાં વ્યસનો કરતાં જુગટાનો અને સટ્ટાનો ચટકો એ કિંપાકના ફળ જેવો ક્ષણિક સુખને આપનારો છે, પરન્તુ તે જીવલેણ છે મુજ ગરીબ અબળાનું કહેવું માનો ! નહિતો તમારી ને મારી ખોટી વલેહ આવશે, નળ જેવા રાજાને દમયંતી જેવી વ્હાલી રાણી વનમાં રખડતી મુકવી પડી, અને તેની પાછળ નળ નળ કરતી જ્યાં ત્યાં જંગલમાં એક મહાન્ રાણી ભીખારણની માફક ભટકવા લાગી. અરેરે ! પાંચ પાંડવ સમર્થ છતાં પાપી દુર્યોધને તેમની નજર આગળ ભરી સભામાં દુઃશાસનની પાસે દ્રૌપદીના ચીર કઢાવ્યાં ? તો પણ પાંચ પાંડવ તે વખતે નિર્બળ બનીને બધું જોયા કરતા હતા. વ્હાલા ! તે વખતનો દ્રૌપદીનો કરૂણાજનક શબ્દ કઠોર હૃદયને પણ પીગળાવવાને સમર્થ હતો, અરર ! તે વખતે કેટલો ત્રાસ વરતાયો હશે! જુગાર ! જુગાર ! યુધિષ્ઠિરને પોતાની પાસે કંઇ નહી રહેવાથી દ્રૌપદી પણ શરતમાં મુકવી પડી અને તે પણ હારી ગયા. યુધિષ્ઠિર જેવા ધર્મ પુત્રની પણ આવી નીચ બુદ્ધિ થઇ, દ્રૌપદી હારી જવી પડી અને તેની લાજ લુંટાતી પોતા આંખે જોવી પડી, માટે વ્હાલા ! માનો; મારો પણ ત્યાગ કરવાનો વખત તમને આવી લાગશે. આવા મોટા લોકોએ પણ સ્ત્રીઓને વ્યસનની ખાતર રઝળતી મુકી તો તમારો શું આશરો ! હું વારંવાર તમને કાલાવાલા કરૂ છું કે તમો માનો ! અને મને રઝળતી કરી બીજાના હાથમાં ન સોંપો ! અરર ! હું ભ્રષ્ટતાના ખાડામાં ગબડી પડીશ તેનો તમને લેશ પણ વિચાર નથી આવતો ! હા ! દૈવ તું આજે કેમ નિર્દય

થયું! સ્ત્રી ગમે તેટલું બોલે પણ કોણ સાંભળે? સ્ત્રીની શિખામણ માને તેતો બાયલો કહેવાય! પુરૂષ તે વળી સ્ત્રીની શિખામણ માને ખરો કે! જો કદાચ માને તો તેના પોઝીશનમાં ખામી આવી જાય, આવા મુર્ખતાના વિચારોએ તેને ઘેરી લીધો તે રમતો અટક્યો-જ નહિ; સ્ત્રીના વચનની અવગણના કરીને તેણે પોતાની રમત ચાલુજ રાખી, ખરેખર આ જગતમાં સામાન્ય રીતે જોતાં રાગમાં વૈરાગ્ય રાગ જેમ મધુર હોય છે, તેવી રીતે જુગટામાં પણ હાર માણસને મીઠી લાગે છે. શું સ્ત્રી પુરૂષોના પ્રીતિ કલહમાં રીસાવું તે માનવીને મીઠું નથી લાગતું! શત્રુતાનું વેર લેવું તે પણ તેટલુંજ મીઠુ છે માટે હારેલા જુગારીને જીતવાની આશાએ અને ગયેલાં ઝાઝ વારવાને તેને અધિક ને અધિક રમવાનું મન થાય છે. છેવટે પાસે કંઇ ન રહેવાથી તેણે પોતાનું ઘર પણ શરતમાં મુક્યું અને તે પણ હારી ગયો. ધુતારો બોલવા લાગ્યો, કે ખરી રીતે તો આ બધુ મારૂંજ છે પણ હવે તમને યોગ્ય લાગે તેમ કરો! રાત્રીના છેલ્લા પ્રહરે ફક્ત પહેરેલા લુગડે પોતાની સ્ત્રીને અગાડી કરીને પોતે ઘરની બહાર નીકળતો હવો. અને ગામની બહાર એક મંદિરમાં બે જણ બેઠાં.અત્યારે પોતાની સ્ત્રીની આંખમાંથી દડદડ અશ્રુની ધારા વહેવા લાગી. તેનાં અશ્રુ તેના કોમળ કપોલ ઉપરથી નિર્ભયપણે અને નિર્દયતાથી પસાર થતાં દેખીને તેમજ તેણીનાં ડુસકાં સાંભળીને તેના કઠોર હૃદયને પણ અસર થઇ અને તે પણ પસ્તાવા લાગ્યો. જોકે જ્યારથી ઘર શરતમાંથી ગયુ, ત્યારથી તેની ચક્ષુઓતો ઉઘડી ગઇ’તી, તથાપિ તે પુરૂષ હતો અનુભવી અને જગતના ઘણા અવાર નવાર સંયોગોમાંથી તે પસાર થએલો હોવાથી તેમજ જગતના અનેક પ્રકારના સંયોગોમાં તે સપડાયેલ હોવાથી તેણે ધૈર્યતાનું અવલંબન કર્યું’તું, પણ પોતાની વ્હાલી અને ગુણિયલ પત્નીનું રડવું સાંભળીને તેને બહુ લાગી આવ્યું, તેનું હૈયુ ભરાઇ આવ્યું, અને તેની સાક્ષીને માટે તેની આંખમાંથી અશ્રુનાં બે બિંદુ પણ સરી પડ્યાં, અરેરે! આ બિચારી મહેલની બહાર પગ પણ નહિ મુકનારીને આજે મેં મારી મુર્ખતાથી રજળતી કરી. હા! જુગાર કે સટ્ટાના બ્યાપારમાં મશગુલ થએલા મુર્ખને મારી પેઠેજ ભાન નહિ રહેવાથી પાયમાલ થવું પડે છે. પણ અત્યારે હું શું કરૂં! મારો ઉપાય નથી જે બનવાનું હતું તે બની ગયું છે, દૈવની પ્રબળ સત્તા

આગળ માનવીનું શાણપણું નકામુંજ છે. પોતાની તરૂણ સુંદરીને તે વ્હાલથી ભેટી પડયો ! તેણીનાં આંસુ પોતાના લુગડે લુચ્છી નાંખી દીલાસો આપવા લાગ્યો. વ્હાલી ! જો તારા કરતાં હું વધારે પસ્તાઉં છું, તારેતો ઉલટો મને દિલાસો આપવો જોઇએ જો મારી આંખમાં અત્યારે શ્રાવણ ભાદરવો વરસી રહ્યો છે. હવે મારા હૃદયમાં કેટલું બધું દુઃખ થતું હશે ! તેની તુંજ સહેલાઇથી કલ્પના કર ! આપણે પ્રભુનો ઉપકાર માનવો જોઇએ કે તેણે આપણી બન્નેની જીંદગી સલામત રાખી છે નળ અને પાંડવની માફક હું તને ત્યાગીશ નહિ એમ નિશ્ચય માન ! અને મેં તને શરતમાં ન મુકી તેને માટે હું પરમ પવિત્ર પરમાત્માનો અતિશય આભાર માનું છું. તું શાંત થા ! શું કરવું તેનો મને ઉપાય બતાવ !

# પ્રકરણ ૨૩ મું

## “ રમણી રત્ન ”

પોતાની સ્ત્રીનું હૃદય અત્યારે ઘણું ભરાઇ આવેલું છે, જેમ જેમ તે વધારે ને વધારે દિલાસો આપવા લાગ્યો તેમ તેમ તેણીએ પોતાના પીયુના હૃદય ઉપર માથું મુકી તેના કંઠમાં પોતાના બન્ને નાજુક હાથ નાંખીને પોતાનો ઉભરો ખાલી કરવા માંડયો, નેત્રમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. હવે આપણે કયાં જઇશું ! પૈસા વગર અરેરે ! એક દિવસના ભોજન જેટલું પણ આપણી પાસે રહ્યું નથી. જે વખતે તમે નિર્દય થઇને મારાં આભરણ ઉતારી લીધાં તે વખતે મને કેટલું લાગી આવ્યું હશે ! આટલું આટલું મેં કહ્યું તથાપિ તમે નજ માન્યુ, તે વખતે તમે હાવ હઠીલાજ થઇ ગયા'તા. મને તો ત્યારથીજ ફાળ પડી'તી, કે આજથી આપણી દશા પલટાયેલી

છે, અરરા તે વખતે મને જગત શૂન્યકારવાળું ભાસતું'તું, ત્યારથીજ મારી આંખે અંધારાં ફરી વળ્યાં'તાં, મારી જમણી આંખ ફુદંફુદા કરી રહી'તી, મેં તમારી આગળ ઘણાએ કાલાવાલા કર્યા'તા. પણ તમારે મારૂં કહેવું ક્યાં સાંભળવું'તું! પાછળથી પસ્તાવું તે હવે નકામુંજ છે, વ્હાલા! કોણ જાણે આજે મને કેમ આટલી બધી મુંઝવણ આવે છે, મારૂં હૃદય શોકથી વિહવળ થઇ ગયું છે. અરર! મને ઘણીજ બીક લાગે છે. મારૂં માથું ફરકે છે, હં હં! વ્હાલા! જોજ્યો તમે નિર્દય થતા ના! મને રખડતી મુકતા ના? તમારા વગર હું એકલી ક્યાં રખડીશ! વ્હાલા! નળરાજાએ જાણી જોઇને સતી દમયંતીને તરછોડી જંગલમાં ભટકતી કરી, ને ચાલ્યા ગયા, તેવી રીતે રખેને તમે મારો ત્યાગ કરો! ભરી સભાની મધ્યે દ્રૌપદીની લુંટાતી લાજ સમર્થ એવા પાંડવો નમાલા થઇને જોઇ રહ્યા. તેમ જોજ્યો તમે મને ભ્રષ્ટતાના અઘોર ખાડામાં ધકેલી દેશો નહિ. પણ અરર! જે જુગટીઆઓ અને સટોરીઆયો હોય તેનો વિશ્વાસ શો! નળ અને પાંડવો જેવાનાં ચક્ર ભમી ગયાં તો આપણે કોણ માત્ર ગણાઇએ! હા! હા! જુગારી લોકોની અને સટોરીયા લોકોની પ્રમદાઓને ક્યાંથી સુખ હોય! મારી પેઠેમ તેઓ પણ દુઃખનીજ ભાગીયણ થતી હશે. અરે! દમયંતી અને દ્રૌપદી જેવીઓ પણ જુગારી ભરથારને પામી દુઃખણીજ થઇ છે, તો પછી બીજાની શી વાત કરવી! જગતમાં ભલેને જુગટીઆની અને સટોરીઆની સ્ત્રીઓ મુર્ખતાથી પોતાને સુખી માનતી હોય પણ હું તો તેમને મુર્ખજ ગણીશ. તેઓ બિચારી અજ્ઞાનથી સડોવાઇ ગઇ છે. તેથી તેમ માનતી હશે તેઓનેતો પોતાનું જીવન નરકને રસ્તે દોરવવું પડે છે. પ્રિય! તમારા જેવા જુગટીઆ અને સટોરીયાઓ તો જગતથી બહિષ્કાર થએલા છે, દુનિયામાં તેમનો વિશ્વાસ હોતો નથી. તેઓ બિચારા સદાને માટે પોતાની કીમત ખોઇ બેઠા છે. મનુષ્યપણું પણ તેઓએ ગુમાવેલું છે. જીવનને નરકના રસ્તાનો માર્ગ મોકળો કરી આપ્યો છે, જીવન તત્વનું ખરૂં રહસ્ય તો તે બિચારાઓના ભાગ્યમાં લખાયેલુંજ નથી અને તેમાં ને તેમાંજ જીવનને વિનશ્વર પણ કરવા તેઓ ભૂલતા નથી, આ ભવમાં તેમને માટે સરકારનાં તેડાં ફરતાંજ

હોય છે. અને પરલોકે તેમને માટે યમરાજાએ નરક નગરીમાં પધરામણી કરવા માટે તેના દરવાજા ઉઘડાવ્યા હોય તોબી કોને માલુમ! તેનું કારણ એટલુંજ કે એક જુગાર કે સટોરીયાનું વ્યસન માણસને દરેક વ્યસનમાં પરોટે છે, "સોબત તેવી અસર" એમ ધીરે ધીરે દરેક વ્યસનમાં તે લપટાય છે. અનેક પ્રકારના પાપના પુંજ એકઠા કરે છે, અનેક પ્રકારના અનાચારો સેવન કરવામાં તેઓ આસક્ત થએલાજ હોય છે, અને તેથીજ તેમના માટે ભવિષ્યમાં નરક નગરમાંજ પધરામણી લખાયેલી છે, જુગટીયાની સોબતથી તમે તમારૂં જીવન નાશ કરી નાંખ્યું અને રાજા જાણશે એટલે તો તમારી શું વલેહ થશે. તે તરફ તમે ખ્યાલ કરો! અને પછી મારી પણ શું દશા! અરરા મારાથી તે કેમ સહન થશે! મારા દેખતાં રાજા તમને સખ્ત શીક્ષા કરે, તે મારાથી કેમ સહન થઇ શકશે! વ્હાલા! અત્યારથી તે બધુ મારી આંખ આગળ તરી આવે છે. અરે! ઓ સીપાઇ આવ્યો! આહ! જુવો તમને કેટલો ધમકાવે છે. હાં! હાં! ભાઇ! જા તારા રાજાને કહે કે મારા સ્વામીનો આટલો ગુન્હો માફ કરો! એક વખત મારા પતિને જીવિતદાન આપો! જા મારા સ્વામીને કાંઇ હરકત કરીશ નહિ તેણી સજળ નેત્રે જાણે કોઇની આગળ કાલાવાલા કરતી હોય તેમ બડબડવા લાગી.

વ્હાગી! (તેણીનું માથુ પોતાના હ્રદય સાથે દાબીને) શાંત થા! તું શું બોલે છે! અહીયાં કોઇ આવ્યું નથી તારા જેવી ડાહી અને સમજુ સુંદરીઓએ આવી રીતે ગાંડાની માફક વર્તવું તે સારૂ નથી. અરેરે! તને સમજુને શું કહેવું!

**ગાયન.**

શાણી તું સમજુ થઇને શાને શોષાય છે
કરતો વિધાતા જગમાં સા......રૂ રે વ્હાલી. શાણી૦
આખાં જુગતમાં તો સુખ દુઃખ વેઠવાંજી (૨)
(અરર! રડતી ના!)
આંસુ પાડીને શું થવા......નું રે વ્હાલી. શાણી૦
વાર્યો વિઠલવર તોએ સુણી નહિ વિનતીજી (૨)
(છાની રહેને! રડેતો મારા સમ!)
લખ્યુ લલાટે ના મટના......રૂ રે વ્હાલી. શાણી૦

મારા હૃદય ! " વિનાશ કાળે વિપરીત બુદ્ધિ " એ નિયમે કરીને આજે મારી ઉપર દૈવ કફા થયેલ હોવાથી મને કાંઇપણ ખબર રહીનહિ. અરરા પ્રીયે ! સુવર્ણનો મૃગ જગતમાં હોય નહિ એમ નાનું છોકરૂં પણ જાણે છે છતાં રામ જેવા સમર્થ પુરૂષ કપટ નહિ જાણતાં તેને લેવા માટે દોડયા'તા. માળવ દેશની ધારા નગરીનો સમર્થ રાજા મુંજ અતિ વિદ્વાન અને વ્યવહાર કુશળ હોવા છતાં નહિ જેવી ભુલોના ભોગ થઇ પડી એક વખતે પોતાનું લાખેણું જીવન એક હલકા માણસની માફક તેમણે નિર્બળતા પણે ગુમાવ્યું'તું, માટે વ્હાલી ! માણસ ગમે તેવો કુશળ હોય તથાપિ જ્યારે તેનું દૈવ ફરેલું હોય છે ત્યારે તેની બુરી દશા થાય છે. તેમાં માનવીનો શું ગુન્હો ગણાય ! તેની અગાધ બુદ્ધિમાં ફેરફાર કરનાર દુર્દૈવજ છે. આજે આપણે પણ તેનાં ભોગ થઇ પડયાં છીએ, પણ વ્હાલી ! જો સાંભળ ! આ શબ્દો કોના સંભળાય છે, ગમે તે કોઇ આવે છે, જાણે ઘણા માણસો આવતાં હોય તેમ જણાય છે. હાંકાં હવે યાદ આવ્યુ, આતો પટરાણી લીલાવતી દેવી શત્રુંજયાવતાર નામા દેરાસરમાં મૂળ નાયક શ્રી આદિશ્વર ભગવાનની પ્રતિમાનાં દર્શનવડે પોતાનાં નયનોને સફળ કરતી તેણી આવે છે. જોને પ્રીયે ! અત્યારમાંતો તે ત્યાં જઇને પાછી પણ વળી. આહ ! રાણી કેવાં ધર્માત્મા છે, તેણી દેરાસરમાં લાખો સોનૈયાની તો ભેટો મુકે છે તથા બીજુ પણ કેટલુંક ભેટણું મુકે છે, વળી જોને તેની સાથે માણસ પણ કેટલું છે. તે અહીં આવે એટલે મારો ગુન્હો કબુલ કરી તેની માફી માગી તેની પાસેથી જીવીતદાન માગી લઉ ! કેમકે તે રાણી ધર્માત્મા છે. તેથી જરૂર તે મારૂ રક્ષણ કરશે. અને તે રાજાને ગમે તેમ સમજાવી મારો જાન બચાવશે, એટલુંજ નહિ પરન્તુ આપણું ધન પણ પાછું અપાવશે, અને પેલા ઠગ ધુતારાને શીક્ષા કરાવશે.

પટરાણી પણ નજીક આવી કે તરતજ શ્રીપાળ શ્રેષ્ટી ને તેની શેઠાણી બન્ને તેમના માર્ગે આવીને ઉભાં રહ્યાં. તેની નજીક જઇને શ્રીપાલે અનેક પ્રકારે આજીજી કરવા માંડી. હે દેવી ! અમારૂં રક્ષણ કરો ! અમારા હાથે અન્યાય થયો છે, તેની માફી આપો ! કેમકે અમારો અન્યાય અમને ફલીભુત થયો છે. અમેજ અમારાં અન્યાયનાં ભોગ થઇ પડયાં છીએ. પર્વણીને દિવસે રાજા સાહેબની

મના છતાં પણ અમે દ્યુતમાં આસક્ત હોવાથી જુગાર રમ્યાં છીએ, હું મારૂં સર્વ ધન હારી ગયો છું. અરર! હું રાજાનો અને પરમ પવિત્ર પરમાત્માનો ગુન્હેગાર છું. અમને કુદરતે તરતજ શીક્ષા કરી દીધી છે. માટે હે માત! અમારો બચવાનો રસ્તો એકે ખુલ્લો નથી. હવે અમારી જીવનદોરી અમે તમોને સોંપીએ છીએ. ભલે આપની ઇચ્છા હોય તો લંબાવો નહિતર અધવચ તોડી નાંખશો તો પણ આ જીવનદોરીનાં તમે માલેક છો, દુર્દૈવના ભોગ થઇ પડેલા જુગારીયા શ્રીપાળે ગાંડાની માફક જેમ તેમ રાણીની આગળ આદાની સુંઠ ભરડી નાંખી.

આંખમાંથી અશ્રુની ધારા વરસાવતી અને નિરાશ્રિત બનેલી શેઠાણી પણ પટરાણીને અરજ કરવા લાગી. હે માત! અમે તો તમારાં બાળક છીયે. રાજા મારા પતિને શીક્ષા ન કરે તે માટે તમારી પાસેથી હું એકજ વાર પતિ ભીક્ષા માગી લઉં છું, દૈવે અમને સખ્ત ફટકો લગાવ્યો છે, અમને શીક્ષા ઘણી થઇ છે, આ જગતમાં અમે સર્વસ્વ ગુમાવ્યું છે, અને હું નિર્ભાગી અરે! મારા ગરીબનું રત્ન જે એક પતિ તે પણ ગુમાવી બેસીશ, એવો સમય આવેલો છે. માટે હે દેવી! તમે સર્વ જીવની દયા કરનારાં છો! દરેક જીવનું રક્ષણ કરવું તે તમારૂં મૂળ સૂત્ર છે. દુઃખી મનુષ્યોને દુઃખમાં સહાય કરવી તે દરેક મનુષ્યનો સામાન્ય ધર્મ છે. અને તે ધર્મને અદા કરવાને માટે મનુષ્ય વ્યક્તિ તરીકે તમો પણ કુદરતે બંધાયેલાં છો. આજે એક દુઃખી મનુષ્ય વ્યક્તિ કટોકટીના સમયે પોતાના જીવન માટે તમારી પાસે આજીજી કરે છે. મરણના સપાટામાં આવેલું અમુલ્ય માનવ જીવન તેનો બચાવ કરવાની આજે તમને અમુલ્ય તક મળેલી છે. ખરેખર ઉત્તમ જનો પોતાને હાથ લાગેલી અમુલ્ય તકને ગુમાવતા નથી. મલેલી તક ગુમાવવાથી માણસને પાછળથી ઘણો પસ્તાવો થાય છે. માટે હે દેવી! ગમે તેમ કરી મારા જુગારી પતિની મારી ખાતર એક વખત તેની કીમતી જીંદગી બચાવી મને જીવીતદાન આપો!

દંપતિનાં એવી રીતે કરૂણાજનક વચન સાંભળી રાણી સ્થિર થઇ ગઇ. ઓહો! આવા દુઃખમાં પણ આ દંપતિ એક બીજાને નિર્મળ પ્રેમથી કેવાં ચાહે છે! આહા! શું તેમનો સ્નેહ છે!

ખરેખર આ તરૂણ યૌવનાનાં અશ્રુ મારૂં હૃદય વિંધિ નાંખે છે, અરર! જો કદાચ રાજા આ શેઠને શીક્ષા કરે તો આ કોમળાંગી ની શું દશા થાય! હા! હા! આ પવિત્ર સુવર્ણની પુતળીનો ગ્રાહક કદાચ આ જગતમાંથી નષ્ટ થઇ જાય તો ખરેખર આ ખીલેલી ગુલાબની કળી કરમાઇજ જાય! અરે! પોતાના વ્હાલા પતિના જીવન માટે તેણી કેવી કાલાવાલા કરી મારી આગળ ધ્રુસ્કે ધ્રુસ્કે ડચકાં ભર્યા કરે છે! અરર! પોતાના પતિ માટે આ તરૂણી ખરેખર જળ વગરની માચ્છલીની માફક તરફડયાં કરે છે. જગતમાં પોતાના વ્હાલા પીયુના શરીરની પત્નીઓને કેટલી બધી દરકાર હોય છે! ખરેખર તેનો આજે મને સાક્ષાત્કાર અનુભવ થયો. જો કદાચ તેના પતિએ કોઇનું ખુન કર્યું હોય તથાપિ આવા કટાકટીના સમયે મારે તેને બચાવવોજ પડે, નહિતર આ લલનાની શું દશા થાય! હા! એક વખત હું પણ મારા પીયુ માટે કલ્પાંત કરતી'તી, અને મરવાને પણ તૈયાર થઇ'તી. જગતમાં સ્ત્રીને પતિ તેજ સર્વસ્વ છે, પતિથી ત્યજાયેલી સ્ત્રીઓંજ હીણભાગી છે. 'અને પતિના નિર્મળ અને પવિત્ર સ્નેહથી લાલન પાલન કરાયેલી સ્ત્રીઓજ ખરેખર આ જગતમાં વન્યવાદને પાત્ર છે. તે બિચારી મારી આગળ પોતાના વ્હાલા પીયુ માટે કેવી આજીજી કરે છે! ખરેખર આ યૌવન વયમાં ખીલેલી ગુલાબની કળી સરખી અને તેના પતિના લાડમાં અતૃપ્ત થએલી એવી આ દીલદારાની ઉચ્છળતી આશાનું હું કદાચ ઉચ્છેદન કરીશ તો તે દીલોજાનની આંતરડી કેવી કકળશે! પોતાના પતિમાં આસક્ત એવી આ પતિવ્રતા તરૂણીની યુવાવસ્થા રૂપ વનલત્તા અત્યારથીજ કદાચ કરમાઇ જાય તો તેની આશાનાં અંકુરો મને કેવી આશિષ આપે! માટે મારે ગમે તેમ કરી તેની જીંદગી સલામત રાખવી જોઇએ, હું ગમે તેમ કરી આ કોમળાંગીની ઉગતી આશાઓને ઉત્તેજન આપી તેમની જીંદગી સુખી કરીશ. ધન્ય છે! આ સુંદરીને કે જેની પોતાના ગરીબ પતિ ઉપર પણ કેટલી પ્રીતિ રહેલી છે! આજકાલ કેટલીક સ્ત્રીઓ એવી તો હોય છે કે પોતાના પતિને સુતો મુકીને જ્યાં ત્યાં પર ઘેર ભટકવા જાય છે. તો પણ સંતોષ પામતી નથી. તેણી પોતાના પતિને આંગળીના વેઢામાં રમાડે છે અને જ્યાં ત્યાં ધરોજ ગણતી ફરે છે, અરે! પોતાના પતિમાં ચિત્ત નહિ રાખતાં તેણીનું ચિત્ત બીજામાંજ પરો-

યાયેલું હોય છે. પોતાના પતિને કહેવું કંઇ અને પોતાને કરવું કંઇ! આવો રિવાજ તો જાણે ગરથુળીમાંજ તેણીની માએ તેને પાયો ન હોય! તેમ ચપટીમાં જેને તેને રમાડયાંજ કરે છે. આવી કુલટાઓ ખરેખર આ આર્યાવ્રતમાં ભૂમિના ભાર રૂપ જન્મેલી છે. તેણીઓ પોતાના પતિને કનડયા કરે છે હરેક રીતે તેના જીવનને નુકશાન પહોંચાડે છે ત્યારે તેણીઓતો જ્યાં ત્યાં મ્હાલતીજ ફરે છે. આ બિચારી દુઃખમાં પણ પોતાના પીયુનેજ પરમેશ્વર તરીકે ગણે છે. ખરેખર આવી સ્ત્રીઓ વડે કરીનેજ આ આર્યાવ્રતની ભૂમિ અત્યાર લગણ પણ પવિત્ર રહેલી છે. ઇત્યાદિક વિચારતી તેણી કહેવા લાગી કે "હે સુંદરી! આજથી તમારી ઉભય દંપતિની જીંદગી શાસન દેવની કૃપથી હું કહું છું કે સલામત છે. તમે નિર્ભય રહો, તમારી જીંદગીને કોઇ પણ રીતે નુકશાન કરવામાં નહિ આવે. તમે તમારે સુખેથી ઘેર રહો! પેલો જુગટીઓ ધુતારો કયાં છે! હું તેની ખબરો લઇશ" રાણીએ ઘણો વિચાર કરી માત્ર અલ્પ શબ્દોમાંજ તેને જુવાબ આપ્યો.

"હે માત! તે અમારા મંદિરમાં સુતો છે. અને અમારી અબળાઓને દગા પ્રપંચથી પચાવી પાડી તેની ઉપર તાગડધિન્ના કરી રહ્યો છે" શ્રીપાળ શ્રેષ્ઠીએ જણાવ્યું.

રાણીએ તરતજ પોતાના માણસોને મોકલી તેને બંધાવ્યો અને તેને કેદખાનામાં મોકલી પેલાં ઉભય દંપતિને તેમને ઘેર વળાવી તેણી પોતાના માણસો સાથે પોતાના મંદિરે ગઇ. પ્રભાત સમયે રાજા જાગૃત થયા એટલે રાણીએ સર્વ વૃતાંત રાજાને જણાવી દીધો, અને છેવટે તેનો ન્યાય પણ રાજા આગળ તેણી ચુકવવા લાગી કે "વ્હાલા! આ બન્નેને આજેતો છોડી મુકો! વળી શેઠે તો આલોયણ લેનારની માફક તેનું ગુપ્ત પાપ મને કહી દીધુ છે. તો પછી તેઓ દંડ આપવાને યોગ્ય તે કેમ ગણાય! માટે આ તમારી દાસી ઉપર મહેરબાની કરી આટલી વખત તેમને છોડી મુકશોને! જો ખરેખર તમે ન છોડો તો મારો જીવ નરકનોજ અધિકારી થાય! વળી મેં તેમને જીવીતદાન આપેલું છે, કેમકે તે શેઠને પણ એક મારા જેવી તરૂણ રમણી છે. તે બિચારીની જીંદગી બરબાદ થઇ જાય છે. હજુ તેણીને પચ્ચીશ વર્ષ પણ ભાગ્યેજ

થયાં હશે ! તેણીની ઉચ્છગતી આશાઓનો નાશ કરી મહા પાતક તમે ન લેશો ! તેણી બિચારી મારી પાસે આજીજી કરીને તેના પતિની ભીક્ષા માગી ગઇ છે. તેણીનું કરૂણાજનક રૂદન સાંભળીને મેં તેમની બન્નેની જીંદગી માટે સલામતી આપેલી છે," રાણીએ રાજાને પોતાના કોકિલા સરખા મધુરા નાદથી સભળાવી દીધું.

"બસ ! તું જ્યાં ત્યાં બહુ ડાહી થઇ ગઇ છે તારે બિલકુલ ડાહપણુ નહિ કરવું! તને ન્યાય કરવાને કોણે મોકલી'તી, ખબરદાર ! તારૂ કંઇ ચાલવાનું નથી, હું તેમને સખ્ત શીક્ષા કરીશ" ક્રોધથી રક્ત થયાં છે નેત્ર જેનાં એવા રાજાએ જેમ તેમ બોલી વિવાહની વરસી કરી નાંખી.

"વ્હાલા ! માનો ! હું સારૂ કહું છું કે મુજ ગરીબડીનું આટલું વચન માનો ! હું તમારી આગળ કાલાવાલા કરૂ છું. વ્હાલા ! શાંત થાઓ ! ક્રોધ રૂપી રાક્ષસને દુર કરી ધીમેથી મને જવાબ આપો, એકદમ આકરા થશો નહિ, તમારી કોમળ કાયાને આમ અકળાવશો નહિ" રાણી લીલાવતી રાજાને મધુર વચનથી મનવતી છતી તેના ક્રોધને શાંત પાડવા લાગી.

'છટ ! દુર થા ! તું રાજ્યનું ઊંધુ મારવા બેઠી છે. ચાલ ! તારે ફાવે ત્યાં ચાલી જા ! અત્યારે બોલાવીશ તો તું તારી વાત જાણીશ ! એક વખત પણ રાજાની આજ્ઞાનો ભંગ કરનારને ફાંસીને માંચડે ચડાવવો જોઇએ માટે તે પાપીઓનેતો હું સખ્ત શીક્ષા કરીશ તને ખબર કયાં છે કે નીતિ શાસ્ત્રો પણ શું કહે છે.

**आज्ञा भंगो नरेंद्राणां, गुरूणां मान मर्दनम्**
**पृथग् शय्या च नारीणा, मशस्त्र वध उच्यते**

**ભાવાર્થ**—રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, ગુરૂઓના માનનું મર્દન કરવું, પરણેલી સ્ત્રીથી જુદાં શયન કરવું, એ ત્રણ શસ્ત્ર વગરના વધ કહેવાય છે. અર્થાત્ એ ત્રણ ગુન્હા કરનાર વધ કરવાને યોગ્ય છે.

તુંતો મુર્ખ છે ! એ લોકોએ મારા હુકમનું અપમાન કર્યું છે. માટે વ્યાજબી રીતે તો તેમને સખ્ત શીક્ષા થવીજ જોઇએ. જો

તેમને જતા કરૂં તો બીજા લોકો પણ ગુન્હો કરતાં શીખે, માટે તે લોકોને આકરી શીક્ષા કરીશ! તેમાં તારે આડે આવવાની કાંઇ જરૂરજ નથી. જો હવે વધારે લવારો કરીશ, તો તું તારી વાત જાણીશ. માટે ચુપ રહે." રાજાએ તો રોકડે રોકડું સાણી રાણી સાહેબાને ખરખડીયું ખરખડાવી દીધું.

ક્રોધથી અંધ થએલા રાજાને શીક્ષા કરવામાં નિશ્ચય જાણી રાણી રીસણું કરીને ગુસ્સામાં તરત ત્યાંથી ચાલી ગઇ, બે ચાર દિવસ જોત જોતામાં પસાર થયા, પણ રાણી સાહેબા મનાય શા માટે! તેઓતો ખરેખરાં રીસાઇજ ગયાં એ અરસામાં આ તરફ રાજા પણ ક્રોધે ભરાણો છે ત્યારે એમાં હાર કોની? અને જીત કોની? તે વાંચકને આગળ ખબર પડશે. પલકની પણ ખબર પડતી નથી, અથવાતો પલક પછી પોતાનું શું થવાનું છે તેની પણ માણસને ખબર પડતી નથી, તો પછી આ મહાન્ ગણાતાં રાજા રાણીના ચરિત્રની અને તેમના હૃદયની આપણને શું માલુમ પડે! પણ દૈવઇચ્છાએ થોડીજ વારમાં તેનો ખુલાશો કરવો પડશે, કેમકે આતો સાચો કલહ નથી પણ પ્રીતિનાં રીસામણાં છે, અને તે પ્રીતિનાં રીસામણાં જગતમાં લાંબા વખત સુધી ટકી શકતાં નથી, જગતમાંતો એમજ જોવાય છે કે પ્રીતિના કલહમાં તો સ્ત્રીનેજ મનાવવી પડે છે. ઘણે ઠેકાણેથી એવુંજ સંભળાય છે કે પુરૂષો એક બે દિવસમાંતો તેની પાસે જઇ મધુર વચનો બોલીને ભોળી ભામનીને ભોળવી નાંખી તરતજ મનાવી લે છે, સ્ત્રીઓ પણ જોકે પ્રથમતો ઘડીવાર ગમતની ખાતર થોડીએક મઝાક કરી રીસામણાંનો લ્હાવો લઇલે! કેમકે તે વખતે પતિ પત્નિને કાંઇ જુદાજ પ્રકારનો ટેસ પડે છે, તે વખતે તેમને કોઇ અપૂર્વ આનંદ મળે છે, તેથી થોડી રગઝકમાં ઉભય દંપતિમાં તરતજ પાછો સલાહ સંપ થઇ જાય છે. પણ અહીંતો કોણ જાણે! રાજા મનાવે છે કે રાણી? તે આપણે હમણાંજ થોડીવારમાં જાણીશું!

# પ્રકરણ ૨૪ મું

## " જુગારીની દુર્દશા "

સભામાં બિરાજમાન થએલા રાજાનાં નેત્રો ક્રોધથી રક્ત થયાં છતાં અત્યારે સર્વ સામન્તાદીકને પણ ભયશ્રાંતકારી નિવડયાં છે, આજે શરીરનો રંગ રાગ ક્રોધતાના વશ થકી પલટાઇ ગયો છે, હા ! કોણ જાણે રાજા શું કરી નાંખશે ! આજે કોના રામ રમી ગયા હશે ! કોઈ દિવસ રાજા આટલો બધો રોષે ભરાય નહિ, પણ કોણ જાણે આજે શું થયું છે ! આજે કોણ પામર જીવનું જીવન બરબાદ થવા સરજાયેલું હશે, આજે કયા માણસનું દૈવ પરવારી બેઠું છે ! ઇત્યાદિ અનેક પ્રકારે વિચાર કરતાં મંત્રી પેથડકુમાર રાજાના હૃદયનો પાર પામી ગયા છે, સમસ્ત સભા આજે રાજા સાહેબની કરડી નજર જોઇને આકુળ વ્યાકુળ થઇ ગઇ છે. રાજા પણ કંઇ હુકમ કરવાની તૈયારીમાં હતો, એટલામાંતો પોલીસે પદ્માકર બંધીવાનને સભામાં હાજર કરી દીધે. "સ્વામિન્ ! આપની આજ્ઞાનો ભંગ કરી ધુત રમનારો આ ધુનારો જેની તેની પાસેથી ધન પડાવી લોકોને ઘર બહાર વિનાના કરી રઝળતા કરે છે. દેવ ! આ ધુતારાએ પોતાનું આખું જીવન લોકોને ધુતવામાંજ ગુમાવ્યુ છે, તે કોઇ ઠેકાણે પોતાની ધુર્ત્તતાથી પકડાતો નથી. વળી તે એક ખરેખરો ધુતારો છે, તેની ધુર્ત્તતાથી ઘણા લોકોને તેણે પાયમાલ કર્યા છે. ઘણા લોકો બિચારા તેના નામની બુમો મારે છે, પરન્તુ પાપનો ઘડો કયાં સુધી છુપો રહેનાર છે, તેતો વ્હેલો કે મોંડો ફુટીજ જવાનો ! આજે ઘણે કાળે તેનો ઘડો ફુટી ગયો છે. હે પ્રભુ ! જો કદાચ તેને મોતની સજા કરવામાં આવે તોપણ તેને માટે તે સજા ઓછી છે; તેની જીંદગીમાં તેણે ઘણુંજ પાપ કર્યું છે. સાતે વ્યસનમાંથી કોઇપણ એણે અધુરૂં રાખ્યુ હોયતો તેનાજ સમ છે. અત્યારે તે આપની પાસે દીન જેવો થઇને ઉભો છે, પણ આ મેંઢી મનીના

મૂખમાં દાંત રહેલા છે બહુધા એવુંજ જોવાય છે કે જે મનુષ્યો હૈયાના મલિન હોય છે તેઓ મોંએથી મીઠું બોલનારા હોયછે અને શાંત હોયછે. અને જેઓ બિચારા ભદ્રક પરિણામી હોય છે તેઓ તરતજ પોતાનો ઉભરો ખાલી કરે છે. કારણ કે ભોળા માણસો હૃદયમાં જીરવી શકતા નથી, તેથી તેઓ જલદીથી હૃદયના ઉદ્‌ગારોને બહાર કાઢી નાંખે છે, એ પ્રકારે જગતનો સામાન્ય વ્યવહાર છે. માટે સ્વામિન્ ! આ ધુતારાના સરદાર, ચોરના ભાઇ ધંડીચોરને સખ્ત શીક્ષા કરો" પોલીસે રાજા સાહેબ આગળ ધુતારાનું કાટલું કાઢી નાંખ્યું.

તેની વાત સાંભળીને રાજાને ક્રોધમાં ઉભેરો થયો, તેનાં નેત્રો રક્તતાને વરસાવવા લાગ્યાં ક્રોધથી તેની કોમળ કાયા કંપવા લાગી. તેના રક્ત બિંબોષ્ઠ ફરકવા લાગ્યા, તેના મનમાં અનેક પ્રકારનાં વાતાવરણ ઉભરાવા લાગ્યાં, ક્રોધના આવેશથી તે પોતાની સ્થીતિનું પણ ભાન ભુલી ગયો છે, તેના આ પ્રકારના ઉગ્ર ક્રોધથી સભાના લોકો કંપવા લાગ્યા. કેટલાક તો ભયથી વ્યાકુળ થઇ પરશેવાના સ્વેદથી ભીંજાવા પણ લાગ્યા. મંત્રી પેથડકુમાર પણ રાજાની આવી પ્રકૃતિ જોઇને નવાઇ પામ્યા, ખરેખર આજે કોઇના જાનમાલની પાયમાલી થવા બેઠી છે, હમણાં થોડીજ વારમાં ગમે તે કોઇનો જીવ જોખમમાં આવી પડશે, એવી ધાસ્તી રાખવામાં આવે છે, અરર ! આજે રાજા કોઇકના રૂધિરનો તરસ્યો થયો છે ગમે તેનો ભોગ લીધા વગર તેનો સતારો પાર પડવાનો નથી. ખેર ! જે બનવાનું હશે તે કદાપિ મિથ્યા થઇ શકતું નથી. માણસ કંઇ કરવાને શક્તિવાન્ નથી. ભાગ્ય જ્યારે પરવારે છે ત્યારે આવાં આવાં નિમિતો મલી જાય છે. આહા ! જગતની લીલા કેવા પ્રકારની છે ? પલક પહેલાં શું ધારેલું હોય છે ત્યારે દૈવ શુંયે કરી નાંખે છે. દૈવની સત્તાથી ગુપ્ત રીત્યા રહેલી બાબતનો તેનો વખત આવતાં તરતજ પ્રગટ થઇ જવાને વિલંબ થતો નથી. માણસે કેવાએ પ્રકારનું બિંદુ ધારેલું હોય છે ત્યારે દૈવે તેને માટે જુદોજ ઘાટ ઘડી રાખેલો હોય છે માટે જે હશે તે થોડાજ વખતમાં જણાશે, છતાં આપણે તો પ્રયત્ન કરવાને બંધાયેલા છીએ, એટલામાંતો ક્રોધથી રક્ત થએલા રાજાના વદનનાંથી ક્રોધથી ધગધગતી ઉર્મિઓ નિકળવા માંડી. "રે લુચ્ચા તું મારા રાજ્યમાં આવી

રીતે નુકશાન કરી મારી રૈયતને દુઃખ આપે છે મારી મના છતાં ગઇ કાલે તું જુગાર કોની સાથે રમ્યો ! શું તને ખબર નહોતી કે રાજા જુગાર રમનારને જાનથી મારી નાખે છે!"

"સ્વામિન્! શ્રીપાળ શ્રેષ્ઠીના ઘરે તે ને હું બન્ને જણ જુગાર રમતા'તા." પેલા ઢોંગી ધુતારાએ તો જુગારી શેઠનું પણ નિકંદન કાઢતાં જણાવ્યું.

"શું તું જાણતો નથી કે વ્યસન સેવનારને રાજાજી મારી નાંખે છો અથવા તો તેનું ઘરબાર વગેરે સર્વસ્વ પણ રાજા હરણ કરી લે છે." રાજાએ ગર્જના કરતા થકાં જણાવ્યું.

"સ્વામિન્! હું પરદેશી છઉં, આપના રાજ્યની કેવા પ્રકારની નીતિ છે તે હું શી રીતે જાણી શકું! દેવ? શ્રીપાલ શેઠને ઘેર હું તો ગયો અને તેના કહેવાથી અમો બન્ને જણ જુગાર ખેલવા બેઠા" ધુતારાએ જણાવ્યું.

રાજાએ તરતજ પોલીસને હુકમ કર્યો. "જાઓ! શ્રીપાલ શેઠને જ્યાં બેઠો હોય ત્યાંથી એકદમ પકડી લાવો!" રાજાનો હુકમ સાંભળીને એક સુભટ શ્રીપાળ શેઠને ઘેર આવીને તેને તરતજ જણાવી દીધું કે "ચાલો તમને રાજા સાહેબ બોલાવે છે! લગાર પણ વાર લગાડશો નહિ; નહિતર રાજા સાહેબ વધારે રોષે ભરાશે, એટલુંજ નહિ પણ તમારૂં અને મારૂં બન્નેનું તેલ કાઢશે એવો કસાકસીનો સમય અત્યારે આવી લાગ્યો છે." સીપાઇએ ભયનું દર્શન કરાવી અહીંઆંથીજ શ્રીપાળ શેઠના હાંઝા ગગડાવી નાંખ્યા.

સ્ત્રીને શાંત કરી દીલાસો આપી તરતજ શ્રીપાળ શેઠ સીપાઇ સાથે રાજદરબારમાં આવવા નીકળ્યા. થોડીવારમાં સીપાઇએ રાજાની સમક્ષ તેમને રજુ કરી દીધા, બે જણા પોત પોતાના સોબતીને જોડે ઉભેલા જોઇ કોણ જાણે રાજા શું કરી નાંખશે. એવા ભયથી તેમનાં હૃદય કંપવા લાગ્યાં. શ્રીપાળ શેઠનાં ગાત્ર શિથિલ થયાં શરમથી તે ઊંચુ મુખ પણ કરી શકતા નથી, એવા શેઠ અત્યારે અત્યંત પશ્ચાતાપ કરવા લાગ્યા, તેમના મિત્રો તેમને માટે અત્યારે દીલગીર થતા હતા, ત્યારે દુશ્મનો શેઠને જોઇને તેમના દયા લાયક દેખાવથી મુ-

છોમાં હાસ્ય કરવા લાગ્યા અને હૃદયમાં ખુશી થતા હવા. રાજાની રોષાયમાન ભયંકર આકૃતિ દેખીને શ્રીપાળ તો ત્રાસ પામતો હવો. અરર! હવે નકી આપણું મરણ નજીક આવ્યુ હોય, તેમ જણાય છે. ખેર! ડરવા વડે કરીને શું! રાજાએ ધાર્યું હશે તે કરશે, જગતના અનિત્ય પદાર્થો માટે હરખ શોક શા માટે કરવો! દરેકને વહેલુ અગર તો મોડું મરવું એતો નિશ્ચય છે કેમકે જગતના દરેક પ્રાણીઓ મરવા માટેજ જન્મેલા છે. એવાં સર્વ સામાન્ય સાધારણ કાનુન છે. કાળે કરીને સર્વ ભૂમાતાને આધિન થવાના છે તો પછી પાંચ વરસ પછી મરતા'તા, તે અત્યારથી મરીશુ એમાં શું નવાઇ છે! સ્ત્રી બિચારી મારી પાછળ જો પવિત્ર પણે રહી શકશે તો ધર્મ ધ્યાનથી પોતાના પરલૌકિક ભવને સુધારશે, ઇત્યાદિક વિચાર કરતા શ્રીપાળ શેઠના કાનને રાજાની ઘોર ગર્જનાએ ચમકાવ્યા.

"હે મુર્ખ! તું નહોતો જાણતો કે ચૌદશના દિવસે જુગાર ખેલવાની રાજાની મનાઇ છે છતાં રાજાની આજ્ઞાનો ભંગ કરીને તું રમ્યો! તને બરાબર શીક્ષા કરવામાં આવશે!" રાજાએ જણાવ્યું

"સ્વામિન્! ક્ષમા કરો! તે વખતે હું શુદ્ધિમાં હોઉં એવું મને ભાન નથી. ભૂલથી એટલો મારા વડે અન્યાય થયો છે માટે ક્ષમા કરવા યોગ્ય આપ માફ કરો!" શ્રીપાળે જવાબના રૂપમાં જણાવ્યું.

"તારી ભૂલનું ફળ તને મળવુંજ જોઇએ મારો આવો સખ્ત હુકમ છતાં મારી શીક્ષા તને સાંભળી નહિ, તેથીજ તું રમવામાં આસક્ત થયો અને મારી આણા ઊપર તે પાણી ફેરવ્યું. માટે તેનું ફળ તું ભોગવ! આ ધુતારો પણ સીક્ષાને યોગ્ય છે. સીપાઇઓ! જાઓ! આ બન્ને લુચ્ચાઓને કારાગ્રહમાં લઇ જાઓ! કાલે બન્નેને ગરદન મારજો અને તે બન્નેનાં મસ્તક છેદન કરી થાળમાં મુકી મને બતાવજો, જાઓ! મારા હુકમનો જલદી અમલ કરો! અને આ દુષ્ટોને મારા મોં આગળથી લઇ જાઓ!" તરતજ તે બન્નેને કારાગ્રહમાં લઇ જઇને પૂરી દીધા. વાતને કાંઇ વાર લાગતી નથી. આખા નગરમાં વાત પ્રસરી ગઇ નગરની ચારે બાજુએથી કોઇ પણ એવો નહિ નીકળે કે વાત તેના જાણવામાં નહિ આવી

હોય ! શ્રીપાળ શેઠની સ્ત્રી આ વાત સાંભળીને પોતાના મહેલમાં એકદમ ધરણી ઉપર ઢળી પડી. તેણીને એકદમ મુર્ચ્છા આવી ગઇ. ઘરમાંથી કામ કરનારી એક ચાકરડી દોડી આવી, તેણી પોતાની તરૂણ શેઠાણીની આ દશા દેખીને પંખાવડે વાયુ નાંખવા લાગી. માથે ગુલાબજળ વગેરેથી ભીંજવેલાં પોતાં મુકી અનેક પ્રકારે મુર્ચ્છા વાળવાના ઉપચારો કરવા લાગી. કેટલેક વખતે પોતાની મુર્ચ્છા વળી અને બોલવા લાગી કે અરે કોણ છે ?

"એતો કોઇ નહિ ! આ તમારી કામ કરનારી ચાકરણ છે." તેણીએ જવાબ આપ્યો, "અલી મુર્ખી ! બોલ ! મારો જુગારી પતિ ક્યાં છે ? " તેણી ગાંડાની માફક બોલવા લાગી.

" બા ! એમને તો રાજાએ કેદમાં નાંખ્યા છે, તે તમે ક્યાં નથી જાણતાં ! " તેણીએ જવાબ આપ્યો.

આ વાત સાંભલી ભૂમિ ઉપર તેણી આળોટવાને કલ્પાંત કરવા લાગી, આંખોમાંથી બોર જેવડાં આંસુ વરસાવતી છતી બોલવા લાગી, "આ શું થયું ! અરર ! હું આ શું સાંભલું છું ! કાલે તેમને ગરદન મારવામાં આવનાર છે ! હા ! તેમની આ દશા હું કેમ સાંભલી શકુ ? હૃદય ! તું કેમ તુટી જતું નથી ! અરર ! શું તેઓ માર્યાજ જશે ! આટલી નાની ઉમરમાં હું નિર્ભાગીણી શું પીયુ વિનાની થઇ પડીશ ! હા ! જુગારી ! જુગારી, ! ખરેખર મારી તરૂણ અવસ્થામાં તેં મને દગો દીધો, હું નહોતી જાણતી કે તું આવો નિર્દય થઇશ ! મને છોડીને તું એકદમ મૃત્યુ પામશે, તે મારાથી સહન થઇ શકશે નહિ, રાજા ! રાજા ! મારા જુગટીયા ભરથારને એક વખત મારી ખાતર તો મુક્ત કર ! અરર ! રાણી સાહેબાએ અભય વચન આપેલું છતાં આમ કેમ થયું ! હુંતો ધારતી'તી કે આટલેથીજ વિઘ્ન નાશ પામ્યું. પણ હા! નિર્દય રાજા ! હું ધારૂં છું કે તેં રાણીનું વચન માન્યું નહી હોય ! ખરેખર તું રાણી સાહેબાને અપમાન કરવાને કઠોર હૈડાનો નિકળ્યો હશે, અરર ! મારો ભરથાર જુગારી છતાં પણ તેણે મને કોઇ દિવસ દુભવી નથી. વિશેષ શું કહું ! તે પત્ની ફરજ અદા કરવાને અત્યાર સુધી લેશ પણ ભુલ્યો નથી. અને હે નિર્દય ! તું રાણી

સાહ્યબાનું આટલું વચન પણ પ્રમાણ કરવાને નિર્બળ નિવડયો! રાજા રાજા! હે કઠોર હૈડાના ધણી! મારી ઉપર રહેમ કર! મારા યૌવન ઉપર નજર કરી મારા જીવનના આધાર રૂપ પતિ તેની ભીક્ષા આપી મને જીવીતદાન આપ, મને અત્યારથી દુઃખણી ન કર! મારી આશા ભરેલીની આશાનું નાવ તેને સંસાર સમુદ્રમાં ન ડુબાવી દે! તેના વિનાશ પછી મારી શું દશા થશે! તેને માટે તું વિચાર કર! જગતમાં સ્ત્રીને પહેલું સુખ પતિનું છે તેના વગર રાજ્ય ઋદ્ધિ પણ સ્ત્રીને નરકમાં નાંખનારી છે, એવો વિચાર તને કયાંથી આવે! પતિની આશાથી ભ્રષ્ટ થએલી સ્ત્રીઓ જગતમાં કેવી ટીચાય છે! તેની તને શું માલુમ હોય! તને કયાં ખબર છે કે પતિ વગરની સ્ત્રીઓ જગતમાં પોતાના જીવનને કેવી દશામાં લાવી મુકે છે! અઘોરી રાજા! અહંકારી રાજા! તું મારા પતિને મુક્ત કર! આજ સુધી અનેક પ્રકારે આશાની ઉર્મિઓ ને પ્રેમની ઉર્મિઓ આ હૃદયમાં ઉચ્છળતી'તી તેને શાંત કરવાને અગર તો ઉચ્છળતા વેગને કાબુમાં રાખવાને તે જુગારીજ તેનો અધિકારી હતો પણ લલિતા! નિર્ભાગી લલિતા! ઓ હીણકર્મી લલિતા! તું ખરેખર આજે હીણભાગીજ નિવડી છે. હવે તારો સુખ સુર્ય અસ્ત થવા બેઠો છે. તું અત્યારથી તારૂં જુગારી પતિ રત્ન ગુમાવી બેઠી આજથી તારા હૃદયનો માલેક ચાલ્યો ગયો, હે નિર્ભાગી હૃદય! તને વશમાં રાખનારો તારો જુગારી પ્રિય આશક તેની વ્હાલી માશુકને સદાને માટે રડતી કરીને ચાલીજ ગયો. અરર! હે કોમળ કાયા! તારો સ્વાદ લેનારો ભોગી એવો જુગટીઓ ભ્રમર તને સદાને માટે જગતમાં રઝળતી કરીને આ ફાની દુનિયાનો ત્યાગ કરી જશે, હે હીણભાગી મસ્તક! તું જેના હૃદય ઉપર હરદમ પડી રહેતું'તું, અને તારા શ્યામ કેશો જે હૃદયને શોભાવવાને અધિકારી બન્યા'તા, તે વ્હાલુ હૃદય કાલે અત્યારે તો આ જગતમાંથી વિનશ્વર થઇ જશે. અરેરે! ઓ સુકોમળ બાહુ! આજ સુધી તમે જેના કોમળ કંઠમાં રહ્યા થકા પુષ્પની માળા કરતાં પણ વધુ કામ કરતા'તા, તે વ્હાલો પણ નિર્દય કંઠ તમને તરછોડીને કાલેજ આ ફાની દુનિયા છોડી અરર! ચાલ્યો જશે! ઇત્યાદિ અનેક પ્રકારે તે લલિતાદેવી વિલાપ કરવા લાગી. હવે શું કરવું! તેને માટે તે વિમાસવા લાગી. ગમે તે ઉપાયે તેની સાથે આખર વખતની મુલાકાત તો મારે લેવી. એક વખત તે વ્હાલા

પીયુડાની ભેટ લેવી, પછી જે બનવાનું હશે તે બનશે. કાલે સવાર-માં તો તે આ ફાની દુનિયાનો ત્યાગ કરી મુજને રણમાં રખડતી મુકીને તે રસીયો જુગારી પરલોકે સીધાવશે, અને તે પછી મારી કેવી દશા થશે તેનો પરમાત્મા જાણે ! પોતાના મનમાં કાંઇક વિ-ચાર આવ્યો હોય તેમ એકદમ ઉઠીને બેઠી થઇ. પોતાનાં વસ્ત્ર વગેરે ઠીકઠાક કરીને દાસીને પોતાને ઘેર મુકીને એક બીજી દાસી સાથે તેણી પેથડકુમારને મંદિરે આવી. પ્રધાનની સ્ત્રી તથા પ્રધાન પેથડકુમાર અત્યારે ઘેર હતા તેમની આગળ આજીજી કરી વિનવ-વા લાગી, "હે મંત્રી! મારા પતિને આજે ઘેર મોકલો; કાલે ફાવે તેમ કરજો. ગમેતો મારા ઘરની ચારે બાજુએ તમારા માણસોની ચોકી બેસાડજો, પરન્તુ મને છેલ્લી વખતે મારા ભરથારની ભેટ કરવાની અમુલ્ય તક આપો ! કાલ સુધી તે બંદિવાન્ તરીકે તો રહેનાર છે તો તેવી રીતે મારા મંદિરમાં રહેશે, પછી સવારે લઇ જજો" લલિતા પ્રધાન આગળ કાલાવાલા કરી આંખમાંથી અશ્રુ પાડતી છતી આજીજી કરવા લાગી.

લલિતાની આજીજી સાંભળી જુગારી પતિ ઉપર પણ આ યુવતીનો અલૌકિક પ્રેમ દેખીને તે પ્રથમીણી ( પ્રધાન પત્ની ) નું કોમળ કાળજુ ભેદાયું, અને આ રમણીનો પતિ કાલે જગતમાંથી સદાને માટે વિનશ્વર થશે તે માટે તેણી અત્યંત દીલગીરી થઇ છતી પ્રધાનને વિનતિ કરવા લાગી. કે 'સ્વામિન્ ! કોઇ ઉપાયે આ લલિતાનો પતિ બચતો હોયતો બચાવોને ! જુઓ બિચારી હજુતો કેવી તરૂણ અવસ્થામાં છે, તેની આશાઓ અરર ! અત્યારથીજ શું કરમાઇ જશે ! તેણીના હાલહવાલ દેખીને મને તો બહુજ દુઃખ થાય છે.'

"રાજાનો એવો તો સખ્ત હુકમ છે કે તે કાલની સાંજ દેખી શકે, તેવું ભાગ્યેજ બની શકે ! આજે રાજા અત્યંત રોષે ભરાણો છે. અત્યારે તે કોઇનું કહેવું માને તેમ નથી. ખુદ રાણી સાહ્યબાએ પણ તેમને બચાવવા ખાતર કેટલી બધી આજીજી કરી'તી, તથાપિ રાજાએ તે રાણી સાહ્યબાને આજે અપમાન કરી તુચ્છકારી કાઢયાં છે, તો આપણું કહેવું તે કેમ સાંભળે ! પણ જો રાજા માનેતો કાલ સુધી તેને ઘેર જવાની તો રજા અપાવું, ગરદન મારવાને અવ-

સરે તેના માણુસો આવીને તેને પકડી જશે તે વખતે તમે વિલંબ વગર મોકલી દેજો ! હવે તમે તમારે મંદિરે જાઓ ! હું તેની વ્યવસ્થા કરૂ છું," એ પ્ર ાણે કહીને લલિતાને ઘેર વિદાયગીરી આપી, અને પોતે રાજાની પાસે આવવાને નિકળ્યો, રાજા પોતાના એકાંત ઓરડામાં થોડાએક સામન્તાદિકની સાથે વાર્તાલાપ કરતા બેઠા'તા, ત્યાં પ્રધાન પેથડકુમાર આવી ચઢ્યા. રાજાને નમસ્કાર કરી તેણે બતાવેલા આસન ઉપર વિરાજી પ્રધાન રાજાને વિનંતી કરવા લાગ્યા. કે "સ્વામિન્ ! આજ્ઞા હોયતો હું એક અરજ કરવા ધારૂ છું."

"મંત્રી ! ખુશીથી ફરમાવો । તમારી અરજ અદા કરવાને હું બંધાયેલ છું. પણ ન્યાય દ્રષ્ટિથી કહેજો." રાજાએ જણાવ્યું.

"દેવ ! પેલા બે કેદી છે તેમાંના એક જે શ્રીપાળ શેઠ તેમને આજની રાત તેમના ઘેર જવાની છુટ આપો ! કાલે ગરદન મારતી વખતે આપણા માણસો તેને પકડી લાવી બન્નેને ગરદન મારશે. વળી તેમના મંદિરની આસપાસ આપણા માણસોની ચોકી બેસાડીશું, એટલે તે કયાંઇ પણ નાશીએ જશે નહિ." પ્રધાને ચોખુને ચટ આવવાનું પ્રયોજન જણાવી દીધું.

"મંત્રી ! શા માટે આપણે તેને ઘેર મોકલવો જોઇએ ! ઉલટું તેને ઘેર મોકલીએ ને વળી આપણા માણસોથી તેની ચોકી કરાવીએ, તે કોના ઘરનો ન્યાય કહેવાય ! જો કેવો ન્યાય ! "છાસમાં માખણુ જાય ને રાંડ ફુવડ કહેવાય" હાથે કરીને આવેલી તક ગુમાવવી તે મુર્ખ માણસનું લક્ષણુ કહેવાય" રાજાએ તરતજ મુંબઇગરા રૂપૈયા જેવું રોકડુ જણાવી દીધુ.

'સ્વામિન્ ! કોઇ વાતે હરકત નથી, તેની તરૂણુ સ્ત્રી બિચારી મારે ઘેર આવીને કાલાવાલા કરતી છતી આજની રાત્રી છુટો મુકવાને આજીજી કરે છે. તેણીની દશા ઉપર દયા આવવાથી અને તેણીની પતિ ભક્તિથી તેને આજની રાત છુટો કરવો તે ઠીક છે. તેને માટે હું જામીનગીરી આપુ છું ! પ્રાતઃકાળે ગરદન મારવાને વખતે આપણા માણસો તેને પકડી લાવશે." મંત્રીએ જણાવ્યું.

"પેથડકુમાર ! તમારો આગ્રહ છે તો તમારી મરજી ! કેમકે તમારી ઇચ્છા વિરૂદ્ધ કંઇ પણ કરવાને હું માગતો નથી."

રાજાએ તરતજ સીપાઇને હુકમ કીધો, જાઓ ! શ્રીપાળ શેઠને છુટો કરી તેમને ઘેર મોકલો. અને તેમને જણાવવું કે "કાલે પ્રભાતે ગરદન મારવાને જ્યારે તમને ચંડાળો તેડવાને આવે, ત્યારે તેની સાથે વગર વિલંબે ચાલ્યા આવવું." એમ કહી સીપાઇને રવાને કર્યો, તેણે અલ્પ સમયમાં પોતાનું કાર્ય કરી તેને ઘેર મોકલી દીધો.

રાજાએ તરતજ સેનાપતિને હુકમ કીધો કે "જાઓ લશ્કરની એક નાની ટુકડી શ્રીપાલના મંદિરની આસપાસ મુકી દીધો, કે તે શ્રીપાલ રાત્રે છ પાંચ ન ગણી જાય." સેનાપતિએ તરતજ રાજાના હુકમનું પાલન કરી તેના ઘરની આસપાસ નાની ટુકડી પણ ગોઠવી દીધી.

હવે મંત્રી વગેરે સર્વ કોઇ પોતપોતાના મંદિર તરફ ગયા, રાજા પણ શયન ગૃહમાં જઇ પલંગ પર પડયો, અરે! હજુ સુધી પણ રાણી આવી નથી. અરર ! રાત્રી કેમ જશે ! રાણી વગર મને તો મુદ્દલ બી ચેન પડતું નથી. આજે રાત્રી ભારી વેરણ નિવડશે. રાણી વડે રાત્રી જ્યારે રત્ન સરખી રમણીય છે, ત્યારે રાણી વગરની રાત્રી રણમાં રખડવા જેવી છે. રાણી પાસે જવાદે ! જોઉં તો ખરો કે રાણીની શું દશા છે ! એ પ્રમાણે વિચારી રીસાયેલી રાણીના મંદિર તરફ તેને મનાવવાને માટે તે ચાલ્યો.

શ્રીપાળ શેઠે પોતાની રાત્રી શાંતિથી પરિપૂર્ણ કરી. વરસો જેટલી લાંબી થઇ પડનારી રાત્રી તો ઝટપટ પસાર થઇ. દાંપત્ય સ્નેહમયી સાંકળથી બંધાયેલાં ઉભય દંપતિની રાત્રી એક બીજાને દિલાસો આપતાં તથા અંતિમ સુખ શાંતિનો અનુભવ અનુભવતાં જેમ તેમ વહીજ ગઇ પ્રાતઃકાળનાં મધુરાં વાજીંત્રોના મધુર શબ્દો કાનને ચમકાવવા લાગ્યા. ધીરે ધીરે સુર્યનો ઉદય પણ પ્રકાશવા લાગ્યો, આજનો દિવસ માંડવગઢની પ્રજાને માટે ખરેખર કામણગારો હતો. કોઇને સુખશાંતિ આપનારો હતો ત્યારે કોઇ સ્ત્રીને સદાને માટે તેના પતિનો વિયોગ કરાવનારો થઇ પડયો'તો, થોડી વાર થઇ ન થઇ એટલામાંતો જલ્લાદો હાથમાં તલવાર ધારણ કરીને શ્રી ધુતારાને બાંધીને શ્રીપાળને મંદિરે આવીને ઉભા રહ્યા. અને

ધુમ મારવા લાગ્યા. ચાલો રે ચાલો શ્રીપાળજી! જલદી તૈયાર થા-
ઓ! વખત બહુ થઇ ગઇ છે. તરતજ શ્રીપાળ શ્રેષ્ટી જમનું તેડું
આવેલું છે તેથી સ્ત્રીની રજા લેવા લાગ્યો. જેનું વદન કરમાઇ ગયું છે
એવા પડી ગયેલા મોંએ તેમજ પત્નીના ત્યાગથી ઉત્પન્ન થતા ખેદની
નિશાની રૂપ અશ્રુ પરિપૂર્ણ આંખે તેને જે અક્ષર કહેવાના'તા, તે
કહીને ચાલવા લાગ્યો. લલિતા! લલિતા! અરે! હીણભાગી લ-
લિતા! અત્યારે ધિરજ ધારણ કરી શકી નહી. અંતિમ ઘડીયે મરવાને
જતા એવા પોતાના જુગારી પતિને તેણી વળગી પડી. મુક્ત કંઠે ધ્રુશકે
ધ્રુશકે રડવા લાગી. આંખોમાંથી શ્રાવણ અને ભાદ્રપદની માફક
અશ્રુનાં બિંદુઓને અસ્ખલિતપણે વહેવડાવવા લાગી. અહા!
મારે હવે આવા કટા કટીના સમયે શરમાવાની લેશ પણ જરૂર
નથી. જગતમાં શરમાય તે કરમાય એવો સામાન્ય નિયમ છે,
પતિની અંતની ઘડીઓ ઘડાવા લાગી છે. હવે થોડા વખતમાં
પતિ સદાને માટે નાશ થવાનો છે. તો આવી તરૂણ સુંદરી એકા
એક પતિને કેમ જવા દે! જીવનની દોરી તુટવા લાગી. અરર!
આશાનું સુકોમળ પુષ્પ કરમાવા બેઠું. માણસો ધીરે ધીરે ભરાવા
લાગ્યા, વખત વહેવા માંડ્યો, તથાપિ નિર્ભયપણે આ નિર્ભાગી
લલિતા પોતના પતિને વળગેલી છે. તે ઘણો નારાજ થાય છે પોતે
શરમાય છે. તથાપિ અત્યારે તેની સ્ત્રીએ લજ્જાનો ત્યાગ કરેલો છે.
તેણી હવે નિર્ભય અને નિર્લજ બનેલી છે. તેના આ બનાવથી
ભેગા થએલા હજારો લોકો રાજાના કૃત્યને ધિક્કારવા લાગ્યા. અને ત્રાસ
પામવા લાગ્યા. તેમના હૃદયમાં દયાના ભાવો ઉત્પન્ન થવા લાગ્યા.
લોકો આંખોમાંથી અશ્રુ પાડવા લાગ્યા. અને આ ઉભય દંપતિ
નો અપ્રિતમ સ્નેહ દેખી તેમને ધન્યવાદ આપવા લાગ્યા. અત્યા-
રનો દેખાવ શરીરના હૃદયને પણ ત્રાસ આપનારો થઇ પડ્યો.
અને મારા વાંચકને પણ દીલગીરી ઉપજાવ્યા વગર નહિ. લલિત
લલિતા! અરે કમબખ્ત નિર્ભાગી લલિતા! રડતી રડતી તેણી પતિને
આજીજી કરવા લાગી "અરર! તમે તો હાવ નિર્દય નિવડ્યા
અને હું દમયંતી અને દ્રૌપદી કરતાં પણ ઘણી કમબખ્ત નિવડી,
કેમકે નળરાજાએ જંગલમાં તેણીને રઝળતી કરી'તી, તથાપિ દમ-
યંતી ફરીને પણ નળને મેળવી શકી'તી, અને હું તો હવે તમને
કેવી રીતે મેળવી શકીશ! પાંડવો જો કે દ્રૌપદીનો ત્યાગ કરવા

તૈયાર થયા અને તેની લાજ લુંટાતાં તેઓએ નિર્બળ બનીને જોયા કીધી, તથાપિ વખત આવતાં તેઓએ તેનું પુરેપુરૂં વૈર લીધું'તું. પણ તમેતો સદાને માટે મને તજીને ચાલ્યા જાઓ છો ! ઓ નિર્દય રાજા ! તેં મારા કયા ભવનાં વૈર વાળ્યાં ! તું મારો કયા ભવનો દુશ્મન હતો ! કે આ ભવમાં મારૂં ગરીબનું પતિ રત્ન તું છીનવી લેવા બેઠો છે. ઓ ધાતકી રાજા ! આટલો બધો નિર્દય ન થા ! યાદ રાખ ! તારો પણ વખત આવશે, તું પણ તારી સ્ત્રી વગર ટળવળતો રહીશ. ચડતા પડતીના નિયમને અનુસરી તું પણ આવા ધાતકી રિવાજનો ભોગ થઇ પડીશ. ઓ હત્યારા રાજા ! મારા પતિને મુક્ત કર ? મારી ઉચ્છળતી આશાને નષ્ટ નહિ કર !" એમ બોલતી પતિને વળગેલી લલિતા મુંગીજ સ્થીર થઇ ગઇ.

સ્ત્રીનો કરૂણા જનક વિલાપ સાંભળી દરેકનાં હ્રદય પીંગળી ગયાં, આ તરફ જલ્લાદો ઉતાવળ કરવા લાગ્યા, પણ લોકોએ તેઓને તરતજ શાંત કરી દીધા. શ્રીપાળ શેઠ પણ ઉદાસ અને પત્નીના રૂદનથી અશ્રુ સરકાવવા લાગ્યાં, પરન્તુ સામાન્યતઃ જગતમાં પુરૂષનું હ્રદય કઠીણ હોય છે જ્યારે સ્ત્રીનું હ્રદય ઘણુ કોમળ હોય છે તેથી તેણી સહન નહિ કરતાં અંતરની ઉર્મિ તરતજ બહાર કાઢી નાંખે છે, અને પુરૂષ હ્રદયની અંદર ઝટ સમાવી દેછે, પત્નીને આસ્તેથી દિલાસો આપવા લાગ્યો. "વ્હાલી ? જવા દો ! વાર ન લગાડો ! રાજા રોષે ભરાશે તો વળી મારા ભેગો તારો પણ ઘાટ ઘડી નાંખશે, મારી પાછળ તું તારે તારૂં જીવન ધર્મ ધ્યાનમાં ગાળજે, મારા મિત્રો જે નેકી અને મારી પ્રત્યે પવિત્ર દિલસોજી વાળા છે તેઓ મારી પાછળ તારી સારી રીતે સાર સંભાળ કરશે, વળી જો કે આપણી પાસે ધન તો ઘણું છે તેથી તને કોઇ પણ રીતે હરજ નથી. તેમ છતાં પણ રાજા કદાચ આપણું ધન લુંટી લેશે તો પછી મારા મિત્રો તને મદદ કરેશે. માટે એમાં શું નિરાશ થાય છે. ( બોલતાં બોલતાં આંસુ નીકળી પડયાં ) જગતમાં દરેકને વહેલું અગર મોડું પણ મરવાનું તો સરજાયેલું છે. કાળ કોઇને છોડશે નહિ, કોઇ આજે જશે તો કોઇ પાંચ વરસ પછી જશે, પણ આ વિનશ્વર જગતમાંથી સર્વ કોઇને જવાનું છે રામ અને રાવણ સરખા પણ ચાલી ગયા. કૃષ્ણ ઓ પાંડવ સરીખા રણધીર નર રત્નો પણ આ ધરતીમાતાનો

ભોગ થઇ પછી કાળના કોળીયામાં ઝંપલાઇ ગયા, મહાન્ છત્રપતિ અને નરપતિ પૃથ્વીરાજ જેવા પણ આપણી પેઠે રંગમાં ભંગ પાડી તારા સરખી રમણીઓને રડતી મુકીને કાળના કોળીયા થઇ ગયા, તો પછી દરેક મનુષ્યને તેની ગતિને આધિન થવું પડે તો તેમાં નવાઇ કાંઇ નથી. તું કેમ ગભરાય છે ? શાને મુંઝાય છે ! તરૂણ અવસ્થામાં શું અભિમન્યુ ઓતરાને છોડી આફાની દુનિયામાંથી નથી ગયો ? માટે જગતની સ્થીતિ વિચિત્ર છે તે માટે તું ડાહી થઇને આ માટે શોક કરે છે. મરવું તેમાં તો શી મોટી વાત છે. હા ! વ્હાલી ! શાંત થા ! મને મારાં જુગારનો બદલો ભોગવવા દે, ”

## ગાયન.

સંસારે સમજલે શાણી, મુસાફર ખાનું
કોઇ કોઇ આવે ભોળી, કોઇને જવનું, શાણી; મુસાફરખાનું.
કર્માનું જોગનો છે, સંયોગ વિયોગ. શાણી; મુસાફરખાનું.
પંથીડાંને કાજે વેલી, શોપાયે તું શાને વ્હાલી; મુસાફરખાનું.
રોઇ રોઇ આંસુડાંની, નદીયો ભરેતો શાણી; મુસાફરખાનું.
લખ્યા લેખ ભાલે તે તો, નથી ટળવાના વ્હાલી; મુસાફરખાનું.
આવે તે તો જાશે ભોળી, રડે શું થવાનું શાણી; મુસાફરખાનું

વ્હાલી ? જો ! રાજાનો સીપાઈ હુકમ કરવાને દોડતો આવે છે. હવે જવાદે ! તારા મારા લેખ હશે તો હવે ભવાંતરમાં મળીશું. અત્યારથી આ જગતમાં આજ સુધીની ત્હારીને મારી મુલાકાતનો હવે અંત આવે છે, તમારોને મારો દાંપત્ય સ્નેહ હવે અહીંથી પુરો થશે. માટે નાહક દુઃખી થઇ તમારા આત્માને ક્લેશ આપશો નહિ. તમારા બાપદાદાની આબરૂ સચવાય, તેવી રીતે વર્તશો; હવે વધારે શું કહું ! કેમકે વખત બહુ થઇ ગયો છે. સરકારનાં માણસો મને તેડવા આવેલાં છે તે મારી રાહ જુએ છે. માટે જલદી મને મુક્ત કર ? અને મારાં પાપ ભોગવવા દે કે જેથી મારા દાખલો લઇ જગત પોતાની ભુલો સુધારશે. ”

નહિ ! નહિ ! વ્હાલા ? એમ નહિ બને ! તું રાજાની જેવો ઘાતકી ન થા ! ઘાતકી ગોઝારા અને હત્યારા રાજાએ તેની રાણીનું અપમાન કર્યું તેવો તું પણ નિર્દય થતો નહિ ! કેમકે રાજા તો બુદ્ધિ વગરનો છે. તેના જેવા બુદ્ધિ વગરના માણસને કુદરત શિક્ષા

કરશે! હવે તારી તરૂણીની આશા આજથી હવામાં ઉડી ગઇ છે. પોતાના નાજુક કેશકલાપમાંથી ગુપ્ત રાખેલી કટારીને બહાર કાઢી પોતાના પીયુના હાથમાં મુકી વિનંતિ કરી. " વ્હાલા ! જ્યારે આટલો નિર્દય થયો ! તો જરાવાર વધારે થા ! આ આ કટારી લઇ આ તારી વ્હાલીના નાજુક કંઠપર ફેરવીને તુરત ચાલ્યો જા ! હવે તો તુંજ મારૂં શરણ છે કે આ કટારી ! તે સિવાય આ જગતમાં મારૂં કોઇ પણ શરણ નથી. તારી પછી આ હત્યારા રાજવીનું હું ક્ષણભર પણ તેનું કાળુ મોંઢુ જોઇશ નહિ. આજથી જે કોમળ કાયાને તેં અનેક પ્રકારે લાડ લડાવીને શાંતિ આપી'તી, પરન્તુ હવે તેજ કોમળ કાયાને આ કટારી સદાને માટે શાંતિ આપશે. માટે આ કટારી મારા ગળા ઉપર ફેરવી બેલાશક ચાલ્યોજા ! આ બનાવ જોઇ લોકોનાં હ્રદય ઘણાંજ ઉશ્કેરાઇ ગયાં, અને રાજાને સર્વ કોઇ ધિક્કારની નજરથી જોઇ તેના પાપી કામને ફિટકારવા લાગ્યા.

આ તરફ ચંડાળો શ્રીપાળને બૂમેબૂમ પાડવા લાગ્યા ચાલ રે ભાઇ ચાલ ! અમારે મોડું થાય છે. શ્રીપાળે કટારી દૂર ફેંકી દીધી. સ્ત્રીને તરછોડી, હ્રદયને વજ્ર સરખુ કઠીણ કરી પડી ગયેલા મુખે હજારો માણસના દેખતાં તે ચંડાળ પાસે આવ્યો. સ્ત્રી તો ત્યાંજ મુર્ચ્છા ખાઇ હાય પોકારતી પડી. તેના માથામાં સખ્ત ઘા વાગવાથી રૂધિરની ધારા ચાલી, તેની બે ચાકરણોએ તેણીને ઘરમાં ઉંચકી જઇ પલંગ ઉપર સુવાડી, દૈવને ધિક્કારતી અને રાજાની નિંદા કરતી બીજી કેટલીક સ્ત્રીઓ તે દુઃખી સ્ત્રીની સાર વાર કરવાને આવી.

# પ્રકરણ ૨૫ મું

## " હા ! જુગારી "

" કેમ મોટા ભાઇ ? તમારે માટે તો તેડવાને દેવલોકમાંથી સ્વારી આવી છે ને તમે તો મૃત્યુલોકનીજ માયામાં લપટાઇ ગયા છો ? ફરકરે વાહ ! તમે તો ભલા છો હોં ! દેવલોકની નવીજાન પરીને

છોડીને એક હાડકાના માળાથી ભરેલી મનુષ્ય સ્ત્રીમાં લુબ્ધ થયા છો ! " એક ચાંડલે હાસ્ય કરતાં થકાં શ્રીપાળને જણાવ્યું

"મુર્ખા ! તું શું બકે છે, તારૂં કામ હોય તે તું તારે કરી લે ! તને બકબકાટ કરવાનો અધિકાર કોને આપ્યો છે ? " તેણે જણાવ્યું

"ના ભાઇ સાબ, ભૂલ્યો ! બાપજી ભુલ્યો ! હવે પધારો ! આ તમારાં લુગડાં કાઢી નાંખો, અને આ વરરાજાનો પોષાક ધારણ કરો. પછી તમને ઘોડે બેસાડી ગામમાં ફેરવવા છે અને છેવટની ઘડીયે તમને શરપાવ મળે તે લઇને પછી લંકાની ખાલસા થયેલી એવી ધણી વગરની ગાદી મેળવવા ઇંદ્રના દરબારમાં રવાને થજો. ચાલો ! ત્વરા કરો ! હવે વાર લગાડશો નહિ." ચંડાળે કટાક્ષપુર્વક જણાવ્યું.

તરતજ હજારો માણસના દેખતાં તેણે પોતાના કપડાં ઉતાર્યાં અને ચંડાળનાં આપેલાં વસ્ત્રો પહેરી લીધાં. તેણે ઢીચણ સુધીનું એક મલીન ફાટુ તુટુ ધોતીયું પહેરાવ્યું. માથે ગુગરીયાળું અને મલીન ગધાતું એક જીર્ણ વસ્ત્ર બાંધવાને આપ્યું. તથા સોગટાંની માલા કરી બંનેને કંઠમાં પહેરવાને આપી. હજારો માણસોની આંખમાંથી શ્રીપાળને માટે આંસુ ટપકવા લાગ્યાં. ખરેખર એક નજીવી બાબતમાં તેને રાજા આવી કઠોર શીક્ષા કરે છે તે વાસ્તવિક નથી. કેટલાક લોકો તો આ બનાવ દેખી ન શકવાથી તેની સ્ત્રીની દશાને સંભાળતા થકા તેણીની દુર્દશા તરફ દયાની નજરે જોતા છતા પોતાને ઘેર આવી આંસુ પાડવા લાગ્યા. આ બનાવ જોઇ આખા નગરમાં આજે ત્રાસ ત્રાસ ફેલાયો. લોકો શ્યામ મુખવાળા થયા થકા જ્યાં ત્યાં ફરતા નજરે પડતા હતા. શું કરે રાજાનો હુકમ એટલે કોઇ કાંઇ પણ બોલી શકતું નહી. પરન્તુ દરેક લોકો અંતઃકરણથી રાજાના કુકૃત્યને ધિક્કારવા લાગ્યા, ચાંડાલો તે બંનેને લઇને ત્યાંથી આગળ ચાલ્યા, થોડેક દુર ગયા એટલે એક મોટો ઢોલ વગાડયો. હજારો લોક ફરીને ભેગા થયા. પછી એક ચાંડાલ ઘાંટો પાડીને બોલવા લાગ્યો કે " રે લોકો ! જે લોકો રાજા સાહેબની આજ્ઞાનો ભંગ કરશે તેમની આવી વલેહ થશે. " બંનેના

હાથમાં એકેકુ પાત્ર આપેલું છે તેમની ગરીબાઇ અને દુર્દશા જાણી તેમને કોઇ ભીક્ષા આપે તો તે ઉપર તેમને નિર્વાહ કરવાનો હતો. આવી રીતે આખી નગરીમાં ફેરવી તેમને છેવટે ગરદન મારવામાં આવનાર હતા રસ્તે ચાલતાં શ્રીપાળ શેઠને પોતાનો અમૃત નામનો કટો દુશ્મન મલ્યો, શ્રીપાળની અવસ્થા દેખી તે દુષ્ટે તેનું ઉપહાસ્ય કર્યું. અરે ! મિત્ર ? જો આ આપણા દિલોજાન મિત્રને રાજા પરણાવવા લઇ જાયછે. જોને રાજાએ કેવો ઠાઠ માઠ કર્યો છે. શ્રીપાળની આવી દશા જોઇ તે મલકાવા લાગ્યો. તેની ભણી દ્રષ્ટિપાત કરી શ્રીપાળ બોલવા લાગ્યો.

### સોરઠો

“ ડુંગર બળતી લ્હાય દેખે સઘળી જગત આ,
પરજળતી નીજ પાય, રતી ન દેખે રાજીયાં;
કાયા તારી ગમાર, ભર દરિયે તોફાનમાં,
અમૃત તારી રાખ, એક દીન તે રોળાઇ જશે. ”

તેનાં વચન સાંભળીને તે અધમ શરમાઇને ચાલી ગયો, હવે ચાંડાલો શ્રીપાળ તથા ધુતારાને લઇને નગરમાં ફરતાં ફરતાં તેના દીલોજાન દોસ્તને ઘેર આવ્યા, તેના આંગણામાં આવીને ઉભા રહી ઢોલ વગડાવી હજારો લોકો ભેગા કરી ટેલ નાંખી કે જે લોકો રાજાની આજ્ઞા ને તોડે છે તેઓની આવી બુરી દશા થાય છે. તેનો દોસ્ત પોતાના મંદિરના ગોખમાં ઉભો રહયો. અને તેની દુર્દશા ઉપર આંખોમાંથી આંસુના બિંદુને વરસાવતો થકો મિત્રતાનો હક તેણે તેટલામાંજ સાર્થક કર્યો. હજારો લોકો તેની દુર્દશા ઉપર દયા ખાવા લાગ્યા, પરમ પવિત્ર પરમાત્મા તેની જીંદગી સલામત રાખે તેને માટે લોકો પ્રાર્થના કરવા લાગ્યા. શ્રીપાળે પણ પોતાના મિત્રને અંતિમ વખતે બે વચન કહી સંભળાવ્યાં, અને દુઃખમાં દિલાસો આપ્યો.

### સોરઠો.

“ સાગર સુખ ન હોય, રાત દિવસ હીલોળતો,
રાવણ રહ્યો રણ માંહ્ય, લેખામાં શા આપણે;
નર ભવ કેરૂં ઝાઝ, શ્રીનો પાળ તજી જશે,
લખ્યા વિધિના આંક, ટાળ્યા તેતો કેમ ટળે ! ”

પોતાનો મિત્ર આજે આ ફાની દુનિયાં છોડી ચાલ્યો જશે ! અરર ! આવું ગુણવંત મિત્ર રત્ન ફરીને આફની જગતમાં હવે હું ક્યાંથી મેળવીશ ! અત્યાર સુધીનો મિત્રતાનો પ્રાચીન વૃત્તાંત તેની નજર આગળ તરવા લાગ્યો. આંખે અંધારાં આવવા લાગ્યાં, દિશાઓ શૂન્ય થવા લાગી. શરીર કંપવા લાગ્યું, મિત્રના ગુણોને સંભાળી નાના બાળકની માફક તે અશ્રુ પાડવા લાગ્યો. મિત્રને રડતો મુકી ત્યાંથી તે આગળ ચાલ્યો, ચંડાળો તેને સેનાપતિના ઘર આગળ લઇ ગયા, ત્યાં તેના છોકરાની વહુ પોતાના મહેલની બારી આગળ પોતાની સખી સાથે ઉભી'તી. શ્રીપાળને જોઇ તેણી હાસ્ય કરતી છતી પોતાની સખીને કહેવા લાગી. અલી ! જો ! જો ! આ જુગટીઓ ! રોગે મારા ધણીની પાસેથી ઘણું ધન તેણે પડેલાં જુગારમાં પડાવી લીધું'તુ, હાશ ! ઠીક થયું. રાજાએ ઘણા દિવસે તેનું પાનું ખોળ્યું. મારા ધણીને તેણે જુગારની એવી તો આદત પડાવી'તી, કે તે જુગાર ! જુગારને જુગારમાંજ અહર્નિશ મશગુલ રહેતો, હજારો રૂપૈયા જીતીને અત્યાર સુધી તે અયશઆરામ ભોગવતો'તો, એટલુંજ નહિ પણ એક મારા કરતાં પણ અધિક સુંદર કન્યાને પરણી અહીંજ સ્વર્ગ માનતો થકો તેની સાથે નાના પ્રકારના ભોગો ભોગવતો'તો, તેણીની ઉમર પ્રાયઃબાવીશ કે પચ્ચીશ વરસની હશે. પણ તે કેટલા દહાડા ચાલે. તેને હજી ત્રણ વરસ તો ગયાં નથી. એટલામાંતો જો દશા ! હજારો માણસો તેની આસપાસ વિંટાયેલાં છે. આહ ! સરઘસના આકારમાં આ નવલો વરઘોડો આતો આપણે ઘેર આવીને ઉભો રહ્યો. ઉભી રહે હું આવું છું એમ કહીને તરતજ તેણી નીચે ઉતરી. છાસનો એક ઘડો લઇને વિજળીની માફક તેણી બહાર આવીને બોલવા લાગી, લેરે ? ભીખારડા ! આ છાસ તને પીવાને તારી ઉપર દયા કરીને હું લાવી છું. મારા ધણીના ઘણા રૂપૈઆ ખાઇ ગયો છે ને હવે કેમ આટલો બધો આમણ દુમણો થયો છે. તેતો ઘણી મઝા ભોગવી લીધી છે ને વળી આજ સુધી પારકે પૈસે દિવાળી પણ કરેલી છે, હા ! હવે ઠીક થયું, કે રાજાએ તારી દિવાળી ઠેકાણે પાડી ! એમ કહી છાસ તેની આગળ રેડીને તરતજ ઘડો તેની આગળ પછાડી ફોડી નાંખ્યો, અને વિજળીના ચમકારા માફક તેણી ચાલી ગઇ,પોતાની સાહેલી જોડે બારીએ ઉભીઉભી ફરી પાછો વાતકરતીતેનો તિરસ્કાર કરવા લાગી એટલુંજ નહિ પણ તેના સામુ જોઇનેકટાક્ષ

અને હાસ્યવિનોદ કરતી છતી બળતાને વધારે બાળવા લાગી. શ્રીપાળને આ વર્ત્તન ઘણું આકરૂં લાગ્યું પણ વ્યર્થ ? તે મનમાં મુંગેજ રહયો, વળી પોતે જમાનાનો ખાધેલો અને જગતના દરેક પ્રપંચોનો માહીતગાર એવો એક સુખી નર આ દુઃખ કેમ સહન કરી શકે ! તેને ધિરજ રહી શકી નહીં. છેવટે તે સ્ત્રીના બોધને માટે થોડુંક સમયોચિત વચન તેણે તેણીને સંભળાવ્યું.

## સોરઠો

" નારી તારાં નેણ, કામણગારાં કેમ થયાં !
રાખણવાળો રામ, જીવતી તને કેમ રાખશે ?
કામણગારી નાર, લજવ્યું કુળ તુજ તાતનું;
નારી તારાં હાડ, વૈતરણી નદીને ઘટે "

શ્રીપાળનાં વચનો સાંભળીને તેની સાહેલી તેને કહેવા લાગી. "અરર ? બેનડી ! બળતા એવા એ બિચારાને શા માટે બાળે છે ! જોને તેણે તને કેવો મર્મમાં ઉપાલંભ આપ્યો ! દુઃખી માણસને દેખી તેની પ્રત્યે આપણું કંઇ જોર ન ચાલે તો દીલગીર થવું, એવી પ્રત્યેક મનુષ્ય વ્યક્તિની ફરજ છે. અને તે ફરજ અદા કરવાને તું પણ બંધાયેલી છું, બેન ! નિર્દય ન થા ! ચડતા પડતી ચાલી જાય છે, આજે એનો વારો તો કાલ આપણો વારો ! રાજાની રહેમ નજર છે ત્યાં સુધી બાંધી મુઠી લાખની છે, જો જ્યાં રાજાની કફા મરજી થઇ કે આપણી પણ તેવીજ વલેહ થાય ! જોને દુનિયાનું એક છત્રે રાજ્ય કરનાર શ્રી કૃષ્ણને જંગલમાં પીવાનું પાણી ન મળ્યું, એટલુંજ નહિ પણ " પાણી " " પાણી " કરતાં તેમનો અમર અને પવિત્ર આત્મા જંગલમાં ઝાડની નીચે એકલો તરફડીયાં મારતો છતો ચાલી ગયો. બ્રહ્મદત્ત ચક્રી જોને ઘેર છ ખંડનું રાજ્ય હતું, તેવો શૂરવીર રાજ્યો પણ દૈવ વશાત્ એક બ્રાહ્મણથી આંધળો થયો, અને પંદર વરસ સુધી મહા દુઃખ ભોગવતો જલ વગરના માછલાની જેમ તરફડતો તરફડતો તે નરકના અઘોર રસ્તે ચાલી ગયો. માટે માનુષી જીવન દૈવની સત્તાને આશ્રયીને અવલંબી રહ્યું છે ! આપણે અત્યારે અચલ આરામમાં છીયે ને કાલે કોણ જાણે શું થશે ! તેની કોને ખબર છે. માટે અહંકાર કોનો ટકી રહ્યો છે" ! પોતાની બેનપણીની હિત

શીક્ષા સાંભળીને તેણી તરતજ મુંગી મરી ગઇ, અને સરઘસ ત્યાંથી ફરતું ફરતું લલિતાની વ્હાલી બેન શાંતા જ્યાં રહેતી હતી, ત્યાં આગળ આવીને ઉભું રહ્યું, ચંડાળે ઢોલ વગડાવીને ટેલ નાંખી. હજારો માણુસો ભેગાં થયાં, અને ભીખારીને ખાવાનું આપવાને પણ ભેગી ટેલ નાંખી શાંતા પોતાના બનેવીની આ દશા જોઇ હેબત પામી ગઇ. અરર ! પરમ પવિત્ર ભાગ્યદેવી ! તેં મારી મોટી બેન લલિતાની જીવનદોરી કેમ તોડવાની ઇચ્છા કરી ! તું મારી પવિત્ર અને સુશીલ બેનની અમર આશાઓને સલામત રાખી તેનો નાશ નહી કર ! પોતાના બનેવીની સામે આવી, આંખ-માંથી અશ્રુ સરકાવતી તેણી સ્થીર થઇ ગઇ, "અરર ! તમને આ શું થયું ! મારી લીલીની શી દશા છે ! તમારા વગર તેણી કેવી રીતે જીવી શકશે ! હા ! તેણી કયારનીએ સ્વધામ સિધાવી ગઇ હશે. ઓ ગોઝારા રાજા ! તું આટલો બધો ક્રુર ન થા ! અરે હત્યારા રાજા ! તું લગાર વિચાર કર ! શ્રીપાળના મરણુથી આજે આજુ બાજુ કેટલી બધી ખરાબ અસર થાય છે ! તેનો વિચાર કર, એક વખત મારી લલિતા ઉપર અને મારી ઉપર કૃપા કરીને તેને મુક્ત કર ! નજીવા કારણુની આટલી ભયંકર શીક્ષા કરવામાં આવે તેનો બદલો કુદરત તને જરૂર આપશે ! અરર ! હજારો માણુસોમાં રાજવી સરખા સુખીયા એવા મારા બનેવીને આવી દુર્દશામાં જોતાં પહેલાં મારી આંખો ફુટી કેમ જતી નથી ! ઓ ક્રુર -હૃદય ! તું શા માટે અ-ત્યાર સુધી ટકી રહ્યું ! હા ! જગતમાં હવે અન્યાય થવા લાગ્યો છે." શાંતાએ અંતઃકરણુના ઉદ્‌ગાર બહાર કાઢવા માંડયા અને પોતાની આંખમાંથી આંસુ પાડવા લાગી.

શાંતા ! શાંત થા ! જેવી દૈવની મરજી ! આપણું ધાર્યું કંઇ થતું નથી, તારી બેનને તું સાથે રહેજે, તમો સંપીને સાથે રહી પોતાનું જીવન ગુજારશો. તારા પતિને મેં પ્રથમથીજ સૂચના ક-રેલી છે. તેઓ અત્યારે બહાર ગયા છે. પણ તેમને બધો પાઠ મેં શીખવાડયો છે. તેઓ સમજુ અને શાણા છે માટે વારે ઘડીયે કહેવું પડે તેમ નથી. અમો તો આ જગતમાં અંતિમના મુસાફર છીયે, કેમકે

## સોરઠો.

" વિખત પડે નરશીર, શાંતા તું શાને રડે;
ખપ નહી આવે લગીર, ધન દોલતને દાસ ખરે !
રાવણ રહયો રણ માંહ્ય, દુર્યોધન ડુબી ગયો;
માનવ ધારે કાંઇ, દૈવને મન ઔર છે "

જગતમાં સર્વને મરવાનું નિર્માણ છે, દૈવ પણ સર્વને વળગેલું છે, ગાડાના ચક્રની ધારાની પેઠેમ ઊંચે ચડવું અને નીચે પડવું એ માનવ જીવનનું સાધારણ લક્ષણ છે. દૈવ માણસને ઉચું ચડાવીને એકદમ સમુદ્રમાં પટકી દે છે, તેને દયા હોતીજ નથી. રાજા અને રંક, ગરીબ અને તવંગર, વિદ્વાન અને મુર્ખ, શાણા અને શઠ વગેરે સર્વ કોઇને પણ રગડયા વગર તે રહેલું નથી, દૈવની પ્રબળ સત્તા આગળ કોણ બચવા પામ્યું છે? રામ અને લક્ષ્મણને પણ એક વખત બાર વરસ સુધી વનવાસ ભોગવવો પડયો હતો. પાંડવો જેવાને પણ દૈવની પ્રબળતાથી તેર વરસ સુધી ઘણાં કષ્ટ સહન કરવાં પડયાં'તાં, તેવી રીતે દૈવની પ્રબળતાથી તમારી એને નિવાર્યા છતાં પણ મારી બુદ્ધિના તે વખતે દરવાજા બંધ થયા'તા. તેથી મૂઢ એવા મને કાંઇ વિચાર ત્યારે આવ્યોજ નહિ; માટે ખરેખર વિનાશ કાળ આવે છતે માણસની બુદ્ધિ પલટાઇ જાય છે. સારૂ કરવા જતાં પણ કાર્ય વિણસી જાય છે. અરર ! શું કરીયે ! લંકાના નાશનો વખત આવે છે તે રાવણની અગાધ બુદ્ધિ પણ નાશ પામી ગઇ.

## સોરઠો.

" રાવણ તણે કપાળ, અઠ્ઠોત્તરસો બુદ્ધિ વસે;
લંકા ફીટણ કાલ, એકે બુદ્ધિ ન સાંભળી,
રંડાયેલી નાર, ડાહી ડમરી થઇ ફરે;
વંઠી ગઇ જ્યાં વાત, ડાહપણ હવે શા કામનું "

જુગારી હાવ નિરાશ થઇ ગયો, અરર ! સંસારની આવી મોહ માયામાં રક્ત થએલા આ પામર જીવડાને સર્વનો અને વ્હાલી લીલાનો ત્યાગ કરીને જવું પડશે. તેનું વદન પડી ગયું. મુખ લેવાઇ ગયું. આંસુને ટપકવાતો તે એકદમ મુંગો થઇ ગયો. હા !

દૈવની ઇચ્છાને તાબે થયા વગર મારો ઉપાય નથી. હવે અંત વખતે તે મોહમાયાનો કે સ્ત્રીનો અથવા ધનનો વિચાર કરવો તે વ્યર્થજ છે કેમકે મરતી વખતે તે વસ્તુઓમાં લોભાઈ રહેવાથી જીવની સદ્‌ગતિ થતી નથી. માટે અંતિમ વખતે પરમ કૃપાળુ પરમાત્માની બંદગી કરી તેની સલામતી ઇચ્છવી તેજ સાર છે. તેની ઇશારતથી હવે ચાંડલો તેને લઇને આગળ ચાલ્યા, આખા નગરમાં ફેરવી જ્યાં ત્યાં ટેલ નાખતા છતા હજારો માણસના સરઘસ સાથે તેઓ ગામની બહાર આવ્યા એક પલકવારમાં આ જગતની આજ સુધીની અમુલ્ય વસ્તુનો વિનાશ થઇ જશે. અને મારે જોવું પડશે એમ ધારીને સૂર્ય વાદળમાં છુપાઇ ગયો. સમસ્ત નગર આ હીણભાગી જુગારી માટે આજે કરૂણા રસમાં ગરકાવ થઇ ગયું. આજે આખી નગરીના જનો શોકમાં ગ્રસ્ત થએલા છે. જો કે તેની સાથે પદ્માકર ધુતારો પણ મરવાનો હતો. તથાપિ તેની તરફ કોઇની દિલસોજી જણાતી નહોતી. પણ શ્રીપાળના અવાર નવાર સંયોગો તથા પત્નીનો અપ્રિતમ નિર્મળ સ્નેહ અને તેનું સજ્જનપણું તથા રસિક્તા અને વિદ્વત્તાથી લોકો ફીદા થઇ ગયા'તા, જો કે સામાન્યતઃ તેની ખ્યાતિ ફેલાયેલી હતી, પરન્તુ ખરી વસ્તુ તો અકાળેજ પ્રગટી નીકળી. અરર ! અસ્ત થતા સૂર્યે જગતને એકદમ પોતાનું પાણી બતાવી આપ્યું, કેમકે દીપકની જ્યોત અસ્ત થવાની તૈયારીમાં હોય છે ત્યારે અલ્પ સમય પહેલાં તે જગતને ઘણોજ પ્રકાશ આપે છે. માણસ જ્યારે ઉંચ સ્થિતિમાંથી પડવાનો હોય છે ત્યારે થોડા વખતમાં તેનો પૈસો બહુજ ઝળકી નીકળે છે એટલુંજ નહિ પરન્તુ જગતની આંખે પણ ચડવાને તે ચુકતો નથી. તેવીજ રીતે આ શ્રીપાળ શેઠના અવસાન સમયે તેના ગુણો જગતની નજરમાં ખુચી રહ્યા, અને તેના ગુણથી અંધ થયેલું આખું નગર તેની પાછળ હવે અત્યારે ગાંડુ ઘેલું થઇ ગયું છે, તેની જીંદગીની સલામતી માટે આજે પરમ કૃપાળુ પરમાત્માની બંદગીઓ થાય છે અને અંતના વખતે તેનાં દર્શન કરી પોતાના આત્માને લોકો પવિત્ર પણ કરે છે. મંત્રી પેથડકુમાર પણ મીનીટે મીનીટે તેના સમાચાર મંગાવે છે. રાજા પાસે પણ પલક પલકના સમાચાર જાય છે. અત્યાર સુધીનો ઇતિહાસ જાણીને મંત્રીશ્વરનું દિલ અતિશય નારાજ થયુ. તેના બચાવની ખાતર તે ઉપાય શોધવા લાગ્યા, લોકો પણ તેની જીંદગીની સલામતી માટે મંત્રી-

ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યા. મંત્રીશ્વર પણ દોડતા દોડતા રાજ-દરબારમાં આવ્યા, પણ રાજાતો મળ્યા નહિ; ધોયા મોંએ અત્યારેતો પાછા આવ્યા. તરતજ તેમણે એક પત્ર લખી નાખ્યો. એક ચતુર દાસીને પત્ર આપી પટરાણી લીલાવતીના મહેલ તરફ રવાને કરી, તાકીદે રાજાને પત્ર આપવાની સુચના કરી તેણીને વિદાયગીરી આપી, આ તરફ નગરની બહાર જ્યાં હજારો માણસની મેદની જામેલી છે; ત્યાં આગળ ચંડાળો તરવારનો ખડખડાટ કરતાં છતાં તે બન્નેને ઇષ્ટ દેવનું સ્મરણ કરવાને તાકીદ આપતા હતા.

# પ્રકરણ ૨૬ મું.

## "પશ્ચાત્તાપ અને આનંદ"

નિશા દેવીની પ્રબળ સત્તાથી અત્યારે સમસ્ત પૃથ્વી મંડળ અંધકારથી આચ્છાદિત થએલું છે, લગભગ રાત્રીના દશ વાગ્યાનો સમય થયો હોવાથી સકળ જગતમાં શાંતિ પથરાયેલી હોય તેમ દેખાય છે, ક્વચિતજ કોઇ માનવનો પગરવ સંભળાતો, અથવાતો મનુષ્યોની કયાંક આછી આછી ભાષા સંભળાતી'તી, માંડવગઢની મનોહર કારકીર્દી આજકાલ વિચિત્ર પ્રકારની અસરમાં સપડાએલી હતી. અત્યારે પોતાના રમણીય મહેલના દિવાનખાનામાં એક રમણી પ-લંગ ઉપર આળોટતી નજરે પડે છે, ફરનીચરથી પૂર્ણ રીતે શણ-ગારેલો આ ઓરડો જગતની કીર્તિને તિરસ્કાર કરવાને સંપુર્ણ રીતે સમર્થ હતો. પ્રખ્યાત ચિતારાઓની ચિત્રેલી મનોહર છબીઓ તથા મોટા મોટા આરીસાઓ દિવાલોની ચોતરફ જડી દેવામાં આવ્યા'તા, પોતાના ભવ્ય દિવાનખાનામાં લાઇટના પુર પ્રકાશથી અત્યારે દિવસ હશે કે રાત્રી, તેનો પણ માણસને સંભ્રમ થઇ પડતો, એક આદમખાની ભભકાથી શણગારેલો આ પોતાનો ઓર-

ડો અત્યારેતો તે રમણીય રમણીને હૃદયમાં શલ્યની પેઠેમ ખુંચવા લાગ્યો. અત્યારે પોતાની સંપૂર્ણ રાજ્યઋદ્ધિ પર તેને તિરસ્કાર આવવા લાગ્યો, રત્ન જડીત્ર ભવ્ય પલંગ ઉપર ચારે તરફ એક વિરહીણીની માફક તેણી આળોટે છે, તથાપિ લવલેશ પણ ચેન પડતું નથી, વદન શોકપણાથી શ્યામતાને પામી ગયું છે. હવે સંસાર ઉપરથી જેણીનુ મન અત્યારે ઉદાસ થઇ ગયું છે. અરર! સંસારમાં કોઇ પણ રીતે માણસને સુખ છેજ નહિ, અત્યારે જળ વિનાની માચ્છલીની જેમ તેણી તરરડીયાં માર્યા કરતી'તી, પોતાની વિશ્વાસુ દાસી ચતુરા, રાણીને દિલાસો આપતી છતી તેણીની પાસે બેઠેલી છે, "બાઇ સાહેબ! તમે રડતાં ના! શા માટે તમે આટલાં બધાં નારાજ થઇ ગયાં છો! હમણાંજ રાજા સાહેબ પધારશે અને પલક વારમાં આપનું દુઃખ દુર કરશે."

"અરર! ચતુરા! શું રાજા કોઇના મિત્ર થયા છે! રાજાઓતો વિશ્વાસ કરનારા એવા વિશ્વાસુનાજ ઘાતક હોય છે, તેઓ કાચા કાનના હોવાથી ચાંડાળોની શીખવણીને ભોગ થઇ પડતાં તેમને વાર લાગતી નથી. ખરેખર! રાજ્ય મદ એ માણસને અવળે માર્ગે પાડી નાંખવામાં સબળ કારણ છે. રાજા રાજ્ય મદના અંધકારમાં અત્યારે હાવ લેવાઇ ગયો છે, અરર! જે મારૂં એક વચન માત્ર પણ ઉલંઘવાને સમર્થ નહોતો થતોઃતેણે અત્યારે મને હડહડતી રીતે તુચ્છકારી કાઢી. એટલુંજ નહિ પણ જો હું લગાર વધારે બોલી હત તો અત્યારેતો તારી માનીતી સાહેબા કયારનીએ સ્વધામ સિધાવી હોત! પણ હું મારે સમજીને ચાલી આવી તો સારૂં થયું. રાજાએ આટલી અરજ સાંભળી મારૂં વચન માન્યું હતે તો સારી વાત! નહીતર હવે એમાં સારૂ પરિણામ નહિ આવે, મારા આશ્રિતોનું જ્યાં મરણ હું સાંભળીશ કે આપણે પણ આ ફાની દુનિયામાં શા માટે રહેવુ! અરર! ચતુરા! મારા કરતાં એક ગરીબ ઝુંપડામાં રહેનારી પ્રમદા પણ પોતાના પીયુને લાલન પાલન કરતી તેણી સુખી હશે! તેણીનું વચન તેનો પતિ ભાગ્યેજ ઉત્થાપિ શકતો હશે! પણ આ કઠોર હૃદયના રાજાએતો મારૂં આટલું વચન પણ માન્યું નહિ, અરર! કઠેરો રાજા સગા ભાઇનું કે વહાલી પત્નીનું પણ મસ્તક છેદતાં વાર લગાડે નહિ માટે આવો હૈયા વગરનો રાજા વિશ્વાસ કરવાને લાયક નથી. હા! એક અંતઃવાસીનો

વ્હાલો મિત્ર છતાં પણ તેણે વખત આવતાં દુશ્મનનું કામ કરી વેર વાળવા માંડયું. હવે મલીન થએલી કીર્તિ વડે કરીને જીવીએ તોએ શું ! કેમકે જીવતાં છતાં પણ મારા આશ્રિતોના મુએ હુંએ મરી ગયેલીજ છું. આહ ! રાજાઓનાં હૃદય કેવા સંયોગોમાં ઘડાયેલાં હોય છે કે તેમના હૃદયમાં દયાની લાગણીના અંકુરો તો વાસ કરતાજ નથી." રાણીએ પોતાનો બળાપો ચતુરા આગળ જાહેર કરી હૃદયનો પ્રગટી નીકળેલો ઉભરો બહાર ઓંકી કાઢી નાંખ્યો.

"અરર ! બાઇ સાહેબ ! નજીવા કારણ માટે આટલો બધો બળાપો તમારા જેવાને થાય તે ઠીક ન કહેવાય ! રાજાની ગમે તેવી સ્થીતિ હોય તથાપિ તેતો તમારી આગળ રમકડા સરખોજ છે. ભલે તમારો તિરસ્કાર કર્યો, ભલે તમારા વિચારને તેણે ધિક્કારી કાઢયો ! તથાપિ તમારા વગર લેશ પણ તેને ચેન પડવાનું નથી. તમે શાંત થાઓ ! તમારા વગર તે કેટલા દિવસ રહી શકે છે, તેતો જુવો ! કેમકે યુવાન વયમાં આવેલા એવા તરૂણ પુરૂષને સ્ત્રી એક પ્રકારનો ગુપ્ત ખોરાક છે, તે ખોરાક વગર ગમે તેવી સાહ્યબી હોય તથાપિ કોઇ પણ રીતે તેને સંતોષ મળતો નથી. સ્ત્રી રૂપી ખોરાક વગરનો પુરૂષ આ જગતમાં વ્હાવરા સરખોજ ફરે છે, વળી માણસ દરેક રીતે મનને મારી શકે છે તથાપિ સ્ત્રીના પ્રેમ સમુદ્રમાંતો તેનું મન વશ નહિ રહેતાં ઉછાળાજ માર્યા કરે છે, ઉચ્છાતી માનસિક વૃત્તિઓને અટકાવવાથી વિહ્વળતા વડે તેના શરીર ઉપર તેની જુદીજ અસર થાય છે અને તે અસર પ્રાંતે શરીરને નુકશાન કરનારીજ નીવડે છે. માનવી જયારે દરેક ઠેકાણેથી નિરાશ થાય ત્યારેજ ઠેકાણે આવે છે પરન્તુ "છતા ધાંએ લુખું કોણ જમે" એ ન્યાયે ખોરાક નજર આગળ છતાં મન મારી તેની ખોટી અસર પેદા કરી શરીરે નુકશાન પહોંચાડે એવો આપણો રાજા ઘેલો નથી. તેમ યોગીના પેઠેમ યોગનિષ્ઠ થઇ મનને વશ કરે તેવી પણ સ્થીતિ આપણા રાજાની નથી. વળી તમારા સરખાં એક રમણી રત્નનો એકદમ રાજા ત્યાગ કરી પોતે ખુવાર થાય એવો તે હેવાન નથી. તેમ લાંબા વખત સુધી તમારો વિયોગ ભોગવી શકે તેવો તે સમર્થ પણ નથી. માટે ઉતાવળ કરશો નહિ. રાજાના પગલાંજ સંભળાય છે."

એ અરસામાં રાજાની સ્વારી આવી પહોંચી, એકદમ તે મહે.

લમાં દાખલ થઇ રાણી જે દિવાનખાનામાં પોઢેલી હતી, ત્યાં અચાનક એકદમ ચાલી ગયો. ચતુરાએ રાજાને એકદમ ત્વરાથી આવતો દીઠો, તરતજ રાણીને ફરમાવ્યુ. લ્યો ! હવે તો તમારા મહેમાન પધાર્યા, તેમની મહેમાની કરો ? અમેતો હવે રજા લઇ શું ! રાજા દિવાનખાનામાં દાખલ થયો અને ચતુરા દાસી રાજાને નમન કરતી તરતજ ઘડીયોમાપી ગઇ, અર્થાત્ અગીયારા ગણી ગઇ, અરે રસ્તો ગણીગઇ. રાણી ! રાણી ! કેમ બોલતી નથી. આવી રીતે વારંવાર તું રૂશણું લઇને બેસે તેતો ઠીક કહેવાય નહિ ! રાજાએ જણાવ્યું.

" જાઓ અહીંથી ! હવે ફરીને મને બોલાવતા ના ! કોણ તમને તેડવાને આવ્યુ'તુ, કે ચડે ઘોડે પધાર્યા છો !" અશ્રુ પુર્ણ આંખે રડતાં રડતાં રાણીએ જવાબ આપ્યો.

"રાણી ! તારૂં ભાન ઠેકાણે છે કે ! તારા પ્રિતમની સામે તારાથી આવી રીતે નાં બોલાય ! " રાજાએ કહ્યું

"અને રાજાથી વ્હાલી રાણીનું ત્યારે અપમાને ન થાય ! સમજ્યાને !"

"શું તે અપમાન કહેવાય ! રાજ્ય પ્રપંચમાં તું શું સમજે !" રાજાએ કહ્યું.

"જાઓ ! મારે નથી સમજવું, હવે અહીંઆં કદિ આવતા ના ! " રાણી લીલાવતીએ જણાવ્યું.

"રાણી ! હું કાયર કાયર થયો છું, મારૂં મન બહુ ચંચળ બની ગયું છે, મારૂં ગભરૂ દીલ બળી જળી ખાખ થાય છે, તું આવી નમેરી ન થા ! " તેણે કહ્યું.

"વારંવાર તમારી જીહવાને કષ્ટ આપી મને સતાવતા ના ! ચંદન આદિ સુગંધિત વસ્તુના વિલેપનથી તમારી કાયાને શાંત કરી તમે સુખી થાઓ ! " રાણીએ કહ્યું.

"અને ત્યારે તું નહિજ સમજે ! એકાએક આટલો બધો ક્રોધ તેં ત્હારા કોમળ હૃદયમાં કેવી રીતે ટકી રહેવા પામ્યો ! રાણી આ શું કહેવાય ! " રાજાએ નિશ્વાસ નાંખતાં કહ્યું.

"જેવી રીતે રાજાના કઠોર હૃદયમાં નિર્દયતાએ નિવાસ કર્યો છે તેવી રીતેજતો ! હવે વારંવાર મને પજવતા નહિ;" તેણીએ કહ્યું.

"રાણી ! ત્હારા વગર આ મનડું નહિજ માને !"

"હવે વધારે બોલતા ના ! જાઓ બીજા કોઇ રાજાની દીલ-ચમન કુંવરી પરણીને અયશઆરામ ભોગવી સુખી થાઓ !"

"રાણી ! એકદમ તને આ શું થયું !"

"મને કંઇ થયું નથી ! જ્યાં મારા આશ્રિતોનો પ્રાણ લીધેલો આ મારા પવિત્ર કાન સાંભળીને અપવિત્રના ખાડામાં ખેંચાશે, ત્યારે આ તમારૂ કોમળ પુષ્પ આ ફાની દુનિયામાંથી પણ કરમાઇ જશે ! એટલુંજ છે" તેણીએ કહ્યું

"ના એમ કદાપિ બનવાનું નથી !"

"જો એમ નહિ બને તો મેં નિર્ભયપણું આપેલું છે તે લોકો આ ફાની જગતમાંથી મરવાના પણ નથી !

એવું હવેથી રખેને બોલતી ! રાજાની આજ્ઞા ભંગ કરનારને તે શીક્ષા અરે ! તેથી પણ વધારે શીક્ષા રાજા કરે છે ! તેને જાહન્નમની ખાઇમાં રાજા મોકલે છે.

ત્યારે રાજા કોઇની આજ્ઞા ભંગ કરે તો તેને શીક્ષા કોણ કરે!

જોને ! હમને તો તું આટલી શીક્ષા તો કરે છે, રાજાઓને આટલી શીક્ષા તો ઘણીજ છે. માટે હવે શાંત થા ! રાજાએ કહ્યું.

ના ! તમારા જેવા કઠોર હૈયાના રાજાઓ તો એથી પણ પણ વધારે શીક્ષાને લાયક છે. લ્યો ! ત્યારે શું શીક્ષા કરશો ! અમો રાજાને શીક્ષા કરવાનું તમને સોંપીએ તો તમે તેને શું શીક્ષા કરો ! તેણે કહ્યું

હું તો તમારા જેવા રાજાને સખ્તમાં સખ્ત શીક્ષા કરી એક દમ બધી ખોડ ભૂલવાડી દઉં. મારી શીક્ષા માન્ય હોયતો હમણાંજ તમને પરખાવી દઉં ! રાણીએ કહ્યું.

તમારી શીક્ષા મારે કબુલ છે, બોલો જોઇએ !

ના ! ના ! અમારે તમને શીક્ષા કરવીએ નથી ને એટલું ડાહપણ જોઇતુંએ નથી,

રાણી ! બોલ, બોલતી'તીને ! બોલતાં બોલતાં કેમ બંધ પડી ગઇ. લ્યો ત્યારે પહેલાંતો એકદમ પેલા એ બંધીવાનોને છોડી મુકો ! અને તમારી રીસાયેલી રમણીને પછી મનાવો !

રાણી ! તારી એવીજ ઇચ્છા છે,

હાજી ! જ્યાં સુધી તેઓ છુટાં થશે નહિ, ત્યાં સુધી હવે તમારી સાથે બોલીશું પણ નહિ.

રાણી ! તું જાણતી નથી કે હું મનાવું છું ત્યાં સુધી, નહિતર છંછેડાયેલા કેશરી આગળ તારી શું દશા થશે, તે વખત યાદ કર ! રાજાએ કોપ ભાવ બતાવીને ભયનું દર્શન કરાવ્યું.

એવું બોલી ડરાવતાના ! આ સામી તરવાર લટકે છે; એકદમ તેને ખેંચી તમારી કોપાગ્નિ કદાચ શાંત કરશો. એજ કે બીજું ! તમે ફીકર કરતાના ! કંટાળેલી હું હવે તેટલીજ રાહ જોઉં છું !

મને કોઇ ઓરતો હવે બાકી નથી તેમ તમારી પરવા પણ નથી અને કીર્તિથી મલીન થયેલા આ જીવનની પણ મને દરકાર નથી. રાણીએ આખરને પાટલે ચડીને રાજાને રોકડુ પરખાવી દીધું.

રાણી ! શા માટે મરવાને તૈયાર થઇ છે ! એવું બોલી મને દુઃખી કરતી ના ! તેણે કહ્યું. અને શાણા ! મધુર મધુર બોલી આ ભોળી અબળાને ઠગતાના ! અરે ! પેલા બિચારા નાહક માર્યા જશે ! અને તમારી મનની આશા હમણાં મનમાં રહી જતાં પાછળથી પસ્તાશો ! માટે વ્હાલા તમે માનો ! અને તમારા પાલવે પડેલી તમારી ભોળી ભામનીને મનાવો !

રાણી ! આટલી બધી રીસ તે હોય ! પ્રીતિ કલહમાં આવા ઝઘડા હોતા નથી. તું માની જા ! પરમ કૃપાળુ પરમાત્મા તારી જીંદગીને સલામતી આપે ! બંધાયલી સ્નેહની સાંકળને તોડી ન નાંખ ! તારે પાછળથી પસ્તાવુ પડશે -હૃદયનો જે લાખેણો લ્હાવો બાકી હોય તે ભોગવી ત્હારૂં જીવન સરળ કરી લે ! ત્હારી રીસનો તો આડો આંક ! અરર ! તને લગાર પણ મારા વચનના અસર થતી નથી. તું આવી હઠીલીજ થઇ ગઇ. વ્હાલી ! માન ! માન !

" પળમાં રીસાણી શું રસીલી, ભાન પણ ભૂલી ગઇ;
માનતી મધુરી નથી તું, સુંદરી કરમાઇ ગઇ
વેળા રસીલી વહી જશે, જુવાની આ ચાલી જશે;
પસ્તાવો પાછળથી થતાં, અરે ! કાળ કહેણું રહી જશે "

રાણી ! હઠીલી નથા ! ઉભયના સ્નેહમાં પત્થરો નાંખી તું ચાલી જઇશ નહિ તારૂં ધાર્યું તું કરીશજ ! સ્ત્રી હઠ આજે તેં પૂરી પાડી.

હાં ! હાં ભોળી અબળાઓને ઠગતાં તમને સારૂ આવડે છે ! જાઓ ! જાઓ ! મારા જેવી ભોળીને ફસાવી ઠગારા ! ઠગતાના !

ઠગારાં તો અમે કે તમે ! જુઓને ! ઠગાઇ વિદ્યા કરીને તો તમે અમને ઠગી લીધા.

અમને ઠગતાં આવડુએ નથી, ને તમારી સાથે બોલવું પણ નથી. પેલા બિચારા કદાચ માર્યા જશે તો રંગમાં ભંગ પડશે, પેલી બિચારી સ્ત્રીનું ખરાબ થશે, તેના મનની આશાઓ મનમાંજ સમાશે. અને સુધરેલી બાજી પાછી વિણસી જશે. રાજા વાર લગાડતા ના ! એકદમ હુકમ ફરમાવી દો. રાણીએ ઝટપટ જણાવી દીધું.

એટલામાં જોરથી વાગતી ઘંટડીનો નાદ કાન ઉપર અથડાયો રાજા અંતઃપુરમાં હોય ત્યારે કોઇએ જવું નહિ એવી મનાઇ હોવાથી ખાસ જરૂરના કામે આ ઘંટ વગાડવામાં આવતો. આજે પણ આ ઘંટનો નાદ સાંભળીને તરતજ રાજા ચમક્યો. એકદમ રાણીને ત્યાં મુકીને બહાર આવ્યો, તરતજ પ્રધાનની દાસીએ ચુપચુપ નમન કરીને રાજાના હાથમાં પત્ર મુકી દીધો. રાજાએ તે પત્ર ત્વરાથી વાંચવા માંડ્યો.

નરવર મુગુટમણિ છત્રપતિ રાજ્ય રાજેંદ્ર યોગ્ય પવિત્ર સેવામાં.

મુ. માંડવગઢ રાજ્ય મહાલય.

વિશેષ આપને સવિનય અરજ કરવામાં આવે છે, કે નગરીના હાલમાં શું સમાચાર છે તે આપ જાણતા હશો. આપની પ્રત્યે નગરીના જનો કેટલા બધા ઉશ્કેરાઇ ગયેલા છે, તે આપની લક્ષ્ય બહાર નહિજ હોય. શ્રીપાળ જુગારી કેટલાક અવાર નવાર પ્રસંગોથી રૈયતની પ્રીતિને કેવી રીતે મેળવી શક્યો, તે આપને વિદિત હશે, તેને ગરદન મારવાથી લોકોનાં દિલ કેવાં દુઃખાય છે તે કહેવું અશક્ય છે. જોકે આપ તેને ગરદન મારવામાં કાકતાલીય ન્યાયે કરીને કદાચ ફાવી શકશો, પરન્તુ તેથી આપને પાછળથી ઘણું સહન કરવું પડશે. એટલુંજ નહિ પણ જગતમાં અને આખી નગરીમાં તમે ધિક્કારને પાત્ર બનશો. નગરીના લોકો અત્યારથીજ તમને ધીટકાર આપે છે, શ્રીપાળની જીંદગીને સલામત રાખવા અને તેની રમણીનું શૌભાગ્ય લંબાવવા તેમજ તમારા કઠોર હૃદયમાં દયાનો ઝરો પ્રગટાવે તેને માટે તેઓ પરમાત્માની બંદગી કર્યા કરે છે. આખી પ્રજા આપ પ્રત્યે કગકગતી નજરે પડે છે. નગરના શાણા અને સમજુ પુરૂષોનું પણ એવું મત છે કે રાજા આ બન્ને બંદિવાનને ગરદન મારતાં અટકાવે અને તેમનો ગુન્હો માફ કરે ! જોકે પ્રથમ શ્રીપાળ તરફ લોકોનું આટલું બધુ વલણ નહતું, તથાપિ કેટલાંક કારણો એવાં મળ્યા છે કે જે લોકો તેને મરેલો જોવાને ઇચ્છતા'તા, તેજ લોકો દયાને પ્રગટાવતા થકા તેના જીવન માટે બંદગી કરતા છતા તેની જીવનદોરીને ચાહે છે. ખરેખર શ્રીપાળ જુગારી જેવું રસીકતાવાળુ અને વિદ્વતાથી ભરેલુ શાણપણ યુક્ત રત્ન તેનો વિલય થતાં માંડવગઢ નગરને તેની ખોટ પડી જશે. એવું લોકોનું મન્તવ્ય છે ટુંકામાં એટલુંજ જણાવવું બસ છે કે તેના મરણથી આપને ઘણુંજ સહન કરવું પડશે. માટે આ વખતે આ બન્ને કેદીની શીક્ષા રદ કરવાને વગર વિલંબે હુકમ બહાર પાડવો એજ શ્રેયઃકર છે. ઇતિ.

લી. મંત્રી.

આપનો શુભેચ્છક. પેચડકુમારના પ્રણામ.

પત્ર વાંચી રાજા વિચારમાં પડી ગયો, અહીં રાણી પણ રડે ચડી છે. નગરીના લોકો પણ ઉશ્કેરાઇ ગયા છે, ખરેખર જેને રામ રાખે તેને કોણ ચાખે. હું ગમે તેવી રીતે તેને મારી નાંખવાને પ્રયત્ન કરૂ પણ તેનું દૈવજ તેને બચાવવાને તૈયાર છે તો હું કોણ

માત્ર છું! અરર! સમુદ્રના અગાધ જળમાં પડયા છતાં પણ માનવી દૈવથી શું બચવાને નથી પામતા! મરણની શય્યા ઉપર પોઢેલા મરણીયાઓ શું દૈવ યોગે સારા થતા નથી? સાપ અને વિષ પ્રમુખના ઝેરથી મરી જતા મનુષ્યો પણ દૈવ વશાત્ શું આરોગ્યપણાને પામતા નથી? કેશરી સિંહના પંજામાં સપડાયલું શિયાળવું પણ શું ભાગ્ય યોગથી છુટી જતું નથી? પર્વત ઉપરથી પડતા પ્રાણીઓની શું દૈવ જે તે રક્ષા કરતું નથી? માટે જ્યાં દૈવજ બળવાન્ છે તો માનવ પ્રાણીનું ધાર્યું શું થવાનું છે.

તરતજ તે નવાઇ પામતો એક કાગળ લખીને દાસીના હાથમાં મુકી તેને રવાને કરી રાજા ઓરડામાં રાણી પાસે ચાલ્યો ગયો. રાણી તો બધુ જાણી ગઇ'તી. રાજાની પાછળ પાછળ આવીને છૂપાઇ રહી બધો તમાશો જોઇ લીધો'તો, પછી એકદમ રાજાના આવત પહેલાં આવીને તેણી પો'ઢી ગઇ'તી, રાજાએ આવીને રાણીના હાથમાં પેલો પત્ર મુકયો. અને કહ્યું લ્યો! છેવટે તમારૂંજ ધાર્યું થયું. રાણી પત્ર વાંચી ગઇ અને તેનો શું જુવાબ લખ્યો તે પૂછયુ.

તામારી મરજી જેને બચાવવાની થઇ તો પછી તેને કોણ મારનાર છે! પ્રધાનને જણાવી દીધું કે તેમને એકદમ મુક્ત કરો! ધુતારાને દેશ નિકાલ કરો ને જણાવજો કે હવેથી કોઇ વખત અમારા દેશમાં તમો આવશો તો તરત તમને પકડવામાં આવશે, અને શ્રીપાળને ઇનામ આપી વાજતે ગાજતે તેમે ઘેર મોકલી આપો! લો! રાણી! હવે તને કાળજે ટાઢક વળી કે નહિ; તુંતો બહુ જબરી છે! તું હવેથી મને બહુ પજવ્યાં કરે છે! તેણે કહ્યું.

હાસ્તો! અમેજ તમને સતાવીયે છીએ, તમે કાંઇ અમને સતાવો છો! જાઓ! ખસો અહીંથી! મને અડતા ના! એ તમારા કામણગારા હાથોમાં શું જાદુ ભરેલું છે કે તે અડકતા પહેલાંજ મને તો ઘાયલ કરી દે છે, રાણીએ પોતાના અધરને ફરકાવતાં છતાં રાજાને કટાક્ષ મારતાં જણાવ્યુ.

રાણી! હવે બહુ થઇ! જવાદે! તારી શિતળતાનો મધુરો સ્વાદ મને લેવાદે! મને ઉકળાટ બહુજ થાય છે. પવન નાંખ!

મારૂં દુઃખ દૂર કરી મને શાંતિ આપો રાજાએ નિશ્વાસ નાંખતાં થકાં કહ્યું.

મનાયેલી રાણી રાજાની અનેક રીતે સેવા કરવા લાગી. રાણીની સેવાથી રાજા તૃપ્ત થયો. આખો દિવસ રાણીના સહવાસથી અપ્રશ આરામમાં તેના મંદિરમાંજ પસાર કર્યો.

## પ્રકરણ ૨૭ મું

### "જેને રામ રાખે તેને કોણ ચાખે"

अरक्षितं तिष्ठाति दैव रक्षितं
सुरक्षितं दैव हतं विनश्यति ।
जीवत्यनाथोपि वने विसर्जितः
कृत प्रयत्नोपि गृहे न जीवति ॥ १ ॥

**ભાવાર્થ**—જેની કોઇ રક્ષા કરતું નથી, તેની દૈવ રક્ષા કરતું ફરે છે, અને જે સારી રીતે રક્ષણ કરાયેલો છે તેનું દૈવ નાશ પામવાથી તે પણ નાશને પામે છે. અર્થાત્ કોઇ પણ પ્રકારના આશ્રય રહીત અને વનમાં ગયેલો હોય તોપણ તે જીવે છે, અને કોટી પ્રયત્ને કરીને પણ જો તેનું દૈવ હણાઇ ગયેલું હોય તો તે ઘરમાં પણ જીવતો નથી.

માં ડવગઢ નગરની બહારના પ્રદેશમાં અત્યારે હજારો માણસોની મેદની ભરાયેલી છે. દરેકનાં હૃદય આજકાલના વિચિત્ર વાતાવરણથી છિન્ન ભિન્ન થઇ શોકથી વિહવળ બની તેમના સુંદર મુખડાં આજે ઉદાસિનતાના કાળા વાદળથી આચ્છાદિત થયાં છે. "અરર ! એક માલેક તુજાર

શેઠીયો અત્યારે નજીવા વાંકની ખાતર માર્યો જાય છે, હા તેને ઘરમાંથી છાનો માનો ગુપ્ત રીતે પકડીને લઇ ગયા હોત તો અમને આટલો બધો પશ્ચાત્તાપ થાત નહિ. પણ આતો બાજી બગડી જવાની અણી ઉપર આવી. એક જુગારની લત તેને પડી અને તેથી પહેલીવાર પણ માર નહિ કરતાં તેને ગરદન મારવો તે કેવો ન્યાય કહેવાય! શું રાજ્યમાં આવુંજ અંધારૂં ચાલે છે! પ્રેથકુમાર જેવા બહાદુર અને ઉસ્તાદ મંત્રી છતાં પણ આ જુગારી અવસ્થાને પામનો નથી એ કેવી તાજુબી ભરેલી વાત કહેવાય! જોકે તેણે રાજાની આજ્ઞાનો ભંગ કરી અપરાધ કર્યો છે. તથાપિ તેના આજુ બાજુના સંયોગો તથા તેની રસિકતા, કોમળતા, ગૌરવતા અને લઘુતા જોતાં અને તેની ભોળી સુશીલ પત્ની તરફ નજર કરતાં રાજાએ તેને એકવાર દયાની નજરથી નિહાળી માફી બક્ષવી જોઇએ, જળ વગરની માચ્છલીની પેઠેમ તેની રસીલી રમણી આજે તેના વગર તરફડીયાં મારતી હશે, અથવા તો મરી પણ ગઇ હશે, અરે! તેણીની વાણી પણ કેવી મધુરતાના સ્વાદવાળી છે. આ જુગારીરૂપ અનોપમ રત્નની થોડીજ વારમાં માંડવગઢને ખોટ પડી જશે, એટલુંજ નહિ પણ તેની સ્ત્રીને અને તેના કુંટુંબમાં તો તેની ઘણીજ ખોટ પડશે “ છોરૂ કછોરૂં થાય તો પણ માવીતર કમાવતર ન થાય ” એવો આ સૃષ્ટિનો સર્વ માન્ય સાધારણ નિયમ છે. તો તે નિયમને અનુસરીને રાજાને અત્યારે ખરેખર અણીને વખતે ઉદાર થવાની ઘણી જરૂર છે. હા! આવા હૃદયભેદક બનાવથી કટ્ટા દુશ્મનને પણ દયા આવ્યા વગર રહે નહિ, તથાપિ રૈયતને પિતા તુલ્ય પાળનારા એવા રાજાને શેની દયા આવે! એ પ્રમાણેના ઉદ્ગારો વડે ગરદન મારવાની અણી ઉપર રહેલા શ્રીપાળ જુગારી માટે દિલસોજી બતાવતા અને તેને માટે અશ્રુનાં બે બિંદુઓ સરકાવતા લોકો તેના વદનને નિરખતા છતા આકુળ વ્યાકુળ થઇ ગયા છે અને માંહોમાંહે એક બીજા અરસપરસ અનેક પ્રકારની વાર્તાઓ કરી રહ્યા છે. જગત્ દિવસનો વખત છતાં પણ જાણે અત્યારે શાંત અને કરૂણામય ભસતું હોય તેવો દેખાવ બતાવી રહ્યું છે. વૃક્ષો પણ પોતાના આશ્રય તળે એક માલેક તુજાર વ્યવહારીયો પણ જુગારીયો બનેલો જુગારી તેને નજીવા કારણથી ગરદન મરાતો જાણી નારાજ થયાં હોય તેમ અત્યારે સ્થિર થઇ

ગયાં છે. વૃક્ષના આશ્રયમાં રહેલાં અનેક પ્રકારનાં વનવાસી પામર પંખીના યુગલો પણ આ જુગારીને ગરદન મારવાના કારણથી હોય અથવાતો બિચારી તેની તરૂણ તરૂણીને તરફડતી જાણીને હોય. કે રાજાના ઘાતકી હૃદયથી તેમને કંઇ કારણ મલ્યું હોય, અથવા ગમે તેમ હોય પણ અત્યારે તો તેમના રૂદનનાજ શબ્દો સંભળા'તા, રાજાના અન્યાયથી કહો કે પતિવ્રતા રમણીની ઉદાસિનતાથી અથવા તો તેના રૂદનથી કહો કે લોક લાગણીથી કહો ગમે તેમ હોય પરન્તુ જગતનાં અયોગ્ય કાર્યને નહિ જોઇ શકનારો સવિતા નારાયણ અત્યારે ગાઢ મેઘના કાળા વાદળાંમાં છુપાઇને ભરાઇ બેઠો' તો. અત્યારે આકાશમાં કાળાં વાદળાં ભરાઇ ગયાં છે. અલ્પ સમયમાં આ પૃથ્વીને જળજળ કરી પાણીથી રેલમછેલ કરી દેશે, અને આપણને કેટલું બધું સહન કરવું પડશે, તેની પણ દરકાર નહિ કરનારા લોકોનાં અત્યારે કોણ જાણે તેમનાં હૃદય કેમ કઠોર બન્યાં છે કે જેથી તેઓ પાષાણ સદૃશ હઇયાવાળા થઇને જુગટીઆના મરણની સ્થીતિ દેખવાને અને મરતી વખતે તેના શું ઉદ્ગારો નિકળે છે? તે સાંભળી કાનને પવિત્ર કરવાને કાજેજ હોય નહિ તેમ તેઓ ઉભેલા છે.

એક તરફ લોક લાગણી જયારે આવા પ્રકારની ઉશ્કેરાયલી છે, ત્યારે બીજી તરફ ચાંડાળો પોતાની તરવારોને મ્યાનમાંથી ખુલી કરી આકાશમાં ચમકાવી નિર્બળ પુરૂષોને ભય ઉપજાવતા હતા. કોઇ જલાદ પોતાની તરવારને વસ્ત્રના છેડાથી સાફ કરવા લાગ્યો. ત્યારે કોઇ જલાદ પોતાની તરવાર કેવી ચમકવાળી અને પાણીદાર છે તેને માટે તે ખુશી થવા લાગ્યો, ત્યારે બીજાએ બે થાળો તૈયાર કર્યા, જેમાં બે જણનાં મસ્તક કાપીને તેની અંદર મુકી તે થાળ રાજાને બતાવવાના હતા.. તે બંનેને હવે અંતિમ હુકમ થયો. કે" તમારે તમારા ઇષ્ટદેવનું સ્મરણ કરવું હોય તો કરી લેવું. ફકત પાંચ મિનિટમાંજ હવે તમારા બેનાં મસ્તક ધડથી જુદાં થઇ જતાં તમો આફાની જગતનો હજારો લોકોની નજરો આગળ ત્યાગ કરીને ચાલ્યા જશો માટે તાકીદે તમે ઇષ્ટ દેવનું સ્મરણ કરો ? " ચાંડાલોનો હુકમ સાંભળીને તે બંને જણ પોત પોતાના દેવને સંભાળવા લાગ્યા અને શ્રીપાળ જુગારી પણ મનમાં વિરકતપણે વર્તી સંસારની કોઇ પણ વસ્તુ ઉપરથી રાગને દુર કરતો હવો. જગતની વિચિત્ર

કૃતિઓને જાણી તેને તો જુદોજ અનુભવ મળતો. અહો! દૈવની ગતિ કેવી વિચિત્ર છે! તેના મનમાં અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા, દુનિયાના અવાર નવાર સંયોગોથી તેનું મન દૃઢ અને સાહસિક વૃત્તિવાળું બન્યું હતું. તેને પોતાને માટે બહુજ નવાઇ લાગતું " અહો! માણસોને દુર્દૈવ કેવા પ્રકારનું હોય છે. જોકે મરણતો દરેકને માટે નિર્માણ થએલું હોય છે તથાપિ મરણે મરણે પણ ફેર હોય છે, ખેર! કુદરત! કુદરત! ભલી ભાગ્ય દેવી! તેંપણ તારા પંથીજનને પુરેપુરો બદલો આપ્યો, આહ? માણસોને અણધારી આફતો કયાંયથીએ આવી પડે છે, કે તે બિચારો ભાગ્યેજ તેમાંથી બચવાને શકિતવાન્ થાય છે, અરર? જગતમાં આવાંએ દૈવ હોતાં હશે?

## સોરઠો.

" દુઃખના ડુંગર શીર, અણચિંત્યા વરસી રહ્યા,
રાખો ધિરજ વીર. ડાહ્યા પણ ડુબી ગયા; ૧
જોડી શ્રી જુગદીશ. પાંડવ સરખા નરપતિ
વેઠયા જંગલ વાસ, દેવ કળા ન્યારી ખરે? " ૨

માનવીની શી ગુંજાસ હોય કે જેથી દૈવ આગળ પોતે પોતાનો વિજય ડંકો વગડાવી શકે! માનવીની એવીતે શું સત્તા રહેલી છે કે જેથી તે શકિતના પ્રભાવથી તેનું દૈવ અંજાઇ જઇ તેને આશ્રિત થઇ જાય! માનવીમાં એવું તે કયા પ્રકારનું બળ રહેલું છે કે તે બળના ગોરવ અને ગર્વિષ્ટપણાથી તે દુર્દૈવને જીતી શકે! ના! ના! તેને માટે તો કંઇ પણ ઉપાય છેજ નહિ; અને હશે તો જણાશે! દૈવની મહેર વિનાશ થઇ કે માનવીને તેના ભોગ થવું જ પડે; હેમનડા! તું શા માટે નિરાશ થાય છે! આ જગતમાં કોનું ધાર્યું થયું છે. રાવણ સરખા અંહકારી રાયની ધારેલી ધારણાઓ પણ મનમાંજ રહી ગઇ. દુર્યોધન સરખા ગર્વિષ્ટ છત્રપતિની આશાઓ હૃદયમાંજ સમાઇ ગઇ. અને એક વખતના છત્રપતિ એવા તેઓ જંગલમાં ભુંડી રીતે મુવા! તો પછી તારૂં શું બગડવાનું છે તું વ્યર્થ ખેદ નહિ કર! હે ચેતન! તારી પછી દુનિયામાં શું બનશે! તે ત્હારે કયાં જોવા આવવું છે? માટે હેમના! શાંત થઇ તારી અંતિમ ઘડીઓને તું સંભાળી લે! શોક નહિ કર!

## સોરઠો.

"હે મન માંકડરૂપ, વ્યર્થ ખેદ તું શીદ કરે
ભાગ્યા ભડ વીર ભૂપ, ત્હારૂં ધાર્યું કેમ થશે !
ભટકે ભોળાનાથ ખોપરી ઝાલી હાથમાં
ભૂંડું જયારે ભાગ્ય, માનવનો શો આશરો ?"

દૈવની પ્રબળ સત્તામાં ફસાયેલું પામર માનવરૂપી મગતરૂં શું કરવાને સમર્થ છે ? જગતમાં દેવની પ્રાબલ્યતાથી સહીસલામત રીતે કોણ બચવા પામેલો છે ? છત્રપતિ શ્રેણીક નૃપતિ જેવાને પણ કેદખાનામાં રહેવું પડયું'તું, એટલુંજ નહિ કિંતુ પોતાના હસ્તની અંગુલીને શોભાવતી એવી અંગુઠીમાં રહેલો પાણીદાર હીરો તેને ચુસીને અકાળે કેદખાનામાંજ તેમને મરવું પડયું હતું. વિજયની કાંક્ષાવાળા પણ લડાઇમાં પરાભવ પામેલા ચેડા મહારાજાને દૈવ યોગેજ વાવમાં પડીને પોતાની કોમળ કાયાની આહુતિ આપવી પડી'તી, એટલું જ નહિ પરન્તુ તેમ કરીને પણ પોતાની કીર્તિ મલીન નહિ કરતાં તેમણે અમર રાખી'તી. પથ્વીરાજ જેવા દીલ્હીના ના શૂરા શહેનશાહનું કેદખાનામાંજ મરણ નીપજ્યું'તું. અરે ! મારીજ માફક આજ માળવાની ધારા નગરીના પ્રખ્યાત પરમાર વંશીય મુંજ રાજા તેનું આવી રીતે દુષ્ટ દૈવયોગે ચાંડાલોને હાથે શું મસ્તક નહોતું કપાવ્યું ! આહ ! ખરેખર મારૂં મરણ તેના જેવું જ ગણાશે, તેને માટે જેમ લોકો નારાજ થયા હતા. તેવીજ રીતે લોકો મારી પ્રત્યે દિલસોજી બતાવે છે પરન્તુ તે એક નરપતિ રાજા હતા, અને હું એક ધનાઢય માલેક તુંગાર શેઠીયો પણ જુગારી છું. જગત મને તેની સાથે બીજે નંબર ગણશે.

અરે ! હેચેતન ! તારાં કરેલાં કર્મ તને આ ભવમાંજ ફળ્યાં, જે માણસો કાંઈ પણ ન વિચારતાં હરદિન પાપમાંજ મશગુલ રહે છે, તેને તેનાં કૃત્યો આ ભવમાંજ ભોગવવાં પડે છે, ભલેને પાપી પલકવાર ફાવી જાય, પરન્તુ અંતે તો તે મરવાનો જ છે. તેનાં કાળાં કર્મનો બદલો લેવાને એક દિવસ તેને જાહન્નમની ખાઇમાં જવાનું જ છે. એક જુગારની લતથી મારા એ હાલ થયેલા જગત જોઇ રહી છે તો પછી કાળાં ધોળાં કરનારા અને લાખોની લાજો લુંટનારા તથા કંગાળોની થાપણો ઓળવનારા અને દિકરીયોના

પૈસા ખાનારા અધમ કસાઇઓ અને તેનાં દલાલાં કરનારા નરપીશાચો આવા પાપીજનોને તેમનાં પાપકર્મ કેમ છોડશે? ખરેખર તેમણે તો આગળથીજ પોતાને માટે જાહન્નમના રસ્તા ખુલ્લા મુકાવ્યા છે, જેવી કરણી કરશે તેવી દરેકને ભરવાની છે, હા ! કહ્યું પણ છે કે

## ગાયન.

" દશા કરે તે કોઇ ન કરશે, મુરખ કરે અભિમાન
માનવ મગતરૂં શું કરે જ્યાં, દઇવ દશા બળવાન
કાયા બંગલે જીવ મુસાફર, ઘાટ ભલે ઘડતો
એક દિન એવો આવશે ભાઇ, નરકે જઇ પડતો
લાખો જનની લાજો લૂંટીને મનમાં મકલાતો
પાપના પોટલા બાંધીને, પાછળ પસ્તાસો
કંગાળોની થાપણો ઓળવી, વગસગથી નડતો
આવે દશા જ્યાં કારમીતો, દોજખમાં જઇ ઠરતો "

હા ! કાળાં કરનારો અમૃત સરખો પાપી મારી માફક પાછળથી પસ્તાશે. ત્યાર તેની આંખ ઉઘડશે. હા ! પાપનું ફળ તેને અહીંને અહીંજ મળશે, પાપી ! મકલાઇશ નહિ, ચાર દિવસની મઝા માણી લે, પણ આગળ ત્યારે જાહન્નમની ખાઇમાં ઘણો કાળ રહેવાનું છે. તેનો વિચાર કરજે, મુર્ખ સમજુ હોય તો અત્યારથીજ સમજી જા, નહિ તો મારી પેઠેમ પાછળથી પસ્તાઇશ. એટલામાં તેની વિચાર શ્રેણી પ્રભુના ધ્યાનમાં લયલીનતાને પામી ગઇ.

" કેમ ? અસ્યાઓ ! કેટલી વાર છે. થોડી વારમાં આ તરવાર મસ્તક ઉડાડી દેશે, તાકીદ કરો ? ભગવાનને ભેટો કે મુવા પછી તે તમને સદ્ગતિ આપે ! " એમ કહેતાની સાથે ચાંડાલ આંટા મારવા લાગ્યો.

ચાંડાલનાં આવાં વાયક સાંભળી જુગારીની વિચાર શ્રેણી પાછી પલટાઇ ગઇ. માણસને દુઃખ વખતે જગતમાં ધર્મ તેજ શરણ છે. મારે અત્યારે અન્ય વિચાર કરવાની કંઇ પણ જરૂર નથી. પાંચ મિનિટમાં તો આ ચાંડાલો અમારાં મસ્તક જુદાં કરી નાંખશે. ધર્મનો મહિમા અવર્ણનીય છે, કેમકે પહેલાં જ્યારે રાજાએ શૂ-

ણીને કલંક ચડાવી કાઢી મુકી'તી, ત્યારે રાણીએ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા સામી રાખી ધ્યાન કરી કંઇ પણ જાપ કર્યો'તો, તેથી રાણીનું સંકટ તો ગયું તે ગયું, પણ ઉલટું રાજાએ તેણીનું કેટલું બધું સન્માન પણ કર્યું'તું. માટે ખરેખર એ પાર્શ્વનાથમાં કાંઇ પણ ચમત્કાર જણાય છે, તેના અધિષ્ઠાયક દેવતા બળીઆ છે, જેથી ઝટપટ ભકતોની વારે તે દોડી આવે છે. વળી પેથડ કુમાર મંત્રીશ્વર પણ પ્રથમ ઘણીજ ગરીબ હાલતમાં હતા. ધર્મના આરાધનથીજ તેમની ઉંચ્ચસ્થીતિ પ્રાપ્ત થઇ છે, તેઓ એક વખત વાત કરતા'તા કે તેમના પિતા દેદાશાહ પણ એક શુરવીરને છાજે તેવા બહાદુર પુરૂષ હતા, તેમને એક વખત લોહની બેડીઓ પહેરાવી રાજાએ કારાગારમાં પૂર્યા'તા, પણ શ્રીપાર્શ્વનાથ ભગવાનનું હૃદયથી અત્યંત ભક્તિપુર્વક આરાધન કરવાથી તરતજ તેમની બેડીઓ ભાંગી નીચે પડી ગઇ એટલુંજ નહિ પરતું તેમના અધિષ્ઠાયક દેવે તેમને બંધનમાંથી મુકત કર્યા, ને ત્યાંથી ઉપાડી તેઓને સ્ત્રીની પાસે મુકી દીધા. રાજાએ પાછળ ઘણી તપાસ કરાવી પણ તેનું કાંઇ વળ્યું નહિં; માટે ખરેખર મારે પણ તેનુંજ શરણ છે, તેજ પાર્શ્વનાથ ભગવાનનો હું અત્યારે આશરો લઇ તેને વિનંતિ કરૂં છું કે હે પાર્શ્વરાજ ? હે ત્રિભુવન જગધણી ! તારા શરણાગતનુ તું રક્ષણ કર ! જગતમાં તારી કૃતિ આશ્ચર્યથી ભરપુર છે. તું નરવર નાયક જગતમાં એક ધુરંધર શિર છત્રરૂપ છે. મારે શું ? હું તો મરવાની અણી ઉપર છું. મારૂં જીવન મેં તનેજ અર્પણ કરેલું છે, ચહે તો મારો અગર જીવાડો તું સમર્થ દયાળુ છે. હું મરીશ તેની મને દરકાર નથી પણ તારો શરણાંગત મરશે તેની લાજ તમને છે, જગતમાં મારી ગતિ અગર મારો આશરો તુંજ છે, ભક્તની ભીડ ભાગવાને તું તૈયાર થા ! તારા જુગટીયા સેવકનું તું રક્ષણ કર ! આજથી હું મારો ઇષ્ટદેવ તનેજ માનું છું. કદાચ હું અહીંથી મૃત્યુ પામું, તોપણ પરભવમાં મને તુંજ નાયક મળજે. હે પાર્શ્વચિંતામણે ! તારા ભક્તની ભીડ તારા અધિષ્ઠાયક દેવો નહિ ભાગે તો પછી કોણ ભાગશે !

આ મરણમાંથી જો હું બચીશ તો નિરંતર તારી ભકિત કરીશ, મારો જુગારનો ધંધો ત્યાગી દઇશ. એટલુંજ નહિ પણ દિન પ્રતિદિન અધિક અધિક ધર્મધ્યાનમાં હું સાવધાન થઇશ. તે

પૂર્વે ઘણુંને સહાય કરી છે, ચિંતામણે! તારી ભક્તિથી ઘણા જીવો આ લોકમાં સુખી થયા છતા ભવ સમુદ્રને પણ તરી જાય છે, જે ભાગ્યવંત હોય છે તેવા સમજુ પુરૂષનું ચિત્તજ તારામાં જોડાય છે. તારા ધ્યાનથી સત્વર માણુસ પોતાનુ કાર્ય સિદ્ધ કરી શકે છે. વ્હાલા પ્રભો! તુંજ ચિંતામણી રત્નને નિહાળતો છતો કાચનો કકડો હું શા માટે ગ્રહણ કરૂં! તારા સરખો માત્રેક હયાતી હોત તો મારી આ દશા ન થાત! હે વિભો! તું કેશરીસિંહ જગતમાં ગર્જના કરતે છતે શું માનવોનાં સંકટ રૂપી મોટાં હાથીઓનાં ટોળાં રહી શકે છે! અજ્ઞાન રૂપી અંધકારને દુર કરવાને સમર્થ ચિંતામણી એવો તુંજ સુર્ય ઝગઝગતે છતે માનવોનાં દુઃખ રૂપી કાગાં વાદાં કયાં સુધી ટકી રહે! તેં કૃષ્ણ મહારાજનું દુઃખ દુર કર્યું તો મારી આશાને પૂર્ણ નહિ કરે! એક નાગ સરખા તિર્યંચનું રક્ષણ કરવાને તમે દોડી આવ્યા તો હે વિઠલવર! મને તરછોડી દેશો? ના! ના! તેમ કરશો નહિ; હે દયાળુ દેવ! મને મદદ કર! દેદાશાહને કારાગ્રહથી મુક્તિ અપાવી, લીલાવતી પટરાણીનું કલંક ઉતરાવ્યું, માટે એતો નિશ્ચય છે કે તું તારી ભક્તિ કરનારની સહાય કરવાને કયારે પણ ભુલતો નથી. કેમકે તમારા અધિષ્ઠાયક દેવતા એવાતો બળીયા છે કે તારી ભક્તિ કરનારથી ઇચ્છા સહેજ વાતમાં તે પૂર્ણ કરે છે. અને આ તારા ભક્તની પણ આપદા નાશ કરશે.” ઇત્યાદિ વિચાર કરતો તે કોઇ પણ જંજાળ કે માયા પ્રપંચના વિચારો નહિ કરતાં હૃદયમાં તેની મુર્તિ સ્થાપન કરી ભાવનાથી ધ્યાન ધરવા લાગ્યો. તેના આત્મા સાથે પોતાના આત્માને અભિન્નપણે નિરખતો છતો બહાર શું શું થાય છે તે દરેક બાબતને ભૂલી ગયો. પોતે કયાં ઉભો છે તેની પણ તેને અત્યારે ખબર નથી. હૃદયની ઘટમાળા હૃદયમાંજ રમણ કરવા લાગી. શ્રી પાર્શ્વ પ્રભુના ગુણોથી તેનું હૃદય ઉભરાવા લાગ્યુ, તેનાં હૃદયના આંદોલનો ઉચ્છળવા લાગ્યાં હૃદયની તાલાવેલી તેની સાથે અભિન્ન પણે જોડાઇ ગઇ.

“ અલ્યાઓ! તમારે કેટલી વાર છે. જુઓ આ તરવારો તમારે માટે ઉંચકાણી, એકી વખતે બન્નેનાં ધડ જુદાં થઇ જશે,” ચાંડાલો બુમ મારીને કહેવા લાગ્યા. જુગારીની વિચાર શ્રેણી તુટી ગઇ. ખેર! તેની વિચાર શ્રેણીએ પોતાનું કાર્ય ત્વરાથી કરી દીધું'તું,

ચંડાળીની વાણી સાંભળી જુગારીએ બચવાની આશા છોડી. હૃદયમાં પાર્શ્વનાથનું ચિંતવન કરતાં થતાં તેના મુખમાંથી અંતિમ ઉદ્‌ગારો બહાર નીકળી પડયા.

### સોરઠો.

" લક્ષ્મી ચતુરા નાર, રાજા ઘેર ચાલી જશે,
દુજી લલિતા સાર, મુજશું સ્વર્ગ સિધાવશે;
શરણુ શ્રી ફણીરાય, અવર નથી કોઇ આશરો,
રટતાં તારૂં નામ, જીનવરજી જાશું અમો."

હે ચેતન! આ નાશવંત સંસારમાં તારાં કુકર્મનો પશ્ચાત્તાપ કરી આખરે પ્રભુ પાસે ક્ષમા માગી લે, હે પામર! તું જગતના ક્ષણિક સુખને માટે આસક્ત થઇશ નહિ, કારણ કે બાહ્ય વસ્તુઓને ત્યાગ કરવાનો દિવસ ત્હારે નિશ્ચય આવવાનો છે.

" કાયા મનોહર બંગલી, લુંટાશે તારી માનવી,
સંધ્યા સમયના રંગ જેવી, જીંદગી આ જાણવી.
આશા રૂપી વિષ વેલથી, વિંટાઇ પામર શું ફરે!
વેળા વેળાની છાંયડી, પસ્તાવો પાછળ તું કરે.

ખરેખર માણસને જગતમાં કોઇ પણ વિશ્રામ ધામ હોય તો ફક્ત શ્રી પરમાત્માનું સ્મરણજ ચિત્તને નિર્મળ કરનારૂં છે. આખી જીંદગી એળે ગુમાવી, તદપિ અંતિમ સમયને વિશે પણ પરમ પવિત્ર પાર્શ્વનાથનું શરણુ મને લાભકારી થાઓ! મારા વિઘ્નને હરણ કરનારૂં થાઓ! જગતના તારકની સ્તુતિ વસ્તુતઃ ઇચ્છિતને દેનારી છે, તથાપિ ભોળા મનુષ્યો ભ્રમણમાં ભૂલીને જ્યાં ત્યાં ભટકાય છે.

### ગાયન.

ત્રિભુવન વંદન જગદાનંદન, ચિદ્‌ઘન સરૂપી તું દાતાર;
શુદ્ધ બુદ્ધ તુ કર્મ નિકંદન, ધર્મ ધુરંધર તુ કિરતાર
સત્ય વાચક મુખમાંથી ઉચરવું ધ્યાન પ્રભુનું નિરંતર ધરવું.
ધર્મ કર્મમાં અહોનિશ રમવું, પાપ કરતાં દિલથાતો ડરવું,
સૃષ્ટિ સકળના નરવર નાયક, પારસમણિ તું છે જીનરાજ. ત્રિભુ૦
વિકટ વાટ ભવરણમાં વિચરવું, દુઃખ દાવાનલથી નહિ ડરવું,

સંકટ સમયે ધીરારે બનવું, શરણુ એક શ્રી જીનનું કરવું,
દુઃખ નિવારક જગજન સજ્જન, નટવર નંદન શ્યામ કુમાર ત્રિભુ ૭
તારક નર નાયક તું સ્વામી, સત્ય સહાયક આતમરામી
આશરો એક અંતરજામી, રિપુ જનો રેશે જખમારી;
અખિલ જગતના દુઃખીયા સમયમાં,સહાય થજ્જે શ્રીપાર્શ્વકુમારત્રિ૦

એટલા શબ્દો મુખમાંથી નીકળી પડયા, કે તરતજ પાછો ધ્યાનમાં ચડી ગયો, અહીં ચાંડાળો તરવારો ચમકાવવા લાગ્યા. લોકોનાં હ્રદય તરતજ કંપાયમાન થયાં; અરર ! હજુ સુધી પણ કંઇ જણાતું નથી, લોકો લાંબી નજર કરી જોવા લાગ્યા, પણ કોઇ આવતું જણાતું નથી, એક મિનિટમાં જગતનું કીમતી ઝવેરાત લુંટાઇ જશે, અમુલ્ય હીરો પત્થર તળે કચળાઇ જશે. લોકોના વિચારમાં ને વિચારમાં ચાંડાળોએ તરવારો ઉગામી, બન્નેને સામસામા ઉભા રાખ્યા, તરવારો જેવી પડવાની અણી ઉપર હતી, તેવામાં સડસડાટ કરતુ એક બાણુ ચાંડાલોના પગમાં આવીને પડયું. ચાંડાલો ચમકયા તરવારો તેમના હાથમાંથી પડી ગઇ, અને દગો દગો કરતા હાય પોકારવા લાગ્યા. દરેક લોકો આશ્ચર્ય પામવા લાગ્યા કે આ શું થયું ! તીર કયાંથી આવ્યું, રાજાના એક અમલદારે તેને ઉંચકી લીધું તો તેને છેડે એક કાગળ બાંધેલો જણાયો. તરતજ હજારો માણસોના આશ્ચર્ય વચ્ચે ચાંડાલોને મારતાં અટકાવી તેણે તે પત્ર છોડી વાંચી જોયો, પછી હજારો માણસો આગળ તે પત્ર વાંચવા માંડયો, દરેક લોકો પત્ર સાંભળવાને આતુર થયા છતા શાંત થઇ ગયા.

મારા શાણા, સમજુ અને વફાદાર મંત્રી પેથડકુમાર

મુ. માંડવગઢ.

તમારો પત્ર વાંચ્યો. લોક લાગણી ઉશ્કેરાયેલી જોઇ હું નારાજ છું, અત્યારનું વાતાવરણ જોતાં મારે મારો હુકમ ફેરવવાની અતિ જરૂર છે, એમ સમજી હું હુકમ કરૂં છું કે જો તે બન્ને કેદી હયાત હોયતો શ્રીપાળને વસ્ત્રાભુષણ આપી તેનું તેની યોગ્યતા પ્રમાણે સન્માન કરી તેને વાજતે ગાજતે તાકીદે તેના ઘેર મોકલી આપો, અને ધુતારાને દેશ નિકાલ કરો ! તેને જણાવવું કે કોઇ દિવસ અમારા દેશમાં ફરીને પગ મુકીશ તો તને પકડી તરતજ ગરદન મારવામાં આવશે. તાકીદે હુકમનો અમલ કરો !

લી. રાજા જયસિંહદેવના પ્રણામ.

પત્ર વાંચી હજારો લોકોનાં હૃદય હર્ષથી ઉચ્છળવા લાગ્યાં, આહ ! કેવી કુદરતની લીલા ! એક પળમાં કેટલો તફાવત ! તરતજ ચાંડાળોએ પોતાની તરવારો મ્યાનમાં મુકી તેમને મંત્રી પાસે લાવ્યા, સર્વ સરઘસ તેની પાછળ પાછળ આવવા લાગ્યું. મંત્રીએ તેમનાં ફાટાં તુટાં વસ્ત્ર ઉતરાવી શ્રીપાલને તેની ઠકુરાઇ યોગ્ય આભૂષણ પહેરવા આપ્યાં અને ધુતારાને દેશનિકાલ કરી રાજાનો હુકમ તેને પરખાવી દીધો, મંત્રીનો ઉપકાર માની ધુતારો રવાને થયો. આ તરફ જુગારી શ્રીપાળને લઇને વાજતે ગાજતે સર્વ સરઘસ તેને ઘેર આવ્યું. લલિતા પણ પોતાના ધણીને સહી સલામત ઘેર આવતો જોઇ નવાઇ પામતી થકી તેણીએ મોતીના થાળથી તેને વધાવી લીધો. સર્વ સગાં સંબંધીના હૃદય આનંદથી ઉભરાવા લાગ્યાં, પછી સર્વ સરઘસ પોતાને ઠેકાણે ગયું. જુગારી શ્રીપાળ પણ નિરંતર પાર્શ્વનાથની ભક્તિ કરવા લાગ્યો. તેને તો સાક્ષાત્ અનુભવ મળ્યો તેથી દિન પ્રતિદિન વિશેષ ભક્તિવંત થઇ ઉભય દંપતિ સુખમાં પોતાનો વખત પસાર કરવા લાગ્યાં આહા ! રામ રાખે તેને કોણ ચાખે ! તેવાર પછી નગરમાં ગુપ્ત રીતે પણ કોઇ વ્યસન રમે નહિ તેને માટે પેથડકુમાર મંત્રીના પુત્ર ઝાંઝણ કુમારને રાજા રક્ષકનો અધિકાર સોંપતા હવા, તે દરરોજ અનેક પ્રકારે નગરીનું અવલોકન કરે છે.

# પ્રકરણ ૨૮ મું.

## " ઝાંઝણકુમારની ચાતુર્યતા "

સુર્યનાં કિરણો પ્રકાશ કરતાં છતાં અને સૃષ્ટિ મંડળને તપાવતાં છતાં માનવીના હૃદયની આરપાર પસાર થયાં કરે છે લગભગ બપોરનો વખત થવા આવ્યો છે. અત્યારે લોકો પોત પોતાના કામે વળગેલા છે, શ્રીપાળ જુગારી જેવા જુગટી લોકો પણ જુગારનો ધંધો

તજી દઇ ધર્મ ધ્યાનમાં ઉજમાળ થયા થકા અનેક પ્રકારે સંસારનાં સુખો ભોગવી રહ્યા છે. જે ચિંતામણીએ પોતાનું ચિંતામણીનું બિરૂદ સાર્થક કરી પોતાની જીવનદોરી લંબાવી આપી છે, તેનો ગુણ કેમ ભૂલાય ! અલ્પ સમયની ભક્તિમાં જે જગધણી, વિશ્વપતિ, પાર્શ્વ પ્રભુએ તેને આટલું બધું અમોઘ ફળ આપ્યું છે. તેની ઘણા વખત સુધી કદાચ આ ક્ષણિક જીવન પ્રવાહમાં ભક્તિ કરી હોયતો સંસાર સમુદ્ર થકી પણ કેમ ન તારે ! કેમકે જગતમાં મોક્ષની લક્ષ્મી મેળવવી તે દરેક માનવતું મૂળ સૂત્ર હોય છે. અને તે ડાહ્યો દાતાર ભક્તને તે પણ આપવાને લેશ બી ભૂલતો નથી. ઇત્યાદિ વિચારતો અને પ્રધાન પેથડકુમારનો ઉપકાર માનતો તે અયશઆરામમાં પોતાનો વખત વિતાવતો છતો પોતાની સ્ત્રી લલિત લલિતા સાથે જાણે સ્વર્ગ અહીંજ છે અથવાતો પોતાથી ચાર આંગળ દુર છે. તેમ સુખમાં પોતાના દિવસો ગુમાવવા લાગ્યો.

એવા સમયમાં રાજા જયસિંહદેવ એક દિવસે રાજસભામાં બિરાજેલો છે. બંદિજનો અનેક પ્રકારે તેની સ્તુતિઓ કરી રહયા છે. તેની આગળ અનેક પ્રકારે નૃતિકાઓનો નાટારંભ થઇ રહયો છે. સર્વ રાજ્યજનો આ દેખાવથી અત્યારે આનંદમાં ગુલતાન થએલા છે. એવામાં દ્વારપાળે નેકી પોકારી બુમ મારી, કે હે દેવ ! નગરનું માહાજન આપને અરજ કરવાને આવે છે, રાજાએ તરતજ આજ્ઞા આપી, એટલે દ્વારપાળે તેમને રાજા આગળ લાવીને હાજર કરી દીધા. મહાજન રાજા પાસે આવી કરગરવા લાગ્યું, આજીજી કરી વિનંતિ કરવા લાગ્યું, કે " સ્વામિન્ ! આપની સૌભાગ્યવંતી નગરીમાં ચોર રૂપી અગ્નિ વડે કરીને અમે બળી ગયા છીએ, માટે ચોર થકી અમારૂં રક્ષણ કરો. નહિતર અમે બીજા દેશમાં ચાલ્યા જઇશું. "

મહાજનનાં આવાં વચન સાંભળીને રાજાએ તરતજ કોટવાળને બોલાવ્યો. તેની ઉપર ક્રોધ કરતો છતો રાજા તેને જણાવતો હવો, " રે ! અધમ ! મારો ગરાસ ખાઇને સુખે સમાધે રાત્રીને વિશે તું સૂઇ રહે છે, જેથી કાષ્ટમાં રહેલો ગુણો જેમ લાકડાને કોરે છે તેમ મારૂં નામ જ્યાં ત્યાં કોરાતું જાય છે. ચોર લોકોના ત્રાસથી ત્રાસ પામેલું મહાજન નિર્ધન થતુ જાય છે અને તુંતો તેની પણ દરકાર

કરતો નથી. " રાજાએ કોટવાળને આવતાંની સાથે રોકડું નાળીયેર પરખાવી દમ ભરાવ્યો.

' હે સ્વામિન ! આખી રાત હું ચારે તરફ ફરી ફરીને જોઉં છું, તથાપિ ચોર પકડાતો નથી. " કોટવાળે નિરાશપૂર્વક જણાવ્યું.

" હે સ્વામિ ! પર્વણીને વિશે પણ ચોરો ચોરી કરતાં અટકતા નથી, માટે નક્કી આ ઝાંઝણ કુમારજ ચોરને સહાય કરી ચોરી કરવતો હશે " અન્ય પ્રધાન વગેરે દ્વેષની અગ્નિથી બળતા લોકો અવસર જાણી રાજાના કાન ભંભેરતા હવા.

" રે અધમ ? જો સાત દિવસમાં ચોરને નહિ પકડે તો જે ચોરને શિક્ષા થશે, તે તને કરવામાં આવશે. " અન્યની શિખવણીથી ભોળવાયેલા રાજાએ કોટવાળ ઝાંઝણકુમારને માનવંતુ ભારે કીમતી ખરખડીયું આપી દીધું.

પછી રાજાએ ઝાંઝણકુમારને સન્માન કરી મહાજનને સમજાવી તરતજ રવાને કરી દીધા. ઝાંઝણ કુમાર ચોર પકડવામાં નિરતર સાવધાન પણે તત્પર થયો. પણ ચોર લોકો પકડાયજ શા માટે ! તેઓ સાત દિવસ સુધી ચોરી કરવા નિકળ્યાજ નહિ અને સાતમા દિવસને ભૂલથી આઠમો દિન જાણીને ચોરો ચોરી કરવાને નીકળ્યા. મધ્ય રાત્રીને સમયે જુદા જુદા માર્ગ થકી આવીને ચૌટાના મધ્ય ભાગને વિશે તે એકઠા થયા. હવે આજે સાતમો દિવસ હોવાથી એકાકી ઝાંઝણ કુમાર ચોરનો વેશ પહેરી ત્યાં આવ્યા. તેનો ચોરનો પોશાક હોવાથી તેને ચોર સમજી ચોરો પણ તેને ચોર સંજ્ઞાવડે બોલાવતા હવા, ઝાંઝણકુમાર પણ તેમની સામે ચોર સંજ્ઞાએ કરીને તેનો જુવાબ આપવા લાગ્યા. પછી માંહો માંહે ભેગા મળીને ઝાંઝણકુમાર પૂછવા લાગ્યા કે તમારી શક્તિ કેટલી છે ! ત્યારે એક ચોરે જણાવ્યું કે શકુન વડે કરીને હું સર્વ શુભાશુભ જાણી શકું છું, બીજાએ કહ્યું કે વિદ્યા વડે કરીને સર્વતાળાં હું ભાંગી નાંખું છું, ત્યારે ત્રીજાએ જણાવ્યું કે એક વાર શબ્દ સાંભળવાથી સર્વ પુરૂષ અને સ્ત્રીને ઓળખવા વાળો હું છું, એવી રીતે ત્રણે ચોરે પોતાની શકિત જણાવી દીધી. પછી ત્રણે જણ ઝાંઝણકુમાર ચોરને પુછતા હવા. કે તારા કેટલી શક્તિ છે. ! તેવારે તેણે જણાવ્યું કે મને યોગી ગુરૂએ કૃષ્ણનામા આપવી આપીછે. તેના પ્રમા-

વથી જે ચોરોની સાથે હું રહું તે કદાપિ હણવા યોગ્ય થાય નહિ, હવે અત્યારે આપણે રાજાના મંદિરમાં ચોરી કરવાને પેસીયે ! કેમકે જ્યાં ધનના ઢગલા હોય તથા ચણોઠીની ધોડે મોતીયો પડેલાં હોય તેવા ઠેકાણે જો આપણે ચોરી કરીએ, તો આપણું દારિદ્ર પણ જતું રહે,” ઝાંઝણકુમારે તેમને જણાવ્યું.

તેની વાત સાંભળી સર્વ ચોરો ખુશી થયા થકા રાજાના મંદિર તરફ આવતા હવા, તેટલામાં રૂડી દિશાએ રહીને શિયાળ શબ્દ કરતો હવો, એટલે તરતજ શકુનના જાણનારા ચોરે જણાવ્યું કે હું 'આ શિયાળના શબ્દ શકુને કરીને આપણને મણી રત્ન ઘણાં મળશે, તથાપિ એક દિવસ પણ રહેશે નહિ.”

મણી રત્ન છોડીને આપણે હીરા, માણેક વગેરે તથા હીરાગર વસ્ત્ર પ્રમુખ લઇશું તો હરકત નથી ને ! કેમકે આ રાજાનો મહેલ સર્વ વસ્તુઓથી ભરેલો છે. એમ કહીને ઝાંઝણકુમાર તેમને એક ભંડાર તરફ લાવતા હવા. નિર્ભય પણે તાળાં ભાંગી તરતજ ચારે ચોર ભંડારમાં પ્રવેશ કરતા હવા. એટલામાં વળી ભૈરવનો શબ્દ સાંભળીને શકુનનો જાણનાર ફરીને પણ બોલતો હવો, કે આ શકુન વડે કરીને કોઇક રાજાનો સુભટ આપણને દેખે છે, તેથી વિલંબ ન કરો ! તરતજ દરિદ્રનો નાશ કરવાને ચિંતામણી સમાન એવી ચાર પેટીયો ઝાંઝણકુમાર તે ચોરોને બતાવતા હવા, તે લઇને સર્વ ચૌટામાં આવ્યા.

ચૌટામાં આવેલા ચોરોને હવે છુટાં પડવાનો વખત નજીક આવ્યો જાણી કપટી ચોર ઝાંઝણકુમારે તે ત્રણ ચોરોને જણાવ્યું, કે મિત્રો ! હવે આપણે ક્યારે મલીશું !

“ હે મિત્ર ! તું વૃથા ખેદ નહિ કર ! આજથી તું અમારો દિલોજાન દોસ્ત છે. પ્રભાત કાળે માણેકચોક આગળ બિજોરાં હાથમાં લઇને જે માણસો આવ્યાં હોય તેને તું મલજે. તે અમોજ હોઇશું. ત્યાં આપણો મેળાપ થશે, ” વિશ્વાસ પામેલા ચોરોએ કપટીચોર ઝાંઝણને પોતાની જીવન દોરી આપી દીધી.

હવે જેમ જીવ જુદાં જુદાં કર્મોએ કરીને ભિન્ન ભિન્ન ગતિમાં ગમન કરે તેમ ચારે ચોરો જુદા જુદા માર્ગે જાતા હવા. ઝાંઝણ-

કુમાર પણ પ્રાપ્ત થયા છે ચોરો જેને એવો હર્ષાયમાન્ થયો થકો પોતાને ઘેર આવીને સૂઇ ગયો, હવે પ્રભાતના સમયે મંત્રી પેથડકુમાર રાજભુવનમાં આવ્યા, ત્યાં લક્ષ્મીગૃહનાં તાળાં ભાગેલાં જાણી અને તપાસ કરતાં રત્નની ચાર પેટીઓ ચોરાયેલી જાણી તરતજ તે વાત રાજાને નિવેદન કરી. કોપાગ્નિની વિષમ જ્વાળાથી જેનાં ગાત્રો શિથિળ થઇ કંપાયમાન થયાં છે એવો રાજા સભામંડપમાં પ્રધાન પુત્ર ઝાંઝણકુમારને બોલાવતો હવો, કેમકે કારણ પડે છતે રાજાઓ પણ શત્રુની ગરજ સારે છે. વળી રાજા કોના મિત્ર થયા છે! લક્ષ્મી જેમ એકને મુકીને બીજાના ઘેર જાય છે, વેશ્યા જેમ નવા નવા પુરૂષો ભોગવે છે તેવી રીતે રાજાઓ પણ પોતાના વિશ્વાસુને બી મારવા તૈયાર થાય છે. કેમકે પૂર્વેબિંદુ રાજા શું ચાણાક્યને અપમાન આપનારો નથી થયો! નંદરાજાએ શું શકડાળ મંત્રીનું કાશળ નથી કઢાવ્યું! ભીમરાજા શું વિમળ પ્રમુખને અપમાનનો કરનારો નથી થયો! ખરેખર રાજાઓ કયારે પણ પોતાના હોતાજ નથી. રાજાએ તરતજ ઝાંઝણકુમારને પરખાવી દીધુ કે "ઝાંઝણ! તું ચોરને પકડી લાવ્યો કે કેમ! આજે મારા ભંડારમાંથી પણ ચોરો રત્નની પેટીઓ લઇ ગયા. આજે સાત દિવસ પુરા થયાછે માટે તેની શીક્ષા તુંજ ભોગવી લે." રાજાએ તો ઝાંઝણકુમારને આવતામાંજ હોળીનું નાળીયેર આપી દીધું.

"સ્વામિન્! શાંત થાઓ! હમણાંજ તે ચોરો આવશે! ઉતાવળા ન થાઓ! ઉતાવળે આંબા પાકે નહિ." ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભિર "હું ચોરોને હમણાંજ પકડાવું છુ." એવી રીતે શાંતતાથી રાજાના ક્રોધનું નિવારણ કરતો મંત્રીપુત્ર પોતાને ઘેર આવી તરતજ સુભટોને આજ્ઞા આપતો હવો કે "જાઓ! માણેકચોક આગળ જે પુરૂષોના હાથમાં બિજોરાં હોય તેમને બાંધીને અહીં લાવો!" આજ્ઞા મળતાંજ હથીયાર બાંધી સુભટો માણેકચોકમાં આવી તે વ્યવહારીયા સરખા દેખતા ચોરોના હાથ બાંધીને ઝાંઝણકુમાર આગળ લાવીને રજુ કરી દીધા. કૌતુકવડે કરીને હજારો લોકો જોવાને મળેલા છે. એવા સરઘસની સાથે ઝાંઝણકુમારે તે ચોરોને પછી રાજા આગળ લાવીને ઉભા કરી દીધા.

"હે સ્વામિન્! જેમ રાગદ્વેષરૂપી શત્રુઓ પ્રાણીઓનું આત્મ ધન લુંટી લે છે, તેવીજ રીતે તમારી નગરી આ ચારો લુટે છે.

સૂર્યના તેજને જીતનારા તમે હવે જેમ યોગ્ય લાગે તેમ કરો" ! એવું કહીને ઝાંઝણકુમારે ચોરોને ઓળખાવી દીધા.

" રે લુચ્ચાઓ ! અહીંથી રત્નની પેટીઓ ચોરી ગયા છો તે હાજર કરી ઘો, નહિતર અવળી ઘાણીમાં પીલાવી તમારૂં તેલ કઢાવીશ" રાજાએ તેમને ભયનું દર્શન કરાવ્યું.

" સ્વામિન્ ! પેટી શું ને વાત શું ! હમે લોકો તો કાંઇ જાણતાજ નથી સાહેબ ! અમે તો આ નગરના મોટા વ્યવહારીયા છીયે, આપને અમારી આગળ આવું બોલવું તે ઉચિત નથી" તેમણે પંડિત બનીને શાંતતાથી ઉત્તર આપ્યો.

તરતજ ઝાંઝણકુમાર આગળ આવીને કહેવા લાગ્યા, કે "અરે ! ચોરો ! તમે કેમ માનતા નથી ! રાજા સાહેબને ખરી વાત કહી દ્યો, નહિતર તમે સખ્ત સજાને લાયક થશો. "

ઝાંઝણકુમારનું એવું વચન સાંભળીને શબ્દ જાણનાર ચોર તરતજ તેને ઓળખતો હવો. અને ખાનગી તે બોને જણાવતો હવો, ત્યાર બાદ પેટી લેવાનું તેમણે માન્ય કર્યું. પછી કોટવાળ પૂછવા લાગ્યો કે તે પેટી કયાં છે ! તે પેટી અમારા ભંડારમાં છે. એવી રીતે પેટીનો પત્તો મેળવીને કબજે કરી પછી તે ચોરોને મારવાને રાજા કોટવાળને સોંપતો હવો, કોટવાળ ચોરોને લઇને જવા લાગ્યો. એટલે પેલા ચોર બોલ્યા કે ચોથો ચોર તું છે, અને તારી શક્તિ હતી તેતો ખોટી થઇ ગઇ, પછી રાજા પાસેથી ચોરોનો જીવ જીવ બચાવીને પોતાને ઘેર લઇ જઇ તેમને નોકરીમાં રાખ્યા, કેમકે ભૂમિ થકી પડેલા માણસોને ભૂમિજ આશ્રય છે, વળી રાજ્યપણું, રૂપ, લક્ષ્મી, સ્ત્રી, ભોગ, નિરોગીપણું, શાતા, યશ, જસ તથા સુખના વૃદ્ધિ એ સર્વ પ્રાણીયોને જીવિતદાન દીધાથી મળે છે. રાજા ક્રોધથી રક્ત થએલો છે, વળી બીજા પ્રધાનો નિવારે છે, તથાપિ ચોરો ઝાંઝણકુમારને તેણે આપી દીધા. કેમકે કાર્ય કરવાને સમર્થ એવા પુરૂષોનું વચન બુદ્ધિવંત પુરૂષો કોઇ વખત પણ ઉલ્લંઘન કરતા નથી. કાર્ય કરવાને સમર્થ એવા પુરૂષનો અપરાધ થયો હોય તોપણ સમજાવીને તેને રાખીયે, કેમકે અગ્નિ પોતાના ઘરને બાળી નાંખે છે તો પણ બીજે દિવસે તેને ઘરમાં લાવવો પડે છે, તેથી ચોરોને ઝાંઝણકુમારે પોતાના માનિતા સેવક કરીને

રાખ્યા, કેમકે ચંદન જે તે તાપને દુર કરીને શરીરને સુગંધિત કરે છે, ઝાંઝણકુમારના આ પ્રકારના વૃત્તાંતને જાણનાર રાજા પણ તેની બુદ્ધિની તથા દયાળુતાની પ્રશંસા કરવા લાગ્યો, અને પેથડકુમારને વસ્ત્ર, અલંકાર વગેરે તથા સોનાનું અને રત્નથી જડેલું એક અમુલ્ય ખડ્ગ તુષ્ટમાન્ થએલા રાજાએ આપ્યું, તેમજ પાંચે પર્વમાં કોઇ પણ વ્યસન ન સેવે, તેને માટે વારંવાર પટહ વગડાવ્યો.

# પ્રકરણ ૨૯ મું.

## "પેથડકુમારની ઉદારતા"

જગતમાં મનુષ્યભવ પામીને અમોઘ એવી સંપદાઓ પણ મેળવી તેથી આ કાયા પોતાનું કલ્યાણકરી શકવાની નથી. વળી હવે વૃદ્ધવસ્થાના અંકુરો પણ પ્રગટ થવા લાગ્યા, કોણ જાણે કાલે શું થશે! તેની માનવને લેશ પણ ખબર પડતી નથી. કાચના કુંપા સરખી આ કાચી કાયાનો શું વિશ્વાસ! માટે જેમ બને તેમ આ માનવ જન્મની સાર્થકતા મેળવવી અને એક વખતે સિદ્ધાચળની જાત્રા કરવા જવું, ઇત્યાદિક વિચારમાં લીન થએલા મંત્રી પેથડકુમાર બાવન દેરાસરવડે કરીને યુક્ત શ્રી સિદ્ધાચળ તરફ આદેશ્વર પ્રભુને ભેટવાને નૃપની આજ્ઞા લઇ ચાલતા હવા. જગતમાં જો કે તીર્થનાં સ્થાનકો તો ઘણાંક છે, તથાપિ સિદ્ધાચળજીનો મહિમા વિલક્ષણ છે. જ્યાં દાનશાળાઓ પણ પુન્ય પુંજને એકઠી કરનારી છે એટલુંજ નહિ બલ્કે અનેકભવ સંચિત પાપને નાશ કરનારી છે, તેમજ જે ઠેકાણે પોતાનો જન્મ, પોતાનું ધન, વચન અને શિયલ પણ સાફલ્યપણાને પામે છે. વળી તે અત્યંત ભાવ થકી પાલ્યાં છતાં તિર્થંકરની સંપદાને આપનારાં છે. એવા અત્યંત મહિમાવંત સિદ્ધાચળમાં કેટલાક દિવસ ગયે થકે પેથડકુમાર આવી પોતાને યોગ્ય ક્રીયા કરી શ્રી આદેશ્વર ભગવાનને ભેટતા હવા. ત્યાં પેથડકુમાર મંત્રીશ્વર પચ્ચીસ ઘડી સોનાની ખોલોએ કરી

એક ભવ્ય જીન પ્રાસાદ કરાવતા હવા. તેને જોઇને લોકો આશ્ચર્ય પામવા લાગ્યા. અને પુરૂષો વખાણવા લાગ્યા અરે ! સુવર્ણને ધારણ કરનારો અને આ પ્રકારના આડંબરવાળો આ તે કોઇ રાજા હશે કે કોણ હશે ! અનેક પ્રકારે ભાટ ચારણો તેની સ્તુતિ કરવા લાગ્યા. તેમનો પણ સૌ સૌની યોગ્યતા પ્રમાણે તે સત્કાર કરતો હવો, એમ ઘણા દિવસ ત્યાં વિતાડીને પછી કેટલેક દિવસે ગિરનારના પર્વત ઉપર રહેલા શ્રી નેમિનાથ ભગવાન્ તેનાં દર્શન કરવાને પેથડકુમાર મંત્રી પોતાના સંઘ સાથે આવતા હવા.

ત્યાં આગળ યોગિની પુરનો રહેનાર અને અગ્રવાળ કુળને વિશે ઉત્પન્ન થએલો એવો અલાઉદ્દિન બાદશાહનો માનિતો પુર્ણ નામનો દિગંબરી શ્રાવક એક મોટો સંઘ લઇને આવેલો હતો. લક્ષ્મીના અને સત્તાના મદે કરીને અંધ થયો થકો અને અન્ય આવેલા સંઘની અવગણના કરતો છતો જાણે તિર્થ પોતાનુંજ છે એવો ડોળ બતાવતો તે પૂર્ણ દિગંબરી શ્રાવક ડુંગરપર ચડવાને તૈયાર થયો. હવે પ્રધાન પણ ચડવાને ઉજમાળ થયા થકા ત્યાં આવતા હવા. રાજા, સંઘ, અને ગુરૂ તથા દેવની આજ્ઞા દુર્લંઘ્ય હોય છે. વળી પેલા લોકો આ સંઘની અવગણના કરતા છતા પર્વત ઉપર ચડવા લાગ્યા, ત્યારે મંત્રીશ્વર પેથડકુમારે જણાવ્યું કે તમો આમ કેમ કરોછો!

"આ તિર્થ અમારૂં છે, માટે અમો પ્રથમ ચડીએ છીયે." તે લોકોએ જવાબ આપ્યો. "અમે કહીએ છીએ કે આ તિર્થ અમારૂં છે અને તમે કહોછો કે અમારૂં છે, પરન્તુ તેમાં હેતુ શું છે તે કહી સંભળાવો !" મંત્રીશ્વરે ચોખો ને ચટ્ટ ખુલાસો મેળવવા તાકીદ આપી.

"પ્રગટપણે નેમિનાથને વિશે જો કદાપિ કમરે કંદોરો દેખાય, તો તમારૂં તિર્થ, નહિતો અમારૂં તિર્થ છે. તેમજ પ્રગટપણે જીનને પહેરાવેલાં આભૂષણો ભગવાન્ સહન કરતા નથી, તેથી આ તિર્થ દિગંબરનું છે પણ શ્વેતાંબરનું નથી." એ પ્રમાણે તે લોકોએ સાચો કે જુઠો પણ રોકડીઓ જુવાબ પરખાવી દીધો.

"કેટલાંક જુનાં નગરોમાં તેમજ પાલીતાણાને વિશે કંદોરા સાથે કમરબંધ ઘસાઇ ગયેલાં હોય એવી પણ પ્રતિમા હોય છે તો

તે તમારી છે, વળી આભૂષણોના સમુહને જીન પ્રતિમા સહન નથી કરતી, તેનું કારણ કાર્તિક સ્વામીની દૃષ્ટિ પ્રમાણે લોકોનો સમુદાય તેજ ઘણું દેખે છે, તો અલંકાર કરીને કેટલું તેજ દેખાય ! વળી લંકા નગરીમાં સમુદ્રની શોભાયમાન લહેરો વર્ણવાનું ન શોભે, તેમ જીનેશ્વર ભગવાનની પ્રતિમા કલ્પવૃક્ષની માફક શોભાયમાન છે, તો પછી તેમને શોભાનું શું કામ છે ! " ઇત્યાદિક અનેક પ્રકારે યુક્તિપૂર્વક મંત્રી સમજાવતા હવા.

એવી રીતે સંઘવીઓ માંહોમાંહે વાદવિવાદ કરવા લાગ્યા, તેમને વાદ વિવાદ કરતા જોઇને સંઘની અંદર રહેલા વયોવૃદ્ધ પુરૂષો તેમને વાદ કરતાં અટકાવી ત્રીજો રસ્તો બતાવતા હવા. કેમકે સંસારના વિષમ સમયમાં વૃધ્ધોની સલાહ કોઇ વખત ઘણી કીમતી થઇ પડે છે, માટે માણસે જ્યારે પોતાની બુદ્ધિ કામ ન કરતી હોય અને સંકટ નિવારણ કરવું હોય તો તેણે વૃદ્ધ પુરૂષોની સલાહ લેવી તે તેને હિતકારક છે.

## સોરઠો.

" અંતર જબ અળકાય, ડાહાપણ જો ચાલે નહિ,
હૈડે રાખો હામ, વૃદ્ધ જનની શિક્ષા ગ્રહી. "

દૃષ્ટિએ કરીને સત્કાર કરવા લાયક એવા વૃદ્ધપણામાં માણસની બુદ્ધિ ડાહપણવાળી અને ઠરેલી હોય છે, કેમકે તેના કેશ ઉજ્વળ થાય છે તે સાથે તેની બુધ્ધિ પણ ઉજ્વળપણાને પામે છે દુઃખે કરીને પામવા યોગ્ય વૈરાગ્ય તેની સુખે કરીને પ્રાપ્તિ થાય છે. વળી સાધુઓને વિશે માન્યતા થાય છે, એવી શ્વેત જટાવાળા બન્ને પક્ષના પુરૂષો કહેવા લાગ્યા કે " તમો વિવાદ કરશો નહિ; તમો બન્ને સાથે ચડો અને માળ પહેરવાના અવસરે જે ઘણું સોનુ આપે તેનો આ પર્વત છે, અને તેજ માળ પહેરે એમ જાણવું " બન્ને જણે તે વાત કબુલ કરી પછી તેઓ સાથે ઉપર ચડવા લાગ્યા. કેમકે " શુરવીર મનુષ્યો શસ્ત્રથી લડે છે ત્યારે પંડિતો શાસ્ત્ર વડે કરીને લડે છે, વાણીયાઓ પૈસા વડે કરીને લડે છે, પામર પુરૂષો હાથો હાથે લડે છે અને સ્ત્રીઓ ગાળો વડે કરીને લડે છે, પશુઓ શીંગડાં વડે કરીને લડે એમ દરેક વર્ગો ભિન્ન ભિન્ન રીતે કલેશ કરવાવાળા હોય છે, " ત્યાર પછી ઉત્પન્ન થયાં છે રોમરાય જેનાં એવા તે સર્વ લોકો ઉપર

ચડીને શ્રી નેમિનાથ ભગવાનની સ્નાત્ર પૂજા, ધજા પ્રમુખ ચડાવવા પૂર્વક ભગવાનની અનેક પ્રકારે સ્તુતિ કરતા હવા, હવે ઇંદ્રમાળ પહેરવાના અવસરે સર્વ લોકો કૌતુક વડે કરીને સાવધ થયા. તેમજ ઉભય સંઘવીઓ પણ ભગવાનની ડાબી જમણી બાજુએ ઉભા રહ્યા. તે બન્ને સંઘવીની બેસવાની રીતિજ પ્રથમ તો જય અને પરાજય બતાવી આપે છે કેમકે જમણી બાજુએ પ્રધાન બેઠેલા છે તેમનો જય થવાનો છે, હવે બન્ને તરફના લોકો સોનું બોલતે થકે વધવા લાગ્યા. સોનાની પાંચ ઘડીઓ મંત્રીશ્વરે મુકી ત્યારે પૂર્ણ શ્રાવકે પણ પાંચ મુકી, પછી છ, સાત, આઠ એમ અનુક્રમે ચડવા લાગ્યા છેવટે સોળ ઘડી થઇ, ત્યાં થકી પણ ચડવા લાગ્યા, પછી બીજુ સોનુ લેવા માટે આઠ દિવસનો વાયદો કરીને પૂર્ણ શ્રાવક સોનું લેવાને પોતાના ગામ ઉટડીઓ મોકલતા હવા, મંત્રીશ્વરે પણ ઘડીમાં એક યોજન ચાલે એવી ઉંટડીઓને સોનું લેવા માટે દશ દિવસને વાયદે માંડવગઢ મોકલી, તેમજ સંઘના ટકા પ્રમુખ તથા આપેલી સોના ગહોરો પ્રમુખ એકઠી કરતાં અઠ્ઠાવીસ ઘડી સુવર્ણ થયું, તેથી ઈંદ્રમાળ પહેરવાને ઉજમાળ એવા પ્રધાન ફરીને પણ છપ્પન ઘડી સુવર્ણ હું આપીશ એમ બોલતા હવા. કેમકે હજાર જોડવાવડે કરીને લાખ થાય અને લાખ જોડવાવડે કરીને ક્રોડ થાય, એવી રીતે પ્રધાને સુવર્ણ એકઠું કરી દીધું,

હવે પૂર્ણ સંઘવીએ સર્વ સંઘને એકાંતમાં બોલાવીને પૂછયું, કે તમારૂં બધું દ્રવ્ય એકઠું કરો! તેવારે સર્વ લોકો બોલવા લાગ્યા કે હમારી શક્તિ નથી, તમારી શક્તિ હોય તો કરો, અમારી માલ મિલકત તથા ઘરાદિક સર્વ વસ્તુઓ વેચીયે તોપણ એટલું દ્રવ્ય તો થાય નહિ, તો અધિકની તે શું વાત કરવી! માટે લુંટાયેલાની સરખા થઇને તિર્થ વાળવાનું આપણને શું કામ છે, વળી તિર્થને વાળીયે તોય આપણે ઘેર જઇશું એટલે આ પર્વત આપણી સાથે નહિ આવે, માટે પ્રધાનનેજ ઇંદ્રમાળ પહેરવા ઘો. સર્વ લોકોનાં એવાં વચન સાંભળીને સંઘવી ઝાંખુ મુખ કરીને પછી પ્રધાનને કહેવા લાગ્યા કે હે મંત્રીશ્વર! ઇંદ્રમાળ તમેજ પહેરો! તેવારે નેમિનાથ ભગવાનની દક્ષિણ દિશાએ બેઠેલા લોકો દિવસે કમળની જેમ ઉલ્લાસને પામ્યા. અને વામ બાજુએ બેઠેલા લોકો

રાત્રીને વિશે કમળ જેમ સંકોચ પામે તેમ સંકોચને પામતા હવા. હવે સોનાની છપ્પન ઘડીઓ આપવા વડે કરીને મંત્રીશ્વર ઇંદ્રમાળ પહેરતા હવા. અને તિર્થને શ્વેતામ્બરનું સદાને માટે કરતા હવા.

મંત્રીશ્વરના માળ પહેરવાના માંગલિક અવસરે મંગલ વાજાં વાગવા લાગ્યાં, સર્વત્ર આનંદ આનંદ પ્રસરી રહ્યો. સર્વનાં હૃદય વિકસ્વર થવા લાગ્યાં, આજે મંત્રીશ્વરનાં જીવન સાફલ્ય મનાવા લાગ્યાં, તે પછી સંસારની જન્મ, જરા અને મૃત્યુના ભયને નાશ કરનારી આરતી તે ઉતારતા હવા. ઉપરનું કામ સમાપ્ત કરી ઘણા માણસોથી વિંટાયા થકા પ્રધાન પોતાને ઠેકાણે આવતા હવા. એવી રીતે પેથડકુમાર મંત્રીશ્વર તિર્થ શ્રૃંગને નીચે ઉતરી પોતાને ઉતારે આવ્યા, હવે નીચે આવીને પેથડકુમારે અભિગ્રહ કર્યો કે દેવનું છપ્પન ઘડી સોનું જ્યારે હું આપીશ ત્યારેજ ભોજન કરીશ, એવો અભિગ્રહ ધારણ કરનાર પેથડકુમારને એક ઉપવાસ પણ થયો, કેમકે ધર્મના કાર્યમાં, રોગનો નાશ કરવામાં, દ્રવ્યના આવાગમનમાં દેવ દ્રવ્ય આપવાને વિશે જે વિલંબ કરવો તે શુભકારી નથી, વળી દેવકુળનું લ્હેણું અથવા અંગીકાર કરેલુ ધન આપે નહિ તો તે ધન પોતાની મેળેજ તેની ઉપેક્ષા કરે છે, અને તે દરિદ્રી થઇ સંસારમાં ઘણાં કાળ પરિભ્રમણ કરે છે. માટે ગમે તેમ કરી ઘાસ કાષ્ટાદિકના વેચવે કરીને તથા પારકા ઘરે દાસપણું કરવા વડે કરીને પણ આત્મ હિતાના અર્થીએ દેવ દ્રવ્ય આપવું જોઇએ. વળી દેવ દ્રવ્યનો વિનાશ કરવે કરીને તેમજ સાધુની હત્યા કરવે કરીને, જીન શાસનની નિંદા કરવા વડે કરીને, સાધ્વીના ચોથા વ્રતનો ભંગ કરવા વડે કરીને સમ્યકત્વ રૂપી બીજને બાળવાને તે અગ્નિ તુલ્ય થાય છે. અર્થાત્ એવા માણસને બોધિબીજ મળવું દુર્લભ હોય છે. તેમજ ચૈત્ય દ્રવ્ય, સાધારણ દ્રવ્ય, ધર્મને નહિ જાણનારો તથા મુંઝાણી છે બુદ્ધિ જેની એવો પુરૂષ ઉપર કહેલા નિયમોની જો વિરાધના કરે તો તે પુરૂષ નરકનોજ અધિકારી થાય છે.

બીજે દિવસ થયો તોય પણ પેથડકુમારે ભોજન ન કર્યું. ત્યારે સંઘમાં બીજા મહર્ધિક જનો પણ ભોજન ન કરતા હવા, ઉંચા મેઘની માફક સ્વર્ગના માર્ગને દેખતાં તેઓને છેવટે બે ઘડી દિવસ બાકી રહયો, એટલામાં સોનાથી ભરેલી ઉંટડીઓ માળવાથી આવતી દેખાવા લાગી, સર્વે લોકો આનંદમાં ડોલવા લાગ્યા. સાંઢ-

ણીએ આવી પહોંચી, સુવર્ણ તોળીને છપ્પન ઘડી આપી દીધું. તથાપિ દયાના પરિણામવાળા એવા પેથડકુમાર મંત્રી તે દિવસે ચઉવિહારનું પચ્ચખાણ કરતા હવા. કેમકે દિવસની છેલી બે બે ઘડીયો મુકીને રાત્રી ભોજનના દોષને જાણનારો શ્રાવક ભોજન કરે, એવી રીતે મંત્રીશ્વરે ઉપવાસ કરી ત્રીજે દિવસે પ્રભાતને સમયે દેવ ગુરૂની ભક્તિ કરીને સ્વામીવત્સલ કર્યું. અને પોતે પણ પારણું કરતા હવા. વળી રૂપાના ટકાઓની અગીયાર લાખ ઘડીઓ બીજી પણ ત્યાં ખરચતા હવા, લક્ષ્મીના સ્વભાવને જાણનારા એવા મંત્રીશ્વરને તેની ઉપર લેશ પણ વિશ્વાસ નહોતો. તેઓ પોતાની પૂર્વાવસ્થા સંભાળતા ત્યારે લક્ષ્મી માટે તેમને ઘણોજ વિચાર આવતો. "હાથે તેજ સાથે" આ મનુષ્ય ભવમાં આપણે હાથે જે સુકૃત કરવું તેજ સારૂં છે. આપણા મુવા પછી કોણ જાણે શું થશે ! તેનો કંઇ નિર્ણય નથી, માટે લક્ષ્મીતો વાપર્યામાં આવે તોજ સારી ! મુર્ખ માણસોજ તેમાં આસક્ત રહયાં કરે છે, તેને ભોંયરામાં છુપાવી રાખે છે, પણ તે કયાં સમજે છે કે જ્યાં ભાગ્ય પરવાર્યું કે ગમે તે ઉપાયે તેણી ચાલીજ જવાની! કોઇની લક્ષ્મી સ્થિર ટકી રહી નહિ. તો પછી આપણી થઇને તે કેમ રહેશે ! માટે તેને વાપરીને આ અસાર સંસારમાં માનવજન્મની સફલતા મેળવવી તેજ સારૂં છે. લક્ષ્મી પામ્યાનું સાર્થક શું છે તેની સફલતા કેવી રીતે વાપરવાથી થાય ! શા માટે તેનો સદુપયોગ ન કરવો ! કેમકે તે એક વખત નાશતો થવાનીજ છે. જે માણસ લક્ષ્મીને પોતે ભોગવતો નથી. તેની લક્ષ્મી અને તેની સ્ત્રીને તેના મુવા પછી બીજા લોકોજ ભોગવે છે, એવું ઘણી વખત બની આવે છે. માટે સંસારનું આવું વિચિત્રપણું જાણતાં થકાં પણ અજ્ઞાની જનો તેમાં આસક્ત રહે છે. ભલે આપણે શું ! જે જેવું કરશે તે તેવું ભરશે. દરેક માણસ પોતે પોતાની મિલકતનો વ્યવસાય કરવાને માટે તે મુખત્યાર છે. ભારે કર્મી જીવ હોય તે મમણશેઠની માફક આસક્ત થઇ પોતે પણ નહિ, ભોગવતાં છેવટે મુવા પછી તેને નરકના દરવાજામાં ચાલ્યાં જવું પડે છે. અરર ! એમાં માનવી બાપડું શું કરી શકે ! તેનાં ચીકણાં કર્મજ તેને કશું કરવા દેતાં નથી. તેઓ બિચારા પરાધિન થએલા છે, આ જ્ઞાની જગતમાં જેને જ્યાં ફાવે ત્યાં જાય છે, સૌ સૌનું કર્યું ભોગવશે, જે માણસ જેવી કરણી

કરશે તેવીજ તેને ભોગવવાની છે, જેને જે સારૂં લાગે તેમાને, કે ન માને તો તેની ખુશી ! આપણે આપણું સંભારવું. ઇત્યાદિક વાતાવરણ ઝુકાયેલા મંત્રી પેથડકુમાર ગિરનારમાં ઘણા દિવસ રહી ત્યાંથી ચાલ્યા, માર્ગમાં અનેક પ્રકારે જાત્રાઓ કરતા થકા અને જગતની વિચિત્ર લીલાને નિહાળતાં છતાં સંઘ સમસ્ત તેઓ પોતાના માંડવગઢ નગરમાં આવ્યા. સર્વ કોઇ સંઘના માણસો પોત પોતાના ઠેકાણે ગયા. અને સર્વ પૈસા પેદા કરવામાં મશગુલ થયા થકા તથા પોત પોતના ધંધામાં ઉજમાળ થયા છતા વ્યવહારિક કાર્યમાં પ્રવર્ત્તવા લાગ્યા. જો કે મનુષ્ય જીવન ક્ષણિક છે ક્યારે નાશ થશે તેનું જાણપણું પ્રાણીઓને હોતું નથી, તથાપિ હરકોઇ રીતે પૈસો પેદા કરવો તે તેનું મૂળ સૂત્ર હોય છે, કેમકે ધન ઉપર અનાદિ કાળથી આ આત્માને પ્રીતિ રહેલી છે. તેથીજ તેનું લક્ષ્ય તેની ઉપર વિશેષતઃ જોડાયતો તેમાં નવાઇ ગણી શકાય નહિ. પ્રધાન પેથડકુમારે જેવી રીતે ધન ઉપાર્જન કર્યું તેમ તેમણે તેનું સાર્થક પણ કર્યું, સામાન્યતઃ તો એવું હોય છે કે ધન પેદા કરવામાં માણસો જેવા મશગુલ હોય છે. તેવી રીતે ખર્ચવામાં તેવો ના હિમતવાળા હોય છે. અને તેથી ધનવાનો કાંઇ પણ સુકૃત કરવાને મમણશેઠની માફક કમ નસીબવાળા નિવડે છે.

## પ્રકરણ ૩૦ મું

### "જગત્‌ના સૂર્યની અસ્તતા અને કાળની વિષમ ગતિ"

" જીંદગીકા સાથ હય જીસતરહ રીસ્તા મૌતકા
સાથ હય સબકે। હમશાં હય ફીરસ્તા મૌતકા "

એક દિવસે પ્રભાત કાળને વિશે પ્રભાતનાં કાર્ય કરી વસ્ત્રો પહેરી ઉત્તમ એવા અશ્વ ઉપર આરોહણ થઇ સૂર્ય મુખી છત્રને ધારણ કરતો પ્રધાન દેવગુરૂની ભક્તિ કરવાને જતો હવો. કેમકે પ્રભાતકાળમાં ઉઠીને શ્રાવકોએ જીનેશ્વર ભગવાનનાં દર્શન કરવાં, તથા સદ્-

ગુરૂના ચરણ કમળને નમસ્કાર કરવો, તેમજ અંકસીથી ઓળીને આજ્ઞારૂપી મણીરત્ન વડે કરીને યુક્ત પોતાનું મસ્તક કરવું, સારાં અને સત્ય વચન બોલવા વડે કરીને મુખ પવિત્ર કરવું, ગુરૂની વાણીના શ્રવણવડે કરીને કાન પવિત્ર કરવા, ગુણવડે કરીને શરીરને શોભાવવું. એવી રીતે શ્રાવકના ગુણોને ધારણ કરનારા મંત્રીશ્વર પેથડકુમાર ભગવાનને નમસ્કાર કરીને પૌષધશાળામાં ગુરૂની પાસે આવ્યા. તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને સિદ્ધાંતના અપૂર્વ રહસ્યને સાંભળવા લાગ્યા. ગુરૂ મહારાજ પણ મેઘની ગર્જનાની માફક સિદ્ધાંતને સંભળાવતા હવા. સૂત્ર વાચના ગ્રહણ કરનારા બીજા સાધુને ગુરૂને વારંવાર પૂછતાં દેખીને પેથડકુમાર પૂછવા લાગ્યા કે “ હે સ્વામિન્ ! ઘણીવાર ગૌતમ સ્વામીનું નામ આવે છે એવી રીતનો આ કયો ગ્રંથ સાધુ શીખે છે ! ”

“ હે મંત્રી ! પાંચમું અંગ જે ભગવતી સૂત્ર છે તે બધુ ગૌતમ સ્વામીનુંજ છે. તેમાં પોતે જાણતાં છતાં પણ પરોપકારને માટે ગૌતમ સ્વામીએ ભગવંતને પ્રશ્નો પૂછેલા છે, અને ભગવાને તેના ઉત્તરો કહેલા છે, એવી રીતે આ સિદ્ધાન્ત છત્રીસ હજાર શ્લોક પ્રમાણનો છે ! ચાલીસતો જેમાં શતકો છે. એવો તે ગ્રંથ જેનું નામ ભગવતી સૂત્ર છે તે વિચિત્ર અર્થની વ્યાખ્યા વાળો છે. વિવાહ પ્રજ્ઞપ્તિનામા પાંચમું અંગ તે ભગવતી છે. વળી થોડી બુદ્ધિવાળા હોય છે, તેઓ આ સૂત્ર ભણવાને સમર્થ થતા નથી. બુદ્ધિવાળા અને વિધિએ કરીને જેણે યોગ વહન કર્યા હોય તેજ આ સૂત્રના અધિકારી થાય છે. જોગ કર્યા વગર સૂત્ર વાંચે તો તિર્થંકરની આજ્ઞાના વિરાધક છે, તેમજ વળી તપસ્યાવડે કરીને, સાંભળવા વડે કરીને, અંગ ઉપાંગને વિશે ભક્તિ વાળો થઇને જે આગળ આવે છે તે શ્રાવક સર્વજ્ઞપણું પામે છે. ” ગુરૂમહારાજે ઉપદેશના વીશે કંઇ કંઇ વાતો પેથડકુમાર મંત્રીને સંભળાવી દીધી.

“ હે સ્વામિન્ ! મેઘમાળા દેખીને જેમ મયુર નાચે છે તેવી રીતે શ્રીવીર ભગવાનની વાણી સાંભળવા થકી મારૂં મન તે રૂપી મોર નાચે છે. તેથી હે સ્વામિન્ ! આ સાધુને ભગવતી સૂત્ર ફરીને પ્રથમથી વાંચવાનો આદેશ કરો, કેમકે તે પ્રથમથી સાંભળવાની મારી ઇચ્છા છે ” મંત્રીની વાણી સાંભળીને ગુરૂ મહારાજ શિષ્યને ફરીને

વાંચવાનો આદેશ કરતા હવા. તે સાંભળતાં થકાં જે ઠેકાણે ગૌતમ સ્વામીનું નામ આવે તે નામ દીઠ એક એક સોના મહોર મુકે છે ! એવી રીતે પાંચ દિવસમાં છત્રીસ હજાર સોના મહોરોવડે કરીને જ્ઞાનની ભક્તિ કરી. પછી મંત્રીશ્વર પેથડકુમારે ભૃગુકચ્છ ( ભરૂચ ) પ્રમુખ નગરોને વિશે મોટા મોટા સાત સરસ્વતી ભંડારોને પુસ્તકોએ કરીને ભરતા હવા. પુસ્તકનાં વસ્ત્ર તેમજ વિંટણાં તથા સોનાની ચાબખીયો બનાવીને ભંડારને વિશે મુક્તા હવા. એવી રીતે જ્ઞાનમાર્ગમાં પણ પોતાના ધનનો સદ્‌વ્યય કરતા હતા.

મંત્રીશ્વરે ગુરૂ પાસે ત્રણે કાળ અરિહંતની પૂજાનો નિયમ ગ્રહણ કર્યો. રાજ્ય કાર્યમાં અને વ્યાપાર પ્રમુખને વિશે વ્યગ્રચિત્ત છે તથાપિ નિયમને તે બરાબર પાળતા હવા. જે તિર્થંકરો પૂર્વે સંપદા પામ્યા છે તે તિર્થંકરો વડે કરીને તેમની ભક્તિ કરવાથી સંપદા મળે છે. એવી રીતના તિર્થંકરને જે સેવતા નથી તે નિશ્ચય પોતાના સ્વામીનો દ્રોહ કરનારા જાણવા.

એકદા સમયને વિશે સુર્ય સરખા મંત્રી પેથડકુમાર મધ્યાન્હ સમયે મહાન્ શોભાયમાન એવા પોતાના દેરાસરને વિશે પૂજા કરી આંગી રચવાનો આરંભ કરતા હવા. પોતે મુખ કોશ બાંધીને તથા શુદ્ધ વસ્ત્ર પહેરીને ઉતમ પુષ્પો વડે કરીને જીનેશ્વરને જેટલામાં આંગી રચવાનો પ્રારંભ કરતા હવા, તે અરસામાં ઉજ્જયિની નગરીના સિમાડામાં સારંગદેવ રાજાનું સૈન્ય આવીને પડયું છે, તે રાજાની મુલાકાત કરવાને ઈચ્છે છે તેના સમાચાર દૂત દ્વારા જાણીને રાજા જયસિંહદેવે એકાંતમાં જોશીને બોલાવીને પૂછયું, કે "મેળાપ કરવો કે લડાઈ કરવી." જોશી તેમનાં પોથીપાનાં અને ટીપણાં વિગેરે જોઈને તથા આંકડા ગણીને જવાબ આપતા હવા. કે "એ ઘડીનું વિજય મુહુર્ત્ત બહુ સારૂં છે તે સર્વ કામને સિદ્ધ કરશે," પછી તે મુહુર્ત્તમાં પ્રયાણ કરવાની ઇચ્છાવાળો રાજા વિચાર કરવા લાગ્યો, અને એક સુભટને તરતજ મંત્રીશ્વરને બોલાવવાને મોકલતો હવો. તે પેથડકુમારને ઘેર ગયો. ત્યાં તે ન મળવાથી પાછો આવ્યો. રાજાએ ફરી વાર તાકીદે બોલાવવાને મોકલ્યો, ત્યારે પ્રધાનની પત્ની કહેવા લાગી કે અત્યારે પ્રધાન દેવપૂજાના કામમાં રોકયેલા છે. તે માણસે રાજાને સમાચાર કહ્યા તોપણ રાજાએ ત્રીજુ માણુસ મોકલ્યું, તે માણસે દાસી સાથે

પ્રધાનને કરવા યોગ્ય કાર્યના સમાચાર જણાવ્યા, પ્રથમીણી (પદ્મની) પણ અમૃત સરખી વાણીથી રાજાના માણસને જણાવા લાગી કે " હે ભાઇ ! હજુતો બે ઘડી વખત લાગશે." પછી તે માણસ રાજાની પાસે જઇને પ્રધાનની સ્ત્રીએ કહ્યું, તું તે કહી સંભળાવ્યું. પ્રધાને આજ્ઞા ભાગી તથાપિ રાજા તેની ઉપર કોપાયમાન ન થયો. પરન્તુ મુહુર્ત જતું રહે છે તેના ભયથી પોતે ઉઠીને ઉતાવળથી મંત્રીના ઘેર આવતો હવો. પોતાના પરિવારને બહાર મુકીને એકલો તે પ્રધાનના ઘરમાં ગયો. એક માણસ અંદરનો માર્ગ દેખાડતો તેને પ્રધાન સમીપે મુકી પાછો આવ્યો, પછી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી તેને ક્રીડા કરવાને મોટા ગૃહસમાન એવા ભવ્ય દેરાસરમાં તે આવ્યો, ત્યાં નિરંતર જાતિવંત એવો ધુપ ઉખેવાય છે, વળી કાળા જળની શંકા થાય એવા સ્યામ કાચથી સર્વ જમીન બાંધેલી છે. સે ભૂમિથી દેરાસર ઘણુંજ શોભાયમાન જણાય છે, તથા અનેક પ્રકારનાં તિર્થંકરોનાં ચિત્રો ત્યાં ગોઠવવામાં આવ્યાં છે. રત્નની કાંતિએ કરીને યુક્ત દેદીપ્યમાન અલંકારોને ધારણ કરનારી સુંદર આકારવાળી બે કન્યાઓ જેને બે બાજુએ ચામર વીંજે છે, એવી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને પૂજતાં પેથડકુમારને રાજાએ જોયા, ત્યાં આગળથી હવે પ્રધાનને કેવી રીતે બોલાવવો ! તરતજ તાત્કાલિક બુદ્ધિથી વિચાર કરી પુષ્પને આપનારા માલીને ત્યાંથી ઉઠાડી તેની જગ્યાએ ચુપચુપ પોતે બેસી ગયો; અને તે માણસની માફક રાજા પુષ્પ આપવા લાગ્યો; પરન્તુ અનુક્રમે પુષ્પ નહિ પામે થકે પુષ્પ લેવાની ઇચ્છાએ પ્રધાને મુખ ફેરવ્યું અને નજર કરી તો રાજાને દીઠો, તે વારે ઉઠીને ઉભા થતા પ્રધાનને બલાત્કારે રાજાએ નીચે બેસાડયા, અને તેમની દેવ ભક્તિથી પ્રમુદિત થયેલો રાજા તેમને અનેક પ્રકારે ધન્યવાદ આપવા લાગ્યો. " ખરેખર આ જગતમાં તમેજ વખાણવા લાયક છો. તમારૂં જીવતર તેમજ તમારૂ ધન તે પણ વખાણવા લાયક છે. પોતાના દેવને વિશે તમારો અથાગ ભક્તિ ભાવ છે. કેમકે અંગને વિશે સારભૂત આત્મા છે, ભોજનને વિશે સારભૂત ઘૃત છે રાજાની આજ્ઞાને વિશે સારભૂત શ્રીકાર છે. અથાણાને વિશે સારભૂત લિંબુનો રસ છે તેમ ધર્મને વિશે વાસના સારભૂત છે, અરે ! આવી રીતે ભક્તિથી પૂજા કરવા લાયક તમારા જેવો બીજો કોણ હોય ! હે મંત્રી ! મારે ગમે તેટલાં સેંકડો કાર્ય હોય

અને હું બોલાવવાને માણસ મોકલુ, તો પણ તમારે આવવું નહિ. પૂજા કરીનેજ આવવું, હે પ્રધાન! તમે એકાગ્ર ચિત્તેથી પૂજા કરો! હું તમારા ઘરને બારણે બેઠો છું," એવી રીતે પેથડકુમારને કહીને રાજા ઉચિત આસને બેઠો. થોડીવાર પછી મંત્રી પેથડકુમાર પણ પુજા, સ્તુતિ આદિ કરીને રાજાની પાસે આવ્યા તેમને નમીને ઉચિત આસને તે પણ બેઠા, રાજાને મલવા જવાનો વખત વહી ગયો છે તથાપિ રાજા પ્રધાન પર લેશપણ કોપાયમાન થયો નથી, તે બધો પુન્ય કરણીનોજ પ્રભાવ છે, કેમકે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે "સ્નેહવંતી સ્ત્રી મળવી, ચતુર મિત્ર મળવો, નિરંતર પોતાની ઉપર પ્રસન્ન રહે તેવો સ્વામી મળવો તથા નિર્લોભી સેવક મળવો તેમજ પુન્ય કરણીમાં ઉપયોગ આવે એવું ધન મળવું, આ બધું પુન્યથી મળી શકે છે."

હવે રાજા અને પ્રધાન વિચાર કરે છે કે "આપણે શું કરવું! લડાઇ કરવી કે મેળાપ કરવો! પછી મુહુર્ત સારૂ આવે થકે સંગ્રામને વિશે સૈન્યને મોકલતા હવા. ધર્મના પ્રભાવથી અલ્પ સમયમાં જય મેળવીને તે સૈન્ય વિજયપતાકા ફરકાવવા લાગ્યું.

હવે દિન પ્રતિદિન ધર્મમાં પેથડકુમારનું ચિત્ત ઘણુંજ રક્ત થતું જાય છે, બે ગાઉ ગુરૂ દુર હોય ત્યાં સુધી તેમની પાસે જઇને દેવસી પડીકમણું કરે છે. અને ચાર ગાઉ દુર હોય તો પખ્ખી પડીકમણુ તેમની પાસે જઇને મંત્રીશ્વર કરે છે, કેમકે પોતાને ઘેર તત્વની ચિંતવના હોય નહિ; તેમજ અપેક્ષાઓનો નિશ્ચય પણ ન થાય. વળી ઘરમાં રાગ દ્વેષનો ઉદય થાય તેથી પડિક્રમણુ તો સાધુની પાસેજ કરવું. તેમાં વળી રાગદ્વેષ યુક્ત મલીન થએલું મન હોયતો સામાયિક ન કરવું કેમકે સમાર્યા વગરની ભીંતને વિશે ચિત્રામણ કરવાને કોણ સમર્થ છે! શુદ્ધ ભીંત દેખવા વડે કરીને પોતાના અંતઃકરણમાં પ્રતિબિંબ રૂપ થાય છે, કેમકે કોઇ નગરને વિશે સભા ચિત્રવાને રાજા ચિતારાને આપતો હવો, તેમાંથી એક ચિતારે એક ભાગ લીધો અને બીજા ચિતારાએ બીજો ભાગ લીધો એમ સર્વ ચિતારાઓએ દરેકે પોતપોતાના ભાગો ચિતરવા માંડયા. કેટલાક દિવસ ગયે થકે પણ એક ચિતારાએતો પોતાનો ભાગ સાફસુફ રીતે નિર્મલ કરીને પેલેસેજ કર્યો. તે

ભાગને સુંદર કરીને તેણે એવોતો ચળકાટવાળો બનાવ્યો કે તેના સામી કોઈ પણ વસ્તુ મુકી હોયતો તેનું પ્રતિબિંબ તેની અંદર પડી શકે! પછી દરેકના પડદા દુર કરાવી સર્વની પરીક્ષા કરી ત્યારે દરેક ચિત્રો આ નિર્મળ કરેલી ભીંતમાં પડવા માંડયાં. તેથી તે રાજા પાસેથી ઘણું ધન પામતો હતો, કેમકે ગુણોના પ્રતિબિંબે કરીને ઉત્તમ સંપદા પમાય છે. એક વરસમાં નિયમ વડે કરીને ગુરૂને વારંવાર પુછવા વડે કરીને, ગુરૂની પાસે નવકાર આદિ સુત્રોને જાણવા વડે કરીને મંત્રીશ્વર પેથડકુમાર સુત્ર, અર્થ પ્રમુખને વિચારવામાં એકાગ્ર ચિત્તવાળા થયા, ને પ્રતિક્રમણ કરતાં થકાં તે મૌનપણું અંગીકાર કરે છે કેમકે સાધુ પુરૂષો માટે એવો સામાન્ય નિયમ હોય છે કે પડીલેહણ કરતાં, સ્થંડીલ જતાં, તેમજ પડિકમણુ કરતાં અને માર્ગે ચાલતાં મૌનપણે રહેવું, એવી રીતે નિરંતર ક્રીયાને વિશે ઉજમાળ થયા થકા મંત્રી ધર્મ ધ્યાનમાં વિશેષ ઉદ્યમવાળા થયા.

મંત્રીશ્વર પેથડકુમાર જેમ ગુરૂ અને દેવ તથા ધર્મની ભક્તિ કરનારા હતા, તેવીજ રીતે તેઓ સાધર્મિકની ભક્તિ કરવામાં પણ કુશળ હતા. લાખો ગમે માણસથી વિંટાયેલા હોય તો પણ પોતાના સાધર્મિકને દેખે કે તરતજ ઘોડા ઉપરથી નીચે ઉતરી તેને નમસ્કાર કરે, કેમકે જૈન શાસ્ત્રનો તે સામાન્ય કાયદો છે કે સાધર્મિક ઘરના આંગણે આવે થકે જે માણસને સ્નેહ ન ઉપજે તો તેના સમ્યક્ત્વમાં સંદેહ છે એમ સમજવું. વિનયે કરીને યુક્ત એવી જો ઠકુરાઇ હોય તો ગંગાના પાણીના જેવાં નિર્મળ દક્ષિણાવર્ત્ત શંખની માફક તે શોભે છે. એ પ્રમાણે આવી વાણી સાંભળીને સંતોષ ભાવ પામવાથી પેથડકુમાર મંત્રી સાધર્મિકની અત્યંત ભક્તિ કરતા હતા.

કેટલાક દિવસો વ્યતિત કરતાં થકાં મંત્રીશ્વરે પોતાનું શરીર ક્ષીણ થએલું જાણ્યું એટલુંજ નહિ પણ પોતાનો અંતકાળ પાસે આવેલો છે એમ જાણીને પોતે શાંત ચિત્તથી પરમાત્માનું ધ્યાન ધરતા બેઠા. સંસારની અનિત્યતાની વારંવાર ભાવના ભાવવા લાગ્યા, આહા! " ખરેખર આ કોમળ કાયા કાચના કુંપા સરખી છે, પાણીના પરપોટા સમાન છે, યૌવન ચાર દિવસના ચાંદરણાં જેવું અને નદીના વેગના જેવું ચપળ છે, સંસારના અગાધ પ્રવા-

હમાં માનવ રૂપી માચ્છલાં તરફડીઆં કરે છે. માનવનો ભવ પામી જીવ અનેક પ્રકારની નાટકીય લીલા કરે છે. અરર! પ્રાણીને મરવાનું છે તે નિશ્ચય છે તથાપિ કાળાં ધોળાં કરી અનેક પ્રકારનાં નરકમાં જવા યોગ્ય પાતક ઉપાર્જિત કરવાને તે ભુલતો નથી માનવનું પાષાણ જેવું હૃદય લેશપણ વૈરાગ્યથી આર્દ્ર થતું નથી અનેક પ્રકારના કાવા દાવામાં તે પોતાનું જીવતર ગુમાવી દે છે. હે માનવી! તું કયાં ભુલો ભમે છે! જગતમાં તારૂં ધાર્યું કશું થતુ નથી, છતાં પણ શ્રી પરમાત્માનું શરણુ છોડીને શા માટે વલખાં મારે છે! રે પામર! મરણનો ભય રાખ! આ જગતમાં દરેકને એક દિવસ આપવાનો છે તે ખરો છે, છતાં મિથ્યા અભિમાન અને હુંકારમાં કેમ તણાઇ જાય છે! આતો હું કરૂં છું અથવા તો મારા વગર આબની શકવાનું નથી, એવું મિથ્યા બોલાનારા બિચારા ખરેખર ખાંડ ખાય છે. રાવણને ઘણું કરવાનું હતું, દુર્યોધનને ધનની ઘણી જીજ્ઞાસા હતી, કંસ અને જરાસંધની ઘણી ઘણી વાંચ્છાઓ હતા. પરન્તુ દૈવની સત્તાથી તેઓ બિચારા ખુહાર થઇ ગયા. એટલુંજ નહિ પણ આ ભૂમિમાતાનો ત્યાગ કરીને કયાં ગયા તે તેમનો પત્તો પણ નથી, મિથ્યા ગમંડરાખનારા પાખંડી જીવો દૈવની પ્રબળતાથી કયાંએ અલોપ થઇ જાય છે. માનવીનું ધાર્યું કાંઇ પણ થતું નથી. છતાં મોહમાયામાં લપટાયેલ પ્રાણીએ ફોગટ ફાંફાં મારતા ફરે છે, અરર! જેમ જગતમાં દારૂ પીધેલો માણસ પોતાનું ભાન ભૂલી જાય છે, તેમ મોહરૂપી દારૂમાં મસ્ત થએલ પ્રાણીઓ જ્યાં ત્યાં ભુલા ભમ્યા કરે છે.

> હું કરૂં આ મેં કર્યું,' એમ માનમાં મલકાય છે.
> પાપના પ્યાલા ભરી, પાપી ખરે પસ્તાય છે,
> ચડતો દશાને ચાંડકે, મરતો પલકમાં માનવી.
> રટતો નહિ જીન નામને તે જીંદગી શી જાણવી,

વસ્તુ સ્થીતિ એવી છે કે માનવી પોતે જેવા રસ્તે જવા ધારે તેવા રસ્તે જવાને તે શક્તિવાન્ છે પોતાના ભાગ્યને રૂડું કે ભુડું સરજવાને તે પોતે સ્વતંત્ર છે માનવી જેવી કરણી કરશે તો એક વખતે તેને ભરવાની છે, પાપની કરણી કરીને સુખ ભોગવવાની આશા રાખવી તે કંથેર વાવીને આમ્રફળને ખાવાની ઇચ્છા બરોબર છે. જે રસ્તે જવા વિચાર થાય તે રસ્તે જવાને

માનવી મુખત્યાર છે, જો કે પાપ કરશે તેનો બદલો એક વખત કુદરત તેને આપશે. અને પરતંત્રતાની બેડીએ તે બધાશે, તથાપિ કાર્ય કરવાને અને અનેક પ્રકારના કાવાદાવા કરવાનેતો તે સ્વતંત્રજ છે. ખરેખર માનવ ભવનું મોંઘુ જીવન માણસને જીવતનું ખરૂં તત્વ મેળવવાને ઘણુંજ કીમતી છે, વસ્તુ સ્થીતિ સમજનારને તે ઘણુંજ ઉપયોગી અને ચિંતામણી કરતાં પણ વધારે કીમતીવાળું જણાય છે, તેને અજ્ઞાની જનો બિચારા અનેક પ્રકારના પ્રપંચમાં અને છળ કપટ વડે કરીને એક બીજાનાં કાળાં ધોળાં કરવામાં ગુમાવી નાખે છે અને જીવન તત્વમાંથી ખરી વસ્તુ મેળવવાને તેઓ બિચારા કમનશીબજ નિવડે છે. કેમકે જગતમાં અનેક પ્રકારના પ્રપંચો કરવામાં તેમનાં જીવન એવાંતો મશગુલ થએલાં હોય છે, કે તેઓ બિચારા ધર્મ એ શી વસ્તુ છે તે પણ સમજી શકતા નથી, અને આવી રીતે કાળાં ધોળાં કરતાં તે બિચારા તેમનાં પાપી જીવન વ્યર્થ ગુમાવી દે છે. પણ ખરેખર આ અસાર જગતમાં ધર્મી માણસોજ પોતાનાં કાર્યો તરાથી સિદ્ધ કરી પોતાનાં અમોઘ કર્ત્તવ્યો પાર ઉપાડે છે. ત્યારે પાપી માણસો પોતાનાજ પાપે પકાય છે. અરરે ! પાપનાં ફળ માણસને અહીંજ ભોગવવાનાં છે તથાપિ માનવના કઠોર હૃદયમાં લેશ માત્ર પણ દયાનો અંકુર હોતો નથી. એટલુંજ નહિ પણ જાણે હું અમર છું એમ સમજીને નિડરપણે અનેક પ્રકારના કાવાદાવામાં પોતાના જીવતરને મલીન કરીને છેવટે જાહન્નમની ખાઇમાં જમના હાથનો હંટરનો માર ખાવાને ઘણા દહાડા સુધી તેને પાપનો બદલો ભોગવવા જવું પડે છે. વળી સામાન્ય રીતે કહેલું પણ છે કે

ધર્મ કરે તે જગમાં તરશે, પાપી ઝટ મરશે,
કાળાં ધોળાં કરે જે પ્રાણી, વીણ મોતે મરશે;
પુન્ય કરંતા પ્રાણી જગમાં, શીવ સંપત વરશે;
આકીન રાખે એક જગતમાં, ભવ સિંધુ તરશે,
ફોગટ ફાંફાં મારે મુરખજન, જન્મોજગ મરનાર;
સત્યટેક ખાતર જે ખમશે, આફત અપરંપાર,
નાહક આકીન છોડે નીચનર, એક દીન તું ખરશે;
જીનવર નામનું ધ્યાન ધરે તો ભવ ભાતું ભરશે.

આ અનિત્ય જગતમાં મરણરૂપ રાક્ષસ સર્વે જીવોનો ગ્રાસ કરી જાય છે. કાળરૂપી કાળો નાગ પ્રતિદિન સર્વ જીવોનું ભક્ષણ કરતો જાય છે. હા ! આ કાળ રૂપી ઉંદરડો દરરોજ માનવના જીવનને કોતરતો જાય છે. તથાપિ અજ્ઞાની મનુષ્ય પોતાની દશાને સંભારતો નથી પોતાનાં અધમ કૃત્યો થકી તે લેશ પણ પાછું વાળીને જોતો નથી. હા ! કાળરૂપી કાળો નાગ રાત્રી દિવસ પોતાનું કાર્ય કર્યે જાય છે, તથાપિ માનવ પ્રાણી પાપ કરતાં લગાર પણ વિચાર કરતો નથી. આહ ! શું તેની નિર્દયતા ! કેવું તેનું કપટ પણું ! ખરેખર ચીકણાં કર્મવાળા માનવો હોય છે, તેમની ઉપર જેટલું પાણી રેડીયે તે નકામું જાય છે, અને છેવટે તેઓ પોતાના પાપે પકાય છે. પાપ કરવાને પ્રાણી સ્વતંત્ર છે પણ જીવને ભોગવવાને અવસરે પરાધિનપણે ઘણું દુઃખ ભોગવવું પડે છે. જ્યારે દુઃખ આવી પડે છે ત્યારેજ પાપ સાંભળે છે. આહા ! પ્રાણીઓની કેવી વિલક્ષણ સ્થીતિ ! ખરેખર તે બિચારા દયા કરવાને યોગ્ય છે, તેમની આવી દશા માટે આપણને ફક્ત બે આંસુજ પાડવા જેવું છે. તેમની દશા માટે બે આંસુ પાડી દીલગીરી બતાવવી, એજ તેમને માટે અત્યારેતો વાસ્તવિક છે ! વળી પરમકૃપાળુ પરમાત્મા તેમને સદ્બુદ્ધિ આપો ! એવી અરજ કરવાની છે. હે ચેતન ! આ અસાર જગતમાં તારા આત્માની જે વસ્તુ હોય તે તું સંભાળી લે ! સંસારની બાહ્ય ઉપાધિ ઉપરથી તું આખર વખતે તારા મનને દૂર કરી શ્રી પરમાત્માના ધ્યાનમાં ઐક્યપણાને પામ હે ચેતન ! તું તારૂં હોયતે સંભાળી લે, જો તારી અંતની ઘડી હવે પુરણ થવા આવી છે આ જગતનો તું થોડા વખતનો પ્રાહુણો છે, અલ્પ સમયમાં તારે મંત્રી પેથડકુમારનું માનુષી ખોળીયું છોડીને બીજે સ્થળે જવાનું છે, માટે સર્વ જીવોને ખમાવી લે, હે આત્મન્! તું કોઇની સાથે વેર વિરોધ રાખીશ નહિ. શ્રી અરિહંતનું સ્મરણ કર ! તેનાજ ધ્યાનમાં તું રક્ત થા ! શ્રી પાર્શ્વનાથનુંજ ધ્યાન ધર ! માનુષી જીવનના અંત સમયે હવે હે ચેતન ! તું તેનુંજ શરણું માગી લે, તે આ જગતમાંથી તારવાને સમર્થ છે, મોક્ષનો દાતાર છે, અનાથનો સનાથ છે, આધાર રહીત જીવોનો આધાર છે, વળી ભક્તોનું ભલુ કરી તેમને વાંચ્છિત દેવામાં તે શુરો અને દાતાર છે ઇત્યાદિક ધ્યાનમાં લીન થએલા પેથડકુમાર મંત્રીનો

આત્મા આ ક્ષણિક કાયાનો ત્યાગ કરી પરલોકને વિશે પ્રયાણ કરી ગયો, તે વખતે જ્યોતિષીના માંડવાના વાહન ઉપર ચડયા થકા પેથડકુમાર જ્યોતિષીના દેવતામાં ઉત્પન્ન થતા હવા.

# પ્રકરણ ૩૧ મું

## "ઝાંઝણકુમાર મંત્રીની યાત્રા"

અ રર ! મારા પરમ પૂજ્ય પિતુશ્રી મને મુકીને ચાલ્યાજ ગયા ! હા ! હવે તેમના વિના મારાથી કેમ રહેવાશે ! તેઓ થોડાંક વરસ વધારે જગતમાં રહ્યા હતે તો અત્યારથી મારે માથે બોજો આવી પડત નહિ. પણ જેની અહીં જરૂર છે તેની દેવના દરબારમાં પણ જરૂર પડે છે અને જેઓ અહીંયાં નાલાયક નિવડયા છે તેમનો ત્યાં પણ એકડો ગણવામાં આવતો નથી, કેમકે દુર્જન પુરૂષો અમૃત જેવા હોય છે તો પણ ભારભૂત થઈને પોતાનાં નીચ કાર્યો કરતાં થકાં જગતમાં ઘણો કાળ વ્યતિત કરે છે. તેનું કારણ કે દેવના દરબારમાં આવા નાલાયક ઠગોની કંઈ જરૂરીયાત હોતી નથી. દૈવની તેમને માટે તો એવીજ ઇચ્છા હોય છે કે તેમને અહીં પાપજ એકઠું કરવા ઘણો કાળ જીવતા રાખવા અને તેઓ પણ પોતાના જીવનમાં અનેક પ્રકારનાં કાળાં ધોળાં કરવાં, ગરીબો ઉપર જુલમ ગુજારવો, સાચાં જુઠા કરવાં, ખોટા લેખ લખવા, લાંચો ખાવી, છોકરીયોના પૈસા ખાવા વગેરે કરનાને આ લોકમાંતો કાંઈ વિશેષ થતું નથી, તેનું કારણ એવુંજ જણાય છે કે દૈવની પણ એવીજ મરજી હોય છે કે તેમના કાળા કામમાં તેમને વારંવાર ફત્તેહ આપી તેમના પાપી આત્માને પાપના ભારથી અત્યંત ચીકણો કરવો અને પછી ઘણા કાળના પાપથી ભારે થએલા તેમના આત્માને માટે છેવટે દૈવ તેમને માટે નરકના દરવાજા ખુલ્લા મુકાવે છે. ત્યારબાદ એકદમ તે અમૃત સરખા પાપીઓને દૈવ જાહનમની દુર્ગંધીવાળી નરકથી ભરપુર આ-

ઇમાં ફેંકી દે છે ત્યાં તેઓ બુમો પાડતાં પોતાનાં કાળાં કર્મોનો પશ્ચાત્તાપ કરતાં થકાં ઘણાક કાળ નરકના કીડાની માફક સરવડયા કરે છે. કેમકે અમ્રત હોય તથાપિ વિષથી ભરપુર હોય તો તેને પણ ફેંકી દેવું પડે છે. અરર! પાપીઓને માટે આવી ઘોર સજા કુદરતે નિર્માણ કરેલી છે મિત્ર થઇ શત્રુ થનારા વિશ્વાસઘાતીઓ પણ કદર્થનાને પામે છે તથાપિ તેઓ પોતાના આત્માને પાપના કાર્ય થકી અટકાવતા નથી. એવી રીતે અનેક પ્રકારે દુર્જનો પોતપોતાની દુર્જનતામાં સાવધાન રહેલા છે. ત્યારે કુદરતે જો આવી શીક્ષા નિર્માણ ન કરી હતે તો તે લોકો શું ન કરતે! જ્યારે એક તરફ દુષ્ટ લોકો આવી દુષ્ટતા કરી જગતમાં પાપી પેટ ભરવાને ઘણો કાળ નિડરપણે જીવતા રહેલા છે. ત્યારે શાણા પુરૂષો જગતમાં અલ્પ વખત જીવી સ્વર્ગમાં ચાલ્યા જાય છે. ખરેખર ઉત્તમ પુરૂષો પ્રાયશઃ ' ઘણો કાળ પોતાના જીવતનો લાભ જગતને આપી શકતા નથી. કેમકે જેમની અહીંઆ જરૂર છે તેમની ત્યાં પણ જરૂર હોય છે માટે દેવના દરબારની ન્યાયની કોર્ટમાં પણ તેમને જવાની જરૂર પડે છે ત્યારે પેલા દુર્જન લોકો તો આ ન્યાયી અદાલતથી સદાને માટે બિચારા બહિષ્કૃત થયેલા છે, તેથી તેમના પાપનો બદલો લેવા દૈવ તેમનેતો દોજખની ખાઇમાં મોકલે છે, ઠીક આપણે તેનું શું કામ છે જે કરશે તે ભરશે પણ મારે તો અત્યારે મારા પિતાના મરણથી કેટલું બધું ખમવું પડે છે. ઇત્યાદિક વિચારમાં અરૂઢ થએલો કોઇ તરૂણ પુરૂષ પોતાના રમણીય મહેલમાં અનેક પ્રકારે રાજ્ય ઋદ્ધિ સરખો વૈભવ છતાં પણ ઉદાસિનતાથી વખત પસાર કરતો અને પોતાના પિતાને વારંવાર સંભારતો તે પોતાના દિવસો શોકમાં નિર્ગમન કરે છે. જ્યારે જ્યારે વ્હાલા પિતા સાંભળે છે. ત્યારે આંખમાંથી બોર જેવાં ગોળાકાર અશ્રુએ સરકી પડે છે. નગરના મોટા મોટા અમલદારો, અમીરો, ઉમરાવો, તેને દિલાસો આપવાને આવે છે. રાજા પણ પોતાની પાસે બોલાવી તેના શોકને નિવારણ કરે છે, ઘણા લોકો અનેક પ્રકારે સમજાવે છે તથાપિ જેનું હૃદય પિતુશ્રીના વિરહથી વિધાઇ ગયેલું છે એવો તે ઝાંઝણકુમાર મંત્રી વ્યાકુળતામાં દિવસ ગુમાવતો હતો. તે અરસામાં એક દિવસ ગુરૂની પાસે આવી પોતાના ચિત્તની શાંતિને માટે ઉપદેશ સાંભળવા બેઠો, ગુરૂએ પણ અવસરને યોગ્ય

વચન રૂપ અમ્રતની ધારા વરસાવવા માંડી તેનો શોક દુર થાય અને ધર્મમાં તેનું ચિત્ત દ્રઢ થાય તેવી રીતે અનેક પ્રકારે તેને સદુપદેશ આપ્યો. સંઘની વ્યાખ્યા કરી સ્વામીવત્સલનું ઘણું માહાત્મ્ય જણાવ્યું, કે સંઘની ભક્તિ કરવાથી સમકિત નિર્મળ થાય છે. સંસાર સમુદ્ર થકી પોતાના આત્માને તે ભવી પ્રણી ઉદ્ધારે છે. જૈન શાસનની ઉન્નત્તિ કરે છે. વળી તે જીનેશ્વર ભગવાનની આજ્ઞાનો કરવાવાળો કહેવાય છે. સંઘની ભક્તિ કરવાથી તિર્થંકર નામ કર્મ પણ બંધાય છે. દેવતા તથા મનુષ્યની ઉંચ્ચ પદવી મળે છે, વળી પર્વતોમાં જેમ મેરૂ પર્વત મોટો છે તે થકી પણ પૃથ્વી મોટી છે, તેથી મેઘ મોટાં કહેવાય છે, મેઘ થકી સમુદ્ર મોટો ગણાય છે, તેથી પણ અગસ્ત્ય રૂષિ મોટા કે જે સમુદ્રને પણ પી ગયા. તેમનાથી પણ દેવલોક મોટું છે. તે થકી ગ્રહ મોટા છે, તેમનાથી તિર્થંકર મોટા છે એવી રીતે સર્વ કોઇ એક એકથી મોટું છે. તે માટે જે સર્વથી મોટા છે તે પૂજવા લાયક છે. વળી સંઘનું અધિપતિપણું પામવું તે પદવી તો ઘણીજ દુર્લભ છે, કેમકે એ સંઘપતિનું બિરૂદ માતા અને ગુરૂના આશિર્વાદનું ફળ છે રૂપ જે અગણ્ય પુન્ય તેના ફળ વડે કરીનેજ પમાય છે. આ પ્રકારે, ગુરૂની વાણીને સાંભળતો થકો ઝાંઝણકુમાર મંત્રી દેશોદેશને વિશે કંકોત્રીઓ મોકલીને સંઘને તેડાવવા લાગ્યો, ઘણાં ગાડાં તથા ઘોડા, પોઠીયા પ્રમુખ મળે છતે તેની સામગ્રી તૈયાર કરી યાત્રાને માટે અઢી લાખ મનુષ્યને લઇને વિક્રમ સંવત ૧૩૪૮ના માહા સુદી ૫ ને દિવસે ઝાંઝણકુમાર પ્રધાન સારા શુભ શકુન જોઇને સારૂં મુહુર્ત્ત આવે થકે પ્રયાણ કરતા હવા.

પ્રયાણને અવસરે અનેક પ્રકારનાં વાજિંત્ર વાગી રહયાં છે, હાથીઓની ગર્જનાઓ ચોતરફ ગર્જી રહી છે. અશ્વોના હણહણાટના શબ્દો સંભળાઇ રહ્યા છે. ભાટ ચારણ વગેરે બંદિજનો પણ અનેક પ્રકારે સ્તુતિઓ કરી રહ્યા છે, સંઘમાં યાત્રા કરવા આવેલી લલિત લલનાઓ અનેક પ્રકારનાં મધુરાં ગીતો ગાઇ રહી છે, સંઘમાં એવી રીતે અનેક પ્રકારે આનંદ આનંદ છવાઇ રહ્યો છે, સુંદર ચામરે કરી વીંજાતાં એવાં સોનાના તોરણવાળાં કેટલાંક દહેરાસર પણ સાથે હતાં, બાર હજારતો ગાડાં હતાં, શોભાયમાન અને પુષ્ટ શરીરવાળા પચ્ચાસ હજાર પોઠીયા લીધા હતા, વળી સંઘમાં ઘણા

પરીવારે કરીને યુક્ત એવા શ્રીમદ્ ધર્મઘોષસૂરિ પણ સાથે હતા. તે સિવાય બીજા પણ વીશ આચાર્યો હતા. તેમજ ઝાઝમ વગેરે સરસામાન ઉપાડવાને વાસ્તે ઉંટ અને ખચ્ચર વગેરે હતાં. ઇત્યાદિ અનેક પ્રકારના પરિવારે કરીને યુક્ત સંઘ રાત્રી પડે છે ત્યારે વિસામો લે છે અને પ્રાતઃકાળે પ્રયાણ શરૂ કરે છે. રાત્રીને વખતે રાજાએ રક્ષણને સારૂ અપેલો સિંધન સુભટ બેહજાર ઘોડેશ્વાર સહીત સઘની રક્ષા કરે છે. મંત્રીશ્વર પણ સંઘના ભોજન કર્યા પછી ભોજન કરે, તેમના સુઇ રહ્યા પછી પોતે શયન કરે, સર્વના જાગ્યા પહેલાં પોતે જાગે. સિંધનસૂભટ પણ બે હજાર ઘોડેશ્વાર સાથે તંબુઓની આસપાસ આખી રાત્રી પહેરો ભર્યા કરે છે. અનુક્રમે કરીને સંઘ વાસપુરામાં આવ્યો, ત્યાંના રાજાને ખબર પડવાથી તેણે તેનો પ્રવેશ મહોત્સવ કરાવ્યો. તે ઠેકાણે ચોવીશે અરિહંતના બિંબની પ્રતિષ્ઠા કરાવીને ત્યાંથી ચિતોડ આવતા હવા. ત્યાં મોટાં મોટાં ચૈત્યને અનેક પ્રકારે અવલોકન કરતાં સાનંદાશ્ચર્ય પામેલો સંઘ પોતાનાં પૂર્વ સંચિત તીવ્ર કર્મનો નાશ કરવા લાગ્યો ત્યાંથી સંઘ કરહેડામાં આવ્યો, તે ઠેકાણે ઉપસર્ગને હરણ કરવાવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાન્ તેમની શ્યામ મુર્ત્તિને તે નમસ્કાર કરતા હવા. ત્યાં ઘણા મહોત્સવ વડે કરીને પ્રધાનને સંઘના લોકોએ ઈંદ્રના સરખો મહિમાવાળો કર્યો. ત્યારે આચાર્ય મહારાજ કહેવા લાગ્યા કે "હે સંઘવી! પ્રયાણ પ્રયાણ પ્રત્યે જે સંઘવી હોય તે અવશ્ય એક જૈન પ્રાસાદ કરાવે, અને એકેક ચૈત્ય કરાવવાને સમર્થ ન હોયતો જે ગામમાં તિલક થયું હોય ત્યાંતો અવશ્યે કરીને જીન પ્રાસાદ કરાવે"

ગુરૂ મહારાજની વાણી સાંભળીને ઝાંઝણકુમાર મંત્રી ઉતાવળથી તે ગામમાં દેરાસર કરાવવા લાગ્યા. પણ ત્યાં એક કૌતુક થતું હતું, દિવસે મંત્રી દેરાસર કરાવે ને રાત્રીને વિષે જેટલું કર્યું હોય તે સર્વ પડી જાય છે. એવી રીતે ત્રણ ઠેકાણાં બદલ્યાં છતાં પણ ત્યાંનો ક્ષેત્રદેવતા પોતાની ઉદ્ધતાઇથી ત્યાં દેરાસર થવા દેતો નથી. તેમજ પુર્વ કાળથાં બનેલું શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર અત્યારે જીર્ણ પ્રાયઃ સ્થીતિમાં હતું તેને સમરાવીને મોટું કરાવવા માંડયું તો તે પણ ત્યાંનો ક્ષેત્રદેવતા પાડી નાંખવા લાગ્યો. પ્રધાન એકદમ કરાવવાનું શરૂ કરે થકે સંઘના લોકોને વિશે અનેક પ્રકા-

રના રોગોને તે ક્ષેત્રદેવતા ઉત્પન્ન કરતો હવો, સંઘના લોકોને પીડા પામતા દેખીને સંઘના મોટા પુરૂષો સંઘવીને કહેવા લાગ્યા કે "હે પ્રધાન! તમે વ્યર્થ મહેનત ન કરો, કેમકે મનુષ્ય કરતાં દેવતા વધારે તેજસ્વી હોય છે. તેથી કોઇપણ કાળે દેવતાને માનવ જીતી શકે નહિ. પૂર્વે દ્રૌપદીની ઇચ્છાને આધિન થઇને તલાવમાં ગયેલા બલિષ્ઠ એવા પાંચે પાંડવોને દેવતાએ શું નથી બાંધ્યા? વળી આ-પણા સંઘના ઘણા લોકો દેવતાના ઉપદ્રવથી પીડાય છે. તે માટે દેવતાને સંતોષીને બુદ્ધિવંતમાં અગ્રણી એવા તમારે દેરાસર કરાવવું જોઇએ" સમજુ પુરૂષોનાં એ પ્રકારનાં વચનોને શ્રવણ કરી ધુપ ઉખેવવે કરીને, ફુલ પૂજા તથા બળીદાન બાકળા પ્રમુખે કરીને ઝાંઝણકુમાર દેવને સંતોષ પમાડતો હવો. એટલે તરતજ તે દેવ પ્રગટ થઇને:કહેવા લાગ્યો કે "હે પુરૂષ! તું દેરાસર કરાવે છે, પણ આ ભૂમિ ઉખેડવાને માટે આ જગ્યાનો એક પત્થર પણ તુંને આપનાર નથી, તેમજ આ ગામના સીમાડા પર્યંત પણ એકે નવું દેરાસર થવા દેનાર નથી"

"હે દેવ! બીજી જગ્યા ન આપે તો ખેર! પરન્તુ અહીંનું જુનું દેરાસર છે તેનેતો નવું કરવાની આજ્ઞા આપ!" આવી રીતની પ્રધાનની વાણી સાંભળીને ભક્તિ વડે કરીને પ્રસન્ન થએલા દેવતાએ તેનું વચન માન્ય કર્યું. તેવારે તે દેરાસરને અનેક રીતે સુશોભિત કરી મંડપે કરીને યુક્ત સાત માળનો શિખરબંધી પ્રાસાદ બનાવ્યો. એવી રીતે જીન પ્રાસાદનું કામ પૂરણ કરીને સકળ સંઘ ત્યાંથી વિદાય થયો.

સંઘ ત્યાંથી ચાલતાં ચાલતાં અનુક્રમે કરીને આહારપુર નગ-રને વિશે આવ્યો, ત્યાં ઘણાં જૈન દેરાસરોને વિશે પૂજા પ્રમુખ રચીને પછી મંત્રીએ સ્વામીવત્સલ કર્યો. એવી રીતે અનેક પ્રકારે ભક્તિ કરતાં સંઘ ત્યાંથી નાગરદ નગરમાં આવ્યો, ત્યાં નવખંડા પાર્શ્વનાથને નમસ્કાર કરીને પછી સર્વે જીરાઉલી ગામે ગયા, ત્યાં જીરાઉલા પાર્શ્વનાથને સર્વ લોક વંદના કરતા હવા. સેંકડો મનો-રથને પૂરણ કરવાવાળા અને દુઃખનો નાશ કરવામાં તત્પર, મહિ-માએ કરીને અતિશય માહાત્મ્યવાળા એવા જીરાઉલી પાર્શ્વનાથને વંદના કરનારા શ્રાવકો અનેક પ્રકારે તેમની સ્તુતિ કરવા લાગ્યા.

અનેક પ્રકારે તેમની ભક્તિ કરી ત્યાંથી સંઘ આબુજી આવ્યો, આબુજીનો મહાન્ ડુંગર નિર્બળ હૃદયોને કંપાવા લાગ્યો. અઢાર ભાર વનસ્પતિથી ભરેલો આબુજી, તેનાં ઉંચા વૃક્ષો દેવલોકને પણ ભેદવાને શક્તિવાન હતાં, એવી રીતે અનેક પ્રકારની રમણીય આબુ પર્વતની સુંદર લીલાને અવલોકન કરતો સંઘ આબુજી ઉપર ચડતો હવો, ત્યાં વિમલશાહ શેઠિએ બંધાવેલું રમણીય દેરાસર તેમણે પોતાની આંખોએ કરીને જોયું. અનેક પ્રકારે લોકો તેનું વર્ણન કરવા લાગ્યા, "આહ! આ દેરાસર કેવું રમણીય છે. વિંધ્યાચળ જેટલું તો તે લાંબુ છે, કૈલાસ પર્વત સરખું નિર્મળ છે અને હિમાલયથી અધિક શિતળતાવાળું છે. મલયાચળથી અધિક સુંદરતાવાળુ છે. ચંદ્રાવતીના અધ્યક્ષ વિમલશાહ મંત્રીએ તે બનાવેલું છે" એવી રીતે અનેક પ્રકારે લોકો વર્ણન કરવા લાગ્યા. સંઘવી મોતીના સાથીયાથી યુગલીયાના વંશમાં ઉત્પન્ન થએલા શ્રી આદિનાથ ભગવાનની પૂજા રચીને પછી દિવ્ય વસ્ત્રની ધજા ચડાવતા હવા. ત્યારબાદ કરોડો દ્રવ્યથી બનાવેલું તેજપાળ મંત્રીનું દેરાસર તેને મંત્રી વંદના કરતા હવા. અનેક પ્રકારે સ્નાત્ર પુજા વગેરે કરીને દિવ્ય ધજાઓ ચડાવી ચંદ્રાવતી નગરીમાં આવ્યા, ત્યાં જીનેશ્વર ભગવાનને નમસ્કાર કરી પછી આરાસણ તીર્થ તરફ યાત્રા કરવાને ચાલતા હવા.

## પ્રકરણ ૩૨ મું.

### "રણસંગ્રામ"

અનેક પ્રકારના આનંદમાં ગુલતાન થએલો સંઘ વિવિધ પ્રકારની વનલીલાનું અવલોકન કરતો ચાલ્યો જાય છે. ચિંતા, રોગ, શોક જેમણે પોતપોતાના ઘરમાં મુકીને તેને તાળાં વાસી કબજે કરેલો છે, એવા સંઘના લોકોને અત્યારે લગારે પણ ચિંતા કે દુઃખ શેનું

હોય। પણ એટલામાં તરતજ આપદા રૂપી ડાકણ ડોકીયાં કરવા લાગી. કેટલોક માર્ગ ઉલ્લંઘન કરતાં થકાં ભયંકર શબ્દને કરનારી ભૈરવી શિઘ્રપણે કષ્ટને આપનારી વામ બાજુ તરફ સર્વ સંઘના લોકોએ દીઠી, થોડીવાર સંઘ ત્યાં થોભ્યો, અને પછી સર્વ કોઇ આગળ ચાલ્યા. સિંઘન સુભટે પોતાના બેહજાર ઘોડેશ્વારોને તૈયાર થવાની તાકીદ આપી, સર્વ લોકો લોહનાં બુખ્તર વગેરે પહેરી શસ્ત્ર અ-સ્ત્રથી સજ્જ થઇને ચાલવા લાગ્યા. ઝાંઝણકુમાર અને સિંઘન સુભટ પણ લોહનાં બખ્તર તથા લોહનો ટોપ વગેરે ચડાવીને સર્વ શસ્ત્રાસ્ત્ર સજીને તૈયાર થયા. દરેક લડવૈયા લોકો સંઘની આજુબાજુ તેમનું રક્ષણ કરતા થકા ચાલવા લાગ્યા.

એ અરસામાં કુંડાળ દેશનો સુજાલનામા સુભટ ચોરી ર-વામાં અને રણસંગ્રામમાં લડાઇ કરવાને શુરો એવો તે સમસ્ત ચોરોને વિશે મુગટ સમાન છે. અવંતીનો સંઘ સકલ ધન સંપત્તિ વડે કરીને સહીત પોતાની તરફ આવે છે એમ જાણીને સુજાલ બહારવટીઆએ અનેક ચોરોને ભેગા કર્યા, ભાલા, શસ્ત્ર તીર કામઠાં વગેરે આપીને સર્વને તૈયાર કરીને તે સર્વ ભીલોને લઇને સંઘના આવવાને માર્ગે તેમની રાહ જોતો ઉભો રહ્યો. નગારાના શબ્દ વડે કરીને સંઘને નજીક આવતો જાણીને કાહડના શબ્દે કરીને આકાશને વિદ્ધ કર્યું છે એવા ચોરો સંઘની સામા દોડવા લાગ્યા. અનેક પ્રકારે મનમાં આનંદ પામવા લાગ્યા. ભિન્ન ભિન્ન પ્રકારે ગર્જના કરવા લાગ્યા. મોટી મોટી કીકીયારીઓ પાડી નિર્બ-ળનાં હૃદયને ભેદવા લાગ્યા, મોટી મોટી ગર્જનાઓ કરતા મેઘના સરખા શ્યામ શરીરથી લોકોને તે ભય ભ્રાંત કરવા લાગ્યા. તેમના વિચિત્ર વેશથી લોકો ડરવા લાગ્યા. દુષ્ટ ચેષ્ટાથી અને વિચિત્ર આકારથી સંઘના લોકોને તે ડરાવવા લાગ્યા. પૃથ્વી મંડપને ભેદી નાંખે તેવી ઘોર ગર્જના કરી આખા વનને કંપાયમાન કરતા હવા. તેમના નાચવા અને દોડવા વડે કરીને સમસ્ત વનચર જીવો ત્રાસ પામવા લાગ્યા. તેઓ લોકો ઉપર અનેક પ્રકારે ચારે તરફથી બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. દરેક સંઘના લોકો ભયભ્રાંત થયા. તેમની ગર્જ-નાઓથી તથા અનેક પ્રકારની તેમની વિચિત્ર ચેષ્ટાઓથી તેમનાં હૃદય વિદીર્ણ થવા લાગ્યાં. બાણોના મારની પીડાને નહિ સહન કરતા લોકો ભુમિ માતાને ચરણે પડવા લાગ્યા, સર્વ કોઇ પોત પો-

તાના ઇષ્ટ દેવતાને સંભાળવા લાગ્યું, દરેક જણે જીવવવાની આ-
શાઓ મુકી દીધી. કેટલાક લોકો ઘરેણાં ઉતારી વનમાં એક ઠેકાણે
દાટવા લાગ્યા. કોઇ ધનના ભંડારને જમીનમાં દાટવા લાગ્યાં.
કેટલાક લોકો જેને જ્યાં ફાવે ત્યાં જીવવાની ખાતર બિચારા પ્રાણ
બચાવવા આશાએ નાસવા લાગ્યા. એવી રીતે લોકો અનેક પ્રકારે
ત્રાસને પામવા લાગ્યા.

સંઘને ધિરજ આપતા એવા ઝાંઝણકુમાર અને સિંઘનસુભટ
પોતાના સુભટોને ઉત્સાહ અને લાલચો આપતા થકા ભીલો ઉપર
તુટી પડયા. ઝાંઝણકુમારના બુરાંગ પ્રમુખના શબ્દોએ કરીને સમસ્ત
વન અને સૃષ્ટિમંડળ ડોલવા લાગ્યું, પર્વતો કંપાયમાન થવા લાગ્યા.
કાયર જનો થરથરવા લાગ્યા. દિગ્મંડળ ચલાયમાન થયાં. નદીઓનાં
અને તલાવ, વાવ વિગેરેનાં જળ ખળભળવા લાગ્યાં. તેના કારમા શબ્દથી
ભીલોનાં હૃદય કમળ ફુટવા લાગ્યાં. તેમના હૃદયમાં તરતજ ભયનાં
ભયંકર ચિન્હો પ્રગટવા લાગ્યાં પ્રથમ યુદ્ધનો જે ઉત્સાહ હતો તે
મંદ પડી ગયો. કેટલાક કાયરભીલો તે શબ્દને નહિ સહન કરતા
થકા ત્યાંથી પલાયન કરી ગયા, કેટલાક ભયભ્રાંત થયા થકા પણ
લડાઇમાં બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા. અને જીતવાની
આશામાં ને આશામાં ડોલાયમાન થવા લાગ્યા.

ભીલોને ભક્ષણ કરવામાં ઉલ્લાસમાન એવી જીહવા સરખાં
આયુધો વડે કરીને અને પોતાના હજારો સુભટો વડે કરીને સિંઘન
સુભટ અને મંત્રીશ્વર ભીલો સામે બાણોનો વરસાદ વરસાવવા લા-
ગ્યા. પણ ભીલોના બાણના મારને નહિ સહન કરતા એવા કેટલાક
સિંઘનના સુભટો રણમાંથી પલાયન કરી ગયા. જેમ સિંહનાદથી હા-
થીઓનાં ટોળેટોળાં પલાયન કરી જાય તેમ સિંઘનના કેટલાક સુભટો
જીવ બચાવવાની આશાએ લડતાં લડતાં અગીયારા ગણી ગયા.

સિંઘન સુભટ તથા મંત્રીના સુભટો આમતેમ ચોતરફ નાસતા
જોઇને ભીલનો નાયક સુજાન અતિશય જોરમાં આવ્યો. તેના નાશી
ગયેલા ભીલો પણ આવીને પાછા લડવા લાગ્યા. પોતાના ભીલોને
તે અનેક પ્રકારની લાલચો આપતો હતો, ને લડવાને ઉશ્કેરતો હતો
ભીલો પણ અનેક પ્રકારની કળા વડે કરીને બાણોનો વરસાદ વર-
સાવતા હવા. સૌની આગળ સુજાન બહારવટીયો અનેક પ્રકારના

આશાતરંગમાં લીન થયો છતો બાણો ફેંકયા કરતો હતો એટલામાં સડસડાડ કરતું એક તીર આવ્યું. પોતાના ઘોડાને તે તીર વાગવાથી તેને ઘોડો નીચે પડી ગયો, તેની સાથે સુજાલ બાહારવટીયો પણ ભૂમિ ઉપર પડતો હવો તરતજ ઉઠીને ઉભો થયો, અરર! હમણાં હાથમાં આવેલી બાજી બગડી જશે. મારા બહાદુર ભીલો મને મુવેલો કે નાશી ગયેલો જાણી તેઓ એકદમ લડાઇના મેદાનમાંથી પલાયન કરી જશે. અને મારી મનની આશા મનમાં ને મનમાં રહી જશે. પોતાના નાયકને પડેલો દેખીને લોકો ભયભ્રાંત થયા. જેને જેમ ફાવે તેમ પ્રાણ બચાવવાની ખાતર ભાગી જવા લાગ્યા, કેટલાક રણમાં લડતાં લડતાં મરવાનો નિશ્ચય કરીને બાણોજ વરસાવતા રહ્યા. પણ એટલામાંતો તેના એક માણસે કોઇ હષ્ટ પુષ્ટ ઘોડો વાલીને હાજર કર્યો કે તરતજ તે ઉપર ચડીને પાછો યુદ્ધમાં સામેલ થઇ દરેકને ઉશ્કેરતો ચોતરફ ગુમવા લાગ્યો. ભીલો પણ પોતાના નાયકને ક્ષેમકુશળ જાણી લડાઇમાં ઉત્સાહવંત થયા. મંદ પડી ગયેલો ઉત્સાહ ફરીને પુનર્જન્મ પામી સુર્યથી કમલ જેવી ખીલી ઉઠે, મેઘથી મયુર જેમ ઉત્સાહવંત થાય, વરસાદના વરસવાથી જગતની લીલા જેમ સુંદર શોભાને ધારણ કરે તેમ ભીલ લોકો પણ આનંદથી પુલકિત થયાં છે રોમરાય જેનાં એવા તે ઉત્સાહથી મરણ પ્રાયઃ પડી ગયેલી શક્તિને તેમજ વિનશ્વર થએલી આશા રૂપ લત્તાને ઉત્સાહ રૂપી અમૃત સિંચનથી વૃદ્ધિગત પમાડવા લાગ્યા. સઘળા ભીલો ઉત્સાહથી લડાઇમાં અત્યંતપણે બાણો વરસાવી સિંધટ સુભટના લશ્કરને ત્રાસ આપતા હવા. વિજયલક્ષ્મી સુજાલ બહારવટીઆને વરમાળા આરોપણ કરવાને એક પગે તૈયાર થઇ. સર્વ સંઘના લોકો ભયભ્રાંત થઇ આકુળ વ્યાકુળ થઇ ગયા. અરર! આ ચોરનો સરદાર હમણાં જીતશે આપણાં ધનમાલ વીગેરે લુંટી જશે. પોત પોતાના ઇષ્ટ દેવતાને આખરની ઘડીયે સૌ કોઇ સંભાળવા લાગ્યાં, કાળા મેઘના જેવા ભીલ લોકોને દેખીને અને ભીલોની ભયંકર મુર્તિથી તેમનાં નિર્બળ હૃદય પણ થરથરવા લાગ્યાં ચોતરફ ભયના ભયંકર ભણકારા થવા લાગ્યા. જગત જાણે અત્યારે શુન્યકારમયજ બની ગયું છે. અત્યારે સૌ કોઇ પોતપોતાના પ્રાણો હાથેલીમાં જોવા લાગ્યું. અરેરે! આ ભયંકર વિઘ્નમાંથી સહીસલામત છુટયા તો એમજ સમજીશું કે હવે આ સંસારમાં ફરીનેજ જન્મ્યા છીયે. હા! સર્વ ભીલો પાસે આવી લાગ્યા છે.

નજીકમાં આવી કેવા જોરથી અને ઉત્સાહથી તે લડે છે! તેમના બાણોના મારથી પીડાયેલા આપણા ઘણાખરા સુભટો રણમાં આળોટે છે. તેમના મસ્તકો મેદાનમા તરફડયાં કરે છે. અરેરે! દુઃખથી કેટલાક કીકીયારી પાડી કાનોને ત્રાસ આપે છે. રૂધિરનાં તળાવ ભરાણાં છે. હા! મસ્તક કયાં તરફડે છે ત્યારે તેમનાં ધડ કયાં પડયાં છે! અરર! એક ક્ષણ માત્રમાંતો કેટલા બધાના પ્રાણો તરફડીયાં મારતા ચાલ્યા જાય છે, હા! દૈવ! એક પલકના અરસામાં તેં આ શું કરી નાખ્યું! અરર! અલ્પ સમય પહેલાં કેવો ઉત્સાહ આનંદ વ્યાપી રહેલો! શોક, ચિંતા અને દુઃખ કંઇ દિશામાં હતું તેનું ભાન પણ અમને જણાતું નહોતું, તથાપિ દુષ્ટ વિધાતાએ અત્યારેતો કાળો કેર વર્ત્તાવી દીધો છે. ઘણાંકના પ્રાણોનો નાશ કરતાં પણ હજુ દુષ્ટ વિધાતાને તૃપ્તિ થઇ હોય તેમ જણાતું નથી. ખરેખર માણસનું ધાર્યું શું બને છે! દુર્દૈવ જ્યાં વિફરે ત્યારે માણસની આશાઓનો સત્વર વિલયજ થઇ જાય છે એટલુંજ નહિ પણ એક મોટો રાણો તે પલકમાં દેવવશાત્ રણમાં રખડતો થઇ જાય છે. જે રાવણ રાજાનાં દર્શન પણ એક વખત દુર્લભ હતાં, તેજ રાવણરાયનાં દશ મસ્તક તથા તેમનાં ધડ દૈવના વિપરીતપણાથી રણસંગ્રામમાં રખડવા લાગ્યાં. તેમના ઉપર કાગડાઓ પોતાની ચાંચો મારવા લાગ્યા. અનેક પ્રકારનાં જંગલી ક્રુર પ્રાણીયો તેમના રૂધિરથી તૃપ્ત થવા લાગ્યાં.

"કાચા સુતરને તાંતણે, બંધાણીઆ જીંદગાની છે.
ઝાંઝવાંના નીર જેવી, જુઠી જાણ જુવાની છે;
વિચારી જોરે જીવડા, પામર અરે! તું ખરી જશે,
અમ્રત કાયા તાહરી, કર્મે કરી માટી થશે"

હા? અત્યાર સુધી દુઃખની ખબર પણ નહોતી, તથાપિ સકલ સંઘને માથે આ કયા ભવનાં પાપ ઉદય આવ્યાં અરર! હવે શું થશે!

### રોખાવૃત.

"કુસુમ કળી કરમાય, નયનથી નીરજ ઢળીયાં,
અંતર અતિ અકળાય, પાપ કયા ભવનાં નડીયાં. ૧
ગોઝારો આ દિન, કર્મે હા! ક્યાંથી લખાણો!

શરણું છે એક જીન, પલકમાં દિન પલટાણો ૨
આશા નાજુક વેલ, આજે ભવ રણમાં લુટાતી;
કેવો જગનો ખેલ ! ઉર્મિ અંતરમાં સમાતી. ૩

વળી દુર્યોધન જેવા ગર્વિષ્ઠ છત્રપતિનો દિવસ એક વખત એવો પણ હતો કે અખિલ જગત્ ઉપર જેમની હાક વાગતી હતી ત્યારે એક વખત એવી પણ આવી લાગી, કે રણમાં કારમી ચીસો પાડતાં અને ગદાના મારની વેદના ભોગવતાં તેમને તરફડીયાં મારવાં પડતાં'તાં. તેમના શરીર ઉપર કીડીઓ વારંવાર ચડ ઉતર કરતી તેમજ માખીઓનો બણબણાટ અત્યંતપણે થયાં કરતો'તો તથાપિ તે મક્ષિકાઓને ઉડાડવા સરખી પણ તેમનામાં આય નહોતી. અને પાણી વગરની માચ્છલીની જેમ રણના ભયંકર મેદાનમાં કારમી ચીસો પાડતાં એકલાં તરફડવા લાગ્યાં. કેવો હૃદય ભેદક બનાવ ! શત્રુની છાતી પણ ફાટી જાય ! તેની આવી દુર્દશા જોઇને વૈરી પણ તેને માટે બે ઘડી અશ્રુને વરસાવે. અરર ! જગતના છત્રપતિ દુર્યોધન અને રાવણરાય જેવા ગર્વિષ્ઠ અને મદાંધ ભૂપતિઓને તે વખતે કેટલું દુઃખ થતું હશે ! સામાન્ય રીતે જેમકે એક માણસને ઘેર જ્યારે ચોરી થાય છે. જો કે ચોરો તેનું થોડું ઘણું દ્રવ્ય ચોરી જાય છે. તથાપિ તે માણસને અંતરમાં કેટલી પીડા થતી હશે, તો પછી રાજાના લોભીયા એવા આ નૃપતિઓની વ્યથાનું યથાર્થ વર્ણન દેવતાઓના ગુરૂ બ્રહ્મા પણ કરવાને સમર્થ નથી, તો પછી આપણે શું કરી શકીયે ! વળી આપણે જેટલું જાણીયે તેટલું પણ જણાવી શકીયે નહિ કેમકે મૂંગો માણસ સાકરનો સ્વાદ જાણે છે તથાપિ તેનું વર્ણન કરવાને તે શક્તિવાન્ નથી. તેવા ભૂપતિઓ પણ દૈવ પણાથી તેના ભેગા થઇ પડી લાચારીથી તરફડાયાં મારતાં સદાને માટે પરલોકે પ્રયાણ કરી ગયા, તો પછી આપણી શું ગુંજાસ ! ખેર ! જે બને તે ખરૂં ! દૈવે વિર્ચ્યું હશે તો છોડનાર નથી. માટે આપણા સર્વ કોઇનાં જીવન તત્વ અત્યારે આપણે તેનેજ સોંપીશું, તેની ઇચ્છા હશે તો આપણું રક્ષણ થશે નહિતર “ સૌ ગત તે વડુ ગત ” તેમ સૌની વલેહ થશે તેવી આપણી પણ થશે. પરન્તુ જ્યાં સુધી પ્રધાન અને સિંધન સુભટ છે ત્યાં સુધી આપણા દરેકની જીંદગી સહીસલામત છે તેથી તે બન્નેની જીંદગી સલામત રહે તે માટે તેઓ પોત પોતાના ઇષ્ટ દેવતાને અરજ ગુજારવા લાગ્યા.

સુજાલ બહારવટીઆને અત્યંત શુરવીરપણાથી લડતો દેખીને તેમજ પોતાના લોકોને મરતાં દેખીને તે બન્ને વધારે શુરમા આવ્યા. અરર! થોડીવારમાંતો બાજી બગડી જશે અને મનની હોંશો મનમાં ને મનમાંજ રહી જશે. અહીં ને અહીં દરેકનું કાર્ય પુરણ થશે પોતાના કેટલા સુભટો ભયંકર ચીસો પાડે છે, કેટલાક પલાયન કરી ગયા છે, ત્યારે કેટલાક મરણને વશ થયા થકા ગાઢ નિદ્રામાં પોઢેલા છે, રૂધિરનો પણ તરબોળ થઇ ગયો છે, કેટલાકનાં મસ્તક ઉંચાં નીચાં કુદતાં દેખીને તેઓ બન્ને એકદમ સત્તેજ થઇ ગયા, તેમની આંખોમાંથી અંગારા ઝરવા લાગ્યા ક્રોધથી શરીર રક્તવર્ણીય થઇ ગયું, લડાઇની શુરવીરતાથી તેઓ અન્ય સર્વ બાબતનું ભાન પણ ભુલી ગયા કોપાનળથી ભયંકર થએલી તેમની ઘોર આકૃતિઓ દેખીને નિર્બળ જનોનાં હ્રદય વિદીર્ણ થવા લાગ્યાં, અગ્નિ ઝરતી તેમની આંખોને જોઇને હૈયાના નિર્બળ ભીલો કારમી ચીસો પાડવા લાગ્યા. અરર! આ બન્ને જણા કેમ મરતા નથી, આખી સૈનાનો ઘાણ કાઢી નાંખ્યો અને આ બન્ને જણ મરતા નથી તે આશ્ચર્ય જેવું છે! સુજાલ બહારવટીઓ પણ આ બન્ને ઉપર એકદમ તુટી પડ્યો અને તેની પાછળ સર્વ કોઇ ભીલો બાણો વરસાવવા લાગ્યા. આ બન્નેને રામશરણ કર્યા પછીજ સંઘને લુંટવો, કેમકે હજારો લોકોને માર્યા અને બિચારા આ બન્ને જણનો શું હિસાબ છે! આપણે આટલા બધા આ બે જણને એક પલકવારમાં મગતરાની માફક મસળી નાંખીશું. તેમનો આવો વિચાર જાણી ને બન્ને જણ અંતરમાં ખુશી થયા અને ઉત્સાહથી તેઓની મધ્યમાં ઘેરાઇ ગયા. તેમની આજુબાજુએ ભીલ લોકોનુ સૈન્ય ચોતરફ વિંટાઇ ગયું છે આ બન્ને ઉપર અસંખ્ય બાણો વરસવા લાગ્યાં, એક પલકમાં વિજયલક્ષ્મી આપણને વરશે અને આ બન્ને જણ મરશે, એવા આશાના તરંગમાં સુજાલ નાચવા લાગ્યો. વિજયલક્ષ્મી પણ તેને માટે વરમાળા લઇને રાહ જોઇ રહી છે, પણ શું કરે! તેણીયે તો ક્યારનીએ વરમાળા સુજાલને પહેરાવી હોત પરન્તુ પેલા બે શુરા સુભટો પર્વતની માફક વચમાં આડા પડેલા છે તેથી તે હતાશ થઇ ગઇ છે. માટે તે બન્ને દુર થાય તેટલીજ માત્ર રાહ જોઇને ઉભી છે. પણ માનવનું ધાર્યું કાંઇ બનતું નથી. ધાર્યું તો દૈવનુંજ થાય છે. માણસ ભલેને પોતાની અમોઘ આશા-

ઓની ઉર્મિમાં કુદંકુદા કર્યા કરે ! પણ દૈવની મરજી હોય તેમજ થાય છે. દૈવની મરજી વગર આ જગતમાં કશું બનતુંજ નથી.

"અંગે ભભુતિ ઓપતી, લીધું કમંડળ હાથમાં,
દેવતણા અધિરાજ શંભુ, ભટકે જંગલ ધાટમ.,
ચડી દશાને ચાકડે અભિમાન મુરખ શું કરે !
કરા મરજી દૈવની તો, ધાર્યું તારૂં ધુળ મળે.'

ઇંદ્ર, ચંદ્ર અને ચક્રી જેવાઓ પણ દૈવની અગાધ શક્તિને। ભોગ થઇ પડયા છે. દૈવની પ્રબળ સત્તા આગળ તેમનું પણ લેશ માત્ર ચાલતું નથી. તો પામર એવા મગતરા સરખા માનવનું ધારેલું દૈવ કેવી રીતે થવા દે ! ભીલોનાં અસંખ્ય બાણો આ બન્ને ઉપર વ્યર્થજ થવા લાગ્યાં ઘણા વખત સુધી બાણોના મારો ચાલુજ રહ્યો પણ વ્યર્થજ ! ઉલટો તેનો ઘસારો પોતાને થયો. પણ તેમને તો કંઇ અસર થઇજ નહિ. વજ્ર ઉપર લોહને। ઘણ મારે પણ વ્યર્થજ ! મગશીળીયા પાષાણ ઉપર બાર મેઘ જો કદાચ વરસે તો પણ તે વ્યર્થજ છે. ચક્રીના વિકુર્વેલા ચર્મ રત્નને બારે મેઘ વ્યથા ઉપજાવવા ધારે પણ ફોગટજ ! તેઓને હરેકત થતીજ નથી, પણ તેમનો મેલ ધોવાતાં તે ઉલટા શોભાયમાન દેખાય છે તેવીજ રીતે લોહના બખતરથી રક્ષાયેલા આ બન્ને શુરા સુભટો ઉપર બાણો અથડાઇને જમીન ઉપર પડવા લાગ્યા. ભીલોનાં બાણો ખુટી ગયાં તથાપિ આ શુરા સુભટોને તો કાંઇ અસર થઇજ નહિ. તેઓ અત્યારે ક્રુર હૃદયના એવા ધાતકી જેવા બનેલા છે તેમના મારથી ભીલ સેના ત્રાસ પામવા લાગી. હજારો ભીલો ટપોટપ ભૂમાતાને શરણ થવા લાગ્યા. ભીલ સેનામાં થોડીવારમાં તો કાળો કેર વર્ત્તાવા જેવો દેખાવ થઇ રહયો. વિજયની છેલ્લી ઘડીયે બાજી પલટાઇ ગઇ વિજયલક્ષ્મીતો વિચારમાં પડી ગઇ, મારી વરમાળા પહેરી મારો હાથ કોણ ગ્રહણ કરશે તે માટે તે ઘણી આતુરવંત થઇ પણ તેણી કંઇ નિશ્ચય કરી શકી નહિ ખેર ! તેને વિચારજ કરવા દો. આપણે લડાઇની દશા નિરખીયે તેના શું વર્ત્તમાન છે તેની સ્થીતિ જોતાં તરતજ આપણને ખાતરી થશે.

પોતાની ભીલ સેનામાં અને પોતાના બાણો નિષ્ફળ જતાં દેખી સુજાનને જીતવાની આશા હવે રહી નહિ. પોતાના ભીલોને

તે બન્ને નિર્દય સુભટો ઘાસની માફક કાપી નાંખે છે તેમના મારથી ત્રાસ પામેલા કેટલાક બીજો છપાંય ગણી જાય છે. કેટલાક તરફડીયાં મારતાં જોવામાં આવે છે, પોતાના બીજોની બુરી દશા દેખીને હવે જીવ બચાવવાની આશાએ તેને માર્ગ લેવાની અને પૂંઠ બતાવવાની જરૂર પડી. હવે છુટકોજ નથી એક મરણીયો સેંકડો માણસને ખુહાર કરી નાંખે છે. તેનો આજે સાક્ષાત્કાર રીતે મને પ્રત્યક્ષ અનુભવ થયો એટલામાં સડસડાટ કરતું એક બાણુ આવ્યું અને તેની વજ્રમય છાતીમાં ભોકાણું. બાણનો જુસ્સો ઘણો હોવાથી હૃદયમાં જોરથી ખુચી ગયું અને થોડીવારમાં તો તેને ખાતરી પણ થઇ કે તે કારમું બાણુ પ્રાણઘાતક નિવડશે. ધીરે ધીરે તેની વેદના વધવા લાગી, ચકરીયો આવવા માંડી. શુદ્ધ બુદ્ધ સઘળી ભુલી ગયો હજારોને ખુહાર કરનારો સેંકડોની ઘાત કરનારો, અને અનેક પ્રકારનાં પાપનાં કાર્યો કરીને તે પાપના ભારથી જેનો ઘડો સંપુર્ણ ભરાયેલો હતો તે એકદમ અત્યારે ફુટવા લાગ્યો હોય તેમ તરતજ એકમોટી ચક્કર આવતાં એક વખતનો શુરો અને હજારો ચોરોનો નાયક બહારવટીઓ અશ્વ ઉપરથી નીચે તુટી પડયો. હવે તેને માટે જહાન્નમનો રસ્તો મોકળો કરવા માંડયો. પોતાનાં ભયંકર પાપો પોતાની નજર આગળ તરવા લાગ્યાં, ચારે તરફથી તે તેને અત્યંત દુઃખ દેવા લાગ્યાં, જેમ કાંટા શરીરને પીડા કરે તેમ તેનાં ભયંકર પાપો મરતી વખતે તેને ડંશ દેવા લાગ્યાં, લડાઇ બંધ પડી, પેલા બન્ને સુભટો અલ્પ સમયમાં શાંત થઇ ગયા. અને બહારવટીઆને પાલખીમાં ઉપડાવી પોતાના સઘમાં લાવીને વૈદ્યો પાસે તેના ઉપચાર કરવા માંડયા, થોડા ઘણા તેના સોબતીઓ જે અક્ષય રહ્યા હતા તે પણ આખર વખતે તેની સારવાર કરવા લાગ્યા.

# પ્રકરણ ૩૩ મું.

## " પશ્ચાત્તાપ અને મરણ "

" ક્યા લાયા વહ દુલ્લા સિકંદર, દુન્યાસે ક્યા લે ગયા;
મે'રા મે'રા કરકે જીતર પૂરા કીયા, દોનો ખાલી હાથે રસ્તા લીયા"

ણા ઘણા પ્રકારના ઉપચારો કરતાં છતાં પણ આર પાર ભોંકાયેલ બાણની તીવ્ર વેદના શાંત થતી નથી આહા ! એક ઘડી પહેલાં જે સુજાલ બહારવટીઓ કેવા કેવા આશાના હવાઇ કીલ્લા બાંધતો'તો. પરંન્તુ દૈવે તેના પાપનો ઘડો આખરે ફોડી નાંખ્યો, તેના મનની આશા હૃદયમાંજ સમાઇ ગઇ. તેનું ધાર્યું કાંઇ પણ થયુ નહિ. માણસ શું શું ધારે છે ત્યારે દૈવ તેને શું એ બતાવી આપે છે. અત્યારે ચારે તરફ શાંતિ પથરાયેલી છે થોડા વખત પહેલાં જે મેદાન લડાઇની ગર્જી રહ્યું હતું, જે મેદાનને વિશે લડાઇમાં મરણીયા થએલા શૂરા લડવૈયા શૂરવીરપણાથી લડતા'તા. અને તેમની કીકીયારીથી અન્યજનોનાં હૃદયો પણ ફાટી જતાં,તાં. તે મેદાન જાણે લડાઇના પરિશ્રમથી શ્રમિત થઇને વિશ્રાંતિ ભોગવતું હોય તેમ શાંતમય બની ગયું'તું. સંઘના લોકોનાં ધડકી રહેલાં કલેજાં હવે ઠેકાણે આવ્યાં'તાં. પ્રધાનની જીત થએલી જાણી તેમનાં અંતર આનંદથી ઉચ્છળવા લાગ્યાં. તેમજ ચોર લોકો પરાસ્ત થઇ પોતાની ધારણામાં નાસી પાસ થયા છે તે માટે તેઓ તે બન્ને જણનો ઉપકાર માનવા લાગ્યા. બન્ને જણને આવતાં વેતજ સાચા મોતીના થાળથી વધાવી લીધા. તેમજ તેમના પરિશ્રમની શાંતિને માટે અનેક પ્રકારે લોકો તેમની વૈયાવૃત્ય કરવા લાગ્યા, અનેક પ્રકારે તેમની સુખશાંતિ પૂછવા લાગ્યા. જયનાં વાંજીત્રો વાગવા લાગ્યાં, અનેક પ્રકારના જયજયના શબ્દોથી થોડીવાર સુધી આકાશ ગર્જના કરતું હોય તેમજ જણાયું. સંઘમાં રહેલા ભાટ ચારણો અનેક પ્રકારે પ્રધાનની બિરુદાવલી બોલવા લાગ્યા સંઘની અંદર મોટા મોટા વ્યવહારીયાઓની રમણીઓ માંગલીક ગીતો ગાવા લાગી. પલકવાર પહેલાં

શોકથી વ્યાકુળ થએલો અને જીવીતની ઇચ્છા માટે તરફડતો સંઘ થોડીજવારમાં વળી આનંદમાં મસ્ત થઇ અનેક પ્રકારના મોજ શો-ખમાં ગુલતાન થયો. ઓ કુદરત ! ઓ દૈવ ! તારો ચમત્કાર ખરેખર જગતને આશ્ચર્ય પમાડે છે. તું પલવારમાં શું એ કરી નાંખે છે. તારી અગાધ શક્તિમાં કેવા પ્રકારની કળાઓ રહેલી છે તેની પામર માનવ પ્રાણીને ક્યાંથી ખબર પડે ! જગતમાં તારી કૃતિઓની આડે આવવાને કોઇપણ સમર્થ થતું નથી. એક તૃણ સરખું પણ તારી મરજી વિરૂધ વર્તી શકતું નથી, અથવા તો મોટા મોટા ઇંદ્ર ચંદ્ર અને બ્રહ્સ્પતિઓની ગતિ પણ તારે આધિન થઈને રહેલી હોય છે.

## રોળાવૃત.

" ત્રણ ખંડ ભૂપાળ, લંકપતિ લંક ન લાધ્યો;
કરી વ્યર્થ ગુમાન, કુળમાં એકે ન રાખ્યો. ૧
રણમાં રહયો લંકેશ, કાગતો ચાંચ દીધે છે;
ભલે હોય દેવેશ, તથાપિ દૈવ લીયે છે. ૨

હા ! દૈવ ! દૈવ ! આશા ભરેલા માનવીની આશાને નિરાશ કરનાર તુંજ છે.

## સોરઠો.

" રાવણ રહ્યો રણમાંહય, દુર્યોધન ડુબી ગયો;
ગયો અર્જુન બાળ, જરાસંધ ઝુલી રહ્યો. ૧

એક તરફ જ્યારે આ પ્રકારનું વાતાવરણ વિસ્તરાયેલું છે, ત્યારે એક તંબુમાં સૂજલ બહારવટીઓ મરણ પથારીયે પડ્યો છે. બાણુની આકરી વેદના તેનાં હાડેહાડ તોડી નાંખીને તેને ત્રાહય ત્રાહય પોકરાવે છે. આખી જીંદગીનાં પાપો તેની નજર આગળ આવીને ઉભાં રહયાં જે જે ઠેકાણે જે જે હત્યાઓ કરી હતી. જે જે લોકોને ત્રાસ આપી જુલમ વર્ત્તાવ્યો'તો તે સર્વ જીંદગીભરનાં પાપ અત્યારે તેની નજર આગળ જણાઇ તેનાં અંતરને દાહ ઉત્પન્ન કરવા લાગ્યાં. અરર ! મારી શું દશા થશે. જીંદગીની સલામતી માટે કોઇ પણ દિવસ જીનેશ્વરને તો મેં સ્વપ્ને પણ યાદ કર્યા નથી. જીંદગીની આખરની વખતે તેને ઘણો પસ્તાવો

થયો, તેના આંખમાંથી અશ્રુઓ ટપકવા લાગ્યા. અત્યંત નિરાશ થતો તે નિસાસા નાંખવા લાગ્યો, અત્યારે જહાનમનો રસ્તો અને મોતનાં ભયંકર આકરાં દુઃખો તે પ્રત્યક્ષપણે દેખવા લાગ્યો. મોત તેની પાસે આવીને ઉભું રહ્યું. હવે શું કરવું ! કોઇ પણ એવો રસ્તો તેણે રાખ્યો નહોતો કે જેથી તેને વિશ્રાંતિ મળે ! ઘણા ખરા ભક્તોને તેણે બેહાલ કર્યા'તા, ઘણી સ્ત્રીઓનાં શિયળ ભંગ કર્યાં'તાં, ઘણા લોકોનાં ધનમાલ લુંટી લીધાં'તાં, ઘણા જીવોને ત્રાસ આપ્યો,તો, ઘણા મુંગા જીવોપર નિર્દયપણે જુલમ ગુજાર્યો'તો. અનેક પ્રકારના માયા પ્રપંચ અને છળભેદમાં પોતાનું જીવતર ગુમાવ્યું'તુ, તેના પાપનો ઘડો પૂર્ણ રીતે ભરાઈ ગયો'તો. આજ સુધીની મોજ એક પલકમાં નાશ પામી ગઇ, આજ સુધીનો બહાદૂર બહારવટીયો હવે હતાશ થઇ ગયો, શૂરવીરપણાથી જ્યાં ત્યાં ફતેહ મેળવનારો સુજાલ હવે આંખમાંથી પાપના પશ્ચાતાપરૂપ અશ્રુ પાડવા લાગ્યો. આયુષ્યની જે ઘડી અવશેષ રહી હોય તેટલીવારમાં પાપનો પશ્ચાત્તાપ કરીને પ્રભુની માફી માગવી, એટલુંજ બની શકે તેવું હતું. તેના સાથી ચોરો તેને હિંમત આપવા લાગ્યા. અનેક રીતે તેઓ દિલાસો આપતા, તેના દુઃખમાં ભાગ લેવા લાગ્યા તેની આખર વખત હોવાથી પ્રધાન અને સિંધન પણ તેને દિલાસો આપવાને તેની પાસે આવ્યા'તા. સંઘના બીજા નાના મોટા વ્યવહારીયાઓ પણ આ બહાદુર બહારવટીયાના મરણ પ્રસંગે હાજર થયા હતા, તંબુ માણસોથી સંપૂર્ણ ભરાઇ ગયો'તો તથાપિ લેશ માત્ર પણ ગરબડ જણાતી નહિ; સર્વ કોઇ શાંત પણે બેસી રહયું'તું. એટલામાં બહાદુર બહારવટીઆના મુખમાંથી અચાનક પશ્ચાત્તાપથી શબ્દો નિકળી પડયા.

## ગાયન.

કરણી કરશે તેવી ભરશે, પાપી મથી મરશે;<br>
કાચની કોઠીમાં પૂરો તોએ, કરમ કર્યાં નડશે,<br>
કાળાં ધોળાં ઘણાં કરીને, મુરખ મકલાશે;<br>
લાખોની લાજો લુંટીને, પાપી હરખાશે,<br>
કાળાં કામો કરે જે માનવ, અહીંને અહીં ભરશે;<br>
આખરે પસ્તાઇને તે, મુજ માફક મરશે,<br>
જારી વિજારી ઘણી કરીને, વિણુ મોતે મરશે;<br>
રટે નહિ જીન નામને તો, નરકે જઇ ઠરશે,

રે ચેતન ! તારી જીંદગીનાં કાળાં કૃત્યોને તું યાદ કર ! તેં કેટલી ઘડી ભગવાન્‌ને ભજેલા છે તે તું સંભાળ ! આહા ! મોહ અને માયામાં અંધો અને લો પ્રાણી પોતે શું કરે છે તેનો લેશ માત્ર પણ વિચાર નહિ કરતાં પાછું ફરીને જોતોજ નથી. માણસ ગમે તેવાં કૃત્યો કરશે તથાપિ તે કૃત્યો તેને પોતાનેજ ભોગવવાનાં છે. તેનો અવશ્ય વિચાર કરવો, કાયા ક્ષણીક છે. ચાર દિવસના ચાંદરણા સરખી યુવાવસ્થાની સુરકી ઉડી જશે, અનુકુળ દૈવ જ્યારે પ્રતિકુળ થશે ત્યારે સર્વ પ્રકારનો બદલો તેને મળવાનોજ છે હા ! મારીજીંદગીમાં મેં પણ અનેક પ્રકારનાં પાપો કરેલાં છે. મેં ઘણા ઘણા કુર જીવોનો પણ નાશ કરેલો છે, મોટા મોટા પ્રાણીઓ પણ મારી હાકથી ત્રાડ પાડી નાશી જતા મારૂં નામ દેવા માત્રથી બાળકોરોનાં બંધ પડીજતાં, દરેક લોકોનાં નામ સાંભળવા વડે કરીનેજ ગાત્ર શિથિળ થતો કોદડ ઊંચી આંખ કરવાને પણ સમર્થ થતું નહિ. અને દુશ્મનો તો ત્રાહય ત્રાહય પોકારતા જ્યાં ત્યાં સંતાઇજ રહેતા. પાપતો જાણે મારૂં સાથીજ હતું, નીતિ અને ધર્મને તો મેં પ્રથમથીજ તિલાંજલી આપીંતી, દયાને પણ મેં પ્રથમથીજ દેશવટો આપ્યો'તો, અને જીનેશ્વરના નામની સ્તુતિ તેને તો હું ઢોંગમાં અને ધતિંગમાં અને ધતિંગમાં ગણી કાઢી એક જાતનું તોફાનજ સમજતો એટલુંજ નહિ પરન્તુ બીજા ભક્તિ કરનારા બિચારા ગરીબ ભકતોને મેં કેટલો બધો ત્રાસ આપ્યો છે, હા ! પ્રભુ ! હું હવે ક્યાં છુટીશ ! તેં કંઇ નરકનાં ધાર થારે માટે લુલાં મુકાવ્યાં છે. ખરેખરે આજ સુધીમાં મેં જે પાપ કરેલાં છે તેનું ફલ ભોગવવાને માટે હવે મારે ગમન કરવાની તૈયારીયો થઇ રહી છે. દરેક પ્રાણીઓને જન્મીને મરવાનું છે એતો નિશ્ચય છે તે સાથે જેવી કરણી કરી હશે તે પ્રમાણે ભરવાનું છે તે પણ બેશક નિઃસદેહ છે.

હા ! આથી આલમનું પાપ લઇને આજે હું દોજખવા ભયંકર ખાડામાં ઘણા કાળ સુધી જમના હાથનો હારનો માર ખાવાને જવા તત્પર થયો છું. પાપ વસ્તુ શું છે ! તેની લેશ પણયને ખબર નહોતી. છતાં તે પાપ અત્યારે મને પ્રત્યક્ષ સામુ દેખાય છે. અરર ! મારી શું દશા થશે. નરકનાં દુઃખો સામાં ઉભેલો દેખી મારૂં હ્રદય અત્યારે ફાટી જાય છે. એક વખતે હું કાળનો પણ કાળ હતો. અરે ! કાળને હિસાબમાં પણ ગણતો નહિ, તે કાળ

અત્યારે મારૂં ભક્ષણ કરવાને તળે ઉપર થઇ ગયો છે, અરર ! હું હતાશ થઇને અત્યારે તેને આશ્રિત થઇ ગયો છું. જો કે મારી પોતાની સત્તાથી ઘણા સંકટમાંથી હું પસાર થયેલો છુ, તેથી દુઃખની પણ દરકાર નહિ કરનારો હું અત્યારે ગરીબાઇથી પરાધિનપણાને પામેલો છું, પાપી માણસો ભલેને તે પાપના પોટલા ભરે ! મિત્રો દુશ્મન થઇ ખરાબ કરવાની ભલેને ઇચ્છા કરે! લુચ્ચા માણસો લુચ્ચાઇ કરીને અને લાખોની લાંચે લુંટીને ભલેને થોડા વખતનું રામરાજ્ય ભોગવી લે ! પરન્તુ ખરેખર ભવિષ્યમાં તેમને માટે જમરાજાના હાથના હંટરના માર તૈયારજ છે. યમના દૂતો તેના કાળની રાહ જોઇનેજ ઉભા છે, પરોણાની પરોણાગત કરવાને તેઓ તૈયારજ રહેલા હોય છે. અમ્રત હોય તથાપિ વિષના બિંદુથી મલીન થયેલું હોય તો તે અમ્રત ધિક્કારને પાત્ર ગણાય,

જગતમાં કેટલાક ભારે કર્મી જીવો એવા હોય છે કે તેઓને શીખામણની તો અસર થતીજ નથી. જેમ પત્થર ઉપર પાણી રેડવું તે વ્યર્થજ છે, તેમ તેમને હિતની બે અક્ષરની કાંઇક શિક્ષા આપવી તે પણ છાણ ઉપર લીંપણની માફક વ્યર્થજ છે, જ્યારે તેઓ મારી માફક કોઇનું કહેવું નહિ સાંભળતાં અહર્નિશ પાપના કાર્યમાંજ મશગુલ રહે છે, અને અનેક પ્રકારનાં કાળાં ધોળાં કરે છે, ત્યારે તેને માટે ભવિષ્યમાં આવી રીતે મારી માફક ઘોર શીક્ષા થાય તો તે યોગ્યજ છે કારણ કે આજ સુધી આપણે અન્ય ઘણા જીવોને ત્રાહય ત્રાહય પોકરાવી તો પછી “ વારા ફરતી વારો અને દુર્જન દુશ્મનનું મોંહ બાળો ” એવા જગતના સામાન્ય નિયમ પ્રમાણે બાઇ સાહેબ અરે ! લહેરીલાલ સાહેબનો પણ વારો આવે અને ઘણા કાળ સુધી તેમના ઉપર યમના દુતોના હંટરના માર પણ પડેતો તેમાં નવાઇ ગણી શકાય નહિ “ રાંધ્યા પછી બળતું બળે અને સ્ત્રીને રાંડયા પછી ડાહપણ આવે ” એવી જગતમાં સામાન્ય લોક વાયકા સંભળાય છે, રાંધતી વખતે બળતું ન બળે અને રાંધ્યા પછી ભડભડ સળગે તે નકામુંજ ગણાય, તેમજ સ્ત્રી પણ પોતાનો ધણી હયાતહોય ત્યાં સુધીતો તેને પજવતી હોય અનેક રીતે બીજી પણ ભૂલો કરતી હોય પછી તેને રંડાયા પછી ડાહપણ આવેતો તે શા કામનું ! તેવીજ રીતે આખી જીંદગી સુધી કાળાં કામ કરીને સાતે વ્યસનમાં રક્ત થયા, અને પછી મરતી વખતે જીવને બધુ સાંભળી

આવે તે શા કામનું ! તથાપિ ગુણુ દૃષ્ટિએ તો આપણે તે પણ ઠીક ધારી શકીએ, કારણ કે મરતી વખતનો પશ્ચાત્તાપ તે પણ કેટલેક દરજે પાપને નાશ કરનારો છે. તથાપિ પશ્ચાત્તાપ કરનારો પોતે તો તેને સારો ગણેજ નહિ. હા ! માનવ જીવનની ક્ષણિક જીવનની કારકીર્દી એક દિવસ નાશ પામવાની છે. જીવને કરેલાં કર્મોનો બદલો મળવાનો છે તેની આશાઓ અંતરમાંજ સમાવાની છે. પલક પછી શું થવાનું છે તેની ખબર નથી તથાપિ માનવી મગતરૂં બિચારૂં આમ તેમ ફાંફાં મારી નાહક મથી મરે છે ફોગટ અનેક અનેક પ્રકારનાં કુકર્મો કરે છે તે બિચારો દિન રાતના ચોવીસે કલાકમાં એક કલાક પણ મારી માફક જીનેશ્વર પરમાત્માની ભક્તિ કરતો નથી. અને છેવટે જ્યારે એક દિન મરવાનો આવે છે ત્યારે મારી માફક વ્યર્થ ખેદ કરે છે.

" રટ્યા નહિ જીન રાજને, યદુનાથને સમર્યા નહિ,
આવી પનોતી કારમી, હવે જાવું જમ દરબાર મહિ;
અણધારી જોરે જીવડા, તુજ આંખ બંધ થવાની છે,
આશા ઉચ્છળતી હૃદયની, જલ્દી સમાઇ જવાની છે "

જગત્ જેવું કરશે તેવું ભરશે. " કરે તેવું ભોગવે અને વાવે તેવું લણે " એવો જગતને માટે સાધારણ નિયમ છે. ઘણે ખરે ભાગે જગત્ મારી માફક આંધળુ થયેલું હોય છે, કે જેને લેશ પણ અસર થતી નથી. જ્યારે દુઃખનાં કાળાં વાદળ ચડી આવે છે ત્યારેજ મારી માફક એકદમ તેની અંધ આંખો ઉઘડી જાય છે, અને પછી પસ્તાવામાં ફસઇ પડે છે. બોલતાં બોલતાં જીહવા અટકી ગઇ. જગતને છેલી સલામી આપી તેમની આગળ પોતાના પાપની માફી માગી જહાન્નમની ખાઇમાં હંટરનો માર ખાવાને આજથી હું રવાને થાઉંછું અને તમો પણ જો પાપ કરતાં નહિ ડરો તો યાદ રાખજો કે મારી પાછળ તમારે પણ આવવું પડશે, હું અત્યારે જાઉં છું તો તમો થોડા વખત પખત પછી તમારા કર્મનાં ફળ ભોગવશો પણ છુટવાનાં કયાં હતાં !

## સોરઠો.

" ખરતું દેખી પાન, શા'ને હસે તું કુંપળી,
અમો જાગુ આજ, તું પણ એક દિન આવશે "

ઇત્યાદિ શબ્દો નિકળતાંજ એક ડચકુ આવ્યું, ભાન દશા બદલાઇ ગઈ, આંખોના ડોળા ખસી ગયા, તેની અંદરની પુતળીઓ ભમી ગઇ. થોડીવારમાં બીજુ ડચકુ આવ્યું, એક વખતે જેની હાકે આખું વન ગર્જાયમાન થયાં કરતું'તું, એવો ભૂત કાળનો વનનો રાજા પાપનો પશ્ચાત્તાપ કરતો અત્યારે મરણના ઝપાટામાં સપડાયો, કાળ કોઇને છોડતો નથી. રાવણ જેવાના પણ કાળ કોળીયા કરી ગયો. હીરણાક્ષ્ય અને હીરણ્યકશીપુ જેવા કુર દૈત્ય વિકાળ રાક્ષસ રાજાને પણ સ્વાહા કરી હજમ કરી ગયો. દુર્યોધન જેવાને પગુ ધરાયનમઃ કરી ગયો મોટા મોટા શૂરવીરોનો પણ ધબડકો વારી ભડકો કરી ઓઇયાં કરી ગયો. તો બહાદુર બહારવટીયાની તેમની આગળ શી ગણતરી હતી. ત્રીજા ડચકાની સાથેજ દરેક લોકોના જોતાં જોતાં તેનો પવિત્ર આત્મા ચીકણા કર્મથી ભારે થયો થકો પરલોકે પ્રયાણ કરી ગયો. આ ફાની દુનિયાનો ત્યાગ કરીને ચાલ્યોજ ગયો. પોતાની પાછળ જગતના જનોને ત્રાસથી મુક્ત કરીને દેવના દરબારની હજુરમાં પાપને પુણ્યનો હિસાબ આપવા આ લોકમાંથી તે છ પાંચ ગણી ગયો.

# પ્રકરણ ૩૪ મું.

## "અવલોકન"

થોડા દિવસ ત્યાં આગળ રોકાઇને પ્રધાને તે સુજાલની મરણક્રીયા કરાવી અને ચોરના બીજા સાથીઓ હતા તે પ્રધાન સાથેજ રહ્યા, ત્યાંથી સંઘ આરાસણ ગામને વિશે આવ્યો. જીનબિંબની પૂજા વગેરે રીતે ત્યાંથી આગળ પ્રયાણ કરતો સંઘ અનુક્રમે તારંગાજી આવ્યો, ત્યાં કુમારપાળ રાજાએ બંધાવેલું ભવ્ય ગગન ચુંબિત એવું અજીતનાથ ભગવાનનું દેરાસર તેને ભેટીને પોત પોતાનો જન્મ સફળ કરતા હવા. ત્યાંથી પાલણપુરને વિશે આવ્યા.

અલ્પ સમયમાં પ્રહલાદન રાજાના શરીરને ઉલ્લાસમાન કરવાને મેઘ સમાન એવા અને જેને વિશે ચારે આશ્રમના લોકો દર્શન કરવાને આવે છે એવા પલ્લવીયા પાર્શ્વનાથ જે નગરમાં જયવંતા વર્તે છે. સૂર્યમુખીએ કરીને શોભાયમાન એવા અને ત્યાં યાત્રા કરવાને આવતા યાત્રાળુઓની દરરોજની સંખ્યા એટલીતો વધારે હોય છે કે દિન-પ્રતિ મુડા પ્રમાણેતો ચોખા થાય છે, તેમજ સોપારીની ગુણો ભરાય છે. એવા જીનેશ્વરને ભાવપૂર્વક સ્તવતો સંઘ ત્યાંથી કેટલેક દહાડે પ્રયાણ કરતો હવો; ચાલતાં ચાલતાં તે સંઘ અણહીલપુર પાટણને વિશે આવ્યો, ત્યાં યાત્રા કરીને અનુક્રમે શત્રુંજય પર્વત ઉપર આવ્યો, ત્યાં આગળ પ્રધાને એક મોટો સ્વામી વત્સલ કર્યો. અગીયાર મુડા ઘઉંની લાપસી બનાવી વગેરે અનેક પ્રકારની મન ગમતી રસોઇવડે બધાને જમાડયા. ભાવ થકી યાત્રા કરીને સંઘ પાલીતાણે આવ્યો, તે અરસામાં તે સંઘ નાનો કાસ્મીર છે એવું હસતા થકા લોકોનાં વચન સાંભળીને સ્થીરાપદ્ર (થરાદ) નગરથી આભુ નામના સંઘવી પણ સંઘ કાઢી પાલીતાણે આવતા હવા. શ્રીપાળ જ્ઞાતિમાં શોભાયમાન એવું પશ્ચિમ માંડલીકનું બિરૂદ જે આભુ સંઘવીને લોકોએ આપેલું છે. વળી એના સંઘમાં ચૌદહજાર ગાડાં હતાં, પંદરસોને દશ તિર્થંકરની પ્રતિમાઓ હતી. સાતસેં જૈન દેરાસર હતાં. ત્રણસે તો પાણીના મોઠા નળા હતા. બસો માળી રાખેલા હતા. ઋદ્ધિવંત એવાં તંબોલીનાં પાંચસેં કુળ હતાં, બસેંને આઠ દુકાનો હતી. સત્તરસે ને બાવન લાકડાંના ભાર ઉપાડનાર હતા, છત્રીસ આચાર્ય હતા. વગેરે અનેક પ્રકારના પરિવારે પરવરાયેલા આભુ સંઘવી એક માંડ-લીક રાજાની માફક પાલીતાણે આવતા હવા.

તેવાર પછી બન્ને સંઘના સમસ્ત લોકો સિદ્ધાચળ ઉપર ચડયા. અને યુગાદિનાથ શ્રી રૂષભદેવની અત્યંત ભક્તિથી પુજા કરતા હવા. સોના રૂપા પ્રમુખનાં ફુલો વડે કરીને શ્રી આદિ-નાથની તેઓ ભક્તિ કરતા હવા. ત્યારબાદ ધજા ચડાવીને આરતી મંગલદીવો વગેરે કરીને અને મોતી પ્રવાલાં તેમજ સોના રૂપાનાં ત્રણ ક્રોડ ફુલ વડે ભગવાનને વધાવીને ઘણી ભક્તિ કરતાં થકાં તેઓ નીચે ઉતરતા હવા. પછી ઘણી ભકિતએ કરીને આભુ સંઘવી સકળ સંઘને ભોજન કરાવતા હવા. કેમકે સંઘની ભક્તિ અત્યંત પુન્ય પ્રગટ કરવામાં કારણ છે, તેમજ બીજે પ્રકારે પણ

સંઘનું બહુમાન કર્યે થકે પુન્ય થાય છે. વળી તિર્થ યાત્રાને વિશે સ્થીર મન કરવાથી સંઘને શું લાભ નથી થતો ! અર્થાત્ સર્વ પ્રકારનો લાભ થાય છે. ધીમે ધીમે વૃદ્ધિગત થતો ચંદ્ર પખવાડીઆને અંતે એટલે પુર્ણિમાને રોજ શું નથી શોભતો ! જે પુરૂષો સિદ્ધાચળની યાત્રા કરવાની ઇચ્છાથી શુદ્ધ ભાવવડે યાત્રા કરે છે. તે ઘી સહીત ભોજનની માફક ઇચ્છિતને મેળવે છે.

વળી આભુ સંઘવી પ્રધાનની સાથે બીજીવાર પર્વત ઉપર ચડતા હવા. સમગ્ર પ્રકારે સ્નાત્ર પૂજા વગેરે કરીને દેરાઓને વિશે, નાની નાની દેરીઓને વિશે, નાના મોટા વૃક્ષોને વિશે, તેમજ શિખરોને વિશે એમ સેંકડોગમે ઠેકાણે ધજાઓ બાંધતા હવા. વળી આ તિર્થ સંસાર રૂપી સમુદ્ર થકી તરવાને એક મોટા ઝાઝ સરખુ છે. સકળ સંઘના લોકો રૂપાનાણાંના મુલ્ય વડે ગ્રહણ કરેલાં પુષ્પોથી પર્વતની ભુમિને પુજતા હવા. એવી રીતે ઘણી ભક્તી કરીને સકળ સંઘની સાથે બન્ને સંઘવીઓ નીચે ઉતરતા હવા. અને અનેક પ્રકારની ભોજનની સામગ્રી વડે કરીને આભુ સંઘવી ઝાંઝણકુમાર મંત્રીને ભોજન કરાવતો હવો.

આભુ સંઘવીની ઉદારતાથી તથા તેના ખર્ચથી વિસ્મય પામેલો મંત્રી અંતરમાં પોતાના આત્માને નિંદવા લાગ્યો, “ અરર ! હું કાંઇ પણ દ્રવ્યનો ખર્ચ કરી શક્યો નથી આ આભુ સંઘવી વા ઉદાર દિલથી ખરચ કરે છે ” ઇત્યાદિક ચિંતા કરતા મંત્રી અને આભુ સંઘવી પાંચ છ દિવસ સુધી ડુંગર ફરસવાને માટે ચડતા હવા. અતિ ઉત્કંઠાવાળા ઝાંઝણકુમાર મંત્રી આદિનાથને નમીને પૂર્વે ચડાવેલી રૂપાની ધજા પ્રત્યે મસ્તકથી આરંભીને દંડ સુધી ધજા બાંધતા હવા. તેમજ રૂપાની ધજાની પાટલીને નીચે તથા ઉપર સોનાની ધજા અને અંદર વસ્ત્રની ધજા એ પ્રકારે ચડાવતા હવા.

બાવન દેરીએ કરીને શોભાયમાન એવા નેમિનાથના દેરાસરમાં પણ એ રીતે ધજા બાંધીને ચાલતા થયા, તેમજ વૃક્ષાદિકને વિશે પંચવર્ણ યુક્ત ધજા ચડાવીને પર્વતના માર્ગ થકી પોતે ચાલ્યા. સંઘ પણ તેમની પાછળ પાછળ ચાલતો હવો, તેઓ ડુંગરની

ફરસના પૂરી કરી અનુક્રમે પ્રયાણ કરતાં થકાં ગિરનારજીના પર્વતને વિશે આવ્યા. પૃથ્વીને પવિત્રકારી એવા તિર્થના પર્વત ઉપર સકલ સંઘ ચડતો હવો. ત્યાં પણ નેમિનાથના મસ્તકને વિશે અને શિખરોને વિશે તેઓ ધજા ચડાવતા હવા, અને ચોપન ઘડીના પ્રમાણ વાળી ધજા બનાવીને અહંકાર મુકી પ્રધાન તેને પ્રતિષ્ટાવતો હવો.

" આ પ્રધાન માલવ દેશનો અધિપતિ છે. એમ મારૂ મન સાક્ષી આપે છે, જે પ્રધાને એક પ્રકારની ધજા એ તિર્થમાં ચડાવી. આહ ! તે ધ્રજાઓનાં શું વર્ણન કરીયે ! પોતાની અંદર સ્નાન કરવાને એકઠી થએલી છે એવી વિદ્યાધરની સ્ત્રીઓ તેમના શરીર ઉપર રહેલું જે ચંદન તેના વડે કરીને મિશ્ર થએલું છે પાણી જેનુ એવી ગંગા નદી આજે પેથડકુમારના પાછળ ઝાંઝણકુમાર તે રૂપી સૂર્ય તેના આતાપે કરીને જાણે સુકાઇ ગયેલી છે તે શું ! એવી રીતે ગંગા નદીની માફક ધજાઓ શોભતી છતી ગગન મંડળમાં ફરરર ફરરર ફરકવા લાગી.

કેટલાક દિવસ ત્યાં રહીને જગતને આશ્ચર્યકારક એવાં કૃત્યોને કરતા થકા પ્રધાન આખુ સંઘની સાથે વામનસ્થલી ( વંથળી ) માં આવ્યા. રસ્તામાં પ્રભાસપાટણ પ્રમુખ ઘણાં તીર્થોને પ્રધાન વંદના કરતા હવા. ત્યાંથી જાત્રા વગેરે કરીને આગળ ચાલ્યા. તેઓ દેશ દેશને વિશે, સૌરાષ્ટ્ર આદિ દેશને વિશે વગેરે અનેક ઠેકાણે રહેલાં તિર્થને વંદના કરતા હવા. ત્યાંથી કર્ણાવતી નામા નગરીથી ત્રણ કોશ દુર આવીને પડાવ નાંખતા હવા કેટલાક દિવસનો પડાવ અહીં રાખવાનો છે એમ ધારીને તંબુ વગેરે ઠોકી દીધા. બન્ને સંઘનો સમુહ એકત્ર મળેલો હોવાથી મોટા નગર જેવો દેખાવ થઇ રહયો છે, આનંદ આનંદ વર્તાઇ રહયો છે. જંગલમાં પણ મંગલ જેવો ભાસ જણાયછે. એવામાં કર્ણાવતીના રાજા સારંગદેવનો માનનીય ભાટ સંઘ જોવાને ત્યાં આવતો હવો. ફરતો ફરતો મોટા મોટા વ્યવહારીયાઓના તંબુને નિરખતો તેમના વૈભવોથી સંતુષ્ટ થએલો ભાટ પ્રધાનના તંબુ પાસે આવતો હવો. આહ ! શું આતે કોઈ મહારાજાનો તંબુ હશે કે આતે કોઇ શાહનશાહનો તંબુ હશે ! એવી ભ્રમણામાં ભુલેલો ભાટ સર્વ તંબુઓમાં અગ્રેસર ચાર દ્વારવાળો એવો પ્રધાનનો તંબુ જોતો હવો. જેની આસપાસ દિશાઓને ક્ષોભ પમાડે

એવાં વાજીંત્ર વાગી રહયાં છે, જેની ચારે બાજુએ મોટા મોટા વ્યવહારીયાઓના હજારો તંબુઓ આવેલા છે,તથા બહાર આજુબાજુએ રક્ષણને માટે ચોકીદારોના તંબુઓ જણાયા કરે છે. સંઘવીની આજ્ઞા થકી દ્વારપાળે જેને અંદર જવાનો હુકમ આપ્યો છે એવો ભાટ આશ્ચર્ય પામતો થકો પ્રધાન પાસે આવતો હવો. ત્યાં આવીને ચિંતા સહીત તે ઉભો રહયો.

તેને ચિંતા સહીત શોકાકૃતિમાં સ્થીર પાષાણવત્ ઉભેલો જોઈને પ્રધાને તેની ચિંતાનું કારણ પૂછ્યું, ત્યારે તે પ્રધાનની આગળ પોતાની અંતરની ઉર્મિને બહાર પાડવા લાગ્યો કે "હે દેવ! કોટ પ્રમુખની નિર્મળ લક્ષ્મી વડે કરીને દેવલોકના જેવા અને હાથે ગ્રહણ કરવા લાયક એવા માંડવગઢ નામા નગરના ઉચ્ચ શિખરોએ કરીને ગર્જના કરતી જેની કીર્તિ છે એવા તમારા પિતા દુર્જય ગુજરાત દેશની લક્ષ્મી જીતવાને માળવામાં આવેલા છે તો તે પ્રધાનને શેની ઉપમા આપીશું! તેના વિચારમાં હું ઉભો છું."

ભાટની આવા પ્રકારની વાણી સાંભળીને તુષ્ટમાન્ થએલો પ્રધાન તેને ઘણું ધન આપતો હવો, સોનાની સાંકળ, વીંટણાં, અને પાથરણાં સહીત ઘોડાઓમાં અગ્રણીભૂત એવો એક મહા મુલ્યવાન્ અશ્વ આપ્યો. પ્રધાનના આ પ્રકારના ઉદાર દિલથી ભાટ અત્યંત પ્રમુદિત થયો, તેનું દારિદ્રય દૂર ગયું. પોતાને આશા હતી તે કરતાં પણ તેને ધન ઘણું મળેલું છે. પ્રધાન આટલું બધું આપશે એવી તેને સ્વપ્ને પણ ખાતરી નહેતી, કેમકે તેઓને ઘણી ઈચ્છા હોતી નથી, બ્રાહ્મણો જેમ લાડુથી સંતોષ માને છે તેમ થોડું ઘણું મળવાથી તેમને સંતોષ થાય પ્રધાનની આવી અને અણધારી ભેટથી ભાટ અંતરમાં તેને અતિશય આશિષ દેવા લાગ્યો, અનેક પ્રકારે તેના ગુણ ગાવા લાગ્યો. પ્રધાનના આપેલા અશ્વ ઉપર અશ્વાર થઈને તે રાજા પાસે રવાને થયો, રસ્તામાં અનેક પ્રકારના વિચાર કરતો અને પ્રધાનના દ્રવ્યની સંકલના કરતો થકો અને તેની ઉદારતાથી અંજાઈ ગયેલો ભાટ અનેક પ્રકારના તરંગોમાં લીન થયો થકો રાજા પાસે આવ્યો.

# પ્રકરણ ૩૫ મું.

## " રાજા સાર દેવ "

**दानोपभोग हीनेन, धनेन धनिनो यदि,**
**क्रीडामः किंन तेनैव, दारैरपि धनैरपि;**

**ભાવાર્થ**—જે માણસ દાન દેતો નથી અને ધનને પોતે પણ ભોગવતો નથી, તો તેના મુવા પછી તેના ધન વડે કરીને અને તેની સ્ત્રી સાથે આપણે શા માટે આનંદ ન ભોગવીએ !

રાજાને મળવાને ઝાંઝણકુમાર પાસેથી રવાને થએલો ભાટ રસ્તામાં અનેક પ્રકારના વિચાર તરંગમાં મગ્ન થતો તે રાજા પાસે આવ્યો. તેની પાસે આવી સંપદા દેખીને રાજાએ તેને પૂછ્યું કે " આ બધું તું ક્યાંથી લાવ્યો ! "

" હે સ્વમિન્ ! ખરેખર આજે માંડવગઢની સંપદાજ અરે ! માળવાની લક્ષ્મી દેવીજ આજે મારે મંદિરે પધાર્યાં છે ! " ભાટે કહ્યું.

" હે ભાટોના નાયક ! તને કોઇએ એક વસ્તુ આપી હોયતો તેનું દશગણું વર્ણન શા માટે કરી બતાવે છે ! કેમકે તેમ કરવાથી સાચી વાત પણ ખોટી થઇ જાય છે " રાજાએ હાસ્ય કરતાં થકાં ભાટને કહ્યું.

" હે સ્વામિન્ ! હું લગારે પણ અતિશયોક્તિથી બોલતો નથી. પણ જે ખરી બાબત છે તેટલીજ જણાવું છું " તેણે કહ્યુ.

" ઠીક ! એમાં વિવાદ કરવાની શી જરૂર છે ! હાલમાં અહીંઆં કોણ છે ! " રાજાએ કહ્યું.

" હે દેવ ! મેરૂ પર્વતની પેઠે પૃથ્વીને કંપાયમાન કરતા અને ચોતરફથી ઉજ્વળ કીર્તિરૂપી પટરાણીને વરેલા ઝાંઝણકુમાર મંત્રીશ્વર તેના (સંઘના) રાજા છે. તે અચળ એવા માંડવગઢને મેરૂની માફક કંપાયમાન કરે છે, " તેણે કહ્યુ.

"હે ભાટ ! તે કેવી રીતે !" રાજાએ કહ્યું.

"હે સ્વામિન્ ! માળવદેશની ઉજ્જયિની નગરીના મુખ્ય પ્રધાન ઝાંઝણકુમાર મંત્રીશ્વર અત્રે સંઘ સાથે પધાર્યા છે. હું ફરતો ફરતો તેમની પાસે ગયો. આહ ! શું સંઘની ઋદ્ધિ સિદ્ધિ ! પ્રધાનની સાથે ચાલનારા અન્ય વ્યવહારીયાઓ પણ તેમની કીર્તિથી ઉજ્વળ થયા છે. મેં થોડી ઘણી વાતો કહી એટલામાંતો તેણે મને એકદમ પોતાના ઉદાર દીલથી કીમતી ભેટણું આપી દીધું" ભાટે કહ્યું.

ભાટની એ પ્રકારની વાણી સાંભળીને ઇર્ષ્યાનો ત્યાગ કરીને કર્ણરાજાનો પુત્ર સારંગદેવ પોતાની નગરીને અનેક પ્રકારની રચનાથી શણગારતો છતો અને રૂદ્ધિ સિદ્ધિએ કરીને શોભાયમાન એવા ઘણા પ્રકારના હાથીઓએ કરીને સૃષ્ટિ મંડળને ક્ષોભ પમાડતો તે સંઘવીની પાસે અનેક પ્રકારનાં વાદ્યને વગડાવતો થકો આવતો હવો. પ્રધાન પણ સંઘને વિશે તોરણ વગેરે બંધાવી વિવિધ પ્રકારની શોભાને કરતો થકો મોટા આડંબર સાથે રાજાની સન્મુખ આવ્યો. પોતાની નજીક આવેલા રાજાને જાણીને એકવીશ સંઘવીઓ વડે કરીને સહીત તે ઘોડા ઉપરથી નીચે ઉતરતો હવો. રાજા પણ પ્રધાન પાસે આવીને પોતાના હાથી ઉપરથી નીચે ઉતર્યો. પ્રધાને રાજાનું સારી રીતે આતિથ્ય કરીને તેને પોતાને ઉતારે તેડી લાવ્યો. ત્યાં અનેક પ્રકારે તે રાજાની ભક્તિ કરવા લાગ્યો, તેમજ મોટા મોટા બત્રીસ અગ્રણીઓએ રાજાની આગળ કીમતી ભેટો ( સોગાદો ) મુકી. રાજા તે સર્વ સંઘવીઓને સન્માનીને અને તેઓને વિશે પ્રધાનનું અધિકતર સન્માન કરવા લાગ્યો.

હવે રાજા મંત્રાશ્વરના તંબુમાં આવે થકે ઝાંઝણકુમારની સ્ત્રી મોતીથી ભરેલા થાળ વડે કરીને તેને વધાવતી હવી. પછી ત્યાં સિંહાસન ઉપર બેસીને દરેકની સુખશાતા પૂછતો હવો. બત્રીસ સંઘવી પ્રમુખ પુરૂષોએ રાજાને એક લાખ ટકાનું ભેટણું કર્યું. કેમકે મોટા પુરૂષ પોતાને ઘેર આવે થકે તે પ્રવેશ મહોત્સવની ઇચ્છા કરે ! રાજાને પણ કોઇ ઠેકાણે પોતાનો જમણો હાથ ઉંચો ન કરવો એવો નિયમ છે, કેમકે યાચના કરવી તે હીન ગણાય છે. વળી તે લઘુતાનું કારણ છે કેમકે જગતમાં સૌથી હલકું તૃણ છે તૃણખલાથી હલકું રૂ છે અને રૂથી હલકો યાચક છે.

પછી તાંબુલ વગેરે પ્રધાન આપતે છતે રાજાએ તેના હાથમાંથી પાનનું બીડું ઝપડી લીધું. ને પ્રધાન કર્પુર લેવાને ઘરમાં ગયો. કર્પુર લાવી રાજાના હાથમાં આપવા માંડ્યું હવે તે કર્પુર વામ હાથમાં ભરાઇ ગયું. એટલે તરતજ રાજાએ પોતાનો જમણો હાથ સર્વ સામાન્તાદિક દરેક લોકના દેખતાં છતાં પહોળો કર્યો. નીચાં કામ કરવામાં ડાહ્યો એવો વામ હાથ તેના થકી મંગલીક કાર્યની પરંપરાને પામીને ઉત્કૃષ્ટપણું પામ્યો છે એવો જમણો હાથ પણ રાજા મુલથી વિસ્તારતો હવો. અરે! પડી જતું જે કર્પુર તેને અટકાવવાને તે સહાય કરતો હવો. એવી રીતે જમણો હાથ ધરે છતે જય જયના શબ્દો થવા લાગ્યા.

જે રાજા પોતાનો જમણો હાથ ક્યારે પણ ધરતો નહિ તે રાજાને આજે પોતાનો વામેતર હાથ લાંબો કરેલો દેખીને સામાન્તાદિક સર્વજનો તેનું હાસ્ય કરવા લાગ્યા. ને મંત્રીની ઉદારતાનાં વખાણ કરવા લાગ્યા. મંત્રી પણ રાજાને ઉજ્વળ કર્પુર આપવા વડે કરીને તેનો ઉજ્વળ યશ પોતે લઇ લેતો હવો. હવે રાજા પણ પ્રધાનને કહેવા લાગ્યો કે " હે મંત્રી! ત્હારા જેવું દાન આજ સુધીમાં મને કોઇએ આપ્યું નથી. માટે હું તારાપર તુષ્ટમાન થયો છું તો જે જોઇએ તે માગી લે।

" વચન થકી નહિ ચલાયમાન થવાવાળા અને ઘણા ઉત્તમ ગુણરૂપ ફુલોએ કરીને શોભાયમાન એવા તમારા સરખા કલ્પવૃક્ષ પાસેથી અવસર આવશે ત્યારે માગીશ." એવી રીતે પ્રધાન રાજાને કહેતા હવા.

હવે તેવાર પછી સર્વ સંઘવીઓને હાથી ઉપર બેસાડીને રાજા પોતાની કર્ણાવતી નગરીમાં આવતો હવો. રાજાએ સંઘવીઓને પોતાના મંદીરમાં લાવીને પહેરામણી વગેરે આપીને સંઘવીઓને રહેવાના ઉતારા આપ્યા. સંઘવીઓ પણ બે ત્રણ દિવસ ત્યાં રહેતા હવા. પછી તે સર્વ સંઘવીઓ રાજાની આજ્ઞા લઇને પોતાને ઉતારે તંબુઓમાં આવતા હવા.

એકદા સમયને વિશે પૂર્વે રાજાએ છન્નુ રાજાઓને કેદખાનામાં નાંખેલા છે, તેઓને છોડાવવાને માટે ઝાંઝણકુમાર પ્રધાન રાજાની

પાસે આવતા હવા. યોગ્ય અવસર ધારીને ઝાંઝણકુમાર મંત્રીશ્વર રાજાને કહેવા લાગ્યા કે "હે રાજન! તમોએ મને પહેલાં જે વર આપેલો છે, તે વર આજ સુધીમાં મેં ભંડારમાં રાખેલો છે. જો આપ મારી ઉપર પ્રસન્ન થયા હોવ તો જે વર આપે આપેલો છે તે આજે માગવા ધારૂં છું.

"હે પ્રધાન! બોલો જે તમને વ્હાલું હોય તે માગી લ્યો" રાજાએ કહયું.

"હે સ્વામિન્! આ છન્નુ લાખ રૂપૈયા નજરાણું લઇને આજથી છન્નુ રાજાઓને બંદિવાન્‌માંથી મુક્ત કરો! એટલીજ મારી યાચના છે." પ્રધાને કહયું.

આવી રીતનું પ્રધાનનું વચન સાંભળીને રાજા પોતાના મનમાં અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યો.

---

# પ્રકરણ ૩૬ મું.

## "રાજ કેદીની મુક્તિ અને ઝાંઝણકુમારની જાહોજલાલી"

આહ! આ પ્રધાન શું ધારે છે! શું આ ધન મને આપવાનું! ના! ના! એતો ભેટ તરીકે મુકવાનું. પછી પાછુ લઇ લેવાનું, કેમકે આટલા બધા ધનનું દાન આપવું તે દુષ્કર થઇ પડે. વળી મોટા પુરૂષોનાં પણ દાન આપતી વખતે શરીર ધ્રુજે છે. જુઓ કે લડાઇમાં દાન દેવાના ભય વડે કરીને ભીમ સંકોચ પામ્યો, તેથી જાણે પોતાને તે વાત રૂચતીજ નથી તેમ તે વાત (છન્નુ રાજાઓની) મુકી દઇને વચમાં આડી અવળી વાતો કરવા લાગ્યો ને તરતજ રાજા પોતાના અન્તઃપુરમાં ચાલ્યો ગયો, પાત્રને વિશે જેમ દાન, જળને વિશે જેમ તેલ અને ખળને વિશે

ગુપ્તવાત જેમ વિસ્તારને પામે તેમ જ્યાં ત્યાં છન્નુ રાજાઓને છોડવાની વાત વિસ્તાર પામી, પ્રધાન પણ થોડોક વખત પરદેશ જઇને પાછો આવ્યો, અને યશનોપુંજ એક ઠાકરવાની ઇચ્છાવાળા તે સર્વ રાજાઓને મુક્ત કરવાની પ્રબળ જીજ્ઞાસાવાળા થયા. તેથી જેમ કાંકરાના સમુહમાં રત્ન અને શંખ શ્રેષ્ઠ છે. તેમ લક્ષ્મી વડે કરીને સર્વ લોકોને માથે ઉપકાર કરી પૂણ્ય તથા કીર્તિ ઉપાર્જન કરવી તે શ્રેષ્ઠ છે. અરે ! માનવ જીવનનું ખરૂં રહસ્ય તે કીર્તિજ છે. તે માટે ઝાંઝને વિશે આવેલા એવા ગંગાના જળ સરખા એકસોને દશ ઘોડા રાત્રીને વિશે રાજાના મહેલ પાસે લાવીને તેના મંદિરની આસપાસ બંધાવ્યા. ઘોડાઓ પણ હણુ હણુાટના શબ્દો કરી રહ્યા છે. વાજીંત્રના અનેક પ્રકારે શબ્દો વાગ્યા કરે છે એથી પ્રભાતના સમયમાં રાજાની નિંદ્રા તરતજ નાશ પામી ગઇ.

પ્રાતઃકાળે ઉઠીને રાજા સર્વ ઘોડાઓને દેખી વિચારવા લાગ્યો. “ આહ ! મોતીઓ જેમ કાનના કુંડલને શોભાવે, હંસો જેમ સરોવરને શોભાવે, મોઘું દેરાસર જેમ દરિયાને શોભાવે, તેમ આ ઘોડાઓ મારા મંદિરને શોભાવે છે.” ઇત્યાદિક વિચારથી વિસ્મયકારક થઇ છે દૃષ્ટિ જેની એવો રાજા મનમાં ચિંતવન કરે છે એટલામાં કોઇ માણસે આવીને રાજાને વિનતિ કરી કે ‘ હે સ્વામિન્ આ ઘોડાઓને તમે બાંધો ! ”

“ આ ઘોડાઓનો સ્વામી કયાં ગયો છે ” રાજાએ કહયું.

“ હમણાં આપને નમવાને ભેટણા વડે કરીને સહીત આવશે ” તેણે કહયું.

“ આ ઘોડાઓને શા માટે અહી બાંધવામાં આવ્યા છે ; ” રાજાએ કહયું.

“ કેદમાં નાંખેલા રાજાઓને મુક્ત કરવાને માટે આ ઘોડા લાવવામાં આવ્યા છે ” તેણે કહયું.

“ શું આ ઘોડા ઝાંઝણકુમારે મંગાવ્યા છે ” રાજાએ કહયું.

“ રાજાઓને છોડવાને માટે ઝાંઝણકુમારે વિનંતી કરી છે તે તમે પણ સાંભળ્યું છે, માટે હે રાજન્ ! મારી ઉપર પ્રસાદ કરો ! તેમાં કાંઇપણ દુષણ નથી, ગુજરાતમાં પણ તેના જેવો કોઇ વ્યવહા-

નથી કે જે સર્વ રાજાઓને છોડાવી શકે માટે જો તમો માનશો તો તમારા દેશમાં તે ઉતરશે અને નહિ માનો તો તે ચાલ્યો જશે." તેણે ચાનક લાગે તેવી રીતે રાજાને ભણાવી દીધું"

તેનું વચન સાંભળીને રાજાને તેની અસર થઇ. અને રાજા તરતજ પ્રધાનને પોતાની પાસે બોલાવતો હવો. પોતાના અર્ધા આસને બેસારી તેને પહેરામણી આપી ને છન્નુ રાજાઓને સારંગ રાજા મુક્ત કરતો હવો. અને પ્રધાનને કહેવા લાગ્યો કે મેં પૂર્વે તમને વર આપેલો છે, હવે જો હું તમારી પાસેથી છન્નુ લાખ રૂપૈયા લઇને રાજાઓને મુક્ત કરૂં તો જગતમાં મારી અપકીર્તિ થાય. વળી તું મારો પ્રાહુણો છે, માટે તારા મનમાં તું આમણુ દુમણો થાય તેવું કામ મારે કરવું જોઇએ નહિ. એમ કહીને છન્નુ લાખ રૂપૈયા પ્રધાનને પાછા આપ્યા. તેથી આભુ સંઘવીએ છન્નુ લાખના બદલામાં રાજાને તેનું અર્ધ અડતાલીશ લાખ ટકા આપ્યા. કેમકે હાથીના ભાતામાંથી એક દાણો પડે તોપણ તેમાં કીડીઓના કુટુંબનો નિર્વાહ ચાલે છે. તેવાર પછી સર્વ રાજાઓને એકેક ઘોડો પાંચ પાંચ વસ્ત્ર આપી ઝાંઝણ પ્રધાને સર્વ રાજાઓને પોત પોતાના ઠેકાણે મોકલાવ્યા. અને રાજ્યતેજને ધારણ કરનારા ઝાંઝણ કુમારને "રાજ્યબંદિ છોટક" એવું બિરૂદ મહાજને આપ્યું, કેમકે મહાજન પુજનીય છે. તે બન્ને જણે મળીને રાજાઓને છોડાવ્યા. તથા દ્રવ્ય પણ આભુ સંઘવીએ આપ્યું પણ યશની ઉજવળ પંક્તિ તો પ્રધાનના કર્મમાંજ લખાણી. કેમકે સર્વ જણ ભેગા મળીને કોઇ પણ કાર્ય કરે તોપણ ફળ તો જે અગ્રેસર હોય તેનેજ થાય છે. મહિને મહિને તેમજ શુકલપક્ષ અને કૃષ્ણપક્ષમાં ચંદ્રની કાંતિ સરખીજ છે. તથાપિ એક પક્ષ ઉજવળપણાને પામે છે અને દ્વિતીય પક્ષ કૃષ્ણપણાને પામે છે. માટે યશ તો પુન્યવડે કરીનેજ પમાય છે.

હવે એક દિવસ ઝાંઝણકુમારને ભોજન કરાવવાની ઇચ્છા વડે કરીને રાજાએ તેને નિમંત્રણ કરવાને પોતાના પ્રધાનને મોકલ્યો, હવે પ્રધાન પણ ઝાંઝણ કુમાર પાસે આવીને તેમને કહેવા લાગ્યો. કે "હે પ્રધાન! તમારા સંઘને વિશે અસંખ્ય લોક ભેગાં થયાં છે. તેમને ભોજન કરાવવાને કોણ સમર્થ છે; તે માટે રાજા તમારા

મનુંષ્યોને દુર કરી હજારો સારા મનુષ્યોને ભોજન કરાવશે. તમે પાપ સમુદાયને છેદનારા છો, વળી ઠેકાણે ઠેકાણે યાત્રાઓ કરીને આવ્યા. તે યાત્રા મોક્ષ માર્ગને વિશે માહાલવાવાળા પુરૂષોને હોય છે; તમને અમે પરોણા કર્યા છે. માટે પાંચ છ હજાર માણસોની સાથે તમારે અમારે ત્યાં ભોજન કરવાને પધારવું. હે મંત્રી ! આવી રીતની અમારી પ્રાર્થનાનો તમારે લેશ પણ ભંગ ન કરવો."

"હે પ્રધાન ! રાજાએ જમાડવા ઇચ્છા કરી છે તે ખરેખર તેને વ્યાજબીજ છે. તે વાત પાપને નાશ કરનારી અને પુન્યને વૃદ્ધિ કરનારી છે. પણ સંઘમાં રહેલા સર્વ પુરૂષો મારા સાધર્મિક છે. મારા બાંધવ થકી પણ તે અધિક છે. તે સર્વ માનવો પૂજવા લાયક છે. કેમકે તે સર્વ સંઘને વિશે મહા કષ્ટથી મળેલા છે. તો તે સંઘના લોકોને હું મોટાઇથી તેમને હલકા ગણી અસાર ગણું, તેમજ તેમને છોડીને હું આવું તો મારે સાતમી નરકને વિશે જવું પડે" પ્રધાન ઝાંઝણકુમારે કહી બતાવ્યું.

એટલામાં એક શ્રાવક મંત્રીને કહેવા લાગ્યો કે "હે પ્રધાન ! વિવેક તો એવો હોય છે કે સારો ને ખોટો જાણવો તેમાંથી સારાને ગ્રહણ કરીને અસારને તજી દેવું તેમાં કાંઇ પણ નવાઇ નથી વળી ધર્મ, પીવા યોગ્ય વસ્તુ, ભોજન કરવા યોગ્ય વસ્તુ તેમજ ન્યાય કરવા યોગ્ય કરવું, એ સારી વાત છે પણ સર્વને સારૂંજ કહેવું તે ન્યાય યુક્ત કહેવાય નહિ" એવું બોલતા ભર ભડીયા અને બટક બોલકણા એવા હતપતીયા શ્રાવકને તરતજ બીજાએ અટકાવી તેનું તે કચર બંધ કરાવી દીધું.

ઝાંઝણ કુમાર મંત્રીનાં એ પ્રમાણેનાં વચનો સાંભળીને પ્રધાન રાજા પાસે આવ્યો. અને જે વાત હતી તે રાજાને કહી સંભળાવી રાજા પણ મનમાં વિચારવા લાગ્યો કે "આપ મુવા વિણ સ્વર્ગ મળે નહિ" "આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ" "પારકા લેખણને પારકી સઇ મતુ કરે મારે માવજી ભઇ" એવી રીતે પોતાની સત્તા મુકીને પારકે હાથે કામ કરાવવામાં કાંઇ માલ હોય નહિ, કેમકે પોતાની જાતે કર્યા વગર કોઇ પણ કાર્ય સિદ્ધ થતું નથી. ઇત્યાદિક વિચારતો રાજા પોતે પ્રધાનનું નિમંત્રણ કરવાને તેની પાસે આવતો હવો. તેની પાસે આ-

વીને રાજાએ પણ પ્રધાનની પેઠેજ કહ્યું. ત્યારે ઝાંઝણકુમાર રાજાને કહેવા લાગ્યા કે " સ્વામિન્ ! તમારૂં મન જો કદાપિ ન દુઃખાય તો મારે એક વિનંતિ કરવી છે. માટે આપની આજ્ઞા હોય તો હું કહું ! "

રાજાએ તરતજ જે કહેવું હોય તે કહેવાની આજ્ઞા આપી.

" સ્વામિન્ ! તમે કરવા યોગ્ય ખરચ કરવાથી ડરોછો તમારા સરખા પુરૂષો સંગ્રામમાં પણ અધિક ખરચ કરવાથી ડરે છે. વળી નિધાનવડે સહીત ચકી હોય તો પણ નકામું ને વધારે ખરચ કરતા નથી. તે માટે હે રાજન્ ! સર્વ સંઘને ભોજન કરાવવાની ઇચ્છા હોય તો મને નિમંત્રણ આપજો, નહિંતર જરૂર નથી. કેમકે સંઘમાં તો સર્વ સરખાજ છે. માટે પંક્તિ ભેદ શા માટે કરવો જોઇએ ! વળી રાવણે પોતાના દશ મસ્તકોથી દશ રૂદ્રોની પૂજા કરી અને અગીયારમા રૂદ્રની પૂજા ન કરી તેથી હનુમાનજીએ જઇને તેનો વિનાશ કર્યો. માટે પંક્તિ ભેદ કરવો તે કલ્યાણને માટે નથી. " એવું વચન સાંભળીને કોઇ બુદ્ધિવંતે કહ્યું કે હે સ્વામિન્ ! જો આજ્ઞા હોય તો પ્રધાનને કહો કે તમારા એકેક માણસને સર્વને અમે ભોજન કરાવીએ અથવા તો, અમને જમાડવાને તમારે નિમંત્રણ કરવું. તેનાં એવાં વચન સાંભળી ઝાંઝણ મંત્રી કહેવા લાગ્યો કે " બીજે ઠેકાણે પણ વડેચણી કરવાથી દોષ લાગે છે તો સંઘને વિશે એકને જમાડવું ને એકને ન જમાડવું, એમ કરવાથી તો પાપ પ્રમુખ વિશેષ દોષ લાગે છે. માટે રાજાને તો તેના દેશ સહીત હું નોતરૂ દેવાનો છું એવી રીતે દ્રવ્ય ખરચવાને પ્રધાન તૈયાર થયો હવો. રાજા પણ વિચારવા લાગ્યો કે પ્રધાન કેવી રીતે જમાડે છે, માટે ભોજન કરીને પણ હું તેની પરિક્ષા તો કરૂં ! એમ વિચારતો છતો પ્રધાનનું નિમંત્રણ સ્વીકારતો રાજા પોતાની નગરીમાં આવતો હવો.

# પ્રકરણ ૩૭ મું.

## " સ્વદેશ ગમન "

ઝાંઝણ કુમાર મંત્રીએ રાજાને તેના દેશ સહીત જમણનું નિમંત્રણ કર્યું. એક માસને અંતે જમણનો દિવસ નિયમિત પણ કર્યો. રાજા અમુક દિવસ મુકરર કરી પોતાની કર્ણાવતી નગરીમાં ગયો અને માણસોને દેશ દેશાવરથી ભેગું કરવાના કામમાં પડયો આ તરફ પ્રધાને પણ સર્વ સામગ્રી તૈયાર કરવા માંડી. સ્વભ્રમતિ (સાબરમતી) ના કિનારે પંચવર્ણે કરીને યુક્ત સેંકડો ગમે એવા ભોજનને માટે સુંદર માંડવા બંધાવતો હવો. એકેક મંડપમાં પાંચ પાંચ હજાર માણસો બેસી શકે, તેવી રીતે જાતિ જાતિની વ્હેંચણી કરીને ભક્તિવડે કરીને ભોજનની સામગ્રી તૈયાર કરીને નિયમીત દિવસે આવતે છતે સર્વને ભોજન કરાવતો હવો. આવેલા માણસોનો સારી રીતે સત્કાર પણ કરતો હવો. કેમકે પર્વતોને વિશે, શિખરોને વિશે અને પાષાણની શિલાઓને વિશે, ખાડાઓને વિશે, આંબાઓને વિશે, ખાલીને વિશે, ભર્યાને વિશે, સ્નેહાળ શબ્દોવડે કરીને સમસ્ત પૃથ્વી મંડળને મેઘની પેઠે સમતાવાળી કરી પ્રધાન દ્રવ્યરૂપી વરસાદ વરસાવતા થકા પોતાના સુગધિત અને ઉજ્વળ જશવડે કરીને સૃષ્ટિ મંડળને ઉલ્લાસમાન કરતા થકા શોભાયમાન કરતા હવા.

હવે સર્વ લોકના સાંભળતાં રાજા મંત્રીની હાંસી કરવા લાગ્યો કે હે પ્રધાન ! આ શું છે !

" હે રાજન્ ! સમસ્ત લોકથી જમતાં વધેલું આ અન્ન છે. આતે શું ! પણ ગુજરાતના પાંચ લાખ માણસો જમે તેટલું અન્ન બાકી રહયું છે. " એવી રીતે પકવાન પ્રમુખ રાજાને દેખાડીને તેને ઘણું આશ્ચર્ય પમાડયું.

હવે વધેલા પકવાનમાંથી કેટલુંક સર્વ દેરાસરોમાં આપવા

લાગ્યા. ત્યાર બાદ કેટલુંક પકવાન સર્વ શ્રાવકોને પોત પોતાને ઘેર લઇ જવાને લાહાણામાં આપી પ્રધાન પોતાની કીર્તિને જગતમાં વિશેષતઃ ખ્યાતિ પમાડતા હવા. એવી રીતે રાજાના પંદર લાખ માણસોને જમાડતાં મંત્રીને પાંચ લાખ ટકા ખરચ થયું.

હવે કેટલોક કાળ સારંગદેવ રાજાની શિતળ છાયામાં રહી તેની આજ્ઞા લઇને સંઘવી પોતાને દેશ આવતા હવા. પોતાનાં અદ્‌ભૂત કર્ત્તવ્યોથી જગતને આશ્ચર્ય પમાડતા અને દ્રવ્યનો વરસાદ વરસાવતા થકા સકલ સંઘની સાથે મોટા મણી કાંગરાથી સુશોભિત તથા નગરીની રસીલી રમણીયોની સુંદરતાથી પરિપૂર્ણ અને તેનાં રમણીય આભુષણોની સુવર્ણમય જે કાંતિ તેણે કરીને રક્ત થએલી એવી ત્રંબાવટી (ખંભાત) નગરીમાં આવ્યા. ત્યાં શ્રી સ્થંભનેશ, સ્થંભનપુર નગરના શિરતાજ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા જે પહેલાં કેટલોક કાળ ઇંદ્ર મહારાજાના ઘરમાં રહેલી હતી, ત્યારબાદ ત્યાંથી દ્વારિકા નગરીમાં શ્રી કૃષ્ણ વાસુદેવના વખતમાં કેટલોક કાળ રહી હતી. ત્યાંથી કેટલોક કાળ તે પ્રભુ નાગકુમારોના ક્રીડા યુક્ત એવા મનોહર ભુવનમાં રહયા હતા. સર્વ રાજાઓથી સેવાતા જે પાર્શ્વનાથ તે નાગાર્જુન યોગીને સુવર્ણસિદ્ધિના કારણરૂપ થયા. તેમજ હે ચિંતામણી! તમે શ્રી અભયદેવ સૂરિના શરીરે કોઢ હતો તેનો વિનાશ કરવે કરીને તેમનું સુંદર અંગ બનાવતા હવા. એવા શ્રી સ્થંભનનરેશ શ્રી પાર્શ્વનાથને સકલ સંઘે ભાવથી પૂજ્યા. ઘણા દિવસો રહી તેમની ભક્તિ કરી ત્યાંથી સંઘ ગોધરા પ્રમુખ ગામમાં ગયો ત્યાં તિર્થંકરની ભક્તિ કરતો સંઘ સલક્ષણપુરમાં ગયો. તે ઠેકાણે સંઘનો પ્રવેશ મહોત્સવ ઘણા આડંબર સહીત થયો. દરિદ્ર-રૂપ જે દાવાનલ તે થકી તપેલા એવા જે મનુષ્યો તેને શાંતિ આ-પવાને વરસાદ સહીત વાયરા સરીખા એવા ઝાંઝણકુમાર મંત્રી અઢી લાખ મનુષ્યનું સ્વામીપદ પામતા હવા.

ત્યાંથી ચાલતાં ચાલતાં શ્રી સંઘ માંડવગઢ નજીક આવ્યો. સંઘને નજીક આવ્યો જાણી રાજાએ તેમજ નગરવાસી જનોએ તેમનો પ્રવેશ મહોત્સવ કર્યો. નગરને અનેક રીતે શણગારવામાં આવી ઘેર ઘેર તોરણો બંધાયાં. જ્યાં ત્યાં વાજીંત્રના નાદો કર્ણગો-ચર થવા લાગ્યા. હાથીઓ ગર્જનાઓ કરી પૃથ્વીમંડળને કંપાયમાન

કરતા હતા. અશ્વો હૈષારવના શબ્દો કરવા લાગ્યા, નગરની લલના-ઓ અનેક પ્રકારનાં આભુષણો પહેરી માંગલીક ગીતો ગાવા લાગી, રાજબીજ સરખા પરાક્રમી ઝાંઝણકુમારના મુખ કમળમાં છુપાઇ રહેલા અમૃતની ઉપર સ્નેહમય નજર નાંખી આકર્ષણ કરવા લાગી. શુભ મુહુર્તે નગરીમાં પ્રવેશ કરતા અને રાજાની સાથે હાથી ઉપર બેઠેલા ઝાંઝણકુમાર ધણે વખતે પોતાની નગરીનું અવલોકન કરતા ચાલ્યા જાય છે. કેટલીક નાગરણો પોતાના ઘરના ઝરૂખે ઉભી ઉભી ઝાંઝણકુમારને નીરખી રહી છે ત્યારે કેટલીક મદઘેલી યુવતીઓ તેના તરફ નયનબાણ ફેંકી અને પોતાના હાસ્યથી તેના ચિત્તને આહ્‌લાદ ઉપજાવતી છતી પોતાની સાહેલીઓ સાથે વાર્તા-વિનોદ કરતી માલુમ પડે છે. કેટલીક નવોઢા દુઃખી દંપતીઓ તેની સ્ત્રીને ધન્યવાદ આપતી છતી પોતાના ભાગ્યની નિંદા કરવા લાગી. ત્યારે કેટલાંક વિલાસી દંપતીઓ તેને પુષ્પોથી વધાવી "ચિરંજીવો અને જગતનું ભલું કરો!" ઇત્યાદિક આશિષો આપી તેનાં ઓવારણાં લેવા લાગ્યાં. કેટલીક દુઃખી દિલદારો મને પૂર્વ ભવે આવોજ પતિ મળજો એવી રીતે સમ્યગદષ્ટિ શાસનદેવની પ્રાર્થના કરવા લાગી.

વરઘોડો ફરતો ફરતો ચૌટામાં આવ્યો, અનેક રીતે વ્યવહા-રીયાઓ પણ જેમાં છાએલા થયા છે. હજારો માણસો વરઘોડામાં અને વિશેષતઃ પુન્યવંત ઝાંઝણકુમારનું દર્શન કરવાને આજે ઉત્કંઠા-સમાન થયા થકા તમતમી રહયા છે. ઘણે દિવસે રાજાના ભા-ગ્યવંત મંત્રી યાત્રા કરીને આજે નગરમાં પધારે છે માટે તેને જો-ઇને આપણો માનવ જન્મ સફળ કરીયે તેને માટે નગરની પ્રજા-ઓ તો ગાંડી ઘેલી થઇ ગઇ છે, જ્યાં ત્યાં રસ્તામાં ને દુકાનોમાં, ઘરમાં અને બજાર, ચૌટાઓમાં અને ગલીઓમાં, ઝરૂખામાં અને ગોખમાં જાણે આ નગર સ્ત્રીઓથીજ આચ્છાદિત થએલું હોય તેમ જ્યાં ત્યાં તેમનાં દર્શન થવા લાગ્યાં, ઇત્યાદિક અનેક પ્રકારની આનંદજનક સંસારીક ક્ષણિક સુખવાળી લીલાઓથી ઘેરાયલો મંત્રી સંઘ સહીત પોતાના નગરની યાત્રા કરતો છતો ઘેર આવ્યો. સર્વ સંઘના લોકોને આખર વખતનો સત્કાર કરી તેમને પોત પોતાને ઘેર મોકલી દીધા. સંઘમાં યાત્રાનો લાભ લેવાને ગએલી સ્ત્રીઓ પણ ઘણા દિવસે પોત પોતાના ઘરનાં દર્શન કરવાને મંગલ ગીતો

ગતી ગાતી વે'લી વે'લી ઘેર ચાલી ગઇ, પછી પોતાની નગરીના સર્વ જાતીને ભોજન કરાવીને શ્રી સંઘની ભાવ પૂર્વક ભકિત કરી પોતાના પરિવારવડે કરીને યુકત ધારાનગરી તથા ઇંદ્રપુર (ઇંદોર) આદિ નગરોને વિશે તિર્થયાત્રાને કરતો તે મોટો મહોત્સવ કરતો હવો. પછી યાચકોમાં તે સોનાના મેઘની સમાન વરસતો થકો રાજાને પોતાને ઘેર તેડતો હવો. રાજાનો ઘણો સત્કાર કરી તેને કીમતી નજરાણું ભેટ મુકી તેના ચિત્તને પ્રસન્ન કરતો હવો રાજા પણ તેની ઉપર પ્રસન્ન ચિત્તવાળો થયો થકો પોતાને મંદિરે આવી પોતાનો કાળ સુખમાં વિતાવવા લાગ્યો અને પ્રધાન પણ રાજ્ય કાર્યમાં ગુંથાયો છતો ધર્મ ધ્યાનમાં પોતાના દિવસો ગુમાવતો હવો.

# પ્રકરણ ૩૮ મું.

## "ઉપસંહાર"

"ક્યા લાયા વહ દુલા સિકંદર, દુન્યાસે કયા લે ગયા,
મેરા મેરા કરકે જીગર પૂરી કીયા, દોંનો ખાલી હાથે રસ્તા લીયા"

જગતમાં દરેક મનુષ્યો જન્મીને મરણને શરણ થાય છે. કાળની વિષમ ગતિનો ભોગ હજારો બલ્કે લાખો જનને થવું પડે છે જગતમાં માનવીની દરેક આશાઓ કોઇ કાળે ફત્તેહમંદ નિવડી શકતી નથી, આ સંસારરૂપી વિકટ માર્ગમાં લાખો જીવો ગમનાગમન કરી રહયા છે. અમુક માણુસ ક્યાં રહે છે! ત્યારે અમુક માણુસ કયાં હશે! તેમનું નામ પણ કોઇ જાણતું નથી. નામ તેનો નાશ થવાનેજ છે. જન્મ્યા છીએ તો એક દિવસ આવવાનોજ છે. તે કોઇથી મિથ્યા થવાનો નથી આઉખું પુરણ થયે તિર્થંકરને પણ મરણને શરણ થવું પડે છે, અને જે જીવ જેવાં કૃત્ય કરે તેને તેવી ગતિમાં

ગમન કર્યા વગર છુટકોજ નથી, શાસનનો વિજય કરનાર, સાધર્મિકની ભક્તિ કરનારા અને દેવ, ગુરૂ અને ધર્મની શ્રદ્ધા અને સેવા કરનારા જીવોજ આ ભવ સમુદ્રમાંથી તરી જાય છે. સંસાર સમુદ્ર તરવાના બે માર્ગ છે. એક સાધુ માર્ગ ને બીજો ગ્રહસ્થ ધર્મ ! આ ઉભય માર્ગે થઈને પ્રાણી આત્મહિત સાધી શકે છે. સાધુ માર્ગ જ્યારે શીઘ્ર ગામી છે તો શ્રાવક ધર્મ અલ્પ શક્તિ પામીને ધીમેથી પણ આત્મ હિતનો રસ્તો બતાવે છે.

વર્ત્તમાન સમયનું વાતાવરણ જગતના સામ્રાજ્ય ઉપર વિચિત્ર પ્રકારોની અસર કરે છે જો કે ધર્મની ઉન્નત્તિ કરવી અને તે સાથે જગતનું વલણ જ્ઞાનમાર્ગે દોરાય તેને કારણે આત્માને આકર્ષણ કરનારાં આપણી પ્રાચિન જાહોજલાલીના ઇતિહાસોની આપણને ઘણીજ જરૂર છે જેથી જગતને ઘણું જાણવાનું મળે છે તે સાથે તેમાંથી તેને ઘણા પ્રકારનું શીક્ષણ પણ મળે છે.

જો કે ધર્મની ઉન્નતિ કરવી તે દરેકનું સાધ્યબિંદુ હોય છે તથાપિ બે હાથો વગર તાલી પડી શકતી નથી. શ્રીમાન્ અને વિદ્વાન્ એ બન્નેને અરસ પરસ સહાય હોય ત્યારેજ બની શકે છે. જગતમાં માણસને પૈસો તો ઘણોએ મળે છે કેમકે શુભ પુન્યનો ઉદય હોય તો તે અનાયાસે પ્રાપ્ત થાય છે. આપણી જૈન જેવી શાંત અને દયામયી કોમમાં લાખો પુરૂષો અને બ્હેનો હશે. કે જેમને ઘેર ઘણી સંપદા હશે. પરન્તુ મમ્મણશેઠની માફક સદ્વ્યય કરવાને ખરેખર તેઓ કમ ભાગી નિવડે છે અથવા તો કોઇ બીજી રીતે તેનો વ્યય થઈ જાય છે. પરન્તુ યોગ્ય રીતે નિતિસર વ્યવસાય થતો નથી. જો કે માણુસ પોતે ગમે તે કાર્યમાં પૈસો ખરચે તેને માટે તે પોતાની મીલકતનો માલેક છે. પરન્તુ તેણે થોડાથી ઝાઝો લાભ મેળવવો જોઇએ પોતાના પૈસાનો પુરૂષ અગર તે સ્ત્રી ગમે તે હોય તથાપિ તેણે એવી રીતે તેને સદ્વ્યય કરવો જાઇએ કે તેનો લાભ દરેક જન સમાજને મળી શકે. સારા કાર્યમાં તેણે પોતાના ધનનો સદ્વ્યય કરીને આ અસાર સંસારમાં અમુલ્ય એવું માનવ જીવતર સફલ કરવાને તેણે ભુલવું જોઇએ નહિ.

પુર્વે તિર્થંકરોએ સંવત્સરી કદળી આપી જગતનું દુઃખ બહુધા પ્રકારે દુર કરેલું છે, જગતના પામર જીવોને અનેક રીતે સહાયકારી

થઇ તેમનું દુઃખ દૂર કરવાને તેઓ ભુલતા નથી; મોટા મોટા પ્રખ્યાત રાજાઓ, વાસુદેવો અને ચક્રવર્તીઓ વગેરેએ જગતનાં જીવોનો અનેક રીતે દુઃખ થકી ઉદ્ધાર કરેલો છે. વસ્તુપાળ, તેજપાળ, જેવા અને વિમલશાહ મંત્રી જેવાઓએ પણ જગત ઉપર ઘણા ઉપકાર કરેલા છે ઇ. સ. બારમી સદીને અન્તે અને તેરમીની શરૂઆતમાં કુમારપાળ રાજાએ જૈનધર્મને જગતમાં વિશેષતઃ પ્રખ્યાત કરી ઘણા દુઃખી સાધર્મિક જીવોની ભક્તિ કરેલી છે. કળીકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જેવા સર્વજ્ઞના ઉપદેશથી તેમણે શાસનની સારી રીતે સેવા બજાવેલી છે, ત્યાર પછી લગભગ એક શતક વિત્યા બાદ એટલે ઇ. સ. તેરમી સદિના અન્તના અરસામાં માળવામાં આવેલા માંડવગઢના મુખ્ય મંત્રી અને આપણી નવલકથાના નાયક પેથડકુમાર એક અગ્રગણી મહાન્ પુરૂષ થયા. જેમના પિતા દેદાશાહે પણ જૈનધર્મની સારી રીતે ભક્તિ કરેલી છે, એટલુંજ નહિ બલ્કે દુઃખી જીવોને કલ્પવૃક્ષ જેવા તેઓ પોતાનાં નામ અમર કરી ગયા છે. પેથડકુમારે પણ ગરીબોને ઘણું ધન આપેલું છે, સાધર્મિકની ઘણા આદર સત્કારથી તેઓ ભક્તિ કરતા, પોતાની હયાતિમાં સાધર્મિકને કદિ પણ કંગાળ હાલતમાં રાખતા નહિ. તેઓ સ્વામી બંધુનું દુઃખ સાંભળીને તેનો નાશ કરવાને તરતજ ઉદ્યમવાળા થતા, તેમના વખતમાં માંડવગઢની જાહોજલાલી સ્વર્ગની નગરીને પણ જીતનારી જણાતી તેમના રમણીય પ્રાસાદો, તે વખતના મનોહર કીલ્લાઓ, તે વખતના મનોહર દેખાવો વગેરે ખરેખર કેવા જાહોજલાલી ભોગવતા હશે! મહાન્ ભાગ્યવંત મંત્રીશ્વર પેથડકુમારના વખતમાં માંડવગઢની જાહોજલાલીમાં લગભગ નવ લાખ જૈનો શ્રીમન્તાઇમાં ગરકાવ થઇ આનંદમાં ડોલી રહેલા હતા. સાતસો તો મોટાં મોટાં દેરાસરો ગગનને ચુંબન કરતાં થકાં વિજય પતાકાને ધારણ કરતાં હતાં, વગેરે અનેક રીતે તેની જાહોજલાલી જગતને આશ્ચર્ય ઉપજાવતી હતી.

પેથડકુમાર મંત્રીશ્વર મહાન્ બુદ્ધિશાળી હતા તેઓ બુધ્ધિથી ગમે તેવું પણ કાર્ય કરવાને ચુકતા નહિ, અહર્નિશ આત્મહિતમાં તત્પર રહેતા. તે સાથે તેઓ મહા ઉદાર દિલના પરોપકારી નર

ખર્યુ હતા. તિર્થ સમરાવવામાં, નવીન ચૈત્ય કરવામાં કે સાધર્મિકની ભક્તિ કરવામાં તેઓ કદાપિ પાછું વાળીને જોતાજ નહિ; પોતાના જીવનમાં તેમણે ક્રોડો રૂપૈયા શાસનની સેવામાં તથા સાધર્મિકની ભકિતમાં ખરચેલા છે. એટલુંજ નહિ પણ જગતમાં ગરીબોનું દુઃખ દુર કરવામાં પણ તેમણે કેટલુંએ દ્રવ્ય ખરચેલું છે.

ઝાંઝણકુમાર મંત્રીશ્વરે પણ ક્રોડોનું ખરચ કરવામાં પાછુ વાળીને જોયું નથી. પોતે સંઘ કાઢીને ક્રોડો દ્રવ્યનું ખરચ કરેલું છે વિક્રમ સંવત્ ૧૩૪૦ માં અર્થાત્ ઇ. સ. ની ચૌદમી સદીમાં તેમણે સંઘ કાઢેલો છે. જૈનધર્મની તેઓએ અન્તઃકરણથી સેવા બજાવી છે. ધર્મની ઉન્નતિને માટે તેમણે અસંખ્યાતુ દ્રવ્ય ખર્ચ્યું છે. તેઓ ઉદાર દિલના બુધ્ધિવાન્ અને જૈનધર્મના પ્રભાવકો થઇ ગયા છે. શાસનની તન, મન અને ધનથી સેવા કરવાવડે તથા સાધર્મિકની ભકિત કરવાવડે પોતાનાં નામ અમર કરી ગયા છે. એટલુંજ નહિ પણ તે દેવરૂપ ત્રણ અમુલ્ય આ સંસારમાં પોતાના માનવ ભવનું સાર્થક પણ કરી ગયા છે.

તે વખતે જે માંડવગઢ અનેક પ્રકારની આબાદિ ભોગવી અલકાપુરીનું ભાન કરાવતું તે હાલમાં કાળની વિષમ ગતિને ભોગ થઇ પડયું છે. કાળ રાક્ષસે તેનો પણ કોળીયો કરી લીધો છે. જેને પ્રાચિન જાહોજલાલીનું યથાર્થ રીતે ભાન છે તેને અત્યારે તેનાં વાઘ વરૂથી ભરેલાં ખંડીયરો જોતાં આંખમાંથી આંસુ આવ્યા વગર રહે નહિ, અત્યારે પણ ત્યાંના ભીલ લોકોને તે વખતના શીક્કા વગેરે કવચિત જડી આવે છે. તે વખતનાં ભોંયરાં અત્યારે પણ હયાતિ ધરાવે છે, જ્યાં ત્યાં ભોંયરાં માલુમ પડે છે તે વખતના સાત મજબુત કીલ્લા હાલમાં ભાગી તુટી હાલતમાં નજરે પડે છે. લાખો જૈનોથી ભરપુર એવા રમણીય નગરમાં અત્યારે કાળની કાળી ગતિએ કરીને માત્ર બસોએક ભીલડાં કદાચ રહેતાં હશે. નગરની આસપાસ કીલ્લાના આકારવાળી એક મોટી ટેકરી આવેલી છે. તેની અંદર લાખો માણસો છુપાઇ જાય એવી વાઘ, વરૂથી ભરેલી ભયંકર ઝાડી હાલમાં જણાય છે. ત્યાંથી લગભગ બાવીસ મૈલ દૂર ધાર નામે ગામ છે, કે જે ભોજ રાજાની ધારાનગરી

તરીકે પૂર્વે પ્રખ્યાતિને પામેલી છે, ત્યાંથી તે માંડવગઢ સુધી એક મોટી સળંગ છે. તે સંવત ૧૫૬૦ ની સાલથી બંધ કરવામ આવેલી છે તે શિવાય બીજાં પણુ કેટલાંક ભોંયરાં નજરે પડે છે. પ્રાચિન તુટી ગયેલાં ઘણાં ખંડિઅરો અને મહાલયો નજરે પડે છે. ઉજ્જયિની થઇને માઉ જવાય છે અને ત્યાંથી માંડવગઢ જવાના બે રસ્તા છે. કાળનું ચક્ર દરેક જગ્યાએ ફર્યાજ કરે છે. પુર્વની જાહોજલાલીવાળું માંડવગઢ હાલમાં ફક્ત તે સ્થીતિનુ ભાનજ કરાવે છે. જગતના સામ્રાજ્ય ઉપર કાળે કરીને કેવા બનાવો બને છે, તે કાળની કારમી ગતિ હા ! દરેકને સ્વાહાજ કરતી જાય છે ! !

॥ समाप्त. ॥